ગાંધીજીની જીવનયાત્રા

એમના જ શબ્દોમાં

મહાત્મા ગાંધીનાં બે પુસ્તકો

આત્મકથા અને **દક્ષિણ આફ્રિકાના સત્યાગ્રહનો ઇતિહાસ**માંથી

સંકલન અને સંક્ષેપ **મહેન્દ્ર મેઘાણી**



VISIT…

LANZAROTE Caliente.com

ગાંધીજીની જીવનયાત્રા

એમના જ શબ્દોમાં

મહાત્મા ગાંધીનાં બે પુસ્તકો


આત્મકથા

અને

દક્ષિણ આફ્રિકાના સત્યાગ્રહનો ઇતિહાસમાંથી

સંકલન અને સંક્ષેપ

મહેન્દ્ર મેઘાણી



લોકમિલાપ ટ્રસ્ટ

આવૃત્તિ 1 : જાન્યુઆરી 2009, પુનર્મુદ્રણ : માર્ચ 2009, એપ્રિલ 2009, એપ્રિલ 2009

કુલ નકલ : 50,000

રૂ. 40

20 નકલ કે વધુ રૂ. 35 લેખે
100 નકલ કે વધુ રૂ. 30 લેખે
[રવાનગી ખર્ચ અલગ]

વિદેશમાં $8
[વિમાન-ટપાલ ખર્ચ સાથે]

પ્રકાશક
ગોપાલ મેઘાણી
લોકમિલાપ ટ્રસ્ટ
પો૰ બો૰ 23 (સરદારનગર), ભાવનગર 364001
e-mail: lokmilaptrust2000@yahoo.com
ફોન : (0278) 2566 402, 2566 566

અક્ષરાંકન-આવરણ : અપૂર્વ આશર, અમદાવાદ.
ફોન : (02717) 235590. e-mail: apu@vsnl.com

મુદ્રણ : રિદ્ધીશ પ્રિન્ટર્સ, અમદાવાદ. ફોન : 2562 0239

પુસ્તક-બાંધણી : કુમાર બાઇન્ડર્સ, અમદાવાદ. ફોન : 2562 4964

અર્પણ

ગાંધીજી જ્યાં પારિજાતની જેમ મોર્યા તે
ફીનિ સ અને ટોલ્સટોય આશ્રમોની
પવિત્ર તપોભૂમિને

ક્રમ

સંપાદકનું નિવેદન

ગાંધીજીની આત્મકથા એમના અઠવાડિક 'નવજીવન'માં 1925ની 29મી નવેમ્બરના અંકથી હપ્તાવાર પ્રસિધ્ધ થવા લાગી હતી. પછી તે પુસ્તકરૂપે બહાર પડી 1927માં.

ગાંધીજીના જીવનની કથા એમણે જ લખેલા એક બીજા પુસ્તકમાં પણ આવે છેઃ 'દક્ષિણ આફ્રિકાના સત્યાગ્રહનો ઇતિહાસ'. એ તો 'આત્મકથા'ની પણ પહેલાં લખાયેલું અને પ્રગટ થયેલું.

ગાંધીજીનાં અનેક જીવનચરિત્રો વિવિધ ભાષાઓમાં લખાયેલાં છે. પણ તે બધાંમાં એમણે પોતે લખેલાં આ બે પુસ્તકોનું સ્થાન અનેરું છે. લગભગ આઠ દાયકા પહેલાં બહાર પડેલાં એ બે પુસ્તકોની મળીને કુલ પાંચેક લાખ નકલો 2008ના અંત સુધીમાં છપાઈ છે. પણ હજી તેનો ઘણો વધારે ફેલાવો કરવાનો અવકાશ છે.

આ બે પુસ્તકોના મળીને કુલ સવા બે લાખ જેટલા શબ્દો થાય છે. તેનો આ સંયુ ત સંક્ષેપ લગભગ 58,000 શબ્દોમાં અહીં નમ્રભાવે રજૂ કર્યો છે તે એમ ધારીને કે તેથી અનેક વાચકોને તે વાંચવાનું સુગમ બનશે.

'આત્મકથા'નો મથુરાદાસ ત્રિકમજીએ કરેલો સંક્ષેપ 1945માં બહાર પડ્યો પછી તેની પણ ચારેક લાખ નકલો છપાઈ છે.

'આત્મકથા' અને 'દક્ષિણ આફ્રિકાના સત્યાગ્રહનો ઇતિહાસ'ના અંગ્રેજી અનુવાદોનો સંયુ ત સંક્ષેપ ભારતન કુમારપ્પાએ કરેલો, તે 1951માં બહાર પડેલો. તેને આધારે થયેલો ગુજરાતી સંક્ષેપ 2006માં પ્રગટ થયો છે.

આ સંયુ ત સંક્ષેપ એ મૂળ બે ગુજરાતી પુસ્તકોને સાંકળી લઈને મેં કર્યો છે. તેમાં જૂજ શબ્દ ઉમેરેલા છે તે ચોખંડા કૌંસમાં મૂકેલા છે. વા યરચ ના વધુ સ્પષ્ટ કરવા માટે કેટલાક શબ્દોનાં સ્થાન બદલ્યાં છે. કેટલાંક પ્રકરણો આખાં ને આખાં છોડી દીધાં છે અને કેટલાંક ખૂબ ટુંકાવ્યાં છે. ટુંકાવેલાં પ્રકરણો કેટલીક જગ્યાએ એકબીજા સાથે જોડી દીધાં છે. પરિણામે અમુક પ્રકરણોનાં શીર્ષક બદલવાં પડ્યાં છે. વચિત એક પ્રકરણનો અમુક ભાગ ઉપાડીને અન્ય પ્રકરણમાં ગોઠવી દીધો છે. આવા ફેરફારો છતાં, આખી કથા ગાંધીજીના જ શબ્દોમાં રજૂ થઈ છે. ગાંધી સ્મારક સંગ્રહાલય(અમદાવાદ)ના સૌજન્યથી કેટલીક છબીઓ અહીં સામેલ કરી છે.

2008ની આખરે ગાંધીજીનાં લખાણોનો કોપીરાઇટ પૂરો થયો છે. સમસ્ત માનવજાતનો હવે એ વારસો બને છે. સાતેક વરસ પહેલાં રવીન્દ્રનાથનાં લખાણો પરનો કોપીરાઇટ પૂરો થતાં વિવિધ પ્રકાશકોએ બહાર પાડેલાં તેમનાં પુસ્તકોનો સારો એવો ફેલાવો થયેલો. તે રીતે હવે ગાંધીજીનાં પુસ્તકોનો પણ થાય તેવી આશા રાખી શકાય.

ગાંધીજીનાં પુસ્તકો નવજીવન પ્રકાશન મંદિર તરફથી રાહતદરે આપવામાં આવે છે. તે પ્રણાલિકાને અનુસરીને લોકમિલાપ ટ્રસ્ટ પણ આ પુસ્તક સાવ નજીવી કીમતે આપતાં આનંદ અને ગૌરવ અનુભવે છે.

આ બે પુસ્તકોના અંગ્રેજી અનુવાદનો પણ આ રીતે કરેલો સંયુ ત સંક્ષેપ સાથોસાથ પ્રગટ થાય છે. તેનો ફેલાવો જગતના અનેક દેશોમાં થઈ શકશે, એવી ઉમેદ છે. એ સંક્ષેપને આધારે વિવિધ ભાષાઓમાં અનુવાદો પણ થશે.

પોણોસોએક વરસ પહેલાં ગોળમેજી પરિષદ માટે લંડન જતા ગાંધીજીને સંબોધીને ઝવેરચંદ મેઘાણીએ લખેલા યાદગાર ગીત 'છેલ્લો કટોરો'ના આ શબ્દો આજે પણ યાદ આવે છેઃ

સુર-અસુરના આ નવયુગી ઉદધિ-વલોણે,ooo
તું વિના, શંભુ! કોણ પીશે ઝેર દોણે?ooo
આઝાર માનવજાત આકુલ થઈ રહી, બાપુ!
તારી તબીબી કાજ એ તલખી રહી, બાપુ!

એકવીસમી સદીના આરંભે હિંસાની આગમાં સળગતી કે હિંસાના ઓથાર નીચે જીવતી આઝાર માનવજાતની તબીબી માવજત કરીને તેને મુ તિનો માર્ગ બતાવી શકે એવા એક મહાપુરુષે આલેખેલી પોતાના જીવનની આ સંક્ષિપ્ત કથા દેશવિદેશના વધુ લાખો વાચકો સુધી પહોંચાડવાની હોંશ ગાંધીજીના દેશવાસીઓને થશે, એવી આશા છે.

30 **જાન્યુઆરી**, 2009 **મહેન્દ્ર મેઘાણી**

બચપણ

મારા દાદા ઉત્તમચંદ ગાંધી અથવા ઓતા ગાંધીથી માંડીને ત્રણ પેઢી થયાં ગાંધી કુટુંબ કારભારું કરતું આવેલું છે.

ઓતા ગાંધીને એક પછી એક એમ બે ઘર થયેલાં. પહેલાથી તેમને ચાર દીકરા હતા અને બીજાથી બે. આમાંના પાંચમા કરમચંદ અથવા કબા ગાંધી તે મારા પિતાશ્રી. કબા ગાંધીને પણ એક પછી એક ચાર ઘર થયેલાં. પહેલાં બેથી બે દીકરીઓ હતી; છેલ્લાં પૂતળીબાઈથી એક દીકરી અને ત્રણ દીકરા. તેમાંનો છેલ્લો હું.

પિતા કુટુંબપ્રેમી, સત્યપ્રિય, શૂરા, ઉદાર પણ ક્રોધી હતા. તેઓ લાંચથી દૂર ભાગતા, તેથી શુદ્ધ ન્યાય આપતા એવી વાયકા હતી. પિતાશ્રીએ દ્રવ્ય એકઠું કરવાનો લોભ કદી નહોતો રાખ્યો. તેથી અમ ભાઈઓ સારુ જૂજ મિલકત મૂકી ગયેલા. જેને આજે આપણે ગુજરાતી પાંચ ચોપડીનું જ્ઞાન ગણીએ તેટલી કેળવણી પિતા પામેલ હશે. આમ છતાં વ્યવહારુ જ્ઞાન એવા ઊંચા પ્રકારનું હતું કે ઝીણામાં ઝીણા પ્રશ્નોના ઉકેલ કરવામાં કે હજાર માણસોની પાસે કામ લેવામાં તેમને મુશ્કેલી ન આવતી. મંદિરોમાં જવાથી કથા વગેરે સાંભળીને જે ધર્મજ્ઞાન અસંખ્ય હિંદુઓને સહેજે મળી રહે છે તે તેમને હતું.

માતા સાધ્વી સ્ત્રી હતી. કઠણમાં કઠણ વ્રતો તે આદરતી અને નિર્વિઘ્ને પૂરાં કરતી.

આ માતપિતાને ત્યાં હું સંવત 1925ના ભાદરવા વદ 12ને દિવસે, એટલે સને 1869ના ઑક્ટોબરની 2જી તારીખે, પોરબંદરમાં જન્મ પામ્યો.

બચપણ પોરબંદરમાં જ ગયું. કોઈ નિશાળમાં મને મૂકવામાં આવેલો. તે કાળે છોકરાઓની સાથે હું મહેતાજીને માત્ર ગાળ દેતાં શીખેલો એટલું યાદ છે. પોરબંદરથી પિતાશ્રી રાજકોટ ગયા ત્યારે મારી ઉંમર સાતેક વર્ષની હશે. રાજકોટની ગામઠી નિશાળમાંથી હાઈસ્કૂલમાં પહોંચતાં મને બારમું વર્ષ વીતી ગયું. હું અતિશય શરમાળ છોકરો હતો. નિશાળમાં મારા કામ સાથે જ કામ હતું. ઘંટ વાગવાને સમયે પહોંચવું અને નિશાળ બંધ થયે ઘેર ભાગવું. મને કોઈની સાથે વાતો કરવાનું ન ગમતું. “કોઈ મારી મશ્કરી કરશે તો?” એવી બીક પણ રહેતી.

મને સામાન્ય રીતે નિશાળનાં પુસ્તકો ઉપરાંત કંઈ વાંચવાનો શોખ નહોતો. પાઠ કરવા જોઈએ, ઠપકો સહન ન થાય, તેથી પાઠ વાંચતો. પણ મન આળસ કરે. તેથી પાઠ ઘણી વાર કાચા રહે. ત્યાં બીજું વાંચવાનું સૂઝે શાનું? પણ પિતાશ્રીએ ખરીદેલું પુસ્તક 'શ્રવણપિતૃભક્તિ નાટક' હું અતિશય રસપૂર્વક વાંચી ગયો. એ જ દિવસોમાં કાચમાં ચિત્રો દેખાડનારા પાસેથી, શ્રવણ પોતાનાં માતપિતાને કાવડમાં બેસાડી યાત્રા કરવા લઈ જાય છે એ દશ્ય પણ મેં જોયું. બન્ને વસ્તુની મારા ઉપર ઊંડી છાપ પડી. મારે પણ શ્રવણ જેવા થવું, એમ મનમાં થાય.

આ જ અરસામાં કોઈ નાટક કંપની આવેલ તેનું 'હરિશ્ચંદ્ર' નાટક જોવાની મને રજા મળી. એ ફરી ફરી જોવાનું મન થાય. એમ વારંવાર જવા તો કોણ દે? પણ મારા મનમાં મેં એ નાટક સેંકડો વખત ભજવ્યું હશે. હરિશ્ચંદ્રનાં સ્વપ્નાં આવે. "હરિશ્ચંદ્રના જેવા સત્યવાદી બધા કાં ન થાય?" એ ધૂન ચાલી. હરિશ્ચંદ્રની ઉપર પડેલી તેવી વિપત્તિઓ ભોગવવી ને સત્યનું પાલન કરવું એ જ ખરું. હરિશ્ચંદ્રનાં દુઃખનું સ્મરણ કરી હું ખૂબ રોયો છું.

13 વર્ષની ઉંમરે મારા વિવાહ થયા. એ દિવસોમાં નિબંધોનાં નાના ચોપાનિયાં નીકળતાં. એમાં દંપતીપ્રેમ, કરકસર, બાળલગ્ન વગેરે વિષયો ચર્ચવામાં આવતા. આમાંના કોઈ નિબંધ મારા હાથમાં આવતા ને તે હું વાંચી જતો. એ તો ટેવ હતી જ કે વાંચવું તે પસંદ ન પડે તો ભૂલી જવું, ને પસંદ પડે તો તેનો અમલ કરવો.

વિવાહ થયા ત્યારે હું હાઈસ્કૂલમાં ભણતો હતો. મને મારી હોશિયારીને વિશે કંઈ માન નહોતું. પણ મારા વર્તન વિશે મને બહુ ચીવટ હતી. વર્તનમાં ખોડ આવે તો મને રડવું જ આવે. શિક્ષકને ઠપકો આપવો પડે એવું મારે હાથે કંઈ પણ થાય, એ મને અસહ્ય થઈ પડે. એક વખત માર ખાવો પડ્યો હતો. મારનું દુઃખ નહોતું, પણ હું દંડને પાત્ર ગણાયો એ મહાદુઃખ હતું. હું ખૂબ રડ્યો.

હેડમાસ્તરે કસરતક્રિકેટ ફરજિયાત કર્યાં હતાં. મને તેનો અણગમો હતો. ફરજ પડી તે પહેલાં તો હું કદી કસરત કે ક્રિકેટમાં ગયો જ નહોતો. છતાં કસરતમાં ન જવાથી મને નુકસાન ન થયું કારણ કે, ખુલ્લી હવા ખાવા ફરવા જવાની ભલામણ પુસ્તકોમાં વાંચેલી તે મને ગમેલી, ને તેથી ફરવા જવાની ટેવ મને પડી હતી. તે છેવટ લગી રહી. તેથી મારું શરીર પ્રમાણમાં કસાયેલું બન્યું.

ફરવાનું રાખ્યું તેથી શરીરને વ્યાયામ ન કરાવ્યાની ભૂલને સારુ કદાચ મારે સજા નથી ભોગવવી પડી; પણ બીજી એક ભૂલની સજા હું આજ લગી ભોગવી રહ્યો છું. ભણતરમાં અક્ષર સારા લખવાની જરૂર નથી એવો ખોટો ખ્યાલ મારામાં ક્યાંથી આવ્યો એ હું જાણતો નથી. પણ પછી દક્ષિણ આફ્રિકામાં જન્મેલા નવયુવકોના મોતીના દાણા જેવા અક્ષરો જોયા,

ત્યારે હું લજવાયો ને પસ્તાયો. મેં જોયું કે નઠારા અક્ષર એ અધૂરી કેળવણીની નિશાની ગણાવી જોઈએ. પાછળથી મેં મારા અક્ષર સુધારવા પ્રયત્ન કર્યો, પણ પાકે ઘડે કંઈ કાંઠા ચડે? જુવાનીમાં જેની મેં અવગણના કરી તે હું આજ લગી નથી જ કરી શક્યો. દરેક નવયુવક અને યુવતી મારા દાખલાથી ચેતે ને સમજે કે સારા અક્ષર એ વિદ્યાનું આવશ્યક અંગ છે. સારા અક્ષર શીખવાને સારુ ચિત્રકળા આવશ્યક છે. હું તો એવા અભિપ્રાય ઉપર પહોંચ્યો છું કે બાળકોને ચિત્રકળા પ્રથમ શીખવવી જોઈએ. બાળક જ્યારે ચિત્રો વગેરે કાઢતાં શીખે ત્યારે અક્ષર કાઢતાં શીખે તો તેના અક્ષર છાપેલ જેવા થાય.

મારી ઉંમર પંદર વર્ષની હશે. મારા ભાઈએ પચીસેક રૂપિયાનું કરજ કર્યું હતું. એ કેમ પતાવવું એનો અમે બન્ને ભાઈ વિચાર કરતા હતા. મારા ભાઈને હાથે સોનાનું નક્કર કડું હતું. તેમાંથી એક તોલો સોનું કાપવું મુશ્કેલ નહોતું. કડું કપાયું. કરજ ફીટ્યું. પણ મારે સારુ આ વાત અસહ્ય થઈ પડી. પિતાજીની પાસે કબૂલ કરી દેવું જોઈએ એમ લાગ્યું. જીભ તો ન ઊપડે. પિતાજી મને મારશે એવો ભય તો ન જ હતો. તેમણે કોઈ દિવસ અમને એકે ભાઈને તાડન કર્યું હોય એવું મને સ્મરણ નથી. પણ પોતે દુઃખી થશે, કદાચ માથું કૂટશે તો? એ જોખમ ખેડીને પણ દોષ કબૂલ કરવો જ જોઈએ, તે વિના શુદ્ધિ ન થાય, એમ લાગ્યું.

છેવટે ચિઠ્ઠી લખીને દોષ કબૂલ કરવો ને માફી માગવી એવો મેં ઠરાવ કર્યો. ચિઠ્ઠીમાં બધો દોષ કબૂલ કર્યો ને સજા માગી, પોતે પોતાની ઉપર દુઃખ ન વહોરી લે એવી આજીજીપૂર્વક વિનંતી કરી, ને ભવિષ્યમાં ફરી એવો દોષ ન કરવાની પ્રતિજ્ઞા કરી. મેં ધ્રૂજતે હાથે આ ચિઠ્ઠી પિતાજીના હાથમાં મૂકી. હું તેમની પાટની સામે બેઠો. આ વેળા તેમને ભગંદરનું દરદ હતું તેથી તેઓ ખાટલાવશ હતા. તેમણે ચિઠ્ઠી વાંચી. આંખમાંથી મોતીનાં બિંદુ ટપક્યાં. ચિઠ્ઠી ભીંજાઈ. તેમણે ક્ષણવાર આંખ મીંચી ચિઠ્ઠી ફાડી નાખી, ને પોતે વાંચવા સારુ બેઠા થયા હતા તે પાછા સૂતા. હું પણ રડ્યો. પિતાજીનું દુઃખ સમજી શક્યો. એ મોતીબિંદુના પ્રેમબાણે મને વીંધ્યો. હું શુદ્ધ થયો.

મારે સારુ આ અહિંસાનો પદાર્થપાઠ હતો. તે વેળા તો મેં એમાં પિતાપ્રેમ ઉપરાંત બીજું ન જોયું, પણ આજે હું એને શુદ્ધ અહિંસાને નામે ઓળખી શકું છું. આવી શાંત ક્ષમા પિતાજીના સ્વભાવથી પ્રતિકૂળ હતી. તે ક્રોધ કરશે, કટુ વચન સંભળાવશે, કદાચ માથું કૂટશે, એવું મેં ધાર્યું હતું. પણ તેમણે આટલી અપાર શાંતિ જાળવી તેનું કારણ દોષની નિખાલસ કબૂલાત હતી એમ હું માનું છું. મારા એકરારથી પિતાજી મારે વિશે નિર્ભય થયા ને તેમનો મહાપ્રેમ વૃદ્ધિ પામ્યો.

સોળ વર્ષનો થયો ત્યાં સુધી ધર્મનું શિક્ષણ નિશાળમાં ન પામ્યો. એમ છતાં વાતાવરણમાંથી કંઈક ને કંઈક તો મળ્યા જ કર્યું. મારો જન્મ વૈષ્ણવ સંપ્રદાયમાં, એટલે હવેલીએ જવાનું

વખતોવખત બને. પણ હવેલીનો વૈભવ મને ન ગમ્યો. હવેલીમાં ચાલતી અનીતિની વાતો સાંભળતો તેથી તેને વિશે મન ઉદાસ થઈ ગયું. ત્યાંથી મને કંઈ જ ન મળ્યું.

પણ જે હવેલીમાંથી ન મળ્યું તે મારી દાઈ પાસેથી મળ્યું. તેનો પ્રેમ મને આજે પણ યાદ છે. હું ભૂતપ્રેત આદિથી ડરતો. તેનું ઔષધ રામનામ છે, એમ રંભાએ સમજાવ્યું. તેથી મેં બાળવયે ભૂતપ્રેતાદિના ભયથી બચવા રામનામનો જપ શરૂ કર્યો. તે બહુ સમય ન ટક્યો. પણ જે બીજ બચપણમાં રોપાયું તે બળી ન ગયું. રામનામ આજે મારે સારુ અમોઘ શક્તિ છે, તેનું કારણ હું રંભાબાઈએ રોપેલું બીજ ગણું છું.

પણ જે વસ્તુએ મારા મન ઉપર ઊંડી છાપ પાડી તે તો 'રામાયણ'નું પારાયણ હતી. પિતાશ્રી રામજીના મંદિરમાં રોજ રાત્રે 'રામાયણ' સાંભળતા. સંભળાવનાર રામચંદ્રજીના એક પરમ ભક્ત લાધા મહારાજ હતા. તેઓ દોહાચોપાઈ ગાતા ને અર્થ સમજાવતા. પોતે તેના રસમાં લીન થઈ જતા અને શ્રોતાજનને લીન કરી મૂકતા. મારી ઉંમર આ સમયે તેર વર્ષની હશે, પણ મને તેમના વાચનમાં ખૂબ રસ આવતો. આ 'રામાયણ'-શ્રવણ મારા 'રામાયણ' પરના અત્યંત પ્રેમનો પાયો છે. આજે હું તુલસીદાસના 'રામાયણ'ને ભક્તિમાર્ગનો સર્વોત્તમ ગ્રંથ ગણું છું.

સર્વ સંપ્રદાયો વિશે સમાન ભાવ રાખવાની તાલીમ મને અનાયાસે મળી. હિંદુ ધર્મના પ્રત્યેક સંપ્રદાય પ્રત્યે આદરભાવ શીખ્યો, કેમ કે માતપિતા હવેલીએ જાય, શિવાલયમાં જાય અને રામમંદિર પણ જાય અને અમને ભાઈઓને લઈ જાય. વળી પિતાજી પાસે જૈન ધર્માચાર્યો આવે તેઓ ધર્મની તેમ જ વ્યવહારની વાતો કરે. ઉપરાંત, પિતાજીને મુસલમાન અને પારસી મિત્રો હતા તે પોતપોતાના ધર્મની વાતો કરે અને પિતાજી માનપૂર્વક સાંભળે. આવા વાર્તાલાપો વખતે હું ઘણી વેળા હાજર હોઉં. આ બધા વાતાવરણની અસર મારા ઉપર એ પડી કે સર્વ ધર્મો પ્રત્યે મારામાં સમાનભાવ પેદા થયો.

આમ જોકે બીજા ધર્મો પ્રત્યે સમભાવ આવ્યો, છતાં મને કંઈ ઈશ્વર પ્રત્યે આસ્થા હતી એમ ન કહી શકાય. આ વખતે મારા પિતાજીના પુસ્તકસંગ્રહમાંથી 'મનુસ્મૃતિ'નું ભાષાંતર હાથ આવ્યું. તેમાં જગતની ઉત્પત્તિ વગેરેની વાતો વાંચી. તેના પર શ્રદ્ધા ન બેઠી. ઊલટી કંઈક નાસ્તિકતા આવી.

પણ એક વસ્તુએ જડ ઘાલી – આ જગત નીતિ ઉપર નભેલું છે. નીતિમાત્રનો સમાવેશ સત્યમાં છે. સત્ય તો શોધવું જ રહ્યું. દિવસે દિવસે સત્યનો મહિમા મારી નજર આગળ વધતો ગયો. વળી એક નીતિનો છપ્પો પણ હૃદયમાં ચોંટ્યો. અપકારનો બદલો અપકાર નહીં પણ ઉપકાર જ હોઈ શકે એ વસ્તુ જિંદગીનું સૂત્ર બની ગઈ. તેણે મારી ઉપર સામ્રાજ્ય

ચલાવવું શરૂ કર્યું. અપકારીનું ભલું ઇચ્છવું ને કરવું એ મારો અનુરાગ થઈ પડ્યો. તેના અગણિત અખતરાઓ આદર્યા. આ રહ્યો એ ચમત્કારી છપ્પો :

પાણી આપને પાય, ભલું ભોજન તો દીજે;
આવી નમાવે શીશ, દંડવત કોડે કીજે.
આપણ ઘાસે દામ, કામ મહોરોનું કરીએ;
આપ ઉગારે પ્રાણ, તે તણા દુઃખમાં મરીએ.
ગુણ કેડે તો ગુણ દસ ગણો, મન, વાચા, કર્મે કરી;
અવગુણ કેડે જે ગુણ કરે, તે જગમાં જીત્યો સહી.

વિલાયતની તૈયારી

1887ની સાલમાં મૅટ્રિક્યુલેશનની પરીક્ષા પસાર કરી. પછી ભાવનગર શામળદાસ કૉલેજમાં જવાનો ઠરાવ થયો. ત્યાં મને કાંઈ આવડે નહીં, બધું મુશ્કેલ લાગે, અધ્યાપકોનાં વ્યાખ્યાનોમાં ન પડે રસ ને ન પડે સમજ. આમાં દોષ અધ્યાપકોનો નહોતો, મારી કચાશનો જ હતો. પહેલી ટર્મ પૂરી કરી ઘેર આવ્યો.

કુટુંબના જૂના મિત્ર અને સલાહકાર એક વિદ્વાન, વ્યવહારકુશળ બ્રાહ્મણ, માવજી દવે હતા. તેઓ આ રજાના દિવસોમાં ઘેર આવ્યા. માતુશ્રી અને વડીલ ભાઈ સાથે વાતો કરતાં મારા ભણતર વિશે પૂછપરછ કરી. હું શામળદાસ કૉલેજમાં છું એમ સાંભળી કહ્યું : “જમાનો બદલાયો છે. તમારે તેને વિલાયત મોકલવો જોઈએ. ત્રણ વર્ષમાં ભણીને પાછો આવશે. ખરચ પણ ચારપાંચ હજારથી વધારે નહીં થાય. મારી સલાહ તો છે કે મોહનદાસને તમારે આ વર્ષે જ વિલાયત મોકલી દેવો.”

મને પૂછ્યું : “કેમ, તને વિલાયત જવું ગમે?” મને તો ભાવતું હતું ને વૈદે બતાવ્યું. હું કૉલેજની મુશ્કેલીઓથી ડર્યો તો હતો જ. મેં કહ્યું, “મને વિલાયત મોકલો તો તો બહુ જ સારું.”

વડીલ ભાઈ વિમાસણમાં પડ્યા, પૈસાનું શું કરવું?

મેં મારી સ્ત્રીના ભાગનાં ઘરેણાં કાઢી નાખવાની સૂચના કરી. તેમાંથી રૂપિયા બેત્રણ હજારથી વધારે નીકળે તેમ નહોતું. ભાઈએ ગમે તેમ કરી રૂપિયા પૂરા પાડવાનું બીડું ઝડપ્યું.

માતા કેમ સમજે? તેણે બધી તપાસો શરૂ કરી હતી. કોઈ કહે, જુવાનિયા વિલાયત જઈ વંઠી જાય છે; કોઈ કહે, તેઓ માંસાહાર કરે છે; કોઈ કહે, દારૂ વિના ન જ ચાલે. માતાએ આ બધું મને સંભળાવ્યું. મેં કહ્યું, "પણ તું મારો વિશ્વાસ નહીં રાખે? હું તને છેતરીશ નહીં. સોગન ખાઈને કહું છું કે એ ત્રણે વસ્તુથી હું બચીશ."

માતા બોલી, "મને તારો વિશ્વાસ છે. પણ દૂર દેશમાં કેમ થાય? મારી તો અક્કલ નથી ચાલતી. હું બેચરજી સ્વામીને પૂછીશ." બેચરજી સ્વામી જૈન સાધુ હતા. જોશીજી જેમ સલાહકાર પણ હતા. તેમણે કહ્યું : "હું એ છોકરા પાસે એ ત્રણે બાબતની બાધા લેવડાવીશ, પછી તેને જવા દેવામાં હરકત નહીં આવે." તેમણે પ્રતિજ્ઞા લેવડાવી અને મેં માંસ, મદિરા અને સ્ત્રીસંગથી દૂર રહેવાની પ્રતિજ્ઞા લીધી. માતાની આજ્ઞા લઈ, થોડા માસનું બાળક સ્ત્રીના સાથે મેલી હું હોંશે હોંશે મુંબઈ પહોંચ્યો.

દરમ્યાન નાતમાં ખળભળાટ ઊઠ્યો. નાત બોલાવવામાં આવી. મોઢ વાણિયો કોઈ હજુ સુધી વિલાયત નહોતો ગયો, અને હું જાઉં તો મારી હાજરી લેવાવી જોઈએ! મને નાતની વાડીમાં હાજર રહેવા ફરમાવવામાં આવ્યું. હું ગયો. મને ખબર નથી કે મને એકાએક હિંમત ક્યાંથી આવી. મને હાજર રહેતાં ન સંકોચ થયો, ન ડર લાગ્યો. નાતના શેઠને પિતાની સાથે સંબંધ સારો હતો. તેમણે મને કહ્યું :

"નાત ધારે છે કે તેં વિલાયત જવાનો વિચાર કર્યો છે તે બરોબર નથી. આપણા ધર્મમાં દરિયો ઓળંગવાની મનાઈ છે. વળી વિલાયતમાં ધર્મ ન સચવાય એવું અમે સાંભળીએ છીએ. ત્યાં સાહેબ લોકોની સાથે ખાવુંપીવું પડે છે."

મેં જવાબ આપ્યો, "મને તો લાગે છે કે વિલાયત જવામાં મુદ્દલ અધર્મ નથી. મારે તો ત્યાં જઈને વિદ્યાભ્યાસ જ કરવાનો છે. વળી જે વસ્તુઓનો આપને ભય છે તેનાથી દૂર રહેવાની મેં મારી માતુશ્રી પાસે પ્રતિજ્ઞા લીધી છે. એટલે હું તેથી દૂર રહી શકીશ."

"પણ અમે તને કહીએ છીએ કે ત્યાં ધર્મ ન જ સચવાય. તું જાણે છે કે તારા પિતાશ્રીની સાથે મારે કેવો સંબંધ હતો. તારે મારું કહેવું માનવું જોઈએ." શેઠ બોલ્યા.

"આપ વડીલ સમાન છો. પણ આ બાબતમાં હું લાચાર છું. મારો વિલાયત જવાનો નિશ્ચય હું નહીં ફેરવી શકું. મારા પિતાશ્રીના મિત્ર અને સલાહકાર જે વિદ્વાન બ્રાહ્મણ છે તેઓ માને છે કે મારા વિલાયત જવામાં કશો દોષ નથી. મારાં માતુશ્રી અને મારા ભાઈની આજ્ઞા પણ મને મળી છે." મેં જવાબ આપ્યો.

"પણ નાતનો હુકમ તું નહીં ઉઠાવે?"

"હું લાચાર છું. મને લાગે છે કે આમાં નાતે વચમાં ન આવવું જોઈએ."

આ જવાબથી શેઠને રોષ ચડ્યો. મને બેચાર સંભળાવી. હું સ્વસ્થ બેસી રહ્યો, શેઠે હુકમ કર્યો : "આ છોકરાને આજથી નાતબહાર ગણવામાં આવશે. જે કોઈ તેને મદદ કરશે અથવા વળાવવા જશે તેને નાત પૂછશે, ને તેનો સવા રૂપિયો દંડ થશે."

મારા ઉપર આ ઠરાવની કંઈ અસર ન થઈ. મેં શેઠની રજા લીધી. આ ઠરાવની અસર મારા ભાઈ ઉપર કેવી થશે એ વિચારવાનું હતું. સદ્ભાગ્યે તે દૃઢ રહ્યા ને મને લખી વાળ્યું કે, નાતના ઠરાવ છતાં પોતે મને વિલાયત જતાં નહીં અટકાવે.

આમ 1888ના સપ્ટેમ્બરની 4થી તારીખે મેં મુંબઈનું બંદર છોડ્યું.

વિલાયતમાં

સ્ટીમરમાં જેમ દિવસ જાય તેમ હું મૂંઝાતો જાઉં. બીજા મુસાફરો અંગ્રેજ હતા. તેમની સાથે બોલતાં ન આવડે. કાંટા-ચમચા વડે ખાતાં ન આવડે, અને કઈ વસ્તુ માંસ વિનાની હોય એ પૂછવાની હિંમત ન ચાલે. એટલે હું ખાણાના ટેબલ ઉપર તો કદી ગયો જ નહીં. કોટડીમાં જ ખાતો. મારી સાથે મીઠાઈ વગેરે લીધાં હતાં તેની ઉપર જ મુખ્યત્વે નિભાવ કર્યો.

મારી દયા ખાઈ એક ભલા અંગ્રેજે મારી જોડે વાતો શરૂ કરી. પોતે ઉંમરે મોટા હતા. હું શું ખાઉં છું, કોણ છું, ક્યાં જાઉં છું, કેમ કોઈની સાથે વાતચીત કરતો નથી, વગેરે સવાલ પૂછે. માંસ ન ખાવાના મારા આગ્રહ વિશે સાંભળી તે હસ્યા ને મારી દયા લાવી બોલ્યા, "ઇંગ્લંડમાં તો એટલી ટાઢ પડે છે કે માંસ વિના ન જ ચાલે. માંસાહાર તો કરવો જોઈએ એમ મને લાગે છે."

મેં કહ્યું, "તમારી સલાહને સારુ હું આભાર માનું છું, પણ તે ન લેવા હું મારાં માતુશ્રીની સાથે બંધાયેલો છું. તેથી તે મારાથી ન લેવાય. જો તે વિના નહીં જ ચાલતું હોય તો હું પાછો હિંદુસ્તાન જઈશ, પણ માંસ તો નહીં જ ખાઉં."

સુખદુ:ખે મુસાફરી પૂરી કરી સાઉધેમ્પ્ટન બંદર ઉપર અમે આવી પહોંચ્યા. હોટેલના ખાવામાંનું કંઈ ભાવે નહીં. મારો આધાર હજુ મુંબઈથી લીધેલા ભાતા ઉપર હતો એમ કહીએ તો

ચાલે. હું ખૂબ મૂંઝાયો. દેશ ખૂબ યાદ આવે. માતાનો પ્રેમ મૂર્તિમંત થાય. રાત પડે એટલે રડવાનું શરૂ થાય. ઘરનાં અનેક પ્રકારનાં સ્મરણોની ચડાઈથી નિદ્રા તો શાની આવી જ શકે? લોકો વિચિત્ર, રહેણી વિચિત્ર. શું બોલતાં ને શું કરતાં રીતભાતના નિયમોનો ભંગ થતો હશે એનું પણ થોડું જ ભાન. સાથે ખાવાપીવાની પરહેજી અને ખાઈ શકાય તેવો ખોરાક લૂખો અને રસ વિનાનો લાગે. એટલે મારી દશા સૂડી વચ્ચે સોપારી જેવી થઈ પડી. વિલાયત ગમે નહીં ને પાછા દેશ જવાય નહીં. વિલાયત આવ્યો એટલે ત્રણ વર્ષ પૂરાં કરવાનો જ આગ્રહ હતો.

પણ હવે મને પાંખ આવવા લાગી હતી. હજુ અભ્યાસ તો શરૂ નહોતો થયો. માંડ વર્તમાનપત્ર વાંચતો થયો હતો. હિંદુસ્તાનમાં મેં કદી વર્તમાનપત્ર વાંચ્યાં નહોતાં. પણ નિરંતર વાંચવાના અભ્યાસથી તે વાંચવાનો શોખ કેળવી શક્યો.

મેં તો ભ્રમણ શરૂ કર્યું. મારે અન્નાહાર આપનારું ભોજનગૃહ શોધવું હતું. હું રોજ દસબાર માઈલ ચાલું. કોઈ ગરીબડા ભોજનગૃહમાં જઈ પેટ ભરીને રોટી ખાઈ લઉં, પણ સંતોષ ન વળે. આમ ભટકતાં એક દિવસ હું ફેરિંગ્ડન સ્ટ્રીટ પહોંચ્યો ને 'વેજિટેરિયન રેસ્ટરાં' (અન્નાહારી વીશી) એવું નામ વાંચ્યું. બાળકને મનગમતી વસ્તુ મળવાથી જે આનંદ થાય તે મને થયો. હર્ષઘેલો હું અંદર દાખલ થાઉં તેના પહેલાં તો મેં દરવાજા પાસેની કાચની બારીમાં વેચવાનાં પુસ્તકો જોયાં. તેમાં મેં સૉલ્ટનું 'અન્નાહારની હિમાયત' નામનું પુસ્તક જોયું. એક શિલિંગ આપી ખરીદ્યું ને પછી જમવા બેઠો. વિલાયતમાં આવ્યા પછી પેટ ભરીને ખાવાનું પ્રથમ અહીં મળ્યું. ઈશ્વરે મારી ભૂખ ભાંગી.

સૉલ્ટનું પુસ્તક વાંચ્યું. મારા પર તેની છાપ સરસ પડી. આ પુસ્તક વાંચ્યાની તારીખથી હું મરજિયાત, એટલે વિચારથી, અન્નાહારમાં માનતો થયો. માતાની પાસે કરેલી પ્રતિજ્ઞા હવે મને વિશેષ આનંદદાયી થઈ પડી. અને જેમ અત્યાર સુધીમાં બધા માંસાહારી થાય તો સારું એમ માનતો હતો, અને પ્રથમ કેવળ સત્ય જાળવવાને ખાતર અને પાછળથી પ્રતિજ્ઞા જાળવવાને ખાતર જ માંસત્યાગ કરતો હતો, ને ભવિષ્યમાં કોઈ દહાડો પોતે છૂટથી ઉઘાડી રીતે માંસ ખાઈ બીજાને ખાનારની ટોળીમાં ભેળવવાની હોંશ રાખતો હતો, તેમ હવે જાતે અન્નાહારી રહી બીજાને તેવા બનાવવાનો લોભ લાગ્યો.

અન્નાહાર ઉપર મારી શ્રદ્ધા દિવસે દિવસે વધતી ચાલી. સૉલ્ટના પુસ્તકે આહારના વિષય ઉપર વધારે વાંચવાની મારી જિજ્ઞાસા તીવ્ર કરી. મેં તો જેટલાં પુસ્તકો મળ્યાં તે ખરીદ્યાં ને વાંચ્યાં. આ બધાં પુસ્તકોના વાચનનું પરિણામ એ આવ્યું કે મારી જિંદગીમાં ખોરાકના અખતરાઓએ મહત્ત્વનું સ્થાન લીધું.

હું પાઈએ પાઈનો હિસાબ રાખતો. ખર્ચની ગણતરી હતી. બસમાં જવાનું કે ટપાલનું

ખર્ચ પણ માંડતો, ને સૂતા પહેલાં હમેશાં મેળ મેળવી જતો. આ ટેવ છેવટ સુધી કાયમ રહી. અને હું જાણું છું કે, તેથી જાહેર જીવનમાં મારે હસ્તક લાખો રૂપિયાનો ઉપાડ થયો છે તેમાં હું યોગ્ય કરકસર વાપરી શક્યો છું; ને જેટલી હિલચાલો મારા હાથ તળે ચાલી છે તેમાં કોઈ દિવસ મેં કરજ નથી કર્યું, પણ દરેકમાં કંઈક ને કંઈક જમે પાસામાં રહ્યું જ છે. દરેક નવયુવક પોતાને મળતા થોડા રૂપિયાનો પણ હિસાબ કાળજીપૂર્વક રાખશે તો તેનો લાભ જેમ ભવિષ્યમાં મને અને પ્રજાને મળ્યો તેમ તે પણ અનુભવશે.

હવે મેં ખર્ચ અડધું કરી નાખવાનો વિચાર કર્યો. હિસાબ તપાસતાં જોયું કે મને ગાડીભાડાનો ખર્ચ સારી પેઠે થતો હતો. અત્યાર સુધી કુટુંબોમાં રહેતો હતો તેને બદલે પોતાની જ કોટડી લઈને રહેવું એમ ઠરાવ કર્યો, અને કામ પ્રમાણે તથા અનુભવ મેળવવા સારુ જુદાં જુદાં પરાંમાં ઘર બદલવું એવો પણ ઠરાવ કર્યો. ઘર એવે ઠેકાણે પસંદ કર્યાં કે જ્યાંથી કામની જગ્યાએ અડધા કલાકમાં ચાલીને જઈ શકાય ને ગાડીભાડું બચે. આ પહેલાં ગાડીભાડું ખરચવું પડતું અને ફરવા જવાનો વખત નોખો કાઢવો પડતો. હવે કામે જતાં જ ફરાઈ જાય એવી ગોઠવણ થઈ અને આ ગોઠવણથી હમેશાં આઠદસ માઈલ તો હું સહેજે ફરી નાખતો. મુખ્યત્વે આ એક ટેવને લીધે હું વિલાયતમાં ભાગ્યે જ માંદો પડ્યો હોઈશ. શરીર ઠીક કસાયું.

રહેણીમાં વધારે સાદાઈ દાખલ કરવાનો પ્રયાસ આદર્યો. મને લાગ્યું કે હજુ મારા કુટુંબની ગરીબાઈને છાજે તેવું સાદું મારું જીવન નથી. ભાઈની તંગીનો અને તેમની ઉદારતાનો વિચાર કરતાં હું કચવાયો. મારા કરતાં વધારે સાદાઈથી રહેનારને પણ હું જોતો હતો. સાદી રહેણીનાં પુસ્તકો પણ વાંચવામાં આવ્યાં હતાં. એક સગડી ખરીદી ને સવારનું હાથે પકાવવાનું શરૂ કર્યું. પકાવવામાં ભાગ્યે વીસ મિનિટ જતી. ઓટમીલની ઘેંસ અને કોકોને સારુ પાણી ઉકાળવામાં શો વખત જાય? બપોરે બહાર જમી લેવું અને સાંજે પાછો કોકો બનાવી રોટીની સાથે લેવો. ફેરફારોથી મારી આંતરિક અને બાહ્ય સ્થિતિ વચ્ચે એકતા ઊપજી; કૌટુંબિક સ્થિતિની સાથે મારી રહેણીનો મેળ મળ્યો; જીવન વધારે સારમય બન્યું; મારા આત્માનંદનો પાર ન રહ્યો.

ઘેરથી મીઠાઈઓ, મસાલા વગેરે મંગાવ્યાં હતાં તે બંધ કર્યાં. મસાલાઓનો શોખ મોળો પડી ગયો અને જે ભાજી મસાલા વિના ફીકી લાગતી હતી તે કેવળ બાફેલી સ્વાદિષ્ટ લાગી. આવા અનેક અનુભવથી હું શીખ્યો કે સ્વાદનું ખરું સ્થાન જીભ નથી પણ મન છે.

આ પ્રકરણ પૂરું કરું તે પહેલાં પ્રતિજ્ઞાના અર્થ વિશે કેટલુંક કહેવું જરૂરનું છે. મારી પ્રતિજ્ઞા એ માતાની સમક્ષ કરેલો એક કરાર હતો. દુનિયામાં ઘણા ઝઘડા કેવળ કરારના

અર્થથી ઉત્પન્ન થાય છે. ગમે તેટલી સ્પષ્ટ ભાષામાં કરારનામું લખો તોપણ ભાષાશાસ્ત્રી કાગનો વાઘ કરી આપશે. આમાં સભ્યાસભ્યનો ભેદ નથી રહેતો. સ્વાર્થ સહુને આંધળાભીંત કરી મૂકે છે. રાજાથી માંડીને રંક કરારોના પોતાને ઠીક લાગે તેવા અર્થ કરીને દુનિયાને, પોતાને અને પ્રભુને છેતરે છે. સુવર્ણન્યાય એ છે કે, જ્યાં બે અર્થ સંભવિત હોય ત્યાં નબળો પક્ષ જે અર્થ કરે તે ખરો મનાવો જોઈએ. આ બે સુવર્ણમાર્ગનો ત્યાગ થવાથી જ ઘણે ભાગે ઝઘડા થાય છે ને અધર્મ ચાલે છે. અને એ અન્યાયની જડ અસત્ય છે. જેને સત્યને જ માર્ગે જવું છે તેને સુવર્ણમાર્ગ સહેજે જડી રહે છે. તેને શાસ્ત્રો શોધવાં નથી પડતાં.

●

શરમાળપણું – મારી ઢાલ

વિલાયતમાં અન્નાહારને લગતું મંડળ હતું અને સાપ્તાહિક પણ હતું. સાપ્તાહિકનો હું ઘરાક બન્યો અને મંડળમાં સભ્ય થયો. થોડા જ સમયમાં મને તેની કમિટીમાં લેવામાં આવ્યો.

અન્નાહારી મંડળની કાર્યવાહક સમિતિમાં હું ચૂંટાયો તો ખરો, અને ત્યાં દરેક વખતે હાજરી પણ ભરતો, પણ બોલવાને જીભ જ ન ઊપડે. મારું શરમાળપણું વિલાયતમાં છેવટ સુધી રહ્યું. જ્યાં પાંચસાત માણસનું મંડળ એકઠું થાય ત્યાં હું મૂંગો બની જાઉં.

આ શરમ છેક દક્ષિણ આફ્રિકામાં છૂટી એમ કહેવાય. તદ્દન છૂટી છે એમ તો હજુયે ન કહેવાય. નવા સમાજમાં બોલતાં સંકોચાઉં. અને મંડળમાં બેઠો હોઉં તો ખાસ વાત કરી જ શકું, અથવા વાત કરવાની ઇચ્છા થાય, એવું તો આજે પણ નથી જ.

પણ આવી શરમાળ પ્રકૃતિથી મારી ફજેતી થવા ઉપરાંત મને નુકસાન થયું નથી, ફાયદો થયો છે, એમ હવે જોઈ શકું છું. બોલવાનો સંકોચ મને પ્રથમ દુઃખકર હતો તે હવે સુખકર છે. મોટો ફાયદો તો એ થયો કે, હું શબ્દોની કરકસર શીખ્યો. મારા વિચારો ઉપર કાબૂ મેળવવાની ટેવ સહેજે પડી. મને હું એવું પ્રમાણપત્ર સહેજે આપી શકું છું કે, મારી જીભ કે કલમમાંથી વિચાર્યા વિના કે માપ્યા વિના ભાગ્યે જ કોઈ શબ્દ નીકળે છે. મારા ભાષણ કે લખાણમાંના કોઈ ભાગને સારુ મને શરમ કે પશ્ચાત્તાપ કરવાપણું છે એવું મને સ્મરણ નથી. અનેક ભયોમાંથી હું બચી ગયો છું, ને મારો ઘણો વખત બચી ગયો છે એ વળી અદકો લાભ.

અનુભવે મને એ પણ બતાવ્યું છે કે સત્યના પૂજારીએ મૌનનું સેવન કરવું ઘટે છે. જાણ્યેઅજાણ્યે પણ મનુષ્ય ઘણી વેળા અતિશયોક્તિ કરે છે અથવા જે કહેવા યોગ્ય હોય તે છુપાવે છે કે જુદી રીતે કહે છે. આવાં સંકટોમાંથી બચવાને ખાતર પણ અલ્પભાષી થવું આવશ્યક છે. થોડું બોલનાર વગરવિચાર્યે નહીં બોલે; પોતાના દરેક શબ્દને તોળશે. ઘણી વેળા માણસ બોલવાને અધીરો બને છે. પછી તેને વખત આપવામાં આવ્યો હોય તે તેને સારુ પૂરતો નથી થતો, વધારે બોલવા દેવા માગણી કરે છે, ને છેવટ રજા વિના પણ બોલ્યા કરે છે! આ બધાના બોલવાથી જગતને લાભ થયેલો ભાગ્યે જ જોવામાં આવે છે. તેટલા વખતનો ક્ષય થયેલો તો સ્પષ્ટ જોઈ શકાય છે. એટલે, જોકે આરંભમાં મારું શરમાળપણું મને ડંખતું, છતાં આજે તેનું સ્મરણ મને આનંદ આપે છે. એ શરમાળપણું મારી ઢાલ હતી. તેનાથી મને પરિપક્વ થવાનો લાભ મળ્યો. મારી સત્યની પૂજામાં મને તેથી સહાય મળી.

પૂર્વે વિલાયત જનારા પ્રમાણમાં થોડા હતા. તેમનામાં એવો રિવાજ પડી ગયો હતો કે પોતે પરણેલા હોય તોપણ કુંવારા ગણાવું. હિંદી જુવાનોને પોતે પરણેલા છે એમ કબૂલ કરતાં શરમ થાય. વિવાહ છુપાવવાનું કારણ એ કે, જો વિવાહ જાહેર થાય તો જે કુટુંબમાં રહેવા મળે તે કુટુંબની જુવાન છોકરીઓ સાથે ફરવાહરવા અને ગેલ કરવા ન મળે. આ ગેલ ઘણે ભાગે નિર્દોષ હોય છે. માબાપો આવી મિત્રાચારી પસંદ પણ કરે. યુવક અને યુવતીઓ વચ્ચે એવા સહવાસની ત્યાં આવશ્યકતા પણ ગણાય, કેમ કે ત્યાં તો દરેક જુવાનને પોતાની સહધર્મચારિણી શોધી લેવી પડે છે. આ જાળમાં હું પણ સપડાયો. હું પણ પાંચછ વર્ષ થયાં પરણેલો હોવા છતાં, અને એક દીકરાનો બાપ છતાં, મને કુંવારા તરીકે ગણાવતાં ન ડર્યો! એમ ગણાવ્યાનો સ્વાદ તો મેં થોડો જ ચાખ્યો. મારા શરમાળ સ્વભાવે મને ખૂબ બચાવ્યો.

જેવો શરમાળ તેવો જ ભીરુ હતો. વેંટનરમાં જે ઘરમાં હું રહેતો હતો તેવા ઘરમાં, વિવેકને અર્થે પણ, ઘરની દીકરી હોય તે મારા જેવા મુસાફરને ફરવા લઈ જાય. આ વિવેકને વશ થઈ આ ઘરધણી બાઈની દીકરી મને વેંટનરની આસપાસની સુંદર ટેકરીઓ ઉપર લઈ ગઈ. મારી ચાલ કંઈ ધીમી નહોતી. પણ તેની ચાલ મારા કરતાં પણ તેજ. એટલે મારે તેની પાછળ ઘસડાવું રહ્યું. એ તો આખો રસ્તો વાતોના ફુવારા ઉડાવતી ચાલે, ત્યારે મારે મોઢેથી કોઈ વેળા 'હા' કે કોઈ વેળા 'ના'નો સૂર નીકળે. બહુ બોલી નાખું તો 'કેવું સુંદર!' એટલો બોલ નીકળે! તે તો પવનમાં ઊડતી જાય અને હું ઘરભેળાં ક્યારે થવાય એ વિચાર કરું. 'હવે પાછાં વળીએ' એમ કહેવાની હિંમત ન ચાલે. એવામાં એક ટેકરીની ટોચે અમે આવી ઊભાં. પણ ઊતરવું કેમ? પોતાના ઊંચી એડીના બૂટ છતાં આ વીસપચીસ વર્ષની રમણી વીજળીની જેમ ઉપરથી ઊતરી ગઈ. હું તો હજી શરમિંદો થઈ ઢોળાવ કેમ ઊતરાય એ

વિચારી રહ્યો છું. પેલી નીચે ઊભી હસે છે, મને હિંમત આપે છે, ઉપર આવી હાથ ઝાલી ઘસડી જવાનું કહે છે! હું એવો નમાલો કેમ બનું? માંડ માંડ પગ ઘસડતો, કાંઈક બેસતો ઊતર્યો. અને પેલીએ મશ્કરીમાં 'શા...બ્બા...શ' કહી મને શરમાયેલાને વધુ શરમાવ્યો. આવી મશ્કરીથી મને શરમાવવાનો તેને હક હતો.

પણ દરેક જગાએ હું આમ ક્યાંથી બચી શકું? અસત્યનું ઝેર ઈશ્વર મારામાંથી કાઢવાનો હતો. જેમ વેંટનર તેમ બ્રાઇટન પણ દરિયાકિનારે આવેલું હવા ખાવાનું મથક છે. ત્યાં એક વેળા હું ગયો. જે હોટેલમાં ગયો ત્યાં એક સાધારણ પૈસાપાત્ર વિધવા ડોશી પણ હવા ખાવા આવેલી હતી. અહીં ખાણામાં વાનીઓના ખરડામાં બધાં નામો ફ્રેંચ ભાષામાં હતાં. હું તે ન સમજું. આ ડોશી બેઠી હતી તે જ ટેબલે હું પણ હતો. ડોશીએ જોયું કે હું અજાણ્યો છું ને કંઈક ગભરાટમાં પણ છું. તેણે વાત શરૂ કરીઃ

"તમે અજાણ્યા લાગો છો. તમે કાંઈક મૂંઝવણમાં છો. તમે કંઈ ખાવાનું હજી નથી મગાવ્યું?"

હું પેલો વાનીઓનો ખરડો વાંચી રહ્યો હતો ને પીરસનારને પૂછવાની તૈયારી કરી રહ્યો હતો. એટલે મેં આ ભલી બાઈનો ઉપકાર માન્યો અને કહ્યું, "આ ખરડો હું સમજતો નથી ને હું અન્નાહારી હોઈ કઈ વસ્તુઓ નિર્દોષ છે એ મારે જાણવું રહ્યું."

પેલી બાઈ બોલી, "ત્યારે લો તમને મદદ કરું ને ખરડો હું સમજાવું. તમારાથી ખાઈ શકાય એવી વસ્તુઓ હું તમને બતાવી શકીશ."

મેં તેની મદદ સાભાર સ્વીકારી. અહીંથી અમારો સંબંધ થયો તે હું જ્યાં સુધી વિલાયતમાં રહ્યો ત્યાં સુધી અને ત્યાર બાદ પણ વરસો લગી નભ્યો. તેણે લંડનનું પોતાનું ઠેકાણું આપ્યું ને મને દર રવિવારે પોતાને ત્યાં ખાવા જવાને નોતર્યો. પોતાને ત્યાં બીજા અવસર આવે ત્યારે પણ મને બોલાવે, ચાહીને મારી શરમ મુકાવે, જુવાન સ્ત્રીઓની ઓળખાણ કરાવે ને તેમની સાથે વાતો કરવા લલચાવે. એક બાઈ તેને ત્યાં જ રહેતી. તેની સાથે બહુ વાતો કરાવે. કોઈ વેળા અમને એકલાં પણ છોડે.

પ્રથમ મને આ બધું વસમું લાગ્યું. વાતો કરવાનું ન સૂઝે. વિનોદ પણ શું કરાય? પણ પેલી બાઈ મને પાવરધો કરતી રહે. હું ઘડાવા લાગ્યો. દર રવિવારની રાહ જોઉં. પેલી બાઈની સાથે વાતો પણ ગમવા લાગી.

ડોશી પણ મને લોભાવ્યે જાય. તેને આ સોબતમાં રસ લાગ્યો. તેણે તો અમારું બન્નેનું ભલું જ ચાહ્યું હશે.

હવે હું શું કરું? મેં વિચાર્યું : "જો મેં આ ભલી બાઈને મારા વિવાહની વાત કરી દીધી

હોત તો કેવું સારું? હજુ પણ મોડું નથી. હું સત્ય કહી દઉં તો વધારે સંકટમાંથી ઊગરી જઈશ." આમ ધારી મેં તેને કાગળ લખ્યો. મને યાદ છે તે પ્રમાણે તેનો સાર આપું છું :

"આપણે બ્રાઇટનમાં મળ્યાં ત્યારથી તમે મારા પર પ્રેમ રાખતાં આવ્યાં છો. જેમ મા પોતાના દીકરાની સંભાળ રાખે તેમ તમે મારી સંભાળ રાખો છો. તમે તો એમ પણ માનો છો કે મારે પરણવું જોઈએ અને તેથી તમે મારો પરિચય યુવતીઓની સાથે કરાવો છો. આવો સંબંધ વધારે આગળ જાય તે પહેલાં મારે તમને કહેવું જોઈએ કે હું તમારા પ્રેમને લાયક નથી. તમારે ઘેર આવતો થયો ત્યારે જ મારે તમને કહેવું જોઈતું હતું કે હું તો પરણેલો છું. હિંદુસ્તાનના જે વિદ્યાર્થીઓ પરણેલા હોય છે તે આ દેશમાં પોતાના વિવાહની વાત પ્રગટ નથી કરતા એમ હું જાણું છું. તેથી મેં પણ એ રિવાજનું અનુકરણ કર્યું. હવે હું જોઉં છું કે મારે મારા વિવાહની વાત મુદ્દલ છુપાવવી નહોતી જોઈતી. મારે તો વધારામાં ઉમેરવું જોઈએ કે હું બાળવયે પરણેલો છું અને મારે એક દીકરો પણ છે. આ વાત તમારી પાસે ઢાંક્યાને સારુ મને હવે બહુ દુઃખ થાય છે. પણ સત્ય કહી દેવાની હવે મને ઈશ્વરે હિંમત આપી, તેથી મને આનંદ થાય છે. મને તમે માફ કરશો? જે બહેનની સાથે તમે મારો પરિચય કરાવ્યો છે તેની સાથે મેં કશી અયોગ્ય છૂટ લીધી નથી તેની ખાતરી આપું છું. મારાથી છૂટ ન જ લેવાય એનું મને સંપૂર્ણ ભાન છે. પણ તમારી ઇચ્છા તો સ્વાભાવિકપણે જ મારો કોઈની સાથે સંબંધ બંધાયેલો જોવાની હોય. તમારા મનમાં આ વસ્તુ આગળ ન વધે તે ખાતર પણ મારે તમારી પાસે સત્ય પ્રગટ કરવું જોઈએ.

"જો આ કાગળ મળ્યા પછી તમે તમારે ત્યાં આવવાને સારુ મને નાલાયક ગણશો તો મને મુદ્દલ ખોટું નહીં લાગે. તમારી મમતાને સારુ હું તમારો સદાયનો ઋણી થઈ ચૂક્યો છું. જો તમે મારો ત્યાગ નહીં કરો તો હું ખુશી થઈશ એ મારે કબૂલ કરવું જોઈએ. તમારે ત્યાં આવવાને હજુ મને લાયક ગણશો તો તેને તમારા પ્રેમની એક નવી નિશાની ગણીશ, અને તે પ્રેમને લાયક થવા મારો પ્રયત્ન જારી રહેશે."

વાંચનાર સમજે કે આવો કાગળ મેં ક્ષણવારમાં નહીં ઘડ્યો હોય. કોણ જાણે કેટલા મુસદ્દા ઘડ્યા હશે. પણ આવો કાગળ મોકલીને મેં મારા ઉપરથી મહાન બોજો ઉતાર્યો.

લગભગ વળતી ટપાલે પેલી વિધવા મિત્રનો જવાબ આવ્યો. તેમાં તેણે જણાવ્યું :

"તમારો ખુલ્લા દિલનો કાગળ મળ્યો. અમે બન્ને રાજી થયાં ને ખૂબ હસ્યાં. તમારા જેવું અસત્ય તો ક્ષંતવ્ય જ હોય. પણ તમે તમારી હકીકત જણાવી એ ઠીક જ થયું. મારું નોતરું કાયમ છે. આવતે રવિવારે તમારી રાહ અમે જોઈશું જ, ને તમારા બાળવિવાહની વાતો સાંભળશું, ને તમારા ઠઠ્ઠા કરવાનો આનંદ પણ મેળવીશું. આપણી મિત્રતા તો જેવી હતી તેવી જ રહેશે એ ખાતરી રાખજો."

આમ મારામાં અસત્યનું ઝેર ભરાઈ ગયું હતું તે મેં કાઢ્યું અને પછી તો ક્યાંયે મારા વિવાહ વગેરેની વાતો કરતાં હું મૂંઝાતો નહીં.

ઘણું કરીને મારા વિલાયતના વસવાટના છેલ્લા વર્ષમાં, એટલે 1890ની સાલમાં, પોર્ટસ્મથમાં અન્નાહારીઓનું સંમેલન હતું. તેમાં મને અને એક હિંદી મિત્રને આમંત્રણ હતું. અમે બન્ને ત્યાં ગયા. અમને બન્નેને એક બાઈને ત્યાં ઉતારો આપવામાં આવ્યો હતો.

પોર્ટસ્મથ ખલાસીઓનું બંદર ગણાય છે. ત્યાં ઘણાં ઘરો દુરાચરણી સ્ત્રીઓનાં હોય છે. તે સ્ત્રીઓ વેશ્યા નહીં તેમ નિર્દોષ પણ નહીં. આવા જ એક ઘરમાં અમારો ઉતારો હતો. પોર્ટસ્મથ જેવા બંદરમાં જ્યારે મુસાફરોને રાખવા સારુ ઉતારા શોધવામાં આવે ત્યારે કયાં ઘર સારાં અને કયાં નઠારાં એ કહેવું મુશ્કેલ જ થઈ પડે.

રાત પડી. અમે સભામાંથી ઘેર આવ્યા. જમીને પાનાં રમવા બેઠા. વિલાયતમાં સારાં ઘરોમાં પણ આમ મહેમાનોની સાથે ગૃહિણી પાનાં રમવા બેસે. પાનાં રમતાં નિર્દોષ વિનોદ સહુ કરે. અહીં બીભત્સ વિનોદ શરૂ થયો. મારા સાથી તેમાં નિપુણ હતા એ હું નહોતો જાણતો. મને આ વિનોદમાં રસ પડ્યો. હું પણ ભળ્યો. વાણીમાંથી ચેષ્ટામાં ઊતરી પડવાની તૈયારી હતી. પાનાં એક કોરે રહેવાની તૈયારીમાં હતાં. પણ મારા ભલા સાથીના મનમાં રામ વસ્યા. તે બોલ્યા, “અલ્યા, તારામાં આ કળજુગ કેવો! તારું એ કામ નહીં. તું ભાગ અહીંથી.”

હું શરમાયો. ચેત્યો. હૃદયમાં આ મિત્રનો ઉપકાર માન્યો. માતાની પાસે લીધેલી પ્રતિજ્ઞા યાદ આવી. હું ભાગ્યો. મારી કોટડીમાં ધ્રૂજતો ધ્રૂજતો પહોંચ્યો. છાતી થડકતી હતી. કાતિલના હાથમાંથી બચીને કોઈ શિકાર છૂટે ને તેની જેવી સ્થિતિ હોય તેવી મારી હતી.

પરસ્ત્રીને જોઈને વિકારવશ થયાનો અને તેની સાથે રમત રમવાની ઇચ્છા થયાનો આ પહેલો પ્રસંગ હતો એમ મને ભાન છે. મારી રાત્રી ઊંઘ વિનાની ગઈ. અનેક પ્રકારના વિચારોએ મારા ઉપર હુમલો કર્યો. હું ક્યાં છું? હું સાવધાન ન રહું તો મારા શા હાલ થાય? મેં ખૂબ ચેતીને વર્તવાનો નિશ્ચય કર્યો. મેં બીજે જ દિવસે પોર્ટસ્મથ છોડ્યું.

પરીક્ષાઓ પસાર કરી. 1891ની દસમી જૂને હું બારિસ્ટર કહેવાયો, અગિયારમીએ ઇંગ્લંડની હાઈકોર્ટમાં અઢી શિલિંગ આપી મારું નામ નોંધાવ્યું, બારમી જૂને હિંદુસ્તાન તરફ પાછો વળ્યો.

ધ્રૂજતે પગે હું મુંબઈને બંદરે ‘આસામ’ સ્ટીમરમાંથી ઊતર્યો.

●



માતા પૂતળીબાઈ



પિતા કરમચંદ ગાંધી





પોરબંદરનું ઘર



સાત વર્ષની ઉંમરે

ચૌદ વર્ષની ઉંમરે





લંડનમાં કાયદાના વિદ્યાર્થી તરીકે



લંડનમાં ગાંધીજીનું પ્રથમ નિવાસસ્થાન : 20, બેરન કોર્ટ રોડ, વેસ્ટ કેન્સિન્ગ્ટન



વેજીટેરિયન સોસાયટીના સભ્યો સાથે, લંડન, 1890

INNER TEMPLE.

This is to Certify to whom it may concern

That Mohandass Karamchand Gandhi of 20 Barons Court Road West Kensington, the youngest son of Karamchand Uttamchand Gandhi of Porbandar, India, deceased, was generally admitted of The Honourable Society of the Inner Temple on the sixth day of November One thousand eight hundred and eighty eight, and was Called to the Bar by the same Society on the tenth day of June One thousand eight hundred and ninety one, and has paid all duties to the House and to the Officers thereunto belonging ——

In Testimony whereof I have hereunto set my hand and the Seal of the said Society this eleventh day of June in the year of Our Lord One thousand eight hundred and ninety one ——

William F. Robinson
Bencher

Witness
H.W. Lawrence

pro

ગાધીજીનું બાર-એટ-લૉનું સર્ટીફીકેટ, 1891

દા૦ મહેતાનો આગ્રહ મને પોતાને ત્યાં જ ઉતારવાનો હતો, એટલે મને ત્યાં લઈ ગયા. દાક્તર મહેતાએ જે ઓળખાણ તેમને ઘેર કરાવી તેમાંની એક નોંધ્યા વિના ન જ ચાલે. હું જેમની વાત કરવા ઇચ્છું છું તે કવિ રાયચંદ અથવા રાજચંદ્રની. દાક્તરના મોટાભાઈના તે જમાઈ હતા ને રેવાશંકર જગજીવનની પેઢીના ભાગીદાર ને કર્તાહર્તા હતા. તેમની ઉંમર તે વેળા 25 વર્ષ ઉપરની નહોતી છતાં તે ચારિત્રવાન અને જ્ઞાની હતા એ તો હું પહેલી જ મુલાકાતે જોઈ શક્યો. જેના ઉપર હું મુગ્ધ થયો તે વસ્તુનો પરિચય મને પાછળથી થયો. એ હતું તેમનું બહોળું શાસ્ત્રજ્ઞાન, તેમનું શુદ્ધ ચારિત્ર, અને તેમની આત્મદર્શન કરવાની ભારે ધગશ.

પોતે હજારોના વેપાર ખેડતા, હીરામોતીની પારખ કરતા, વેપારના કોયડા ઉકેલતા. પણ એ વસ્તુ તેમનો વિષય નહોતી. તેમનો વિષય – તેમનો પુરુષાર્થ તો આત્મઓળખ હતો. પોતાની પેઢી ઉપર કોઈ ને કોઈ ધર્મપુસ્તક અને રોજનીશી હોય જ. વેપારની વાત પૂરી થઈ કે ધર્મપુસ્તક ઊઘડે અથવા પેલી નોંધપોથી ઊઘડે. જ્યારે હું તેમની દુકાને પહોંચું ત્યારે મારી સાથે ધર્મવાર્તા સિવાય બીજી વાર્તા ન જ કરે. મને સામાન્ય રીતે ધર્મવાર્તામાં રસ હતો એમ ન કહી શકાય, છતાં રાયચંદભાઈની ધર્મવાર્તામાં મને રસ આવતો. ઘણા ધર્માચાર્યોના પ્રસંગમાં હું ત્યાર પછી આવ્યો છું, દરેક ધર્મના આચાર્યોને મળવાનો પ્રયત્ન મેં કર્યો છે, પણ જે છાપ મારા ઉપર રાયચંદભાઈએ પાડી તે બીજા કોઈ નથી પાડી શક્યા. તેમની બુદ્ધિને વિશે મને માન હતું. તેમની પ્રામાણિકતા વિશે તેટલું જ હતું. આથી મારી આધ્યાત્મિક ભીડમાં હું તેમનો આશ્રય લેતો.

રાયચંદભાઈને વિશે મારો આટલો આદર છતાં, તેમને હું મારા ધર્મગુરુ તરીકે મારા હૃદયમાં સ્થાન ન આપી શક્યો. મારી એ શોધ આજ પણ ચાલુ છે.

હિંદુ ધર્મે ગુરુપદને જે મહત્ત્વ આપ્યું છે તેને હું માનનારો છું. ગુરુ વિના જ્ઞાન ન હોય એ વાક્ય ઘણે અંશે સાચું છે. ગુરુપદ તો સંપૂર્ણ જ્ઞાનીને જ અપાય. શિષ્યની યોગ્યતા પ્રમાણે જ ગુરુ મળે છે. મારા જીવન ઉપર ઊંડી છાપ પાડનાર આધુનિક મનુષ્યો ત્રણ છે : રાયચંદભાઈએ તેમના જીવંત સંસર્ગથી, ટૉલ્સ્ટૉયે તેમના 'વૈકુંઠ તારા હૃદયમાં છે' નામના પુસ્તકથી, ને રસ્કિને 'અનટુ ધિસ લાસ્ટ' નામના પુસ્તકથી મને ચકિત કર્યો.

જ્ઞાતિનો ઝઘડો ઊભો જ હતો. બે તડ પડી ગયાં હતાં. એક પક્ષે મને તુરત નાતમાં લઈ લીધો. બીજો પક્ષ ન લેવા તરફ ચુસ્ત રહ્યો. જે તડથી હું નાતબહાર રહ્યો તેમાં પ્રવેશ કરવા મેં કદી પ્રયત્ન ન કર્યો. ન મેં નાતના કોઈ પણ શેઠ પ્રત્યે મનમાંયે રોષ કર્યો. મારા પ્રત્યે તિરસ્કારની નજરે જોનાર પણ તેમાં હતા. તેઓની સાથે નમીને ચાલતો. નાતના બહિષ્કારના કાયદાને સંપૂર્ણ માન આપતો. મારાં સાસુસસરાને ત્યાં કે મારી બહેનને ત્યાં પાણી સરખું ન પીતો. તેઓ છૂપી રીતે પાવા તૈયાર થાય, પણ જે વસ્તુ જાહેરમાં ન કરાય તે છૂપી રીતે કરવા મારું મન જ કબૂલ ન કરતું.

મારા આ વર્તનનું પરિણામ એ આવ્યું કે નાત તરફથી મને કદી કશો ઉપદ્રવ થયાનું મને યાદ નથી. એટલું જ નહીં પણ, જોકે હું હજુ આજે પણ નાતના એક વિભાગથી કાયદેસર બહિષ્કૃત ગણાઉં છું છતાં તેમના તરફથી મેં માન અને ઉદારતા જ અનુભવ્યાં છે. તેઓએ મને મારા કાર્યમાં મદદ પણ કરી છે, અને નાત પરત્વે હું કંઈ પણ કરું એવી મારી પાસેથી આશા સરખી નથી કરી. આ મીઠું ફળ કેવળ અપ્રતિકારને આભારી છે એમ મારી માન્યતા છે. જો નાતમાં દાખલ થવાની મેં ખટપટ કરી હોત, વધારે તડો પાડવાનો પ્રયત્ન કર્યો હોત, નાતીલાને છંછેડ્યા હોત, તો તેઓ અવશ્ય સામે થાત.

દરમિયાન કાઠિયાવાડની ખટપટનો પણ મને કંઈક અનુભવ મળ્યો. કાઠિયાવાડ એટલે નાનાં અનેક રાજ્યોનો મુલક. અહીં મુસદ્દીવર્ગનો પાક તો ભારે હોય જ. રાજ્યો વચ્ચે ઝીણી ખટપટ, હોદ્દો જમાવવા સારુ ખટપટ, રાજાના કાચા કાન, રાજા પરવશ. સાહેબોના પટાવાળાની ખુશામત; શિરસ્તેદાર એટલે દોઢ સાહેબ, કેમ કે શિરસ્તેદાર એ સાહેબની આંખ, તેના કાન, તેનો દુભાષિયો. શિરસ્તેદાર ધારે એ જ કાયદો.

આ વાતાવરણ મને ઝેર સમાન લાગ્યું. હું અકળાયો. દરમિયાન ભાઈની પાસે પોરબંદરની એક મેમણ પેઢીનું કહેણ આવ્યું : "અમારો વેપાર દક્ષિણ આફ્રિકામાં છે. અમારી પેઢી મોટી છે. અમારો એક મોટો કેસ ચાલે છે. દાવો ચાળીસ હજાર પાઉન્ડનો છે. કેસ ઘણો વખત થયા ચાલી રહ્યો છે. અમારી પાસે સારામાં સારા વકીલબારિસ્ટરો છે. જો તમારા ભાઈને મોકલો તો તે અમને મદદ કરે ને તેને પણ કંઈક મદદ મળે. તે અમારો કેસ અમારા વકીલને સારી રીતે સમજાવી શકશે. વળી, તે નવો મુલક જોશે ને ઘણા નવા માણસોની ઓળખાણ કરશે."

ભાઈએ મારી પાસે વાત કરી. હું લલચાયો. દાદા અબદુલ્લાના ભાગીદાર અબદુલ

કરીમ ઝવેરીની ભેટ મારા ભાઈએ કરાવી. મેં પૂછ્યું : "મારી નોકરી તમે કેટલી મુદત સુધી માગો છો? મને તમે પગાર શું આપશો?"

"તમારું કામ એક વર્ષથી વધારે નહીં પડે. તમને ફર્સ્ટ ક્લાસનું આવવાજવાનું ભાડું ને રહેવા તથા ખાધાખર્ચ ઉપરાંત 105 પાઉન્ડ આપીશું."

મારે તો જ્યાંત્યાંથી હિંદુસ્તાન છોડવું હતું. નવો મુલક જોવા મળશે ને અનુભવ મળશે તે જુદો. 105 પાઉન્ડ ભાઈને મોકલીશ એટલે ઘરખર્ચમાં કંઈક મદદ થશે. આમ વિચાર કરી મેં તો પગાર વિશે રકઝક કર્યા વિના શેઠ અબદુલ કરીમની દરખાસ્ત કબૂલ રાખી ને દક્ષિણ આફ્રિકા જવા તૈયાર થયો.

વિલાયત જતાં વિયોગદુઃખ થયું હતું તે દક્ષિણ આફ્રિકા જતાં ન થયું. માતા તો ચાલી ગઈ હતી. એટલે વિયોગ માત્ર પત્નીની સાથેનો આ વેળા દુઃખકર હતો. વિલાયતથી આવ્યા પછી એક બીજા બાળકની પ્રાપ્તિ થઈ હતી. અમારી વચ્ચેના પ્રેમમાં હજુ વિષય તો હતો જ. છતાં તેમાં નિર્મળતા આવવા લાગી હતી. વિલાયતથી મારા આવ્યા પછી અમે સાથે બહુ થોડું રહ્યાં હતાં, અને હું પોતે ગમે તેવો પણ શિક્ષક બન્યો હતો તેથી, તથા પત્નીમાં કેટલાક સુધારા કરાવ્યા હતા તેથી, તે નિભાવવા ખાતર પણ સાથે રહેવાની આવશ્યકતા અમને બન્નેને જણાતી હતી. પણ આફ્રિકા મને ખેંચી રહ્યું હતું. તેણે વિયોગને સહ્ય બનાવી મૂક્યો. "એક વર્ષ બાદ તો આપણે મળશું જ ના?" એમ કહી સાંત્વન આપી મેં રાજકોટ છોડ્યું ને મુંબઈ પહોંચ્યો.

1893ના એપ્રિલ માસમાં હું હોંશભર્યો દક્ષિણ આફ્રિકામાં મારું નસીબ અજમાવવા ઊપડ્યો.

પહેલું બંદર લામુ હતું. ત્યાં પહોંચતાં લગભગ તેર દિવસ થયા. રસ્તામાં કપ્તાનની સાથે ઠીક મહોબત જામી. કપ્તાનને શેતરંજ રમવાનો શોખ હતો. પણ તે હજુ નવશિખાઉ હતો. તેને પોતાના કરતાં ઠોઠ રમનારાનો ખપ હતો તેથી મને રમવા નોતર્યો.

લામુથી મોમ્બાસા ને ત્યાંથી ઝાંઝીબાર પહોંચ્યા. ઝાંઝીબારમાં તો બહુ રોકાવાનું હતું–આઠ કે દસ દિવસ. કપ્તાનના પ્રેમનો કંઈ પાર નહોતો. આ પ્રેમે મારે સારુ ઊલટું સ્વરૂપ પકડ્યું. તેણે મને પોતાની સાથે સહેલ કરવા જવા નોતર્યો. એક અંગ્રેજ મિત્રને પણ નોતર્યો હતો. અમે ત્રણે કપ્તાનના મછવામાં ઊતર્યા. આ સહેલનો મર્મ હું મુદ્દલ નહોતો સમજ્યો. કપ્તાનને શી ખબર કે હું આવી બાબતોમાં છેક અજાણ્યો હોઈશ? અમે તો હબસી ઓરતોના વાડામાં પહોંચ્યા. એક દલાલ અમને ત્યાં લઈ ગયેલો. દરેક એક એક કોટડીમાં પુરાયા. પણ હું તો શરમનો માર્યો કોટડીમાં પુરાઈ જ રહ્યો. પેલી બાઈ બિચારીને શા વિચાર આવ્યા હશે

એ તો તે જ જાણે. કપ્તાને બૂમ મારી. હું તો જેવો અંદર દાખલ થયો હતો તેવો જ બહાર નીકળ્યો. મેં ઈશ્વરનો પાડ માન્યો કે પેલી બહેનને જોઈ મને વિકાર સરખો પણ પેદા ન થયો. મને મારી નબળાઈ તરફ તિરસ્કાર ઊપજ્યો કે હું કોટડીમાં પુરાવાની જ ના પાડવાની હિંમત ન કરી શક્યો.

આ મારી જિંદગીની આવા પ્રકારની ત્રીજી કસોટી હતી. કેટલાયે જુવાનિયા પ્રથમ નિર્દોષ હોવા છતાં ખોટી શરમથી દોષમાં પડતા હશે. મારું બચવું મારા પુરુષાર્થને આભારી નહોતું. જો મેં કોટડીમાં પુરાવાની ચોખ્ખી ના પાડી હોત તો તે પુરુષાર્થ ગણાત. મારા બચવાને સારુ મારે તો પાડ કેવળ ઈશ્વરનો જ માનવાનો રહ્યો છે.

ઝાંઝીબારથી મોઝાંબિક ને ત્યાંથી મે માસની લગભગ આખરે નાતાલ પહોંચ્યો.

●

ભૂગોળ

આફ્રિકા એ દુનિયાના મોટામાં મોટા ખંડોમાંનો એક છે. કેવળ ક્ષેત્રફળની દૃષ્ટિએ આફ્રિકામાંથી ચાર અથવા પાંચ હિંદુસ્તાન થાય. તેમાં દક્ષિણ આફ્રિકાનો મોટો ભાગ સમુદ્રથી વીંટળાયેલો છે. ભૂમધ્યરેષા આફ્રિકાની વચમાંથી જાય છે. છેક હિંદુસ્તાનની દક્ષિણે જે ગરમીનો અનુભવ આપણે કરીએ છીએ તે ભૂમધ્યરેષાની પાસેની ગરમીનો થોડો ખ્યાલ આપણને આપે છે. પણ દક્ષિણ આફ્રિકામાં તેમાંનું કંઈ જ નથી, કેમ કે એ ભાગ ભૂમધ્યરેષાથી ઘણો દૂર છે. ત્યાંના ઘણા ભાગની હવા એવી સમશીતોષ્ણ છે કે ત્યાં યુરોપની કોમો સુખેથી ઘર કરી શકે છે.

દક્ષિણ આફ્રિકામાં બે હકૂમત છે: બ્રિટિશ અને પોર્ટુગીઝ. પોર્ટુગીઝ ભાગ ડેલાગોઆ બે કહેવાય છે, અને તે હિંદુસ્તાનથી જતાં દક્ષિણ આફ્રિકાનું પહેલું બંદર ગણાય. ત્યાંથી નીચે ઊતરીએ એટલે નાતાલ, પહેલું બ્રિટિશ સંસ્થાન આવે છે. તેનું બંદર ડરબન નાતાલનું મોટામાં મોટું શહેર છે. નાતાલની રાજધાની પીટરમૅરિત્સબર્ગને નામે ઓળખાય છે અને તે ડરબનથી અંદર જતાં લગભગ સાઠ માઈલને અંતરે સમુદ્રસપાટીથી આશરે બે હજાર ફૂટની ઊંચાઈએ આવેલું છે.

નાતાલને છોડીને અંદર જતાં ટ્રાન્સવાલ આવે છે, જેની જમીન દુનિયાને વધારેમાં વધારે

સોનું આપે છે. ત્યાં થોડાં વરસ પહેલાં હીરાની ખાણો પણ મળી આવી. ટ્રાન્સવાલની રાજધાની પ્રિટોરિયા છે. એ જોહાનિસબર્ગથી છત્રીસ માઈલ દૂર છે, અને ત્યાં મુખ્યત્વે કરીને રાજદ્વારી માણસો અને તેને લગતી વસ્તી વસે છે.

ટ્રાન્સવાલને છોડીને હજી પશ્ચિમ તરફ આપણે જઈએ તો ઑરેન્જ ફ્રી સ્ટેટ અથવા ઑરેંજિયાનું સંસ્થાન આવે છે. એની રાજધાની બ્લૂમફૉંટીન છે. ત્યાંથી થોડા કલાકની જ રેલની મુસાફરીથી આપણે કેપ કૉલોનીની સરહદ પર પહોંચી જઈએ છીએ. કેપ કૉલોની મોટામાં મોટું સંસ્થાન છે. તેની રાજધાની તેમ જ મોટામાં મોટું બંદર કેપટાઉનને નામે ઓળખાય છે. ત્યાં જ કેપ ઑફ ગુડ હોપ નામની ભૂશિર આવેલી છે. 'ગુડ હોપ' એટલે શુભ આશા. વાસ્કો ડી ગામા જ્યારે પોર્ટુગલથી હિંદુસ્તાનની શોધ પર નીકળી પડ્યો ત્યારે તેણે અહીં બંદર કરેલું અને અહીં તેને આશા બંધાઈ કે હવે તો અવશ્ય પોતાની મુરાદ બર આવશે. તેથી આ જગ્યાને 'શુભ આશાની ભૂશિર' એવું નામ આપ્યું.

આ ચાર મુખ્ય બ્રિટિશ સંસ્થાનો ઉપરાંત બ્રિટિશ સલ્તનતના 'રક્ષણ' નીચે કેટલાક પ્રદેશ છે, જ્યાં દક્ષિણ આફ્રિકાના યુરોપિયનોના આગમન પહેલાંના વતનીઓ વસે છે. આ ચાર સંસ્થાઓનું ક્ષેત્રફળ 4,73,000 ચોરસ માઈલ છે.

દક્ષિણ આફ્રિકાનો મુખ્ય ધંધો ખેતી જ ગણાય. ખેતીને સારુ એ ઉત્તમ મુલક છે. કેટલાક ભાગો તો અતિશય ફળદ્રુપ અને રળિયામણા છે. અનાજમાં મોટામાં મોટો અને સહેલાઈથી ઊગનારો પાક મકાઈનો છે, અને મકાઈ એ દક્ષિણ આફ્રિકાના હબસી વતનીઓનો મુખ્ય ખોરાક છે. ફળોને સારુ દક્ષિણ આફ્રિકા પંકાયેલ છે. નાતાલમાં ઘણાં સરસ કેળાં, પપૈયાં અને અનનાસ પાકે છે, અને તે એટલા જથ્થામાં કે ગરીબમાં ગરીબ માણસને પણ તે મળી શકે છે. નાતાલ તેમ જ બીજાં સંસ્થાનોમાં નારંગી, સંતરાં, 'પીચ' અને 'એપ્રિકોટ' એટલા બધા જથામાં પાકે છે કે હજારો માણસો સામાન્ય મહેનત કરે તો દેહાતોમાં તે વગર પૈસે મેળવી શકે છે. કેપ કૉલોની તો લીલી દ્રાક્ષ અને 'પ્લમ'ની ભૂમિ છે. ત્યાંના જેવી દ્રાક્ષ બીજે ઠેકાણે ભાગ્યે જ પાકતી હોય, અને મોસમમાં એની કિંમત એટલી નજીવી હોય છે કે ગરીબ માણસ પણ એ પેટ ભરીને ખાઈ શકે. જ્યાં જ્યાં હિંદુસ્તાનીઓની વસ્તી હોય ત્યાં આંબો ન હોય એ બનવું મુશ્કેલ. હિંદુસ્તાનીઓએ આંબાની ગોટલીઓ વાવી. પરિણામે દક્ષિણ આફ્રિકામાં ઠીક પ્રમાણમાં આંબા પણ મળી શકે છે. ભાજીપાલો પણ એ રસાળ ભૂમિમાં પુષ્કળ પાકે છે અને રસિયા હિંદીઓએ હિંદુસ્તાનનો લગભગ બધો ભાજીપાલો ત્યાં ઉગાડેલો છે એમ કહી શકાય.

ઢોરઢાંખર પણ ઠીક જથામાં છે એમ ગણાય. ગાયો, બળદો હિંદુસ્તાનનાં ગાય–બળદ

કરતાં વધારે કદાવર અને વધારે જોરાવર હોય છે. ગોરક્ષાનો દાવો કરનાર હિંદુસ્તાનમાં અનેક ગાયો અને બળદો હિંદુસ્તાનની વસ્તી જેવાં જ દૂબળાં જોઈને હું શરમાયો છું, અને મારું હૃદય અનેક વાર રડ્યું છે. દક્ષિણ આફ્રિકામાં દૂબળી ગાય ને દૂબળા બળદ જોયાં હોય એવું સ્મરણ નથી, જોકે લગભગ મારી આંખો ઉઘાડી રાખીને હું બધા ભાગમાં ફરેલો છું. કુદરતે પોતાની બીજી બક્ષિસોની સાથે આ ભૂમિને સૃષ્ટિસૌંદર્યથી શણગારવામાં મણા નથી રાખી.

દક્ષિણ આફ્રિકામાં ગંગા-જમનાની સાથે સરખામણી કરી શકાય એવી મોટી નદીઓ નથી. જ્યાં જ્યાં પાણીની તંગી કુદરતે કરી મૂકી છે ત્યાં પાતાળિયા કૂવા ખોદીને તેમાંથી ખેતરોને પાઈ શકાય એટલું પાણી યંત્રોની મારફતે ખેંચવામાં આવે છે.

દક્ષિણ આફ્રિકા ભૂમધ્યરેષાથી દક્ષિણે છે અને હિંદુસ્તાન ઉત્તરે છે એટલે ત્યાંની ઋતુઓ પણ અવળી. જેમ કે આપણે ત્યાં ઉનાળો હોય ત્યારે ત્યાં શિયાળો હોય. વરસાદનો ચોક્કસ નિયમ છે એમ નહીં કહી શકાય. ગમે ત્યારે આવે. વરસાદનું સામાન્ય પ્રમાણ વીસ ઇંચથી વધુ નહીં હોય.



ઇતિહાસ

યુરોપિયન લોકો દક્ષિણ આફ્રિકામાં વસ્યા તે વખતે ત્યાં હબસીઓ હતા. તેઓ જુદી જુદી જાતથી ઓળખાય છે, જેવા કે ઝૂલુ, સ્વાઝી, બસૂટો, બેકવાના વગેરે. તેઓની ભાષામાં પણ ભેદ હોય છે. આ હબસીઓ જ દક્ષિણ આફ્રિકાના મૂળ વતનીઓ ગણાય.

આ વિશાળ પ્રદેશમાં હબસીઓની વસ્તી 1914માં લગભગ પચાસ લાખ અને ગોરાઓની વસ્તી લગભગ તેર લાખ હતી. હબસીઓમાં ઝૂલુ વધારેમાં વધારે કદાવર અને રૂપાળા ગણી શકાય. સ્ત્રી અને પુરુષો બંને ઊંચાં અને ઊંચાઈના પ્રમાણમાં વિશાળ છાતીવાળાં હોય છે. આખા શરીરના સ્નાયુ ઘણા મજબૂત હોય છે. સ્ત્રી અથવા પુરુષ વાંકાં વળીને કે ખૂંધ કાઢીને ભાગ્યે જ ચાલતાં જોવામાં આવશે. હોઠ મોટા અને જાડા હોય છે. આંખ ગોળ અને તેજસ્વી હોય છે. નાક ચપટું અને મોટું હોય છે, અને માથાના ગૂંચળિયા વાળ સીસમ જેવી કાળી અને ચળકતી ચામડીની ઉપર શોભી નીકળે છે.

આ હબસીઓ ઘાસમાટીના ગોળ કૂબાઓ(ઝૂંપડાંઓ)માં વસે છે. એ કૂબાને એક જ ગોળ દીવાલ હોય છે અને ઉપર ઘાસનું છાપરું. અંદર એક થાંભલાની ઉપર છાપરાનો આધાર હોય છે. વાંકા વળીને જ જઈ શકાય એવો એક નીચો દરવાજો તે જ હવાની આવજાનું સાધન. આપણી જેમ એ લોકો પણ દીવાલ અને ભોંયને માટી અને લાદછાણથી લીંપે છે.

બ્રિટિશ સત્તા દાખલ થઈ તેની પહેલાં સ્ત્રીપુરુષો લગભગ નગ્નાવસ્થામાં જ ફરતાં. હાલ પણ દેહાતોમાં ઘણા એ જ પ્રમાણે વર્તે છે. ગુહ્ય ભાગોને એક ચામડાથી ઢાંકે છે. કોઈ એટલો પણ ઉપયોગ ન કરે. પણ આનો અર્થ કોઈ વાંચનાર એવો ન કરે કે તેથી એ લોકો પોતાની ઇંદ્રિયોને વશ નથી રાખી શકતા. જ્યાં ઘણો સમુદાય એક રૂઢિને વશ થઈને વર્તતો હોય ત્યાં બીજા સમુદાયને એ રૂઢિ અયોગ્ય લાગતી હોય છતાં પહેલાની દૃષ્ટિમાં મુદ્દલ દોષ ન હોય એ સંભવિત છે. આ હબસીઓ એકબીજાની તરફ જોયાં કરવાને નવરા હોતા જ નથી. શુકદેવજી જ્યારે નગ્નાવસ્થામાં નાહતી સ્ત્રીઓની વચ્ચે થઈને ચાલ્યા ગયા ત્યારે ન એમના મનમાં જરાયે વિકાર થયો, ન એ નિર્દોષ સ્ત્રીઓને જરા પણ ક્ષોભ થયો, ન જરાયે શરમ જેવું લાગ્યું, એમ 'ભાગવત'કાર કહે છે.

આ હબસીઓ જ્યારે શહેરમાં આવે છે ત્યારે તેઓની સ્ત્રીઓને સારુ એવો કાયદો છે કે તેઓએ છાતીથી ગોઠણ સુધીનો ભાગ ઢાંકવો જ જોઈએ. તેથી એ સ્ત્રીઓને અનિચ્છાએ પણ તેવું વસ્ત્ર વીંટાળવું પડે છે, અને તેને અંગે દક્ષિણ આફ્રિકામાં એ માપના કપડાનો બહોળો ઉઠાવ થાય છે અને એવી લાખો કામળો કે ચાદરો યુરોપથી દર વર્ષે આવે છે. પુરુષોને કેડેથી ગોઠણ સુધી પોતાના અવયવો ઢાંકવાની ફરજ છે, તેથી તેઓએ તો યુરોપનાં ઊતરેલાં કપડાં પહેરવાની પ્રથા દાખલ કરી દીધેલી છે અને એમ નથી કરતા તે નેફાવાળી ચડ્ડીઓ પહેરે છે. આ બધાં કપડાં યુરોપથી જ આવે છે.

એઓનો મુખ્ય ખોરાક મકાઈ અને મળે ત્યારે માંસ. મસાલા વગેરેથી તેઓ સદ્ભાગ્યે કેવળ અજાણ્યા છે. મકાઈ આખી બાફેલી અને સાથે થોડું મીઠું લઈને એકીવખતે એક શેર ખાઈ જવી એ સામાન્ય ઝૂલુને માટે જરાયે નવાઈની વાત ન ગણાય. મકાઈનો આટો પીસીને પાણીમાં ઉકાળી ઘેંસ બનાવી ખાઈને સંતોષ માને છે. જ્યારે જ્યારે માંસ મળી શકે ત્યારે કાચું અથવા પાકું બાફેલું અથવા ભૂંજેલું માત્ર મીઠાની સાથે ખાઈ જાય છે. ગમે તે પ્રાણીનું માંસ ખાતાં તેને આંચકો નહીં આવે.

તેઓની ભાષા જાતિના નામની જ હોય છે. લેખનકળા ગોરાઓએ જ દાખલ કરી છે. હબસી કક્કા જેવી વસ્તુ નથી. રોમન લિપિમાં હાલ હબસી ભાષાઓમાં પુસ્તકો છપાયાં છે.

ઝૂલુ ભાષા અત્યંત મધુર છે. ઘણાખરા શબ્દોને છેડે 'આ'નો ઉચ્ચાર હોય છે, તેથી ભાષાના અવાજ કાનને હળવા અને મધુર લાગે છે. શહેરો વગેરેનાં નામો યુરોપિયનોએ પાડેલાં જે મેં આપ્યાં છે તે બધાંનાં મધુર હબસી નામો છે જ. મને યાદ નહીં હોવાથી હું તે નથી આપી શક્યો.

હબસીઓનો ધર્મ કંઈ જ નથી એમ કહેવાય. પણ ધર્મનો વિસ્તીર્ણ અર્થ લઈએ તો કહી શકાય કે પોતે નથી ઓળખી શકતા એવી અલૌકિક શક્તિને તેઓ જરૂર માને છે અને પૂજે છે. એ શક્તિથી ડરે છે પણ ખરા. શરીરનાશની સાથે મનુષ્યનો સર્વથા નાશ નથી થતો એમ પણ તેઓને ઝાંખું ઝાંખું ભાસે છે. જો નીતિને આપણે ધર્મનો પાયો ગણીએ તો તેઓ નીતિ માનનારા હોઈ ધર્મી પણ ગણી શકાય. દેવળો વગેરે તેઓને હોતાં નથી. બીજી પ્રજાઓની જેમ તેઓમાં પણ ઘણી જાતના વહેમો જોવામાં આવે છે. વાંચનારને આશ્ચર્ય થશે કે શરીરની મજબૂતીમાં જગતમાં કોઈ પણ કોમથી ન ઊતરે એવી આ કોમ ખરે એટલી મોળી છે કે ગોરા બાળકને જુએ તોપણ ડરે છે. જો કોઈ તેની સામે રિવૉલ્વર તાકે તો કાં તો તે ભાગી જશે અથવા તો એવો મૂઢ બની જશે કે તેનામાં ભાગવાની તાકાત પણ નહીં રહે. આનું કારણ તો છે જ. મૂઠીભર ગોરાઓ આવી જંગી કોમને વશ કરી શક્યા છે એ કોઈ જાદુ હોવું જોઈએ એમ તેને ઠસી ગયું છે. તેને ભાલાનો અને તીરકામઠાનો ઉપયોગ સારી રીતે આવડતો હતો. તે તો છીનવી લેવામાં આવ્યાં છે. બંદૂક તો કોઈ દિવસ ન જોયેલી, ન ફોડેલી. જેને નથી દીવાસળી લગાવવી પડતી, નથી હાથની આંગળી ચલાવવા સિવાય બીજી કંઈ ગતિ કરવી પડતી, છતાં એક નાની સરખી ભૂંગળીમાંથી એકાએક અવાજ નીકળે છે, ભડકો જોવાય છે અને ગોળી વાગી ક્ષણમાત્રમાં માણસના પ્રાણ જાય છે એ તેનાથી સમજી શકાતું નથી. એથી એ સદાય એ વસ્તુ વાપરનારના ડરથી બેબાકળો રહે છે. તેણે અને તેના બાપદાદાઓએ અનુભવ્યું છે કે એવી ગોળીઓએ અનેક નિર્દોષ હબસીઓના પ્રાણ લીધા છે.

આ કોમમાં ધીમે ધીમે 'સુધારો' પ્રવેશ કરતો જાય છે. એક તરફથી ભલા પાદરીઓ તેઓ સમજ્યા છે તે રૂપમાં ઈશુ ખ્રિસ્તનો સંદેશો તેઓને પહોંચાડે છે. તેઓને સારુ નિશાળ ખોલે છે, અને સામાન્ય અક્ષરજ્ઞાન આપે છે. એમના પ્રયત્નથી કેટલાક ચારિત્ર્યવાન હબસીઓ પણ તૈયાર થયા છે. પણ ઘણા જેઓ અત્યાર સુધી અક્ષરજ્ઞાનની ખામીને લીધે, સુધારાના પરિચયને અભાવે, અનેક અનીતિઓમાંથી મુક્ત હતા તેઓ આજ પાખંડી પણ બન્યા છે. સુધારાના પ્રસંગમાં આવેલા હબસીમાંથી ભાગ્યે જ કોઈ દારૂની બદીમાંથી બચ્યા હોય, અને તેઓના મસ્તાન શરીરમાં જ્યારે દારૂનો પ્રવેશ થાય છે ત્યારે તેઓ કેવળ દીવાના બને છે

અને ન કરવાનું બધું કરી નાખે છે. સુધારો વધવો એટલે હાજતો વધવી એ તો બે ને બે ચાર જેવો સીધો મેળ છે. હાજતો વધારવાને અર્થે કહો, બધાને માથાવેરો, કૂબાવેરો આપવો પડે છે. એ વેરો નાખવામાં ન આવે તો આ પોતાનાં ખેતરોમાં રહેનારી કોમ ભોંયની અંદર સેંકડો ગજ ઊંડી ખાણોમાં સોનું કે હીરા કાઢવાને ઊતરે નહીં, અને જો ખાણોને સારુ એમની મજૂરી ન મળી શકે તો સોનું અથવા તો હીરા પૃથ્વીનાં આંતરડાંમાં જ રહી જાય. તેમ જ યુરોપનિવાસીઓને નોકરવર્ગ પણ તેઓની ઉપર કર નાખ્યા વિના મળવો મુશ્કેલ છે. પરિણામ એ આવ્યું છે કે ખાણોની અંદર કામ કરતા હજારો હબસીઓને બીજાં દરદોની સાથે એક જાતનો ક્ષયરોગ પણ થાય છે. તે રોગ પ્રાણહર છે. તેના પંજામાં આવ્યા પછી થોડા જ ઊગરી શકે છે. આવા હજારો માણસો એક ખાણની અંદર રહે. પોતાનાં બાળબચ્ચાં સાથે ન હોય એવી સ્થિતિમાં એ કેટલો સંયમ જાળવી શકે એ વાંચનાર સહેજે વિચારી શકશે. તેને પરિણામે થતાં દરદોના પણ આ લોકો ભોગ થઈ પડે છે.

આ મહાન દેશમાં જ્યાં આવી નિર્દોષ કોમ વસતી હતી ત્યાં લગભગ ચારસો વરસ પૂર્વે વલંદા લોકોએ થાણું નાખ્યું. વલંદા એટલે ડચ [હોલેંડવાસી]. આ લોકો જેટલા બહાદુર લડવૈયા હતા તેટલા જ કુશળ ખેડૂત હતા. તેઓએ જોયું કે પોતાની આસપાસનો મુલક ખેતીને સારુ બહુ લાયક છે. તેઓએ જોયું કે ત્યાંના વતની વરસમાં થોડો જ વખત કામ કરીને સહેલાઈથી પોતાનો ગુજારો કરી શકે છે. તેઓની પાસેથી મજૂરી કેમ ન લઈ શકાય? એટલે તેઓએ દક્ષિણ આફ્રિકાના વતનીઓની મજૂરી વડે ખેતી વગેરે શરૂ કર્યાં.

જેમ વલંદા દુનિયામાં પોતાનો ફેલાવો કરવાને સારુ સારી સારી જમીનો શોધી રહ્યા હતા તેમ જ અંગ્રેજોનું હતું. ધીમે ધીમે અંગ્રેજો પણ આવ્યા. અંગ્રેજ અને ડચ પિત્રાઈ તો છે જ. બંનેના ખવાસ એક, લોભ એક. એક જ કુંભારનાં માટલાં ભેગાં થાય ત્યારે કોઈક ફૂટે પણ ખરાં, તેમ આ બંને કોમ પોતાનો પગપેસારો કરતાં કરતાં અને ધીમે ધીમે હબસીઓને વશ કરતાં કરતાં ભેટી પડી. તકરારો થઈ, લડાઈઓ પણ થઈ. પણ જ્યારે પહેલી કસાકસી આ બંને વચ્ચે થઈ ત્યારે વલંદા લોકોમાંના ઘણા અંગ્રેજની નામની સત્તા પણ કબૂલ કરવા તૈયાર ન હતા તેથી તેઓ દક્ષિણ આફ્રિકાના અંતર પ્રદેશમાં ગયા. એને પરિણામે ટ્રાન્સવાલ અને ઑરેન્જ ફ્રી સ્ટેટની ઉત્પત્તિ થઈ.

આ જ વલંદા લોકો દક્ષિણ આફ્રિકામાં 'બોઅર'ને નામે ઓળખાવા લાગ્યા. તેઓએ પોતાની ભાષા તો જેમ બાળક માતાને સેવે છે તેવી રીતે સેવીને જાળવી રાખી છે. પોતાની સ્વતંત્રતાને પોતાની ભાષાની સાથે અતિશય નિકટ સંબંધ છે એ વાત તેઓના હાડમાં પસરી ગયેલી છે. ઘણા હુમલા થયા છતાં તેઓ પોતાની માતૃભાષાને સાચવી રહ્યા છે. આ ભાષાએ

ત્યાંના લોકોને અનુકૂળ આવે એવું નવું સ્વરૂપ પકડ્યું છે. એટલે જેમ સંસ્કૃતમાંથી પ્રાકૃત ભાષાઓ થઈ છે તેમ ડચમાંથી અપભ્રષ્ટ ડચ બોઅર લોકો બોલતા થઈ ગયા. તેઓએ આ પ્રાકૃત બોલીને સ્થાયી રૂપ આપ્યું છે અને તે 'ટાલ' નામે ઓળખાય છે. તેમાં જ ત્યાંનાં પુસ્તકો લખાય છે. બાળકોની કેળવણી તેમાં અપાય છે. આખા દક્ષિણ આફ્રિકામાં બંને ભાષા — ટાલ અથવા ડચ અને અંગ્રેજી — એકસરખી પદવી ભોગવે છે, તે એટલે સુધી કે ત્યાંનાં સરકારી ગૅઝેટ બંને ભાષામાં પ્રગટ થવાં જોઈએ અને ધારાસભાનો કારભાર બંને ભાષામાં છપાવો જોઈએ. બોઅર લોકો સાદા, ભોળા અને ધર્મચુસ્ત છે. તેઓ વિશાળ ખેતરોમાં વસે છે. ત્યાંનાં ખેતરોના વિસ્તારનો ખ્યાલ આપણને ન આવી શકે. આપણા ખેડૂતનાં ખેતરો એટલે બે-ત્રણ વીઘાં જમીન. એથી પણ ઓછી હોય. ત્યાંનાં ખેતરો એટલે સેંકડો અથવા હજારો વીઘાં જમીન એક એક માણસના તાબામાં હોય. એ બધી જમીનને તુરત ખેડવાનો લોભ પણ આ ખેડૂતો રાખતા નથી અને કોઈ દલીલ કરે તો કહે છે કે "છો પડી. જેમાં અમે વાવેતર નહીં કરીએ તેમાં અમારી પ્રજા કરશે."

દરેક બોઅર લડવામાં પૂરેપૂરો કુશળ હોય છે. લડવું એ આખી કોમનો સ્વભાવ કે ગુણ છે. જેમ બોઅર પુરુષો બહાદુર અને સાદા છે તેમ જ બોઅર સ્ત્રીઓ પણ બહાદુર અને સાદી છે. બોઅર લડાઈને વખતે જો બોઅર લોકોએ પોતાનું લોહી રેડ્યું, તો તે ભોગ ઓરતોની હિંમત તેમ જ તેમના ઉત્તેજનથી તેઓ આપી શક્યા. ઓરતોને નહોતો વૈધવ્યનો ભય કે નહોતો ભવિષ્યનો.

પોતાની સ્વતંત્રતા જાળવવાની ખાતર ગમે તેટલું દુઃખ સહન કરવું પડે તોપણ તે ધર્મનું ફરમાન છે એમ સમજી, બોઅર ઓરતોએ ધીરજથી અને આનંદથી બધી આપત્તિઓ વેઠી. ઓરતોને નમાવવાને સારુ લૉર્ડ કિચનરે ઉપાયો કરવામાં કચાશ નથી રાખી. નોખા નોખા વાડાઓમાં તેઓને પૂરી. ત્યાં તેઓની ઉપર અસહ્ય વિપત્તિઓ પડી. ખાવાપીવાના સાંસા; ટાઢથી, તડકાથી સોસાઈ જાય. કોઈ શરાબ પી ગાંડો થયેલો અથવા તો વિષયના આવેશમાં ભાન ભૂલી ગયેલો સોલ્જર આ ધણી વિનાની ઓરતો ઉપર હુમલો પણ કરે. આ વાડાઓમાં અનેક પ્રકારના ઉપદ્રવો પેદા થાય. એમ છતાં આ બહાદુર ઓરતો નમી નહીં. અને છેવટે કિંગ એડવર્ડે જ લૉર્ડ કિચનરને લખ્યું કે, "આ મારાથી સહન થઈ શકતું નથી. જો બોઅરને નમાવવાનો આપણી પાસે આ જ ઇલાજ હોય તો એના કરતાં હું ગમે તેવી સુલેહ પસંદ કરું છું. લડાઈને તમે જલદીથી સંકેલજો."

આ બધા દુઃખનો અવાજ જ્યારે ઇંગ્લંડમાં પહોંચ્યો ત્યારે અંગ્રેજી પ્રજાનું મન પણ દુખિત થયું. બોઅરની બહાદુરીથી એ પ્રજા આશ્ચર્યચકિત થઈ હતી. એવડી નાનકડી કોમે

દુનિયાને ઘેરનારી સલ્તનતને હંફાવી, એ અંગ્રેજ પ્રજાના મનને ખૂંચ્યા જ કરતું હતું. પણ જ્યારે આ વાડાઓની અંદર ગોંધાઈ રહેલી ઓરતોના દુઃખનો નાદ તે ઓરતોની મારફતે નહીં, તેમના મરદોની મારફતે પણ નહીં — તે તો રણમાં જ ઝૂઝી રહ્યા હતા — પણ છૂટાંછવાયાં ઉદારચરિત અંગ્રેજ સ્ત્રીપુરુષો દક્ષિણ આફ્રિકામાં હતાં તેઓની મારફતે પહોંચ્યો ત્યારે અંગ્રેજ પ્રજા વિમાસવા માંડી. મરહૂમ સ્ટેડે જાહેર રીતે ઈશ્વર પ્રત્યે પ્રાર્થના કરી અને બીજાઓને તેમ કરવા પ્રેર્યા કે એ લડાઈમાં ઈશ્વર અંગ્રેજને હરાવે. આ દૃશ્ય ચમત્કારિક હતું. ખરેખરું દુઃખ, ખરેખરી રીતે વેઠાયેલું, પથ્થર જેવા હૃદયને પણ પિગળાવી નાખે છે એ એવા દુઃખનો એટલે તપશ્ચર્યાનો મહિમા છે, અને તેમાં જ સત્યાગ્રહની ચાવી છે.

હિંદીઓનું આગમન

અંગ્રેજો અનુભવે જોઈ શક્યા કે નાતાલમાં શેરડી, ચા અને કૉફીનો પાક સુંદર થઈ શકે છે. બહોળા પ્રમાણમાં એ પાક ઉતારવો હોય તો હજારો મજૂરો જોઈએ. તેઓએ હબસીઓને કામ કરવાને લલચાવ્યા, ડરાવ્યા; પણ હવે ગુલામીનો કાયદો રહ્યો ન હતો તેથી સફળતાને સારુ જોઈએ એટલું બળ તેઓ હબસીઓ ઉપર અજમાવી ન શક્યા. હબસીઓને બહુ મહેનત કરવાની ટેવ નથી. છ મહિનાની સામાન્ય મહેનતથી તેઓ પોતાનું ગુજરાન સારી રીતે ચલાવી શકે છે. તો પછી કોઈ માલિકની સાથે લાંબી મુદતને સારુ કેમ બંધાય? અને જ્યાં સુધી સ્થાયી મજૂરી ન મળી શકે ત્યાં સુધી અંગ્રેજો પોતાની નેમ પૂરી કરી ન શકે. તેથી એ લોકોએ હિંદી સરકારની સાથે પત્રવ્યવહાર શરૂ કર્યો, અને મજૂરને સારુ હિંદુસ્તાનની મદદ માગી. હિંદી સરકારે નાતાલની માગણી કબૂલ રાખી, અને હિંદી મજૂરોની પહેલી આગબોટ 1860ના નવેમ્બરની 16મી તારીખે નાતાલ પહોંચી.

જે સ્ટીમર આ મજૂરોને લઈ ગઈ તે જ સ્ટીમર સત્યાગ્રહના મહાન વૃક્ષનું બીજ પણ સાથે લઈ ગઈ.

આ મજૂરો એગ્રીમેન્ટમાં ગયેલા મજૂરોને નામે નાતાલમાં ઓળખાય છે તે ઉપરથી મજૂરો પોતાને ગિરમીટિયા તરીકે ગણાવવા લાગ્યા. તેથી હવે એગ્રીમેન્ટને આપણે ગિરમીટને નામે ઓળખીશું અને તેમાં ગયેલા મજૂરોને ગિરમીટિયાને નામે ઓળખીશું.

નાતાલમાં ગિરમીટિયા ગયા છે એવી ખબર જ્યારે મોરીશિયસમાં ફેલાઈ ત્યારે એવી જાતના મજૂરોની સાથે સંબંધ રાખતા હિંદી વેપારીઓ નાતાલ જવા લલચાયા. મોરીશિયસ નાતાલ અને હિંદુસ્તાનની વચ્ચે છે. મોરીશિયસના ટાપુમાં હજારો હિંદીઓ વસે છે; મજૂરો અને વેપારી. તેઓમાંના એક વેપારી અબુબકર આમદે નાતાલમાં પોતાની પેઢી રાખવાનો ઇરાદો કર્યો. એ વખતે નાતાલના અંગ્રેજોને પણ હિંદી વેપારીઓ શું કરી શકે તેનું ભાન ન હતું, દરકાર પણ ન હતી. તેઓ ગિરમીટિયાની મદદથી શેરડી, ચા, કૉફી વગેરેનો ઘણો નફાકારક પાક ઉગાડી શક્યા. પોતાની કમાણીમાંથી તેઓએ મહેલ બનાવ્યા અને જંગલમાં મંગલ કરી બેઠા. એવે સમયે શેઠ અબુબકર જેવો એક સાદો અને બાહોશ વેપારી વચમાં આવી વસે તે તેઓને ન ખૂંચે? શેઠે વેપાર ચલાવ્યો, જમીન ખરીદી અને તેની સારી કમાણીની અફવા તેમના વતન પોરબંદર અને તેની આસપાસનાં ગામોમાં ફેલાઈ. એટલે બીજા મેમણ નાતાલ પહોંચ્યા. તેમની પાછળ સુરત તરફના વહોરાઓ પણ પહોંચ્યા. તેઓને મહેતાઓ તો જોઈએ જ. તેથી ગુજરાત–કાઠિયાવાડના હિંદુ મહેતાઓ પણ ગયા.

આમ નાતાલમાં બે વર્ગના હિંદીઓ થયા : સ્વતંત્ર વેપારી ને તેનો સ્વતંત્ર નોકરવર્ગ, અને ગિરમીટિયા. કાળે કરીને ગિરમીટિયાઓની પ્રજા થઈ. આ ગિરમીટિયા પાંચ વરસના કરારથી જતા હતા. પાંચ વરસ વીત્યા બાદ મજૂરી કરવા તેઓ બંધાયેલા ન હતા. પોતાને સ્વતંત્ર મજૂરી અથવા વેપાર કરવો હોય અને નાતાલમાં સ્થાયી થવું હોય તો તેને તેમ કરવાનો હક હતો. આ હકનો ઉપયોગ કેટલાકોએ કર્યો અને કેટલાક હિંદુસ્તાન પાછા ફર્યા. જેઓ નાતાલમાં રહી ગયા તેઓ 'ફ્રી ઇન્ડિયન્સ'ને નામે ઓળખાતા. તેમને આપણે ગિરમીટમુક્ત અથવા ટૂંકામાં મુક્ત હિંદી કહીશું. હિંદી વેપારીઓએ જોયું કે હબસી લોકોની સાથે પણ તેઓ વેપાર કરી શકે. હબસી લોકોને હિંદી વેપારી તો ભારે સગવડરૂપ થઈ પડ્યા. ગોરા વેપારીથી એ અતિશય ડરે. આથી ઊલટું હિંદી વેપારી મીઠી જીભે તો બોલાવે જ; તેની સાથે હસે. લાગ ફાવે તો હિંદી વેપારી હબસી ઘરાકોને છેતરતાં ન ચૂકે. પણ હબસી હિંદી વેપારીથી બીએ તો નહીં જ. ઊલટા એવા દાખલા મોજૂદ છે કે જ્યારે કોઈ હિંદી વેપારીએ હબસી ઘરાકોને છેતરવાનો પ્રયત્ન કર્યો છે અને તે પેલો જાણી ગયો છે ત્યારે તેને હાથે વેપારીએ માર ખાધો છે! અને ગાળો તો ઘણીયે વાર સાંભળી છે. એટલે હિંદી-હબસીના સંબંધમાં બીવાનો પ્રસંગ કેવળ હિંદીને જ રહ્યો. છેવટે પરિણામ એ આવ્યું કે હિંદી વેપારીને હબસીઓની ઘરાકી બહુ લાભદાયક જણાઈ. હબસીઓ તો આખા દક્ષિણ આફ્રિકામાં ફેલાયેલા જ હતા. આથી કેટલાક હિંદી વેપારીઓએ ટ્રાન્સવાલ અને ફ્રી સ્ટેટ તરફ પણ પ્રયાણ કર્યું. દુકાનો ખોલી. ત્યાં એ અવસરે આગગાડી વગેરે ન હતાં તેથી નફા બહુ મોટા મળી શકતા હતા.

બોઅર તેમ જ હબસીઓની ઘરાકી પુષ્કળ મળવા માંડી. આમ થોડી થોડી સંખ્યામાં ચારે સંસ્થાનોમાં હિંદી પ્રજા વહેંચાઈ ગઈ

નાતાલના ગોરા માલિકોને કેવળ ગુલામ જોઈતા હતા. જેઓ નોકરી કર્યા બાદ સ્વતંત્ર થઈ શકે અને સહેજ અંશે પણ તેમની જોડે હરીફાઈ કરી શકે એવા મજૂરો તેઓને પરવડે એમ ન હતું. ઘણા ગિરમીટિયા જ્યારે છૂટા થાય ત્યારે કંઈક ને કંઈક નાનોસરખો ધંધો કરવા મંડી ગયા. પણ આ વાત ધનિક ગોરાઓને ન ગમી. તેઓને લાગ્યું કે આજ લગી જેનો પોતાને ઇજારો છે એમ માનતા હતા તેમાં હવે ભાગીદાર પેદા થયા. તેથી આ ગરીબડા ગિરમીટિયાઓની સામે હિલચાલ શરૂ થઈ. એક તરફથી તેઓ વધારે ને વધારે મજૂર માગતા હતા, હિંદુસ્તાનથી જેટલા ગિરમીટિયા આવતા હતા તેનો તુરત જ ‘ઉપાડ’ થઈ જતો હતો, અને બીજી તરફથી જેઓ ગિરમીટમુક્ત થતા હતા તેઓની ઉપર અનેક જાતનાં દબાણ મૂકવાની હિલચાલ થતી હતી. આ તેઓની હોશિયારીનો અને તનતોડ મહેનતનો બદલો!

હિલચાલે ઘણાં રૂપ પકડ્યાં. એક પક્ષે એવી માગણી કરી કે ગિરમીટમાંથી છૂટા થતા ગિરમીટિયાઓને પાછા હિંદુસ્તાન મોકલી દેવા જોઈએ. બીજા પક્ષે એવો વિચાર દર્શાવ્યો કે ગિરમીટમાંથી મુક્ત થયે તેઓ ફરી પાછા ગિરમીટમાં દાખલ થવા ન માગે તો તેઓની પાસેથી સખત વાર્ષિક માથાવેરો લેવો. આ બંને પક્ષનો હેતુ તો એક જ હતો કે ગમે તેમ કરીને પણ ગિરમીટિયો વર્ગ કોઈ પણ કાળે નાતાલમાં સ્વતંત્રતાએ ન રહી શકે. નાતાલ સરકારના આ પગલાની સામે હિંદી કોમ ખૂબ ઝૂઝી હતી. ગિરમીટિયા પોતે તો એ બાબત શું કરી શકે કે શું સમજી શકે? હિલચાલ તો કેવળ હિંદી વેપારીવર્ગે દેશદાઝથી કહો કે પરમાર્થદષ્ટિથી કરેલી.

જેમ નાતાલમાં તેમ જ વત્તા કે ઓછા પ્રમાણમાં દક્ષિણ આફ્રિકાનાં બીજાં સંસ્થાનોમાં હિંદીઓ તરફ અણગમો સને 1880 પહેલાંથી જ શરૂ થયેલો.

1893ની સાલ સુધી દક્ષિણ આફ્રિકામાં હિંદી પ્રજાને સારુ ઝૂઝી શકે એવા સ્વતંત્ર અને ઠીક કેળવાયેલા ગણી શકાય એવા હિંદી થોડા જ હતા. અંગ્રેજી જાણનાર હિંદીઓમાં મુખ્યત્વે મહેતાવર્ગ. તેઓ પોતાના કામજોગું અંગ્રેજી જાણે, પણ તેઓથી અરજીઓ વગેરે ન જ ઘડી શકાય. વળી તેઓએ પોતાના શેઠને બધો વખત આપવો જોઈએ. આ સિવાય અંગ્રેજીમાં કેળવાયેલો બીજો વર્ગ તે દક્ષિણ આફ્રિકામાં જ પેદા થયેલા હિંદીઓ. એ ઘણે ભાગે તો ગિરમીટિયાની પ્રજા અને તેઓમાંના ઘણાખરા જરાયે કુશળતા મેળવી હોય તો કચેરીઓમાં દુભાષિયાની સરકારી નોકરી કરતા.

ગિરમીટિયાને ગોરાઓ ‘કુલી’ને નામે જ પોકારે. એ નામ એટલે સુધી પ્રચલિત થઈ ગયું

કે ગિરમીટિયા પોતે પણ પોતાને કુલી નામે ઓળખાવતાં અચકાય નહીં! એ નામ પછી તો હિંદીમાત્રને લાગુ પડ્યું. એટલે હિંદી વકીલ, હિંદી વેપારીને અનુક્રમે કુલી વકીલ અને કુલી વેપારી તરીકે સેંકડો ગોરાઓ ઓળખે! તેથી સ્વતંત્ર હિંદી પોતાને ગિરમીટિયાથી અલગ ઓળખાવવાનો પ્રયત્ન કરે. આવાં અને હિંદુસ્તાનમાંથી જ આપણી સાથે લઈ જઈએ છીએ એવાં કારણોથી સ્વતંત્ર હિંદી વર્ગ અને આ ગિરમીટિયા અને ગિરમીટમુક્ત વર્ગ વચ્ચે દક્ષિણ આફ્રિકામાં ભેદ થઈ રહ્યો હતો.

આ દુઃખદરિયાની સામે આડા હાથ દેવાનું કામ સ્વતંત્ર હિંદી વર્ગે અને મુખ્યત્વે મુસલમાન વેપારીઓએ હાથ ધર્યું. આવી મુસીબતો છતાં, અંગ્રેજી ભાષાના જ્ઞાનનો અભાવ છતાં, જાહેર કામોનો હિંદુસ્તાનમાં અનુભવ ન હોવા છતાં, આ સ્વતંત્ર વર્ગ સરસ રીતે દુઃખની સામે ઝૂઝ્યો એમ કહી શકાય. તેઓએ ગોરા વકીલોની મદદ લીધી, અરજીઓ ઘડાવી, કોઈ કોઈ વખતે ડેપ્યુટેશન લઈ ગયા અને જ્યાં જ્યાં બની શકે અને સૂઝે ત્યાં ત્યાં આડા હાથ ધર્યા. આ સ્થિતિ 1893 સુધીની.

અનુભવોની વાનગી

નાતાલનું બંદર ડરબન કહેવાય છે. મને લેવાને અબદુલ્લા શેઠ આવ્યા હતા. સ્ટીમર ડક્કામાં આવી અને નાતાલના લોકો સ્ટીમર ઉપર પોતાના મિત્રોને લેવા આવ્યા ત્યાં જ હું સમજી ગયો કે અહીં હિંદીને બહુ માન નથી. અબદુલ્લા શેઠને ઓળખનારા જે પ્રમાણે તેમની સાથે વર્તતા હતા તેમાંયે એક પ્રકારની તોછડાઈ હું જોઈ શકતો હતો, જે મને ડંખતી હતી. અબદુલ્લા શેઠને આ તોછડાઈ સદી ગઈ હતી.

મને ઘેર લઈ ગયા. અબદુલ્લા શેઠનું અક્ષરજ્ઞાન ઘણું ઓછું હતું, પણ અનુભવજ્ઞાન પુષ્કળ હતું. તેમની બુદ્ધિ તીવ્ર હતી. અંગ્રેજી જ્ઞાન કેવળ વાતચીત પૂરતું મહાવરાથી મેળવી લીધું હતું. પણ એવા અંગ્રેજી મારફત પોતાનું બધું કામ ઉકેલી શકતા. બૅન્કના મૅનેજરો સાથે વાતો કરે, યુરોપિયન વેપારીઓ સાથે સોદા કરી આવે, વકીલોને પોતાના કેસ સમજાવી શકે. હિંદીઓમાં તેમનું માન ખૂબ હતું. તેમની પેઢી તે વેળા બધી હિંદી પેઢીઓમાં મોટીમાંની એક હતી. તેમને ઇસ્લામનું અભિમાન હતું. અરબી ન આવડતું, છતાં ‘કુરાન શરીફ’ની અને

સામાન્ય રીતે ઇસ્લામી ધર્મસાહિત્યની માહિતી સારી ગણાય. તેમના સહવાસથી મને ઇસ્લામનું વ્યાવહારિક જ્ઞાન ઠીક મળ્યું.

મેં બેત્રણ દિવસમાં જ જોઈ લીધું કે હિંદીઓ પોતપોતાના વાડા રચીને બેસી ગયા હતા. એક ભાગ મુસલમાની વેપારીનો – તેઓ પોતાને 'અરબ'ને નામે ઓળખાવે. બીજો ભાગ હિંદુ કે પારસી મહેતાઓનો. પારસી પર્શિયન તરીકે ઓળખાવે. એક મોટો વર્ગ તે તામિલ, તેલુગુ ને ઉત્તર તરફના ગિરમીટિયાનો અને ગિરમીટમુક્ત હિંદીઓનો. ગિરમીટિયામાં હિંદુ, મુસલમાન ને ખ્રિસ્તી એવા ત્રણ ભાગ હતા.

આમ હું પરિચયો કરી રહ્યો હતો તેવામાં પેઢીના વકીલ તરફથી કાગળ મળ્યો કે, કેસને સારુ તૈયારી થવી જોઈએ ને અબદુલ્લા શેઠે પોતે પ્રિટોરિયા જવું જોઈએ અથવા કોઈને ત્યાં મોકલવો જોઈએ.

આ કાગળ અબદુલ્લા શેઠે મને વંચાવ્યો ને પૂછ્યું, "તમે પ્રિટોરિયા જશો?" મેં કહ્યું, "મને કેસ સમજાવો તો હું કહી શકું. અત્યારે તો હું ન જાણું કે ત્યાં શું કરવાનું છે." તેમણે તેમના મહેતાઓને કેસ સમજાવવામાં રોક્યા.

મેં જોયું કે આ કેસનો આધાર ચોપડાઓ ઉપર છે. નામાનું જ્ઞાન હોય તે જ કેસ સમજી-સમજાવી શકે. મારું અજ્ઞાન મેં મહેતાની આગળ ઉઘાડું કર્યું ને નામાની ચોપડી ખરીદી ને વાંચી ગયો. કંઈક આત્મવિશ્વાસ આવ્યો. કેસની સમજણ પડી. મેં જણાવ્યું, "હું પ્રિટોરિયા જવા તૈયાર છું."

"ત્યારે હું મારા વકીલને લખીશ. તે તમારે સારુ ઉતારાનો બંદોબસ્ત કરશે. પ્રિટોરિયામાં મારા મેમણ દોસ્તો છે તેમને હું લખીશ ખરો, પણ તમે તેમને ત્યાં ઊતરો તે સારું નહીં. ત્યાં સામાવાળાની વગ ઘણી છે. તમારી ઉપર મારા ખાનગી કાગળો વગેરે આવે તે બધું તેમનામાં કોઈ વાંચે તો આપણા કેસને નુકસાન પહોંચે. તેમની સાથે જેમ ઓછો સંબંધ હોય તેમ સારું."

મેં કહ્યું, "તમારા વકીલ જ્યાં રાખશે ત્યાં હું રહીશ. અથવા હું કોઈ નોખું ઘર શોધી લઈશ. તમે નિશ્ચિંત રહેજો, તમારી એક પણ ખાનગી વાત બહાર નહીં જાય. પણ હું મળતોહળતો તો બધાને રહીશ. મારે તો સામાવાળા સાથે પણ મિત્રાચારી સાધવી છે. મારાથી બને તો હું તો આ કેસ ઘરમેળે પતે એવું પણ કરું. છેવટ તો તૈયબ શેઠ તમારા સગા જ છે ના?"

પ્રતિસ્પર્ધી તૈયબ હાજી ખાનમહમદ અબદુલ્લા શેઠના નજીકના સગા હતા.

અબદુલ્લા શેઠ કંઈક ચમક્યા એમ મેં જોયું. તે બોલ્યા :

"હા...આ...આ. જો સમાધાની થાય તો એના જેવું તો કંઈ જ રૂડું નહીં. પણ અમે તો

સગા છીએ, એટલે એકબીજાને બરોબર ઓળખીએ. તૈયબ શેઠ ઝટ માને એવા નથી. આપણે ભોળા થઈએ તો આપણા પેટની વાત કઢાવે ને પછી આપણને ફસાવે. માટે જે કરો તે ચેતીને કરજો."

હું બોલ્યો, "તમે મુદ્દલ ફિકર ન કરજો. મારે કેસની વાત તૈયબ શેઠ કે કોઈની પાસે કરવાની જ ન હોય. હું તો એટલું જ કહું કે બંને ઘરમેળે કેસ સમજી લો તો વકીલોનાં ઘર ભરવાં ન પડે."

સાતમે કે આઠમે દહાડે હું ડરબનથી રવાના થયો.

નાતાલની રાજધાની મૅરિત્સબર્ગમાં ટ્રેન નવેક વાગ્યે પહોંચી. અહીં એક ઉતારુ આવ્યો. તેણે મારી સામે જોયું. મને ભાતીગર જોઈ મૂંઝાયો. બહાર નીકળ્યો. એકબે અમલદારોને લઈ આવ્યો. કોઈએ મને કંઈ ન કહ્યું. છેવટે એક અમલદાર આવ્યો. તેણે કહ્યું, "આમ આવો. તમારે છેલ્લા ડબામાં જવાનું છે."

મેં કહ્યું, "મારી પાસે પહેલા વર્ગની ટિકિટ છે."

પેલે જવાબ આપ્યો, "તેની ફિકર નહીં. હું તમને કહું છું કે તમારે છેલ્લા ડબામાં જવાનું છે."

"હું કહું છું કે, મને આ ડબામાં ડરબનથી બેસાડવામાં આવ્યો છે ને હું તેમાં જ જવા ધારું છું."

અમલદાર બોલ્યો, "એમ નહીં બને. તમારે ઊતરવું પડશે, ને નહીં ઊતરો તો સિપાઈ ઉતારશે."

મેં કહ્યું, "ત્યારે ભલે સિપાઈ ઉતારે, હું મારી મેળે નહીં ઊતરું."

સિપાઈ આવ્યો. તેણે હાથ પકડ્યો ને મને ધક્કો મારીને નીચે ઉતાર્યો. મારો સામાન ઉતારી લીધો. મેં બીજા ડબામાં જવાની ના પાડી. ટ્રેન રવાના થઈ. હું વેટિંગ રૂમમાં બેઠો. મારું હાથપાકીટ સાથે રાખ્યું. બાકી સામાનને હું ન અડક્યો. રેલવેવાળાએ સામાન ક્યાંક મૂક્યો.

આ મોસમ શિયાળાની હતી. દક્ષિણ આફ્રિકાનો શિયાળો ઊંચાણના ભાગોમાં બહુ સખત હોય છે. મૅરિત્સબર્ગ ઊંચા પ્રદેશમાં હતું તેથી ટાઢ ખૂબ લાગી. મારો ઓવરકોટ મારા સામાનમાં હતો. સામાન માગવાની હિંમત ન ચાલી. ફરી અપમાન થાય તો? ટાઢે થથર્યો. કોટડીમાં દીવો નહોતો.

મેં મારો ધર્મ વિચાર્યો : "કાં તો મારે મારા હકોને સારુ લડવું અથવા પાછા જવું, નહીં તો જે અપમાનો થાય તે સહન કરવાં ને પ્રિટોરિયા પહોંચવું, અને કેસ પૂરો કરીને દેશ જવું.

કેસ પડતો મૂકીને ભાગવું એ તો નામર્દી ગણાય. મારા ઉપર દુઃખ પડ્યું તે તો ઉપરચોટિયું દરદ હતું; ઊંડે રહેલા એક મહારોગનું તે લક્ષણ હતું. આ મહારોગ તે રંગદ્વેષ. એ ઊંડો રોગ નાબૂદ કરવાની શક્તિ હોય તો તે શક્તિનો ઉપયોગ કરવો. તેમ કરતાં જાત ઉપર દુઃખ પડે તે બધાં સહન કરવાં.”

આવો નિશ્ચય કરી બીજી ટ્રેનમાં ગમે તે રીતે પણ આગળ જવું જ એમ નિશ્ચય કર્યો.

સવારના પહોરમાં મેં જનરલ મૅનેજરને ફરિયાદનો લાંબો તાર કર્યો. દાદા અબદુલ્લાને પણ ખબર આપ્યા. અબદુલ્લા શેઠ તુરત જનરલ મૅનેજરને મળ્યા. જનરલ મૅનેજરે પોતાના માણસોના વર્તનનો બચાવ કર્યો, પણ જણાવ્યું કે મને વગર હરકતે મારે સ્થળે પહોંચાડવા સ્ટેશન-માસ્તરને ભલામણ કરી છે. અબદુલ્લા શેઠે મૅરિત્સબર્ગના હિંદુ વેપારીઓને પણ મને મળવા ને મારી બરદાસ કરવા તાર કર્યો ને બીજાં સ્ટેશનોએ પણ તેવા તારો મોકલ્યા. તેથી વેપારીઓ મને સ્ટેશન ઉપર મળવા આવ્યા. તેમણે પોતાની ઉપર પડતાં દુઃખોનું વર્ણન મારી પાસે કર્યું અને મને કહ્યું કે, તમારા ઉપર વીત્યું તે કંઈ નવાઈની વાત નથી; પહેલા-બીજા વર્ગમાં હિંદીઓ મુસાફરી કરે તેને અમલદારો તેમ જ મુસાફર તરફથી અડચણ તો પહોંચે જ. આવી વાતો સાંભળવામાં દિવસ ગયો. રાત પડી. ટ્રેન આવી.

ટ્રેન સવારે ચાર્લ્સટાઉન પહોંચે. ચાર્લ્સટાઉનથી જોહાનિસબર્ગ સુધી પહોંચવાને સારુ તે કાળે ટ્રેન નહોતી પણ ઘોડાનો સિગરામ હતો. અને વચમાં સ્ટૅંડરટનમાં એક રાત રહેવાનું હતું. મારી પાસે સિગરામની ટિકિટ હતી. એ ટિકિટ કાંઈ હું એક દિવસ મોડો પહોંચ્યો તેથી રદ થતી નહોતી. પણ સિગરામવાળાને તો બહાનું જ કાઢવું હતું તેથી મને કેવળ અજાણ્યો જાણી કહ્યું, “તમારી ટિકિટ તો રદ થઈ છે.” મેં યોગ્ય જવાબ આપ્યો. ટિકિટ રદ થઈ છે એમ મને ક્હેવાનું કારણ તો જુદું જ હતું. ઉતારુઓ બધા સિગરામની અંદર જ બેસે. પણ હું તો ‘કુલી’ ગણાઉં, અજાણ્યો લાગું, તેથી મને ગોરા ઉતારુઓની પાસે બેસાડવો ન પડે તો સારું, એવી સિગરામવાળાની દાનત. સિગરામની બહાર, એટલે હાંકનારને પડખે ડાબી અને જમણી બાજુએ, એમ બે બેઠકો હતી. તેમાંની એક બેઠક ઉપર સિગરામની કંપનીનો એક મુખી ગોરો બેસતો. એ અંદર બેઠો અને મને હાંકનારની પડખે બેસાડ્યો. હું સમજી ગયો કે આ કેવળ અન્યાય જ છે, અપમાન છે. પણ મેં એ અપમાનને પી જવું યોગ્ય ધાર્યું. મારાથી બળજોરી કરીને અંદર બેસી શકાય એવું તો નહોતું જ. હું તકરારમાં ઊતરું તો સિગરામ જાય અને વળી મારે એક દિવસની ખોટી થાય; ને બીજે દિવસે વળી શું થાય એ તો દૈવ જાણે. એટલે હું ડાહ્યો થઈને બહાર બેસી ગયો. મનમાં તો ખૂબ કોચવાયો.

ત્રણેક વાગ્યે સિગરામ પારડીકોપ પહોંચ્યો. હવે પેલા ગોરા મુખીને હું જ્યાં બેઠો હતો

ત્યાં બેસવાની ઇચ્છા થઈ. તેને બીડી પીવી હતી. જરા હવા પણ ખાવી હશે. એટલે એણે એક મેલું સરખું ગૂણિયું પડ્યું હતું તે પેલા હાંકનારની પાસેથી લઈ પગ રાખવાના પાટિયા ઉપર પાથર્યું ને મને કહ્યું, “સામી, તું અહીંયાં બેસ, મારે હાંકનારની પાસે બેસવું છે.” આ અપમાન સહન કરવા હું અસમર્થ હતો. તેથી મેં બીતાં બીતાં તેને કહ્યું, “તમે મને અહીં બેસાડ્યો એ અપમાન મેં સહન કરી લીધું; મારી જગ્યા તો અંદર બેસવાની, પણ તમે અંદર બેસીને મને અહીં બેસાડ્યો. હવે તમને બહાર બેસવાની ઇચ્છા થઈ છે અને બીડી પીવી છે, તેથી તમે મને તમારા પગ આગળ બેસાડવા ઇચ્છો છો. હું અંદર જવા તૈયાર છું, પણ હું તમારા પગની પાસે બેસવા તૈયાર નથી.”

આટલું હું માંડ કહી રહું તેટલામાં તો મારા ઉપર તમાચાનો વરસાદ વરસ્યો અને પેલાએ મારું બાવડું ઝાલીને મને નીચે ઘસડવા માંડ્યો. બેઠકની પાસેના પીતળના સળિયા હતા તે મેં ઝોડની જેમ પકડી રાખ્યા, અને કાંડું ખડે તોયે સળિયા નથી છોડવા એમ નિશ્ચય કર્યો. મારા ઉપર વીતી રહી હતી તે પેલા ઉતારુઓ જોઈ રહ્યા હતા. પેલો મને ગાળો કાઢી રહ્યો હતો, ખેંચી રહ્યો હતો, ને મારી પણ રહ્યો હતો, અને હું ચૂપ હતો. પેલો બળવાન ને હું બળહીન. ઉતારુઓમાંના કેટલાકને દયા આવી અને તેમનામાંના કોઈ બોલી ઊઠ્યા : “અલ્યા એ! એ બિચારાને ત્યાં બેસવા દે; તેને નકામો માર નહીં. તેની વાત સાચી છે. ત્યાં નહીં તો તેને અમારી પાસે અંદર બેસવા દે.” પેલો બોલી ઊઠ્યો : “કદી નહીં.” પણ જરા ભોંઠો પડ્યો ખરો. તેથી મને મારવાનું તેણે બંધ કર્યું, મારું બાવડું છોડ્યું. બેચાર ગાળો તો વધારે દીધી, પણ એક હૉટેન્ટૉટ નોકર પેલી બાજુએ હતો તેને પોતાના પગ આગળ બેસાડ્યો અને પોતે બહાર બેઠો. ઉતારુઓ અંદર બેઠા. સિગરામ ચાલ્યો. મારી છાતી તો થડકતી જ હતી. હું જીવતો મુકામે પહોંચીશ કે નહીં એ વિશે મને શક હતો. પેલો મારી સામે ડોળા કાઢ્યા જ કરે. આંગળી બતાવી બબડ્યા કરે : “યાદ રાખ, સ્ટૅંડરટન પહોંચવા દે, પછી તને ખબર પાડીશ.” હું તો મૂંગો જ રહ્યો અને મારી વહાર કરવા પ્રભુને અરજી કરતો રહ્યો.

રાત પડી. સ્ટૅંડરટન પહોંચ્યા. કેટલાક હિંદી ચહેરા જોયા. મને કંઈક શાંતિ વળી. નીચે ઊતરતાં જ હિંદીઓએ કહ્યું : “અમે તમને ઇસા શેઠની દુકાને લઈ જવાને જ ઊભા છીએ. અમારા ઉપર દાદા અબદુલ્લાનો તાર છે.” હું બહુ રાજી થયો. તેમની સાથે ઇસા હાજી સુમારની દુકાને ગયો. મારી આસપાસ શેઠ અને તેમના વાણોતરો વીંટળાઈ વળ્યા. મારા ઉપર જે વીતી હતી તેની વાત કરી. તેઓ બહુ દિલગીર થયા અને પોતાના કડવા અનુભવો વર્ણવી મને આશ્વાસન આપ્યું. મારે તો સિગરામ કંપનીના એજન્ટને મારા ઉપર વીતેલી જણાવવી હતી. મેં એજન્ટ ઉપર ચિઠ્ઠી લખી, પેલા માણસે ધમકી આપી હતી તે પણ જણાવ્યું,

અને સવારે આગળ મુસાફરી થાય ત્યારે મને અંદર બીજા ઉતારુઓને પડખે જગ્યા મળે એવી ખાતરીની માગણી કરી. ચિઠ્ઠી એજન્ટને મોકલી. એજન્ટે મને સંદેશો મોકલ્યો : "સ્ટૅંડરટનથી મોટો સિગરામ હોય છે અને હાંકનારા વગેરે બદલાય છે. જેની સામે તમે ફરિયાદ કરી છે તે માણસ આવતી કાલે નહીં હોય. તમને બીજા ઉતારુઓની પડખે જ જગ્યા મળશે." આ સંદેશાથી મને કાંઈક નિરાંત વળી. પેલા મારનારની ઉપર કાંઈ પણ કામ ચલાવવાનો વિચાર તો મેં કર્યો જ નહોતો, એટલે આ મારનું પ્રકરણ અહીં જ બંધ રહ્યું. સવારે મને ઇસા શેઠના માણસો સિગરામ પર લઈ ગયા. મને યોગ્ય જગ્યા મળી. કોઈ જાતની હલાકી વિના તે રાત્રે જોહાનિસબર્ગ પહોંચ્યો.

જોહાનિસબર્ગ વિશાળ શહેર. ત્યાં પણ અબદુલ્લા શેઠે તાર તો કર્યો જ હતો. મને મહમદ કાસમ કમરુદ્દીનની દુકાનનાં નામઠામ પણ આપ્યાં હતાં. તેમનો માણસ જ્યાં સિગરામ ઊભો રહેતો હતો ત્યાં આવેલ, પણ ન મેં તેને જોયો, ન માણસ મને ઓળખી શક્યો. મેં હોટેલમાં જવાનો વિચાર કર્યો. બેચાર હોટેલનાં નામ જાણી લીધાં હતાં. ગાડી કરી, ગ્રેંડ નૅશનલ હોટેલમાં હાંકી જવા તેને કહ્યું. ત્યાં પહોંચતાં મૅનેજરની પાસે ગયો. જગ્યા માગી. મૅનેજરે ક્ષણ વાર મને નિહાળ્યો. વિવેકની ભાષા વાપરી. "હું દિલગીર છું, બધી કોટડીઓ ભરાઈ ગઈ છે," આમ કહી મને વિદાય કર્યો! એટલે મેં ગાડીવાળાને મહમદ કાસમ કમરુદ્દીનની દુકાને હાંકી જવાને કહ્યું. ત્યાં તો અબદુલ ગની શેઠ મારી રાહ જ જોઈ રહ્યા હતા. તેમણે મને વધાવી લીધો. હોટેલમાં મારા ઉપર વીતેલી વાત તેમને કહી બતાવી. તેઓ ખડખડ હસી પડ્યા. "હોટેલમાં તે વળી આપણને ઊતરવા દે કે?"

મેં પૂછ્યું : "કેમ નહીં?"

"એ તો જ્યારે તમે થોડા દિવસ રહેશો ત્યારે જાણશો. આ દેશમાં તો અમે જ રહી શકીએ. કારણ, અમારે પૈસા કમાવા છે. એટલે ઘણાંય અપમાન સહન કરીએ છીએ અને પડ્યા છીએ." એમ કહી તેમણે ટ્રાન્સવાલમાં પડતાં દુઃખોનો ઇતિહાસ કહી સંભળાવ્યો.

તેમણે કહ્યું, "આ મુલક તમારા જેવાને સારુ નથી. જુઓને, તમારે કાલે પ્રિટોરિયા જવું છે. તેમાં તમને તો ત્રીજા વર્ગમાં જ જગ્યા મળશે. ટ્રાન્સવાલમાં નાતાલ કરતાં વધારે દુઃખ. અહીં આપણા લોકોને પહેલા કે બીજા વર્ગમાં ટિકિટ આપતા જ નથી."

મેં રેલવેના કાયદા માગ્યા. તે જોયા. મેં કહ્યું, "હું તો ફર્સ્ટ ક્લાસમાં જ જઈશ."

શેઠે સ્ટેશન-માસ્તર ઉપર ચિઠ્ઠી મોકલી. હું બારિસ્ટર છું, હમેશાં પહેલા વર્ગમાં જ મુસાફરી કરું છું, એમ ચિઠ્ઠીમાં જણાવ્યું; પ્રિટોરિયા તુરત પહોંચવાની આવશ્યકતા તરફ તેનું ધ્યાન ખેંચ્યું; અને તેને લખ્યું કે, તેના જવાબની રાહ જોવા જેટલો મને વખત નહીં રહે તેથી

એ ચિઠ્ઠીનો જવાબ લેવા હું પંડે જ સ્ટેશન ઉપર પહોંચીશ અને પહેલા વર્ગની ટિકિટ મેળવવાની આશા રાખીશ.

હું ફ્રૉકકોટ, નેકટાઈ વગેરે ચડાવીને સ્ટેશને પહોંચ્યો. માસ્તરની સામે ગીની કાઢીને મૂકી અને પહેલા વર્ગની ટિકિટ માગી.

તેણે કહ્યું, "તમે જ મને ચિઠ્ઠી લખી છે કે?"

મેં કહ્યું, "એ જ હું. મને તમે ટિકિટ આપશો તો હું આભારી થઈશ. મારે પ્રિટોરિયા આજે પહોંચવું જોઈએ."

સ્ટેશન-માસ્તર હસ્યો. તેને દયા આવી. તે બોલ્યો, "હું ટ્રાન્સવાલર નથી. તમારી લાગણી સમજી શકું છું. તમારા તરફ મારી દિલસોજી છે. હું તમને ટિકિટ આપવા ઇચ્છું છું. પણ એક શરતે-જો તમને રસ્તામાં ગાર્ડ ઉતારી પાડે અને ત્રીજા વર્ગમાં બેસાડે તો તમારે મને સંડોવવો નહીં, એટલે કે, તમારે રેલવે ઉપર દાવો ન કરવો. હું ઇચ્છું છું કે તમારી મુસાફરી નિર્વિઘ્ને પાર ઊતરો. તમે સજ્જન છો એમ હું જોઈ શકું છું." આમ કહી તેણે ટિકિટ કાપી. મેં તેનો ઉપકાર માન્યો અને તેને નિશ્ચિંત કર્યો. અબદુલ ગની શેઠ વળાવવા આવ્યા હતા. આ કૌતક જોઈ તેઓ રાજી થયા, આશ્ચર્ય પામ્યા, પણ મને ચેતવ્યો : "પ્રિટોરિયા સાંગોપાંગ પહોંચો એટલે પત્યું. મને ધાસ્તી છે કે ગાર્ડ તમને પહેલા વર્ગમાં સુખે બેસવા નહીં દે. અને ગાર્ડ બેસવા દેશે તો ઉતારુઓ નહીં બેસવા દે."

હું તો પહેલા વર્ગના ડબામાં બેઠો. ટ્રેન ચાલી. જર્મિસ્ટન પહોંચી ત્યાં ગાર્ડ ટિકિટ તપાસવા નીકળ્યો. મને જોઈને જ ચિડાયો. આંગળી વતી ઇશારો કરીને કહ્યું : "ત્રીજા વર્ગમાં જા." મેં મારી પહેલા વર્ગની ટિકિટ બતાવી. તેણે કહ્યું, "તેનું કંઈ નહીં; જા ત્રીજા વર્ગમાં."

આ ડબામાં એક જ અંગ્રેજ ઉતારુ હતો. તેણે પેલા ગાર્ડને ધમકાવ્યો : "તું આ ગૃહસ્થને કેમ પજવે છે? તું જોતો નથી કે એની પાસે પહેલા વર્ગની ટિકિટ છે? મને તેના બેસવાથી જરાયે અડચણ નથી." એમ કહીને તેણે મારી સામું જોયું અને તેણે કહ્યું : "તમે તમારે નિરાંતે બેઠા રહો."

ગાર્ડ બબડ્યો. "તમારે કુલીની જોડે બેસવું હોય તો મારે શું?" એમ કહીને ચાલતો થયો.

રાતના આઠેક વાગ્યે ટ્રેન પ્રિટોરિયા પહોંચી. પ્રિટોરિયા સ્ટેશને દાદા અબદુલ્લાના વકીલ તરફથી કોઈક માણસ મને મળશે એવી મેં આશા રાખી હતી. વકીલે કોઈ માણસને સ્ટેશન પર નહોતો મોકલ્યો. હું મૂંઝાયો. ક્યાં જવું એના વિચારમાં પડ્યો. કોઈ હોટેલ મને નહીં સંઘરે એવી મને ધાસ્તી હતી. 1893ની સાલનું પ્રિટોરિયા સ્ટેશન જુદું જ હતું. ઝાંખી ઝાંખી

બત્તીઓ બળતી હતી. ઉતારુઓ પણ ઘણા નહોતા. મેં બધા ઉતારુઓને જવા દીધા અને વિચાર્યું કે, જરા નવરો થાય એટલે ટિકિટકલેક્ટરને મારી ટિકિટ આપીશ અને એ મને કોઈ નાનકડી હોટેલ બતાવે તો ત્યાં જઈશ, અથવા તો રાત સ્ટેશન ઉપર પડ્યો રહીશ. આટલું પૂછવા પણ મન નહોતું વધતું, કેમ કે અપમાન થવાનો ડર હતો.

સ્ટેશન ખાલી થયું. મેં ટિકિટકલેક્ટરને ટિકિટ આપીને પૂછવાનું શરૂ કર્યું. તેણે વિનયપૂર્વક જવાબો આપ્યા, પણ મેં જોયું કે તે બહુ મદદ કરી શકે એમ નહોતું. તેને પડખે એક અમેરિકન હબસી ગૃહસ્થ ઊભો હતો. તેણે મારી સાથે વાત શરૂ કરી :

"હું જોઉં છું કે તમે તદ્દન અજાણ્યા છો અને તમારે કોઈ મિત્ર નથી. મારી સાથે આવો તો હું તમને એક નાનકડી હોટેલ છે ત્યાં લઈ જાઉં. તેનો માલિક અમેરિકન છે અને તેને હું સારી રીતે ઓળખું છું. મને લાગે છે કે એ તમને સંઘરશે."

મને કંઈક શક તો આવ્યો, પણ મેં આ ગૃહસ્થનો ઉપકાર માન્યો અને તેની સાથે જવાનું કબૂલ કર્યું. તે મને જૉન્સ્ટનની ફૅમિલી હોટેલમાં લઈ ગયો. પ્રથમ તેણે મિ૦ જૉન્સ્ટનને એક કોરે લઈ જઈ થોડી વાત કરી. મિ૦ જૉન્સ્ટને મને એક રાતને સારુ રાખવાનું કબૂલ કર્યું. તે પણ એવી શરતે કે મને ખાવાનું મારી કોટડીમાં પહોંચાડે.

"હું તમને ખાતરી આપું છું કે મને તો કાળાધોળાનો મુદ્દલ ભેદ નથી. પણ મારી ઘરાકી કેવળ ગોરાઓની જ છે. અને જો તમને હું ખાણાઘરમાં ખાવા દઉં તો મારા ઘરાકો કોચવાય અને કદાચ જતા રહે," મિ૦ જૉન્સ્ટને કહ્યું.

મેં જવાબ આપ્યો, "મને તમે એક રાતને સારુ સંઘરો એ પણ હું તો તમારો ઉપકાર સમજું. આ મુલકની સ્થિતિથી હું કંઈક કંઈક વાકેફ થયો છું. તમારી મુશ્કેલી હું સમજી શકું છું. મને તમે સુખેથી મારી કોટડીમાં પીરસજો. આવતી કાલે તો હું બીજો બંદોબસ્ત કરી લેવાની ઉમેદ રાખું છું."

મને કોટડી આપી. હું તેમાં પેઠો. એકાંત મળ્યે ખાણાની રાહ જોતો વિચારગ્રસ્ત થયો. આ હોટેલમાં ઘણા ઉતારુઓ નહોતા રહેતા. થોડી વારમાં ખાણું લઈને વેટરને આવતો જોવાને બદલે મેં મિ૦ જૉન્સ્ટનને જોયા. તેણે કહ્યું, "મેં તમને અહીં પીરસાશે એમ કહ્યું એની મને શરમ લાગી. તેથી મેં મારા ઘરાકોને તમારે વિશે વાત કરી ને તેઓને પૂછ્યું. તેમને તમે ખાણાઘરમાં જમો એ સામે કશો વાંધો નથી. વળી તમે અહીંયાં ગમે તેટલી મુદત રહો તેમાંયે તેમને અડચણ નથી. એટલે હવે તમારી ઇચ્છા હોય તો તમે ખાણાઘરમાં આવો અને તમારી મરજીમાં આવે ત્યાં લગી અહીં રહેજો."

મેં ફરી ઉપકાર માન્યો, અને હું ખાણાના ઓરડામાં ગયો. નિશ્ચિંતપણે ખાધું.

બીજે દિવસે સવારે વકીલને ત્યાં ગયો. તેમનું નામ એ૦ ડબલ્યુ૦ બેકર. તેમને મળ્યો. તે મને ભાવથી ભેટ્યા ને મારે વિશે થોડી હકીકત પૂછી, જે મેં તેમને કહી. તેમણે કહ્યું, "બારિસ્ટર તરીકે તો તમારો ઉપયોગ અહીંયાં કંઈ જ થાય એમ નથી. અમે સારામાં સારા બારિસ્ટરોને આ કેસમાં રોકી લીધેલા છે. કેસ લાંબો અને ગૂંચવાડાભરેલો છે, એટલે તમારી પાસેથી તો મને જોઈતી હકીકત વગેરે મળી શકે એટલું જ કામ હું લઈ શકીશ. પણ મારા અસીલ સાથે પત્રવ્યવહાર કરવાનું હવે મને સહેલું થઈ પડશે, અને જે હકીકત તેમની પાસેથી જોઈશે તે તમારી મારફતે હું મગાવી શકીશ, એ ફાયદો છે ખરો. તમારે સારુ ઘર તો હજી સુધી મેં નથી શોધ્યું. તમને જોયા પછી શોધવું એમ મેં વિચાર રાખ્યો હતો. અહીં રંગભેદ બહુ છે, એટલે ઘર શોધવું સહેલું નથી. પણ એક બાઈને હું જાણું છું. તે ગરીબ છે, ભઠિયારાની સ્ત્રી છે. મને લાગે છે કે એ તમને રાખશે. એને પણ કંઈક મદદ થશે. ચાલો, આપણે તેને ત્યાં જઈએ."

આમ કહીને મને ત્યાં લઈ ગયા. બાઈની સાથે મિ૦ બેકરે એક બાજુએ જઈ થોડી વાત કરી અને તેણે મને સંઘરવાનો સ્વીકાર કર્યો. અઠવાડિયાના 35 શિલિંગથી મને ત્યાં રાખ્યો.

મિ૦ બેકર વકીલ તેમ જ ધર્મચુસ્ત પાદરી હતા. અમારી પહેલી જ મુલાકાત દરમિયાન મિ૦ બેકરે ધર્મ સંબંધી મારી મનોદશા જાણી લીધી. મેં તેમને કહી દીધું : "હું જન્મે હિંદુ છું. એ ધર્મનું પણ મને બહુ જ્ઞાન નથી, બીજા ધર્મોનું ઓછું જ્ઞાન છે. હું ક્યાં છું, હું શું માનું છું, મારે શું માનવું જોઈએ, એ બધું હું જાણતો નથી. મારા પોતાના ધર્મનું ઊંડાણથી નિરીક્ષણ કરવા ઇચ્છું છું. બીજા ધર્મોનો પણ અભ્યાસ યથાશક્તિ કરવાનો મારો ઇરાદો છે."

આ બધું સાંભળી મિ૦ બેકર રાજી થયા અને મને કહ્યું, "મારે પોતાને ખરચે મેં એક દેવળ બાંધ્યું છે. તેમાં વખતોવખત હું ધર્મનાં વ્યાખ્યાનો આપું છું. હું રંગભેદ માનતો નથી. મારી સાથે કેટલાક સાથીઓ પણ કામ કરનારા છે. અમે હમેશાં એક વાગ્યે થોડી મિનિટ મળીએ છીએ અને આત્માની શાંતિ ખાતર પ્રાર્થના કરીએ છીએ. એમાં તમે આવશો તો હું રાજી થઈશ. ત્યાં મારા સાથીઓની પણ તમને ઓળખાણ કરાવીશ. તેઓ બધા તમને મળીને રાજી થશે. અને તમને પણ તેમનો સમાગમ ગમશે એવી મારી ખાતરી છે. હું કેટલાંક ધર્મપુસ્તકો પણ તમને વાંચવા આપીશ. પણ ખરું પુસ્તક તો 'બાઇબલ' જ છે. તે વાંચવા મારી તમને ખાસ ભલામણ છે."

મેં મિ૦ બેકરનો ઉપકાર માન્યો અને એક વાગ્યે તેમના મંડળમાં પ્રાર્થનાને સારુ, બની શકે ત્યાં લગી, જવાનું કબૂલ કર્યું.

"ત્યારે આવતી કાલે એક વાગ્યે અહીં જ આવજો અને આપણે સાથે પ્રાર્થનામંદિરમાં જઈશું."

અમે છૂટા પડ્યા. મિ૰ જૉન્સ્ટન પાસે ગયો. બિલ ચૂકવ્યું. નવા ઘરમાં ગયો. ત્યાં જમ્યો. ઘરધણી બાઈ ભલી હતી. તેણે મારે સારુ અન્નાહાર તૈયાર કર્યો હતો. આ કુટુંબની અંદર તુરત ભળી જતાં મને વાર ન લાગી. ખાઈપરવારીને દાદા અબદુલ્લાના જે મિત્ર ઉપર મને કાગળ હતો તેમને મળવા ગયો. તેમની ઓળખાણ કરી. તેમની પાસેથી હિંદીઓની હાડમારીની વિશેષ વાતો જાણી.

સાંજ પડી. વાળુ કર્યું. ને હું મારી કોટડીમાં જઈ નિદ્રાવશ થયો.

નાતાલમાં જે સ્થાન દાદા અબદુલ્લાનું હતું તે સ્થાન પ્રિટોરિયામાં શેઠ તૈયબ હાજી ખાનમહમદનું હતું. તેમના વિના એક પણ જાહેર પ્રવૃત્તિ ન ચાલી શકે. તેમની ઓળખ મેં પહેલે જ અઠવાડિયે કરી લીધી. પ્રિટોરિયાના દરેક હિંદીના સંબંધમાં આવવાનો મારો વિચાર મેં તેમને જણાવ્યો. હિંદીઓની સ્થિતિનો અભ્યાસ કરવાની મારી ઇચ્છા પ્રગટ કરી ને મેં આ બધાં કાર્યમાં તેમની મદદ માગી. તેમણે ખુશીથી મદદ આપવાનું કબૂલ કર્યું.

મારું પ્રથમ પગલું તો બધા હિંદીઓની એક સભા ભરી તેમની આગળ સ્થિતિનો ચિતાર મૂકવાનું હતું. શેઠ હાજી મહમદ હાજી જુસબને ત્યાં આ સભા ભરાઈ. તેમાં મુખ્ય ભાગે મેમણ વેપારીઓ હાજર હતા. થોડા હિંદુ પણ હતા. પ્રિટોરિયામાં હિંદુઓની વસ્તી જ ઘણી થોડી હતી.

આ મારું જિંદગીનું પહેલું ભાષણ ગણાય. મેં તૈયારી ઠીક કરી હતી. મારે સત્ય વિશે બોલવું હતું. વેપારમાં સત્ય ન ચાલે એવું હું વેપારીઓને મોઢેથી સાંભળતો આવ્યો હતો. એ વાત હું ત્યારે નહોતો માનતો. આજ પણ નથી માનતો. વેપારને અને સત્યને ન બને એમ કહેનારા વેપારી મિત્ર આજ પણ પડ્યા છે. તેઓ વેપારને વ્યવહાર કહે છે, સત્યને ધર્મ કહે છે, અને દલીલ કરે છે કે વ્યવહાર એક વસ્તુ છે, ધર્મ બીજી. વ્યવહારમાં શુદ્ધ સત્ય ન જ ચાલે; તેમાં તો યથાશક્તિ જ સત્ય બોલાયચલાય, એવી તેઓની માન્યતા. આ સ્થિતિનો મેં મારા ભાષણમાં સારી પેઠે વિરોધ કર્યો ને વેપારીઓને તેમની બેવડી ફરજનું ભાન કરાવ્યું. પરદેશમાં આવવાથી તેમની જવાબદારી દેશમાં હોય તેના કરતાં વધી, કેમ કે ખોબા જેટલા હિંદીઓની રહેણીકરણી ઉપરથી હિંદના કરોડોનું માપ થતું હતું. અંગ્રેજોની રહેણીની સરખામણીમાં આપણી રહેણીમાં રહેલી ગંદકી હું જોઈ ગયો હતો તે તરફ પણ ધ્યાન ખેંચ્યું. હિંદુ, મુસલમાન, પારસી, ખ્રિસ્તી, અથવા ગુજરાતી, મદ્રાસી, પંજાબી, સિંધી, કચ્છી, સુરતી વગેરે ભેદો ભૂલી જવા પર ભાર મૂક્યો.

ને છેવટમાં, એક મંડળ સ્થાપી હિંદીઓને પડતી હાડમારીઓનો ઇલાજ અમલદારોને મળી અરજીઓ કરીને કરવો જોઈએ એમ સૂચવ્યું, ને તેમાં મને મળે તેટલો વખત વગરવેતને આપવાનું મેં જણાવ્યું.

સભામાં અસર ઠીક થઈ એમ મેં જોયું. મને હિંમત આવી. મેં જોયું કે આ સભામાં અંગ્રેજી જાણનારા થોડા જ હતા. આવા પરમુલકમાં અંગ્રેજી જ્ઞાન હોય તો સારું એમ મને લાગ્યું. તેથી મેં જેને નવરાશ હોય તેને અંગ્રેજી ભણવાની ભલામણ કરી. મોટી ઉંમરે પહોંચ્યા પછી પણ અભ્યાસ કરાય એમ કહી તેવા અભ્યાસ કરનારાનાં દૃષ્ટાંતો આપ્યાં. એક વર્ગ નીકળે તો તેને અથવા છૂટાછવાયા ભણનારા નીકળે તો તેમને ભણાવવાનું મેં પોતે માથે લીધું. વર્ગ તો ન નીકળ્યો, પણ ત્રણ જણ પોતાની સગવડે ને તેમને ઘેર ભણાવવા જાઉં તો ભણવા તૈયાર થયા. આમાં બે મુસલમાન હતા. તેમાંનો એક હજામ હતો, એક કારકુન હતો. એક હિંદુ નાનકડો દુકાનદાર હતો. બધાને હું અનુકૂળ થયો. મારી શીખવવાની શક્તિ વિશે તો મને મુદ્દલ અવિશ્વાસ હતો જ નહીં. મારા શિષ્યો થાક્યા ગણીએ તો થાક્યા કહેવાય, પણ હું ન થાક્યો. કોઈ વેળા તેમને ત્યાં જાઉં ત્યારે તેઓને નવરાશ ન હોય. મેં ધીરજ ન ખોઈ. આમાંના કોઈને અંગ્રેજીનો ઊંડો અભ્યાસ તો નહોતો જ કરવો. પણ બેએ આઠેક માસમાં સારી પ્રગતિ કરી ગણાય. બેને નામું માંડવાનું ને સામાન્ય કાગળો લખવાનું જ્ઞાન મળ્યું. હજામને તો તેના ઘરાકની સાથે બોલવાજોગું જ શીખવું હતું. બે જણ પોતાના અભ્યાસને લીધે ઠીક કમાવાની શક્તિ પણ મેળવી શક્યા.

સભાના પરિણામથી મને સંતોષ થયો. આવી સભા દર માસે કે દર અઠવાડિયે ભરવાનો નિશ્ચય થયો. ઓછીવત્તી નિયમિત રીતે એ સભા ભરાતી ને વિચારોની આપલે થતી. પરિણામે પ્રિટોરિયામાં ભાગ્યે કોઈ હિંદી રહ્યા હશે જેને હું ઓળખતો નહીં થયો હોઉં. હિંદીઓની સ્થિતિનું આવું જ્ઞાન મેળવવાનું પરિણામ એ આવ્યું કે, મને પ્રિટોરિયામાં રહેતા બ્રિટિશ એજન્ટની ઓળખાણ કરવાની ઇચ્છા થઈ. હું મિ૰ જેકોબ્સ ડિ-વેટને મળ્યો. તેમની લાગણી હિંદીઓ તરફ હતી. તેમની વગ ઓછી હતી; પણ તેમણે બનતી મદદ કરવા અને જ્યારે મળવું હોય ત્યારે મળવા મને કહ્યું. રેલવે સત્તાવાળાઓ સાથે પત્રવ્યવહાર ચલાવ્યો ને તેમના જ કાયદા પ્રમાણે હિંદીને મનાઈ ન થઈ શકે એમ મેં સૂચવ્યું. પરિણામે, સારાં કપડાં પહેરેલાં હોય તેવા હિંદીને ઉપલા વર્ગની રેલવે ટિકિટ દેવામાં આવશે એવો કાગળ મળ્યો. એથી પૂરી સગવડ તો ન મળી. સારાં કપડાં કોણે પહેર્યાં ગણાય એ તો સ્ટેશન-માસ્તર જ ઠરાવે ના!

ટૂંકામાં, ટ્રાન્સવાલના ને ફ્રી સ્ટેટના હિંદીઓની આર્થિક, સામાજિક અને રાજ્યપ્રકરણી સ્થિતિનો ઊંડો અભ્યાસ હું પ્રિટોરિયામાં કરી શક્યો. આ અભ્યાસનો પાછળ જતાં મને પૂરો

ઉપયોગ થવાનો છે એની મને મુદ્દલ ખબર નહોતી. મારે તો એક વર્ષને અંતે અથવા કેસ વહેલો પૂરો થાય તો તે પહેલાં દેશ જતું રહેવું હતું.

પણ ઈશ્વરે બીજું જ ધાર્યું હતું.

મેં જોયું કે સ્વમાન જાળવવા ઇચ્છનાર હિંદીને સારુ દક્ષિણ આફ્રિકા યોગ્ય મુલક નથી. આ સ્થિતિ કેમ બદલી શકાય એ વિચારોમાં મારું મન વધારે ને વધારે રોકાવા લાગ્યું. પણ હજુ મારો મુખ્ય ધર્મ તો દાદા અબદુલ્લાના કેસને જ સંભાળવાનો હતો.

પ્રિટોરિયામાં મને જે એક વર્ષ મળ્યું તે મારા જીવનમાં અમૂલ્ય હતું. જાહેર કામ કરવાની મારી શક્તિનું કંઈક માપ મને અહીં મળ્યું. ધાર્મિક ભાવના એની મેળે તીવ્ર થવા લાગી. અને ખરી વકીલાત પણ અહીં જ શીખ્યો એમ કહેવાય. વકીલ તરીકે હું તદ્દન નાલાયક નહીં રહું એવો વિશ્વાસ મને અહીં આવ્યો. વકીલ થવાની ચાવી પણ મને અહીં જ હાથ લાગી.

દાદા અબદુલ્લાનો કેસ નાનો ન હતો. દાવો 40,000 પાઉન્ડનો, એટલે રૂપિયા છ લાખનો હતો. તે વેપારને અંગે હોઈ તેમાં નામાની ગૂંચવણો ઘણી હતી. બંને પક્ષે સારામાં સારા સૉલિસિટરો ને બારિસ્ટરો રોકવામાં આવ્યા હતા. આથી મને તેઓના બન્નેના કામનો અનુભવ મેળવવાની સુંદર તક મળી.

મેં કેસમાં પૂરો રસ લીધો. તેમાં હું તન્મય થયો. આગળપાછળનાં બધાં કાગળિયાં વાંચી ગયો. મેં નામાનો ઝીણવટથી અભ્યાસ કરી લીધો. ઘણા ગુજરાતી કાગળો હતા તેના તરજુમા પણ મારે જ કરવા પડતા. તેથી તરજુમા કરવાની શક્તિ વધી. મારો ઉદ્યોગ ખૂબ હતો.

મેં તો અસીલના કેસને અંતે જોઈ લીધું કે તેનો કેસ ઘણો મજબૂત છે. કાયદો તેની મદદે પહોંચવો જ જોઈએ.

પણ કેસ લડતાં બંને સગા, એક જ શહેરમાં રહેનારા. ખુવાર થઈ જશે એ મેં જોયું. કેસનો અંત કોઈ જોઈ ન શકે. કોર્ટમાં રહે તો કેસ ઇચ્છામાં આવે તેટલો લંબાવી શકાય. લંબાવવામાં બેમાંથી એકેને ફાયદો ન થાય. આથી કેસનો અંત થતો હોય તો તે બેઉ જણ ઇચ્છતા જ હતા.

તૈયબ શેઠને મેં વીનવ્યા. ઘરમેળે પતાવવાની સલાહ આપી. તેમના વકીલને મળવાનું મેં સૂચવ્યું. બંનેને વિશ્વાસ આવે તેવા પંચને તેઓ નીમે તો કેસ ઝટ પતી જાય. વકીલોનાં ખર્ચ એટલાં બધાં ચડતાં હતાં કે તેમાં મોટા વેપારી પણ ખપી જાય. બંને એટલી ચિંતાથી કેસ લડતા હતા કે એકે નિરાંતે બીજું કશું કામ ન કરી શકે. દરમિયાન વેર પણ વધ્યે જ જતાં હતાં. મને વકીલાત ઉપર તિરસ્કાર છૂટ્યો. વકીલ તરીકે તો બંનેના વકીલોએ એકબીજાને જીતવાની કાયદાની બારીઓ જ શોધી દેવાની રહી. જીતનારને બધું ખર્ચ કોઈ દિવસ નથી

મળી શકતું એ મેં આ કેસમાં પ્રથમ જાણ્યું. આ બધું મને અસહ્ય લાગ્યું. મને તો લાગ્યું કે મારો ધર્મ બંનેની મિત્રતા કરવાનો હતો, બંને સગાને મેળવવાનો હતો. મેં સમાધાનીને સારુ કાળજાતૂટ મહેનત કરી. તૈયબ શેઠ માન્યા. છેવટે પંચ નિમાયાં. કેસ ચાલ્યો. કેસમાં દાદા અબદુલ્લા જીત્યા.

પણ એટલેથી મને સંતોષ ન થયો. જો પંચના ઠરાવની બજવણી થાય તો તૈયબ હાજી ખાનમહમદ એટલા પૈસા એકાએક ન જ આપી શકે. દક્ષિણ આફ્રિકામાં વસતા પોરબંદરના મેમણોમાં એક ઘરમેળેનો અલિખિત કાયદો હતો કે પોતે મરે પણ દેવાળું ન કાઢે. તૈયબ શેઠ 37,000 પાઉન્ડ ને ખર્ચ એકાએક ન જ આપી શકે. તેમને એક દમડી ઓછી નહોતી આપવી. દેવાળું નહોતું જ કાઢવું. રસ્તો માત્ર એક જ હતો કે દાદા અબદુલ્લાએ તેમને પૂરતો વખત આપવો. દાદા અબદુલ્લાએ ઉદારતા વાપરીને ખૂબ લાંબો વખત આપ્યો. પંચ નિમાવવામાં મને જેટલી મહેનત પડી તેના કરતાં આ લાંબા હપતા કરવામાં વધારે મહેનત કરવી પડી. બંને પક્ષ રાજી થયા. બંનેની પ્રતિષ્ઠા વધી. મારા સંતોષનો પાર ન રહ્યો. હું ખરી વકીલાત શીખ્યો, મનુષ્યની સારી બાજુ ખોળી કાઢતાં શીખ્યો, મનુષ્યહૃદયમાં પ્રવેશ કરતાં શીખ્યો. મેં જોયું કે વકીલનું કર્તવ્ય પક્ષકારોની વચ્ચે પડેલી તૂટ સાંધવાનું છે. આ શિક્ષણે મારા મનમાં એવી જડ ઘાલી કે મારી વીસ વર્ષની વકીલાતનો મુખ્ય કાળ મારી ઑફિસમાં બેઠાં સેંકડો કેસોની સમાધાનીઓ કરાવવામાં જ ગયો. તેમાં મેં ખોયું નહીં. દ્રવ્ય ખોયું એમ પણ ન કહેવાય. આત્મા તો ન જ ખોયો.

વકીલાતના ધંધામાં મેં કદી અસત્યનો પ્રયોગ નથી કર્યો, ને વકીલાતનો મોટો ભાગ કેવળ સેવા અર્થે જ અર્પિત હતો, અને તેને સારુ ખીસાખર્ચ ઉપરાંત હું કશું ન લેતો; કેટલીક વેળા ખીસાખર્ચ પણ જાતે કરતો.

વકીલાતના ધંધામાં જૂઠું બોલ્યા વિના ન જ ચાલે એમ હું વિદ્યાર્થી તરીકે પણ સાંભળતો. મારે તો જૂઠું બોલીને નહોતું પદ જોઈતું કે નહોતો પૈસો જોઈતો. એટલે એ વાતોની અસર મારી ઉપર નહોતી પડતી.

હું જાણું કે સામા પક્ષના સાક્ષીઓને ભણાવવામાં આવ્યા છે, ને હું જરાક પણ અસીલને કે સાક્ષીને જૂઠું બોલવામાં ઉત્તેજન આપું, તો અસીલનો કેસ જિતાય. પણ મેં હમેશાં આ લાલચને જતી કરી છે. મારા અંતરમાં પણ હમેશાં એમ જ રહેતું કે, જો અસીલનો કેસ સાચો હોય તો જીત મળજો અને ખોટો હોય તો હાર થજો. અસીલને પ્રથમ જ કહી દેતો : "જૂઠો કેસ હોય તો મારી પાસે ન આવજો. સાક્ષીને ભણાવવાનું કામ કરાવવાની મારી તરફથી

આશા જ ન રાખશો.” છેવટે મારી શાખ એવી પડી હતી કે જૂઠા કેસ મારી પાસે ન જ આવે.

•

को जाने कल की

કેસ પૂરો થયો એટલે હું ડરબન ગયો. હિંદુસ્તાન પાછા જવાની તૈયારી કરી. અબદુલ્લા શેઠ મને માનપાન વિના જવા દે તેમ નહોતું. તેમણે ખાનપાનનો મેળાવડો કર્યો. ત્યાં કેટલાંક છાપાં પડ્યાં હતાં તે હું જોઈ રહ્યો હતો. તેના એક ખૂણામાં મેં એક નાનકડો ફકરો જોયો. મથાળું ‘ઇન્ડિયન ફ્રેંચાઇઝ’ હતું. તેનો અર્થ ‘હિંદી મતાધિકાર’ થયો. ફકરાની મતલબ એ હતી કે, હિંદીઓને નાતાલની ધારાસભામાં સભ્યોની ચૂંટણી કરવાના હક હતા તે લઈ લેવા. આને લગતો કાયદો ધારાસભામાં ચર્ચાઈ રહ્યો હતો. હું આ કાયદાથી અજાણ્યો હતો. મિજલસમાંના કોઈને હિંદીઓના હક લઈ લેનારા આ ખરડા વિશે કંઈ ખબર નહોતી.

મેં અબદુલ્લા શેઠને પૂછ્યું. તેમણે કહ્યું, “આવી બાબતમાં અમે શું જાણીએ? અમને તો વેપાર ઉપર કંઈ આફત આવે તો તેની ખબર પડે. પણ અમે તો અપંગ રહ્યા. છાપાં વાંચીએ તોયે ભાવતાલ જેટલું સમજીએ. કાયદાની વાતોની શી ખબર પડે? અમારાં આંખકાન અમારા ગોરા વકીલો.”

“પણ અહીં જન્મેલા ને અંગ્રેજી ભણેલા આટલા બધા નૌજવાન હિંદીઓ આપણે ત્યાં છે તેનું શું?” મેં પૂછ્યું.

“અરે ભાઈ,” અબદુલ્લા શેઠે કપાળે હાથ મૂક્યો. “તેમની પાસેથી તે શું મળે? તે બિચારા આમાં શું સમજે? તેઓ અમારી પાસે પણ ન ફરકે, ને સાચું પુછાવો તો અમે પણ તેમને ન ઓળખીએ. એ રહ્યા ખ્રિસ્તી એટલે પાદરીઓના પંજામાં. અને પાદરીઓ ગોરા, તે સરકારને તાબે!”

મારી આંખ ઊઘડી. આ વર્ગને અપનાવવો જોઈએ. ખ્રિસ્તી ધર્મનો આ જ અર્થ? તેઓ ખ્રિસ્તી એટલે દેશના મટ્યા? ને પરદેશી થયા?

પણ મારે તો દેશ પાછા ફરવું હતું એટલે ઉપરના વિચારોને મેં મૂર્તિમંત ન કર્યા. અબદુલ્લા શેઠને પૂછ્યું :

"પણ આ કાયદો જો એમ ને એમ પસાર થાય તો તમને ભારે પડવાનો. આ તો હિંદીઓની વસ્તીના નાશનું પહેલું પગથિયું છે. આમાં સ્વમાનની હાનિ છે."

"વારુ, ત્યારે તમે શી સલાહ આપો છો?"

આ વાત બીજા મહેમાનો ધ્યાનપૂર્વક સાંભળી રહ્યા હતા. તેમાંના એકે કહ્યું, "હું તમને સાચી વાત કહું? જો તમે આ સ્ટીમરમાં ન જાઓ ને મહિનોમાસ રોકાઈ જાઓ તો અમે તમે કહો તે પ્રમાણે લડીએ."

બીજા બોલી ઊઠ્યા : "એ ખરી વાત છે. અબદુલ્લા શેઠ, તમે ગાંધીભાઈને રોકી રાખો."

અબદુલ્લા શેઠ ઉસ્તાદ હતા. તે બોલ્યા, "હવે તેમને રોકવાનો મારો અધિકાર નથી, અથવા તો મને તેટલો તમને. પણ તમે કહો છો તે બરાબર છે. આપણે બધા તેમને રોકીએ. પણ એ તો બારિસ્ટર છે. એમની ફીનું શું?"

હું દુભાયો ને વચ્ચે પડ્યો. "અબદુલ્લા શેઠ, આમાં મારી ફીની વાત હોય જ નહીં. જાહેર સેવામાં ફી કેવી? હું રોકાઉં તો એક સેવક તરીકે રોકાઈ શકું. આ ભાઈઓને બધાને હું બરોબર ન ઓળખું. પણ તમે માનતા હો કે બધા મહેનત કરશે તો હું એક મહિનો રોકાઈ જવા તૈયાર છું. એટલું ખરું કે, જોકે તમારે મને કંઈ આપવાનું નથી છતાં આવાં કામ તદ્દન વગર પૈસે તો ન જ થાય. આપણે તારો કરવા પડે, કંઈ છપાવવું પડે. જ્યાંત્યાં જવું જોઈએ તેનાં ગાડીભાડાં થાય. વખતે આપણે સ્થાનિક વકીલનીયે સલાહ લેવી પડે. મને અહીંના કાયદાની ખબર ન હોય. કાયદાનાં પુસ્તકો તપાસવાં જોઈએ. વળી આવાં કામ એક હાથે ન થાય. ઘણાએ તેમાં ભળવું જોઈએ."

ઘણા અવાજ એકસાથે સંભળાયા : "ખુદાની મહેર છે. પૈસા તો ભેળા થઈ રહેશે. માણસો પણ છીએ. તમે રહેવાનું કબૂલ કરો એટલે બસ."

મિજલસ મટી ને કાર્યવાહક સમિતિ થઈ પડી. ખાવાપીવાનું વહેલું ઉકેલી ઘેર પહોંચવાનું મેં સૂચવ્યું. લડતની રૂપરેખા મેં મનમાં ગોઠવી. મતાધિકાર કેટલાને છે વગેરે જાણી લીધું. મેં એક માસ રહી જવાનો નિશ્ચય કર્યો.

આમ દક્ષિણ આફ્રિકામાં મારા સ્થાયી રહેઠાણનો પાયો ઈશ્વરે રચ્યો ને સ્વમાનની લડતનું બીજ રોપાયું.

1893ની સાલમાં નાતાલમાં હિંદી કોમના અગ્રગણ્ય નેતા હાજી મહમદ હાજી દાદા ગણાતા. સાંપત્તિક સ્થિતિમાં અબદુલ્લા હાજી આદમ મુખ્ય હતા, પણ તેઓ તેમ જ બીજા જાહેર કામમાં શેઠ હાજી મહમદને જ પ્રથમ સ્થાન આપતા. એટલે તેમના પ્રમુખપણા નીચે અબદુલ્લા શેઠના મકાનમાં એક સભા ભરાઈ. તેમાં ફ્રેંચાઈઝ બિલની સામે થવાનો ઠરાવ થયો. સ્વયંસેવકો નોંધાયા. આ સભામાં નાતાલમાં જન્મેલા હિંદીઓ, એટલે ખ્રિસ્તી જુવાનિયાને એકઠા કર્યા હતા. આ બધા સ્વયંસેવક તરીકે જોડાયા. વેપારી તો ઘણા હતા જ. આમ જાહેર કામમાં ભાગ લેવાનો તેમનો આ પ્રથમ અનુભવ હતો. આવી પડેલા દુ:ખની સામે નીચઊંચ, નાનામોટા, શેઠનોકર, હિંદુમુસલમાન, પારસી, ઈસાઈ, ગુજરાતી, મદ્રાસી, સિંધી વગેરે ભેદ ભુલાઈ ગયા હતા. સહુ હિંદનાં સંતાન અને સેવક હતા.

બિલની બીજી સુનાવણી થઈ ગઈ હતી કે થવાની હતી. તે વખતે થયેલાં ધારાસભાનાં ભાષણોમાં એવી ટીકા હતી કે, કાયદો આવો સખત હતો છતાં હિંદીઓ તરફથી કશો વિરોધ નહોતો, તે હિંદી કોમની બેદરકારી અને તેની મતાધિકાર ભોગવવાની નાલાયકીનો પુરાવો હતો.

મેં વસ્તુસ્થિતિ સભાને સમજાવી. પ્રથમ કાર્ય તો એ થયું કે ધારાસભાના પ્રમુખને તાર મોકલવો કે તેમણે બિલનો વધુ વિચાર મુલતવી રાખવો. એવો જ તાર મુખ્ય પ્રધાન સર જૉન રોબિન્સનેને પણ મોકલ્યો. આ તારનો જવાબ ફરી વળ્યો કે બિલની ચર્ચા બે દિવસ મુલતવી રહેશે. સહુ રાજી થયા.

અરજી ઘડાઈ. તેની ત્રણ નકલ મોકલવાની હતી. પ્રેસને સારુ પણ નકલ તૈયાર કરવાની હતી. અરજીમાં બની શકે તેટલી સહીઓ લેવાની હતી. આ કામ બધું એક રાતમાં પૂરું કરવાનું હતું. પેલા શિક્ષિત સ્વયંસેવકો અને બીજા લગભગ આખી રાત જાગ્યા. સારા અક્ષર લખનાર તેમાંના એક મિ○ આર્થર બુદ્ધ્ઢા હતા. તેમણે સુંદર અક્ષરે અરજીની નકલ કરી. બીજાઓએ તેની બીજી નકલો કરી. એક બોલે ને પાંચ લખતા જાય. એમ પાંચ નકલ એકસાથે થઈ. વેપારી સ્વયંસેવકો પોતપોતાની ગાડીઓ લઈ કે પોતાને ખર્ચે ગાડીઓ ભાડે કરી સહીઓ લેવા નીકળી પડ્યા.

અરજી ગઈ. છાપાંમાં છપાઈ. તેને વિશે અનુકૂળ ટીકાઓ થઈ. ધારાસભા ઉપર પણ અસર થઈ. તેની ચર્ચા પણ ખૂબ થઈ. અરજીમાં આપેલી દલીલના રદિયા અપાયા, પણ તે આપનારને પણ લૂલા લાગ્યા. બિલ તો પાસ થયું.

આ પરિણામ આવશે એમ સહુ જાણતા હતા. પણ કોમમાં નવજીવન રેડાયું. એક કોમ છીએ, માત્ર વેપારી હકોને જ સારુ નહીં પણ કોમી હકોને સારુ લડવાનો પણ સહુનો ધર્મ છે, એમ સહુ સમજ્યા.

આ સમયે લૉર્ડ રિપન સંસ્થાનોના પ્રધાન હતા. તેમને એક જંગી અરજી કરવાનો ઠરાવ કર્યો. આ અરજીમાં જેટલાની બને તેટલાની સહીઓ લેવાની હતી. એ કામ એક દહાડામાં ન જ થાય. સ્વયંસેવકો નિમાયા ને કામ ઉકેલવાનું સહુએ હાથ લીધું.

અરજીમાં દસ હજાર સહીઓ થઈ. એક પખવાડિયામાં અરજી મોકલવા જોગી સહીઓ મળી રહી. આટલા સમયમાં નાતાલમાં દસ હજાર સહીઓ લેવી એને વાંચનાર નાનીસૂની વાત ન સમજે. સહીઓ આખા નાતાલમાંથી લેવાની હતી. માણસો આવા કામથી અજાણ્યા હતા. શેમાં સહી કરે છે તે સમજે નહીં ત્યાં સુધી સહી ન લેવાનો નિશ્ચય હતો, તેથી મુદ્દામ સ્વયંસેવકોને મોકલીને જ સહી લેવાય તેમ હતું. ગામડાં દૂર દૂર હતાં. એટલે, ઘણા કામ કરનારા ચીવટથી કામ કરે તો જ આવાં કામ શીઘ્રતાથી થઈ શકે. તેમ જ થયું. આમાં બધાએ ઉત્સાહપૂર્વક કામ કર્યું. આમાંના શેઠ દાઉદ મહમદ, પારસી રુસ્તમજી, આદમજી મિયાંખાન, અને આમદ જીવાની મૂર્તિઓ અત્યારે પણ મારી નજરે તરે છે. તેઓ ઘણી સહીઓ લાવ્યા હતા. દાઉદ શેઠ આખો દહાડો પોતાની ગાડી લઈ નીકળી પડતા. કોઈએ ખીસાખર્ચ સુધ્ધાં ન માગ્યું.

દાદા અબદુલ્લાનું મકાન ધર્મશાળા કે જાહેર ઑફિસ જેવું થઈ પડ્યું હતું. શિક્ષિત ભાઈઓ અને બીજા કામદારોનું ખાવાનું દાદા અબદુલ્લાને ત્યાં જ થાય. આમ સહુ ખૂબ ખર્ચમાં ઊતર્યા.

અરજી ગઈ. તેની એક હજાર નકલ છપાવી હતી. તે અરજીએ હિંદુસ્તાનની જાહેર પ્રજાને નાતાલનો પહેલો પરિચય કરાવ્યો. જેટલાં છાપાંના અને જાહેર આગેવાનોનાં નામ હું જાણતો હતો તેટલાંને તે અરજીની નકલો મોકલી.

'ટાઇમ્સ ઑફ ઇન્ડિયા'એ તે ઉપર અગ્રલેખ લખ્યો ને હિંદીઓની માગણીને સરસ ટેકો આપ્યો. વિલાયતમાં પણ અરજીની નકલ બધા પક્ષના આગેવાનોને મોકલવામાં આવી હતી. ત્યાં લંડનના 'ટાઇમ્સ'નો ટેકો મળ્યો. એટલે બિલને મંજૂરી ન મળવાની આશા બંધાઈ.

હવે મારાથી નાતાલ છોડાય એવું ન રહ્યું. લોકોએ મને ચોમેરથી ઘેર્યો ને નાતાલમાં જ સ્થાયી રહેવાનો અતિશય આગ્રહ કર્યો. મેં મારી મુશ્કેલીઓ જણાવી. મારા મનની સાથે મેં નિશ્ચય કર્યો હતો કે મારે જાહેર ખરચે ન જ રહેવું. નોખું ઘર માંડવાની મેં આવશ્યકતા જોઈ. ઘર પણ સારું અને સારા લત્તામાં લેવું જોઈએ એમ મેં તે વેળા માન્યું.

બીજા બારિસ્ટરો રહે તેમ મારે રહેવામાં કોમનું માન વધે એમ મેં વિચાર્યું. આવું ઘર હું વર્ષના 300 પાઉન્ડ વિના ન જ ચલાવી શકું એમ મને લાગ્યું. તેટલા પૈસાની વકીલાતની ખોળાધરી મળી શકે તો જ રહેવાય એમ મેં નિશ્ચય કર્યો ને તે કોમને જણાવ્યો.

"પણ એટલા પૈસા તમે જાહેર કામને સારુ લો તે અમને પરવડે તેમ છે, ને તેટલા એકઠા કરવા એ અમારે સારુ સહેલું છે. વકીલાત કરતાં મળે તે તમારું." આમ સાથીઓએ દલીલ કરી.

"મારાથી એમ પૈસા લેવાય નહીં. મારા જાહેર કામની હું એટલી કિંમત ન ગણું. મારે કંઈ તેમાં વકીલાત ડહોળવાની નથી, મારે તો લોકોની પાસેથી કામ લેવાનું રહ્યું છે. તેના પૈસા કેમ લેવાય? વળી મારે તમારી પાસેથી જાહેર કામને અર્થે પૈસા કઢાવવા રહ્યા. જો હું મારે સારુ પૈસા લઉં તો તમારી પાસેથી મોટી રકમો કઢાવતાં મને સંકોચ થાય ને છેવટે આપણું વહાણ અટકે. કોમની પાસે તો હું દર વર્ષે 300 પાઉન્ડ કરતાં વધારે જ ખરચ કરાવવાનો." મેં જવાબ આપ્યો.

"પણ તમને અમે ઓળખતા થઈ ગયા છીએ. તમારે ક્યાં તમારે સારુ પૈસા માગવા છે? તમારે રહેવાનો ખરચ તો અમારે આપવો જોઈએ ના!"

"એ તો તમારો સ્નેહ અને તાત્કાલિક ઉત્સાહ બોલાવે છે. આ જ ઉત્સાહ ને આ જ સ્નેહ સદાય ટકે એમ આપણે કેમ માની લઈએ? મારે તો તમને કોઈ વેળા કડવાં વેણ પણ કહેવાં પડે. ત્યારે પણ તમારો સ્નેહ હું જાળવી શકું કે નહીં એ તો દૈવ જાણે. પણ મૂળ વાત એ છે કે જાહેર સેવાને સારુ મારે પૈસા ન જ લેવા. તમે બધા તમારું વકીલકામ મને આપવા બંધાઓ એટલું મારે સારુ બસ છે. આટલું પણ તમને કદાચ ભારે પડે. હું કંઈ ગોરો બારિસ્ટર નથી. કોર્ટ મને દાદ આપે કે નહીં એ હું શું જાણું? મને વકીલાત કરતાં કેવું આવડશે તે પણ હું ન જાણું. એટલે મને પહેલેથી વકીલ-ફી આપવામાં પણ તમારે જોખમ ખેડવાનું છે. છતાં તમે મને વકીલ-ફી આપો એ તો કેવળ મારી જાહેર સેવાને લીધે જ ગણાય ના?"

આમ ચર્ચા કરતાં છેવટ એ આવ્યું કે વીસેક વેપારીઓએ મને એક વર્ષનું વર્ષાસન બાંધી આપ્યું.



1900માં દક્ષિણ આફ્રિકા



1895માં વેસ્ટ સ્ટ્રીટ. દાદા અબદુલ્લા એન્ડ કંપની 427 વેસ્ટ સ્ટ્રીટ પર આવેલી હતી



મારિત્સબર્ગ રેલવે સ્ટેશન



ગ્રેંડ નેશનલ હોટેલ



નાતાલ ઇન્ડિયન કૉંગ્રેસના નેતાઓ

THE GRIEVANCES

OF

THE BRITISH INDIANS

IN

SOUTH AFRICA.

AN APPEAL

TO

THE INDIAN PUBLIC.

SECOND EDITION—4,000 COPIES.

Madras:

PRINTED AT THE PRICE CURRENT PRESS,

367, POPHAM'S BROADWAY.

—

1896.

લીલું ચોપાનિયું



ડરબન બંદર પર અશાંતિ, 1896-97



(ડાબેથી:) ગાંધીજીના ભાણેજ ગોકુલદાસ, પુત્ર મણિલાલ,
કસ્તુરબા, પુત્રો રામદાસ અને હરિલાલ

નાતાલ ઇન્ડિયન કૉંગ્રેસ

વકીલનો ધંધો કરવો એ મારે સારુ ગૌણ વસ્તુ હતી ને હમેશાં ગૌણ જ રહી. મારું નાતાલમાં રહેવું સાર્થક કરવા સારુ તો મારે જાહેર કામમાં તન્મય થવું જોઈએ. હિંદી મતાધિકાર પ્રતિબંધના કાયદાની સામે માત્ર અરજી કરીને તો ન જ બેસી રહેવાય. તે વિશે પ્રવૃત્તિ ચાલુ રહે તો જ સંસ્થાનોના પ્રધાન ઉપર અસર પડે. આને સારુ એક સંસ્થાની સ્થાપના કરવાની આવશ્યકતા જણાઈ. તેથી એક જાહેર સંસ્થા બનાવવાનો અમે નિશ્ચય કર્યો.

તેનું નામ પાડવામાં કંઈ ધર્મસંકટ હતું. આ સંસ્થાને કોઈ પક્ષનો પક્ષપાત નહોતો કરવો. મહાસભા(કૉંગ્રેસ)નું નામ કૉન્ઝરવેટિવ (પ્રાચીન) પક્ષમાં અળખામણું હતું, એ હું જાણતો હતો. પણ મહાસભા હિંદનો પ્રાણ હતી. તેની શક્તિ વધવી જ જોઈએ. તે નામ છુપાવવામાં અથવા ધારણ કરતાં સંકોચ રાખવામાં નામર્દીની ગંધ આવતી હતી. તેથી મેં મારી દલીલો રજૂ કરીને સંસ્થાને 'કૉંગ્રેસ' નામ જ આપવા સૂચવ્યું, ને 1894ના મે માસની 22મી તારીખે 'નાતાલ ઇન્ડિયન કૉંગ્રેસ'નો જન્મ થયો.

દાદા અબદુલ્લાનો મેડો ભરાઈ ગયો હતો. લોકોએ આ સંસ્થાને ઉત્સાહપૂર્વક વધાવી લીધી. બંધારણ સાદું રાખ્યું હતું. લવાજમ આકરું હતું. દર માસે ઓછામાં ઓછા પાંચ શિલિંગ આપે તે જ સભ્ય થઈ શકે. વધારેમાં વધારે જેટલું ધનિક વેપારી પાસેથી તેમને રીઝવીને લઈ શકાય તે લેવું. અબદુલ્લા શેઠની પાસે દર માસે બે પાઉન્ડ લખાવ્યા. એક પાઉન્ડવાળાની સંખ્યા ઠીક થઈ. દસ શિલિંગવાળા તેથી વધારે.

અનુભવે જોયું કે કોઈ ઉઘરાણી કર્યા વિના લવાજમ ભરે તેમ ન હતું. ડરબન બહારનાને ત્યાં વખતોવખત જવું અસંભવિત હતું. 'આરંભે શૂરા'નો દોષ તુરત પ્રગટ થયો. ડરબનમાં પણ ઘણા ફેરા ખવાય ત્યારે પૈસા મળે. હું મંત્રી હતો. પૈસા ઉઘરાવી લેવાનો બોજો મારે માથે હતો. મારે મારા મહેતાને લગભગ આખો દહાડો ઉઘરાણાના કામમાં જ રોકવાનો પ્રસંગ આવી પડ્યો. મહેતો પણ કાયર થયો. મને લાગ્યું કે માસિક નહીં પણ વાર્ષિક લવાજમ હોવું જોઈએ ને તે સહુએ અગાઉથી જ આપવું જોઈએ. સભા બોલાવી. સહુએ સૂચના વધાવી લીધી ને ઓછામાં ઓછા ત્રણ પાઉન્ડ વાર્ષિક લવાજમ લેવાનું કર્યું ને ઉઘરાણાનું કામ સરળ થયું.

આરંભમાં જ મેં શીખી લીધું હતું કે જાહેર કામ કદી કરજ કરીને કરવું નહીં. લોકોનો બીજાં કામો વિશે ભલે વિશ્વાસ કરાય, પણ પૈસાના વાયદાનો વિશ્વાસ ન કરાય. ભરાવેલી રકમ આપવાનો ધર્મ લોકો ક્યાંયે નિયમિત રીતે પાળતા નથી એમ મેં જોઈ લીધું હતું.

નાતાલના હિંદીઓ અપવાદરૂપે નહોતા. તેથી 'નાતાલ ઇન્ડિયન કૉંગ્રેસે' કદી કરજ કરીને કામ કર્યું જ નથી.

સભ્યો બનાવવામાં સાથીઓએ અસીમ ઉત્સાહ બતાવ્યો હતો. તેમાં તેમને રસ આવતો હતો. તેમાં અમૂલ્ય અનુભવ મળતો હતો. ઘણા લોકો રાજી થઈને નામ નોંધાવતા ને તુરત પૈસા આપી દેતા. પણ પૈસા જ એકઠા કરવા એ મતલબ તો ન જ હતી. જોઈએ તે કરતાં વધારે પૈસા ન રાખવા એ તત્ત્વ પણ હું સમજી ગયો હતો.

સભા દર અઠવાડિયે કે દર માસે જરૂર પ્રમાણે થાય. તેમાં આગલી સભાનો હેવાલ વંચાય ને અનેક પ્રકારની ચર્ચા થાય. ચર્ચા કરવાની અને ટૂંકું ને મુદ્દાસર બોલવાની ટેવ તો લોકોને ન જ હતી. લોકો ઊભા થઈને બોલતાં સંકોચાય. સભાના નિયમો સમજાવ્યા ને લોકોએ તેને માન આપ્યું. તેમને થતો ફાયદો તેઓ જોઈ શક્યા ને જેઓને કદી જાહેરમાં બોલવાની ટેવ નહોતી તે જાહેર કામો વિશે બોલતા ને વિચાર કરતા થયા.

જાહેર કામ ચલાવતાં ઝીણો ખર્ચ ઘણા પૈસા લઈ જાય છે એ પણ હું જાણતો હતો. આરંભમાં તો રસીદ બુક સુધ્ધાં ન છપાવવાનો નિશ્ચય મેં રાખ્યો હતો. મારી ઑફિસમાં સાઇક્લોસ્ટાઇલ રાખ્યું હતું, તેમાં પહોંચો છપાવી. રિપોર્ટ પણ તેવી જ રીતે છપાવતો. જ્યારે તિજોરીમાં પૈસો ઠીક આવ્યો, સભ્યો વધ્યા, કામ વધ્યું ત્યારે જ પહોંચ ઇત્યાદિ છપાવવાનું રાખ્યું. આવી કરકસર દરેક સંસ્થામાં આવશ્યક છે, છતાં એ હમેશાં નથી જળવાતી એમ હું જાણું છું. તેથી આ નાનકડી ઊગતી સંસ્થાના ઉછેરકાળની વિગતમાં ઊતરવું મેં દુરસ્ત ધાર્યું છે. લોકો પહોંચની દરકાર ન રાખતા, છતાં તેમને આગ્રહપૂર્વક પહોંચ અપાતી. આથી હિસાબ પ્રથમથી જ પાઈએ પાઈનો ચોખ્ખો રહ્યો, ને હું માનું છું કે, આજે પણ નાતાલ કૉંગ્રેસના દફતરમાં 1894ના સંપૂર્ણ વિગતવાળા ચોપડા મળી આવવા જોઈએ. હરકોઈ સંસ્થાનો ઝીણવટથી રખાયેલો હિસાબ તેનું નાક છે. તેના વિના તે સંસ્થા છેવટે ગંદી ને પ્રતિષ્ઠારહિત થઈ જાય છે. શુદ્ધ હિસાબ વિના શુદ્ધ સત્યની રખેવાળી અસંભવિત છે.

કૉંગ્રેસનું બીજું અંગ સંસ્થાનમાં જન્મેલ ભણેલા હિંદીઓની સેવા કરવાનું હતું. તેને અંગે 'કૉલોનિયલ બૉર્ન ઇન્ડિયન એજ્યુકેશનલ ઍસોસિયેશન'ની સ્થાપના કરી. તેમાં આ નવયુવકો જ મુખ્યત્વે સભ્ય હતા. તેમણે આપવાનું લવાજમ જૂજ હતું. આ સભ્ય વાટે તેઓની હાજતો જણાય ને તેઓની વિચારશક્તિ વધે, તેઓનો વેપારીઓ સાથે સંબંધ બંધાય ને તેઓને પોતાને પણ સેવાનું સ્થાન મળે. આ સંસ્થા ચર્ચાસમાજ જેવી હતી. તેની નિયમસર સભા થાય, તેમાં તેઓ જુદા જુદા વિષય ઉપર ભાષણો કરે, નિબંધો વાંચે. તેને અંગે એક નાનું પુસ્તકાલય પણ સ્થપાયું.

કૉંગ્રેસનું ત્રીજું અંગ બાહ્ય પ્રવૃત્તિ. આમાં દક્ષિણ આફ્રિકાના અંગ્રેજોમાં તેમ જ બહાર ઇંગ્લંડમાં ને હિંદુસ્તાનમાં ખરી સ્થિતિ પ્રગટ કરવાનું કામ હતું. એ હેતુથી મેં બે ચોપાનિયાં લખ્યાં. પ્રથમ ચોપાનિયું 'દક્ષિણ આફ્રિકામાં વસતા દરેક અંગ્રેજને વિનંતી' એ નામનું હતું. તેમાં નાતાલવાસી હિંદીઓની સામાન્ય સ્થિતિનું દિગ્દર્શન પુરાવાઓ સહિત હતું. બીજું હિંદી 'મતાધિકાર – એક વિનંતી' નામનું ચોપાનિયું, જેમાં હિંદી મતાધિકારનો ઇતિહાસ આંકડાઓ અને પુરાવા સહિત આપવામાં આવ્યો હતો. આ બંને ચોપાનિયાંની પાછળ ખૂબ મહેનત અને અભ્યાસ હતાં. તેનું ફળ પણ તેવું જ આવ્યું. તેનો બહોળો પ્રચાર કરવામાં આવ્યો. આ પ્રવૃત્તિને અંગે દક્ષિણ આફ્રિકામાં હિંદીઓના મિત્રો ઉત્પન્ન થયા. ઇંગ્લંડમાં અને હિંદુસ્તાનમાં બધા પક્ષ તરફથી મદદ મળી, અને કાર્ય લેવાનો માર્ગ મળ્યો ને અંકાયો.

બાલાસુંદરમ

જેની જેવી ભાવના તેવું તેને થાય, એ નિયમ મારે વિશે લાગુ પડતો મેં અનેક વેળા જોયો છે. લોકની એટલે ગરીબની સેવાની મારી પ્રબળ ઇચ્છાએ ગરીબોની સાથે મારું અનુસંધાન સદાય અનાયાસે કરી આપ્યું છે.

'નાતાલ ઇન્ડિયન કૉંગ્રેસ'માં જોકે સંસ્થાનોમાં જન્મ પામેલા હિંદીઓએ પ્રવેશ કર્યો હતો, મહેતાવર્ગ દાખલ થયો હતો, છતાં તેમાં છેક મજૂર, ગિરમીટિયાવર્ગે પ્રવેશ નહોતો કર્યો. કૉંગ્રેસ તેમની નહોતી થઈ. તેઓ તેમાં લવાજમ ભરી દાખલ થઈ તેને અપનાવી શકતા નહોતા. તેઓને કૉંગ્રેસ પ્રત્યે ભાવ પેદા ત્યારે જ થાય જ્યારે કૉંગ્રેસ તેમને સેવે. એવો પ્રસંગ એની મેળે આવ્યો, અને તે એવે વખતે કે જ્યારે હું પોતે અથવા તો કૉંગ્રેસ ભાગ્યે જ તૈયાર હતાં. કેમ કે હજુ મને વકીલાત શરૂ કર્યાને બેચાર માસ ભાગ્યે થયા હતા. કૉંગ્રેસની પણ બાળવય હતી. તેટલામાં એક દિવસ ફાટેલાં કપડાં પહેરેલો, ધ્રૂજતો, મોઢેથી લોહી ઝેરતો, જેના આગલા બે દાંત પડી ગયા હતા એવો, એક મદ્રાસી હિંદી ફેંટો હાથમાં રાખીને રોતો રોતો મારી સમક્ષ આવી ઊભો. તેને તેના માલિકે સખત માર માર્યો હતો. મારો મહેતો જે તામિલ જાણતો હતો તેની મારફત મેં તેની સ્થિતિ જાણી. બાલાસુંદરમ એક પ્રતિષ્ઠિત ગોરાને

ત્યાં મજૂરી કરતો હતો. માલિકને કંઈ ગુસ્સો ચડ્યો હશે, તે ભાન ભૂલ્યો ને તેણે બાલાસુંદરમને સારી પેઠે માર માર્યો. પરિણામે બાલાસુંદરમના બે દાંત તૂટી ગયા.

મેં તેને દાક્તરને ત્યાં મોકલ્યો. તે કાળે ગોરા દાક્તરો જ મળતા. ઈજા વિશેના પ્રમાણપત્રની મને ગરજ હતી. તે મેળવી હું બાલાસુંદરમને મૅજિસ્ટ્રેટ પાસે લઈ ગયો. ત્યાં બાલાસુંદરમનું સોગનનામું રજૂ કર્યું. એ વાંચી મૅજિસ્ટ્રેટ માલિક ઉપર ગુસ્સે થયો. તેના ઉપર તેણે સમન કાઢવાનો હુકમ કર્યો.

મારી નેમ માલિકને સજા કરાવવાની નહોતી. મારે તો બાલાસુંદરમને તેની પાસેથી છોડાવવો હતો. હું ગિરમીટિયાને લગતો કાયદો તપાસી ગયો. ગિરમીટિયો શેઠને છોડે તો તે ફોજદારી ગુનો ગણાય ને તેને સારુ તેને કેદ ભોગવવી પડે. આથી જ સર વિલિયમ વિલ્સન હંટરે આ સ્થિતિને લગભગ ગુલામીના જેવી ગણી. ગુલામની જેમ ગિરમીટિયો શેઠની મિલકત ગણાય. બાલાસુંદરમને છોડાવવાના બે જ ઇલાજ હતા : કાં તો ગિરમીટિયાને અંગે નિમાયેલો અમલદાર, જે કાયદામાં તેમના રક્ષક તરીકે ઓળખાતો હતો, તે ગિરમીટ રદ કરે અથવા બીજાને નામે ચડાવી આપે, અથવા માલિક પોતે તેને છોડવા તૈયાર થાય. હું માલિકને મળ્યો. તેને કહ્યું, “મારે તમને સજા નથી કરાવવી. આ માણસને સખત માર પડ્યો છે એ તો તમે જાણો જ છો. તમે તેનું ગિરમીટ બીજાને નામે ચડાવવામાં સંમત થાઓ તો મને સંતોષ છે.” માલિકને તો એ જ જોઈતું હતું. પછી હું રક્ષકને મળ્યો. તેણે પણ સંમત થવાનું કબૂલ કર્યું, પણ એ શરતે કે બાલાસુંદરમને સારુ નવો શેઠ મારે શોધી કાઢવો.

મારે નવો અંગ્રેજ માલિક શોધવાનો હતો. હિંદીઓને ગિરમીટિયા રાખવા નહોતા દેતા. હું હજુ થોડા જ અંગ્રેજોને ઓળખતો હતો. તેમાંના એકને મળ્યો. તેમણે મારા પર મહેરબાની કરી બાલાસુંદરમને રાખવાનું સ્વીકાર્યું. મેં મહેરબાનીનો સ્વીકાર કર્યો. મૅજિસ્ટ્રેટે માલિકને ગુનેગાર ઠરાવી તેણે બાલાસુંદરમની ગિરમીટ બીજાને નામે ચડાવી આપવા કબૂલ્યાની નોંધ કરી.

બાલાસુંદરમના કેસની વાત ગિરમીટિયામાં ચોમેર ફેલાઈ ને હું તેમનો બંધુ ઠર્યો. મને આ વાત ગમી. મારી ઑફિસે ગિરમીટિયાઓની સેર શરૂ થઈ ને તેમનાં સુખદુઃખ જાણવાની મને ભારે સગવડ મળી.

બાલાસુંદરમના કેસના ભણકારા છેક મદ્રાસ ઇલાકા સુધી સંભળાયા. એ ઇલાકાના જે જે પ્રદેશોમાંથી લોકો નાતાલની ગિરમીટમાં જતા તેમને ગિરમીટિયાઓએ જ આ કેસની જાણ કરી. કેસમાં એવું મહત્ત્વ નહોતું. પણ લોકોને નવાઈ લાગી કે તેમને સારુ જાહેર રીતે કામ કરનાર કોઈ નીકળી પડ્યું છે. આ વાતની તેમને હૂંફ મળી.

ત્રણ પાઉન્ડનો કર

બાલાસુંદરમના કિસ્સાએ મને ગિરમીટિયા હિંદીઓના સંબંધમાં જોડ્યો. પણ તેમના ઉપર કર નાખવાની જે હિલચાલ ચાલી તેને પરિણામે મારે તેમની સ્થિતિનો ઊંડો અભ્યાસ કરવો પડ્યો.

ગિરમીટિયા હિંદીઓ ઉપર દર વર્ષે પાઉન્ડ 25નો, એટલે રૂ. 375નો કર નાખવાનો ખરડો નાતાલની સરકારે 1894ની સાલમાં તૈયાર કર્યો. આ ખરડો વાંચીને હું તો દિઙ્મૂઢ જ બની ગયો. મેં તે સ્થાનિક કૉંગ્રેસ પાસે રજૂ કર્યો; કૉંગ્રેસે તે બાબત જે હિલચાલ કરવી જોઈએ તે કરવાનો ઠરાવ કર્યો.

આ કરની હકીકત થોડી સમજીએ. સુમારે 1860માં જ્યારે નાતાલમાં શેરડીનો સારો પાક થઈ શકે એમ છે એવું ત્યાં વસતા ગોરાઓએ જોયું ત્યારે તેમણે મજૂરોની ખોજ કરવા માંડી. મજૂર ન મળે તો શેરડી પાકે નહીં, સાકરખાંડ થાય નહીં. નાતાલના હબસીઓ આ મજૂરી કરે તેમ નહોતા. તેથી નાતાલવાસી ગોરાઓએ હિંદી સરકાર સાથે મસલત ચલાવીને હિંદી મજૂરને નાતાલ જવા દેવાની રજા મેળવી. તેમને પાંચ વર્ષ મજૂરી કરવાની બંધણી, ને પાંચ વર્ષને અંતે સ્વતંત્ર રીતે નાતાલમાં વસવાની છૂટ, એવી લાલચો આપવામાં આવી હતી. તેમને જમીનની માલિકી ધરાવવાના પૂરા હક પણ રાખ્યા હતા. તે વખતે ગોરાઓ ઇચ્છતા હતા કે હિંદી મજૂર પોતાનાં પાંચ વર્ષ પૂરાં કર્યા પછી જમીન ખેડે ને પોતાના ઉદ્યમનો લાભ નાતાલને આપે.

આ લાભ હિંદી મજૂરે ધાર્યા ઉપરાંત આપ્યો. શાકભાજી પુષ્કળ વાવ્યાં. હિંદુસ્તાનનાં કેટલાંક મીઠાં શાકો વાવ્યાં. જે શાક થતાં હતાં તે સોંઘાં કર્યાં, હિંદુસ્તાનથી આંબો લાવીને વાવ્યો. પણ તેની સાથે તેણે તો વેપાર પણ કરવા માંડ્યો. ઘર બાંધવાને સારુ જમીનો ખરીદી ને મજૂર મટી ઘણા સારા જમીનદાર અને ઘરધણી થયા. મજૂરમાંથી થયેલા આવા ઘરધણીઓની પાછળ સ્વતંત્ર વેપારીઓ પણ આવ્યા. તેમણે પોતાનું કામ ખૂબ જમાવ્યું.

ગોરા વેપારી ચમક્યા. તેમણે પહેલાં હિંદી મજૂરને વધાવ્યા ત્યારે તેમને તેઓની વેપારશક્તિનો ખ્યાલ નહોતો આવ્યો. તેઓ ખેડૂત તરીકે સ્વતંત્ર રહે ત્યાં લગી તો તેઓને તે વખતે હરકત નહોતી. પણ વેપારમાં તેમની હરીફાઈ અસહ્ય લાગી. આ હિંદીઓ સાથેના વિરોધનું મૂળ.

તેમાં બીજી વસ્તુઓ ભળી. આપણી નોખી રહેણીકરણી, આપણી સાદાઈ, આપણને ઓછા નફાથી થતો સંતોષ, આરોગ્યના નિયમો વિશે આપણી બેદરકારી, ઘરઆંગણાને સાફ

રાખવાનું આળસ, તેને સમારવામાં કંજૂસાઈ, આપણા જુદા ધર્મ – આ બધું વિરોધને ઉત્તેજન આપનાર નીવડ્યું.

તે વિરોધ પેલા મતાધિકારને ખૂંચવી લેવારૂપે ને ગિરમીટિયા ઉપર કર નાખવારૂપે કાયદામાં મૂર્તિમંત થયો. કાયદાની બહાર તો નાના પ્રકારની ખણખોદ ચાલુ થઈ જ ચૂકી હતી. એવી સૂચના થઈ કે –

1. મજૂરીનો કરાર પૂરો થયે ગિરમીટિયો પાછો હિંદુસ્તાન જાય, અથવા
2. બબ્બે વર્ષની ગિરમીટ નવેસર કરાવ્યા કરે ને તેવી દર વેળાએ તેને પગારમાં કંઈક વધારો મળે;
3. જો પાછો ન જાય ને ફરી મજૂરીનું કરારનામું પણ ન કરે, તો તેણે દર વર્ષે 25 પાઉન્ડ કરના આપવા.

આ સૂચના કબૂલ કરાવવા સારુ ડેપ્યુટેશન હિંદુસ્તાનમાં મોકલવામાં આવ્યું. લૉર્ડ એલ્ગિન વાઇસરૉય હતા. તેમણે પચીસ પાઉન્ડનો કર તો નામંજૂર કર્યો; પણ તેવા દરેક હિંદી પાસેથી પાઉન્ડ ત્રણનો કર લેવો એમ સ્વીકાર્યું. મને ત્યારે લાગેલું ને હજુ લાગે છે કે, વાઇસરૉયની આ ગંભીર ભૂલ હતી. ત્રણચાર વર્ષ બાદ આ કર તેવા હિંદીની સ્ત્રી પાસેથી અને તેમના 16 વર્ષ અને તેથી વધુ ઉંમરના દરેક પુત્ર ને 13 અને તેથી વધુ વર્ષની ઉંમરની દરેક પુત્રી પાસેથી પણ લેવાનું ઠર્યું. આમ પતિપત્ની અને બે બાળકોનું કુટુંબ, – જેમાંથી પતિને ભાગ્યે બહુ બહુ તો માસિક 14 શિલિંગ મળતા હોય, – તેની પાસેથી પાઉન્ડ બાર એટલે રૂ. 180 કર લેવો એ મહા જુલમ ગણાય. આવો કર દુનિયામાં ક્યાંયે આવી સ્થિતિના ગરીબ માણસો પાસેથી લેવાતો નહોતો.

આ કરની સામે સખત લડત મંડાઈ. જો નાતાલ ઇન્ડિયન કૉંગ્રેસ તરફથી મુદ્દલ પોકાર ન થયો હોત તો વાઇસરૉય કદાચ 25 પાઉન્ડ પણ કબૂલ કરત.

કૉંગ્રેસ ગિરમીટિયાના હિતની પૂરી રક્ષા ન કરી શકી એ તેને સાલ્યું. ને ત્રણ પાઉન્ડનો કર કોઈ દિવસે તો જવો જ જોઈએ એ નિશ્ચય કૉંગ્રેસે કદી જતો નહોતો કર્યો. એ નિશ્ચય પાર પડતાં 20 વર્ષ વીત્યાં. તેમાં નાતાલના જ નહીં પણ આખા દક્ષિણ આફ્રિકાના હિંદીઓને સંડોવાવું પડ્યું. તેમાં ગિરમીટિયા હિંદીઓને પૂરો ભાગ લેવો પડ્યો. તેને અંગે કેટલાકને ગોળીબારથી મરવું પડ્યું. દસ હજારથી ઉપરાંત હિંદીઓને જેલ ભોગવવી પડી.

પણ અંતે સત્યનો જય થયો. હિંદીઓની તપશ્ચર્યામાં સત્ય મૂર્તિમંત થયું. તેને સારુ અડગ શ્રદ્ધાની, ધીરજની અને સતત પ્રવૃત્તિની આવશ્યકતા હતી. જો કોમ હારીને બેસી જાત, કૉંગ્રેસ લડતને ભૂલી જાત, ને કરને અનિવાર્ય સમજી તેને શરણ થાત, તો એ કર આજ લગી

ગિરમીટિયા હિંદીની પાસેથી લેવાતો હોત, અને એની નામોશી સ્થાનિક હિંદીઓને તેમ જ સમસ્ત હિંદુસ્તાનને લાગત.

●

હિંદુસ્તાનમાં

હવે હું દક્ષિણ આફ્રિકામાં ત્રણ વર્ષ રહી ચૂક્યો હતો. લોકોને હું ઓળખતો થયો હતો. તેઓ મને ઓળખતા થયા હતા. મેં જોયું કે મારે દક્ષિણ આફ્રિકામાં લાંબી મુદત રહેવું જોઈશે. મારી વકીલાત ઠીક ચાલતી હતી એમ કહેવાય. જાહેર કામમાં મારી હાજરીની જરૂર લોકો જોતા હતા. હું પણ જોતો હતો. તેથી મેં દક્ષિણ આફ્રિકામાં કુટુંબ સહિત રહેવાનો નિશ્ચય કર્યો અને તે સારુ દેશ જઈ આવવું દુરસ્ત ધાર્યું. વળી, જો દેશ જાઉં તો કંઈક જાહેર કામ થઈ શકે એમ જોયું. દેશમાં લોકમત કેળવી આ પ્રશ્નમાં વધારે રસ ઉત્પન્ન કરાય એમ જણાયું. ત્રણ પાઉન્ડનો કર ભરનીંગળ હતું. તે નાબૂદ ન થાય ત્યાં લગી શાંતિ હોય નહીં. 1896ની સાલમાં મેં છ માસને સારુ દેશ જવાની પરવાનગી માગી.

પણ જો હું દેશ જાઉં તો કૉંગ્રેસનું ને કેળવણીમંડળનું કામ કોણ ઉપાડે? બે સાથીઓ ઉપર દૃષ્ટિ પડી: આદમજી મિયાંખાન અને પારસી રુસ્તમજી. વેપારીવર્ગમાંથી ઘણા કામ કરનાર તરી આવ્યા હતા. પણ મંત્રીનું કામ ઉપાડે એવા, નિયમિત કામ કરવાવાળા, અને દક્ષિણ આફ્રિકામાં જન્મેલા હિંદીઓનું મન હરણ કરનારા આ બે પ્રથમ પંક્તિમાં મૂકી શકાય તેવા હતા. મંત્રીને સામાન્ય અંગ્રેજી જ્ઞાનની જરૂર તો હતી જ. આ બેમાંથી આદમજી મિયાંખાનને મંત્રીપદ આપવાની ભલામણ કૉંગ્રેસને કરી ને તે કબૂલ રહી. અનુભવે આ પસંદગી ઘણી સરસ નીવડી. ખંત, ઉદારતા, મીઠાશ ને વિવેકથી આદમજી મિયાંખાને સહુને સંતોષ્યા; ને સહુને વિશ્વાસ આવ્યો કે મંત્રીનું કામ કરવાને સારુ વકીલબારિસ્ટરની કે ડિગ્રી લીધેલા બહુ અંગ્રેજી ભણેલાની જરૂર નહોતી.

1896ના મધ્યમાં હું દેશ જવા 'પોંગોલા' સ્ટીમરમાં ઊપડ્યો. આ સ્ટીમર કલકત્તે જનારી હતી.

નાતાલમાં મેં જોયું હતું કે મારે મુસલમાનોની સાથે વધારે નિકટ સંબંધમાં આવવા સારુ ઉર્દૂ શીખવું જોઈએ, ને મદ્રાસી હિંદીઓની સાથે તેવો સંબંધ બાંધવા સારુ તામિલ શીખવું

જોઈએ. ઉર્દૂને સારુ મેં ડેકના ઉતારુઓમાંથી એક સુંદર મુનશી શોધી કાઢ્યો ને અમારો અભ્યાસ સરસ ચાલ્યો.

આ ભોળા ને ભલા હિંદીઓનું ચિત્ત ચોરવામાં મને ભાષાનો અંતરાય કદી આવ્યો નથી. તેમને તૂટી હિંદુસ્તાની આવડે, તૂટી અંગ્રેજી આવડે ને અમારું ગાડું ચાલે. પણ હું તો એ પ્રેમના બદલારૂપે તામિલ-તેલુગુ શીખવા માગતો હતો. તામિલ તો કંઈક ચાલ્યું. તેલુગુ ઝીલવાનો પ્રયાસ હિંદુસ્તાનમાં કર્યો, પણ કક્કાને જોઈ લેવા ઉપરાંત આગળ ન ચાલી શક્યો.

પણ આ તો વિષયાંતર થયું. આપણે મુસાફરી પૂરી કરીએ.

ચોવીસ દિવસને અંતે આ આનંદદાયક મુસાફરી પૂરી થઈ ને હુગલીનું સૌંદર્ય નિહાળતો હું કલકત્તા ઊતર્યો. તે જ દિવસે મેં મુંબઈ જવાની ટિકિટ કપાવી.

અહીંના 'પાયોનિયર' પત્રની ખ્યાતિ મેં સાંભળી હતી. પ્રજાની આકાંક્ષાઓ સામે તેનો વિરોધ હું જાણતો હતો. તે વેળા મિ૰ ચેઝની અધિપતિ હતા એવો મને ખ્યાલ છે. મારે તો બધા પક્ષને મળી દરેકની મદદ મેળવવી હતી. તેથી મિ૰ ચેઝનીને મેં મુલાકાત સારુ ચિઠ્ઠી લખી. જવાબમાં તેમણે મને મળવા જણાવ્યું. હું રાજી થયો. તેમણે મારી વાત ધ્યાનપૂર્વક સાંભળી. હું કંઈ પણ લખું તો પોતે તેની તુરત નોંધ લેશે એમ કહ્યું.

મુંબઈથી વગર રોકતે રાજકોટ ગયો ને એક ચોપાનિયું લખવાની તૈયારી કરી. એને લીલું પૂઠું કરાવ્યું હતું, તેથી પાછળથી એ 'લીલા ચોપાનિયા' તરીકે પ્રસિદ્ધિ પામ્યું. તેમાં દક્ષિણ આફ્રિકાના હિંદીઓની સ્થિતિનો ચિતાર મેં ઇરાદાપૂર્વક હળવો કર્યો હતો.

લીલા ચોપાનિયાની દસ હજાર નકલ છપાવી, ને તે આખા હિંદુસ્તાનમાં છાપાંઓને અને જાણીતા બધા પક્ષના લોકોને મોકલી. 'પાયોનિયર'માં તેના ઉપર સૌ પહેલો લેખ પ્રગટ થયો. તેનું તારણ વિલાયત ગયું. ને એ તારણનું તારણ પાછું રૉઇટર મારફતે નાતાલ ગયું. એ તાર તો ત્રણ લીટીનો હતો. તેમાં નાતાલમાં હિંદીઓ ઉપર કેવી વર્તણૂક ચાલે છે તેના મેં આપેલા ચિત્રની નાની આવૃત્તિ હતી. તે મારા શબ્દોમાં નહોતી. ધીમે ધીમે બધાં અગત્યનાં છાપાંઓમાં આ પ્રશ્નની બહોળી નોંધ લેવાઈ.

આ ચોપાનિયાંને ટપાલને સારુ તૈયાર કરાવવાં એ મુશ્કેલીનું ને, જો પૈસે કરાવું તો, ખરચાળ કામ હતું. મેં સહેલી યુક્તિ શોધી કાઢી. શેરીનાં બધાં છોકરાંને ભેળાં કર્યાં ને તેમના સવારના ભાગના બેત્રણ કલાક, જેટલા આપી શકે તેટલા, માગ્યા. છોકરાંઓએ ખુશીથી આટલી સેવા કબૂલ કરી. મારા તરફથી મેં તેમને મારી પાસે ભેળી થતી વપરાયેલી ટપાલટિકિટો આપવાનું ને તેમને આશીર્વાદ આપવાનું કબૂલ્યું. છોકરાંઓએ રમતવાતમાં મારું કામ પૂરું

કરી દીધું. છેક બાળકોને આમ સ્વયંસેવક બનાવવાનો મારો આ પહેલો અખતરો હતો. આ બાળકોમાંના બે આજે મારા સાથી છે.

આ જ અરસામાં મુંબઈમાં પહેલવહેલી મરકી ફાટી નીકળી. ચોમેર ગભરાટ ફેલાઈ રહ્યો હતો. રાજકોટમાં પણ મરકી ફેલાવાનો ડર હતો. મને લાગ્યું કે મને આરોગ્યખાતામાં કામ કરતાં આવડે ખરું. મેં મારી સેવા સ્ટેટને આપવાનું લખ્યું. સ્ટેટે કમિટી નીમી ને તેમાં મને દાખલ કર્યો. પાયખાનાની સ્વચ્છતા ઉપર મેં ભાર મૂક્યો ને કમિટીએ શેરીએ શેરીએ જઈને પાયખાનાં તપાસવાનો નિશ્ચય કર્યો. ગરીબ લોકોએ પોતાનાં પાયખાનાં તપાસવા દેવામાં મુદ્દલ આનાકાની ન કરી, એટલું જ નહીં, પણ તેમને સૂચવ્યા તે સુધારા પણ તેમણે કર્યા. પણ જ્યારે અમે મુત્સદ્દીવર્ગનાં ઘરો તપાસવા નીકળ્યા, ત્યારે કેટલીક જગ્યાએ તો અમને પાયખાનાં તપાસવાની પણ પરવાનગી ન મળતી. સુધારાની તો વાત જ શી? અમારો સામાન્ય અનુભવ એ થયો કે ધનિકવર્ગનાં પાયખાનાં વધારે ગંદાં જોવામાં આવ્યાં. તેમાં અંધારું, બદબો અને પાર વિનાની ગંદકી. બેઠક ઉપર કીડા ખદબદે. જીવતે નરકવાસમાં જ રોજ પ્રવેશ કરવા જેવું એ હતું. અમે સૂચવેલા સુધારા તદ્દન સાદા હતા. મેલું ભોંય ઉપર પડવા દેવાને બદલે કૂંડામાં પડવા દેવું. પાણી પણ જમીનમાં સોસાવાને બદલે કૂંડીમાં જાય તેમ કરવું. મોટા લોકોએ આ સુધારો દાખલ કરવામાં બહુ વાંધા ઉઠાવ્યા ને છેવટે પૂરો તો ન જ કર્યો.

કમિટીને ઢેડવાડામાં પણ જવાનું તો હતું જ. કમિટીના સભ્યોમાંથી મારી સાથે માત્ર એક જ ત્યાં આવવા તૈયાર થયા. ત્યાં જવું ને વળી પાયખાનાં તપાસવાં? પણ મને તો ઢેડવાડો જોઈને સાનંદાશ્ચર્ય જ થયું. ઢેડવાડાની આ મારી તો જિંદગીમાં પહેલી જ મુલાકાત હતી. ઢેડ ભાઈબહેનો અમને જોઈ આશ્ચર્ય પામ્યાં. એમનાં પાયખાનાં જોવાની મેં માગણી કરી. તેમણે કહ્યું :

"અમારે ત્યાં પાયખાનાં કેવાં? અમારાં પાયખાનાં જંગલમાં. પાયખાનાં તમારે મોટાં માણસને."

"ત્યારે તમારાં ઘર અમને જોવા દેશો?" મેં પૂછ્યું.

"આવોની ભાઈસાહેબ. તમારી મરજીમાં આવે ત્યાં જાઓ. અમારાં ઘર એવાં જ તો."

હું અંદર ગયો ને ઘરની તેમ જ આંગણાની સફાઈ જોઈ ખુશ થઈ ગયો. ઘરની અંદર બધું લીપેલું જોયું. આંગણું વાળેલું, અને જે જૂજ વાસણો હતાં તે સાફ અને ચકચકિત હતાં.

રાજકોટમાં મારું દક્ષિણ આફ્રિકાનું કામ ચાલતું હતું તે દરમિયાન હું મુંબઈ જઈ આવ્યો. મુખ્ય શહેરોમાં સભાઓ ભરીને લોકમત વિશેષ કેળવવાનો ઇરાદો હતો. પ્રથમ તો ન્યાયમૂર્તિ રાનડેને મળ્યો. તેમણે મારી વાત ધ્યાન દઈને સાંભળી ને મને સર ફિરોજશાને મળવાની

સલાહ આપી. પછી હું જસ્ટિસ બદરુદ્દીન તૈયબજીને મળ્યો. તેમણે પણ મારી વાત સાંભળીને તે જ સલાહ આપી.

સર ફિરોજશાને મળ્યો. 'મુંબઈના સિંહ', 'મુંબઈના બેતાજ બાદશાહ'ને મારે મળવાનું હતું. પણ બાદશાહે મને ડરાવ્યો નહીં. વડીલ જે પ્રેમથી પોતાના જુવાન દીકરાને મળે તેમ તે મળ્યા. મારી વાત સાંભળી લીધી. "ગાંધી, તારે સારુ મારે જાહેર સભા કરવી પડશે. તને મદદ દેવી જોઈએ." મુનશીની તરફ વળ્યા, ને તેને સભાનો દિવસ મુકરર કરવાનું કહ્યું. દિવસ મુકરર કરી મને વિદાયગીરી આપી. સભાને આગલે દહાડે પોતાને મળવાનું ફરમાવ્યું.

સભાની તારીખને આગલે દહાડે સાંજે પાંચ વાગ્યે હુકમ પ્રમાણે હું સર ફિરોજશાની ઑફિસે હાજર થયો.

"ગાંધી, તમારું ભાષણ તૈયાર છે કે?" તેમણે પૂછ્યું.

"ના જી, મેં તો ભાષણ મોઢેથી જ કરવાનો વિચાર રાખ્યો છે," મેં બીતાં બીતાં ઉત્તર આપ્યો.

"એ મુંબઈમાં નહીં ચાલે. અહીં રિપોર્ટિંગ ખરાબ છે, ને આ સભાથી આપણે કશો લાભ ઉઠાવવા માગતા હોઈએ તો તમારું ભાષણ લખેલું જ હોવું જોઈએ. ભાષણ રાતોરાત લખી શકશો ના?"

હું ગભરાયો. પણ મેં લખવાનો પ્રયત્ન કરવાની હા પાડી.

"ત્યારે મુનશી તમારી પાસે ભાષણ લેવા ક્યારે આવે?" મુંબઈના સિંહ બોલ્યા.

"અગિયાર વાગ્યે," મેં ઉત્તર આપ્યો.

સર ફિરોજશાએ મુનશીને તે કલાકે ભાષણ મેળવી રાતોરાત છપાવવા હુકમ કરી મને વિદાય કર્યો.

બીજે દહાડે સભામાં ગયો. સર ફિરોજશાને ભાષણ ગમ્યું. મને ગંગા નાહ્યા જેટલો સંતોષ થયો.

મુંબઈથી હું પૂના ગયો. પૂનામાં બે પક્ષ હતા એ મને ખબર હતી. મારે તો બધાની મદદ જોઈતી હતી. લોકમાન્યને મળ્યો. તેમણે કહ્યું :

"બધા પક્ષની મદદ મેળવવાનો તમારો વિચાર તદ્દન બરોબર છે. તમારા પ્રશ્નને વિશે મતભેદ ન જ હોય. પણ તમારે સારુ તટસ્થ પ્રમુખ જોઈએ. તમે પ્રોફેસર ભાંડારકરને મળો. તેઓ આજકાલ કોઈ હિલચાલમાં ભાગ નથી લેતા. પણ કદાચ આ કામને સારુ બહાર પડે. તેમને મળ્યા પછી મને પરિણામ જણાવજો. હું તમને પૂરી મદદ કરવા માગું છું. તમે પ્રોફેસર ગોખલેને તો મળશો જ. મારી પાસે જ્યારે આવવું હોય ત્યારે વિનાસંકોચે આવજો."

લોકમાન્યનાં આ મને પ્રથમ દર્શન હતાં. તેમની લોકપ્રિયતાનું કારણ હું તુરત સમજી શક્યો.

અહીંથી હું ગોખલે પાસે ગયો. તે ફરગ્યુસન કૉલેજમાં હતા. મને ખૂબ પ્રેમથી ભેટ્યા ને પોતાનો કરી લીધો. તેમનો પણ મને પહેલો પરિચય હતો. પણ, કેમ જાણે અમે પૂર્વે મળ્યા ન હોઈએ તેમ લાગ્યું. સર ફિરોજશા તો મને હિમાલય જેવા લાગ્યા. લોકમાન્ય સમુદ્ર જેવા લાગ્યા. ગોખલે ગંગા જેવા લાગ્યા. તેમાં હું નાહી શકું. હિમાલય ચડાય નહીં. સમુદ્રમાં ડૂબવાનો ભય રહે. ગંગાની તો ગોદમાં રમાય. તેમાં હોડકાં લઈને તરાય. ગોખલેએ મારી ઝીણવટથી તપાસ કરી, જેમ એક નિશાળિયો નિશાળમાં દાખલ થવા જાય તેની થાય તેમ. કોને કોને મળવું ને કેમ મળવું એ બતાવ્યું, ને મારું ભાષણ જોવા માગ્યું. જ્યારે મળવું હોય ત્યારે ફરી મળવાનું કહી, મને વિદાય કર્યો. રાજ્યપ્રકરણી ક્ષેત્રમાં જે સ્થાન ગોખલેએ જીવતાં મારા હૃદયમાં ભોગવ્યું ને હજી દેહાંત થયા છતાં ભોગવે છે તે કોઈ ભોગવી શક્યું નથી.

જેમ દીકરાને બાપ વધાવે તેમ રામકૃષ્ણ ભાંડારકરે મને વધાવ્યો. તેમને ત્યાં ગયો ત્યારે મધ્યાહ્નકાળ હતો. આવે સમયે હું મારું કામ કરી રહ્યો હતો એ વસ્તુ જ આ ઉદ્યમી શાસ્ત્રજ્ઞને વહાલી લાગી; ને તટસ્થ પ્રમુખ માટેનો મારો આગ્રહ સાંભળી 'ધૅટ્સ ઇટ', 'ધૅટ્સ ઇટ', 'એ જ બરોબર', 'એ જ બરોબર'ના ઉદ્ગાર તેમના મુખમાંથી સહેજે નીકળી ગયા.

વાતને અંતે તેઓ બોલ્યા, "ગમે તેને પૂછશો તો તે તમને કહેશે કે, હું હાલ કોઈ રાજ્યપ્રકરણી કામમાં ભાગ લેતો નથી. પણ તમને હું ન તરછોડી શકું. તમારો કેસ એવો મજબૂત છે ને તમારો ઉદ્યમ એવો સ્તુત્ય છે કે મારાથી તમારી સભામાં આવવાની ના ન પડાય. રા૦ ટિળક અને રા૦ ગોખલેને તમે મળ્યા એ સારું કર્યું છે. તેઓને કહેજો કે હું ખુશીથી બન્ને પક્ષ બોલાવે તે સભામાં આવીશ ને પ્રમુખપદ લઈશ. વખતની બાબત મને પૂછવાની જરૂર નથી. જે વખત બન્ને પક્ષને અનુકૂળ હશે તેને હું અનુકૂળ થઈશ." આમ કહી મને ધન્યવાદ અને આશીર્વાદ આપી વિદાય કર્યો.

કશી હોહા વિના, આડંબર વિના, એક સાદા મકાનમાં પૂનાના આ વિદ્વાન અને ત્યાગી મંડળે સભા ભરી ને મને સંપૂર્ણ પ્રોત્સાહન સાથે વિદાય કર્યો.

હું અહીંથી મદ્રાસ ગયો. મદ્રાસ તો ઘેલું થઈ ગયું. બાલાસુંદરમના કિસ્સાની સભા ઉપર ઊંડી અસર પડી. મારું ભાષણ મારે સારુ પ્રમાણમાં લાંબું હતું. પણ શબ્દેશબ્દ સભાએ ધ્યાનપૂર્વક સાંભળ્યો. સભાને અંતે પેલા લીલા ચોપાનિયા ઉપર ધાડ પડી. મદ્રાસમાં સુધારાવધારા સહિત તેની બીજી આવૃત્તિ છપાવી.

મદ્રાસથી કલકત્તા ગયો. 'અમૃત બઝાર પત્રિકા'ની ઑફિસે ગયો. ત્યાં જે ગૃહસ્થો મને મળ્યા તેમણે માની લીધેલું કે હું કોઈ ભમતારામ હોવો જોઈએ.

હું હાર્યો નહીં. બીજા અધિપતિઓને મળવાનું ચાલુ રાખ્યું. મારા રિવાજ મુજબ અંગ્રેજોને પણ મળ્યો. 'સ્ટેટ્સમૅન' અને 'ઇંગ્લિશમૅન' બંને દક્ષિણ આફ્રિકાના સવાલનું મહત્ત્વ જાણતાં હતાં. તેમણે લાંબી મુલાકાતો છાપી. 'ઇંગ્લિશમૅન'ના મિ૰ સૉંડર્સે મને અપનાવ્યો. તેમની ઑફિસ મારે સારુ ખુલ્લી, તેમનું છાપું મારે સારુ ખુલ્લું. પોતાના અગ્રલેખમાં સુધારોવધારો કરવાની પણ મને છૂટ આપી. અમારી વચ્ચે સ્નેહ બંધાયો એમ કહું તો અતિશયોક્તિ નથી. તેમણે જે મદદ થઈ શકે તે કરવાનું મને વચન આપ્યું. હું પાછો દક્ષિણ આફ્રિકા જાઉં પછી પણ પોતાને પત્ર લખવા મને કહ્યું, ને પોતે પોતાથી બનતું કરશે એવું વચન આપ્યું. મેં જોયું કે આ વચન તેમણે અક્ષરશઃ પાળ્યું, ને તેમની તબિયત ખરાબ થઈ ત્યાં લગી તેમણે મારી સાથે પત્રવ્યવહાર જારી રાખ્યો. મારી જિંદગીમાં આવા અણધાર્યા મીઠા સંબંધો અનેક બંધાયા છે. મિ૰ સૉંડર્સને મારામાં જે ગમ્યું તે અતિશયોક્તિનો અભાવ અને સત્યપરાયણતા હતાં. તેમણે મારી ઊલટતપાસ કરવામાં કચાશ નહોતી રાખી. તેમાં તેમણે જોયું કે દક્ષિણ આફ્રિકાના ગોરાઓના પક્ષને નિષ્પક્ષપાતપણે મૂકવામાં ને તેની તુલના કરવામાં મેં ન્યૂનતા નહોતી રાખી.

મારો અનુભવ મને કહે છે કે સામા પક્ષને ન્યાય આપી આપણે ન્યાય વહેલો મેળવીએ છીએ.

આમ મને અણધારી મદદ મળવાથી કલકત્તામાં પણ જાહેર સભા ભરવાની આશા બંધાઈ. તેવામાં ડરબનથી તાર મળ્યો : "પાર્લમેન્ટ જાનેવારીમાં મળશે. જલદી પાછા ફરો."

આથી મેં કલકત્તા છોડ્યું, ને પહેલી સ્ટીમરે જવાની ગોઠવણ કરવા દાદા અબદુલ્લાના મુંબઈના એજન્ટને તાર કર્યો. દાદા અબદુલ્લાએ પોતે 'કુરલૅન્ડ' સ્ટીમર વેચાતી લીધી હતી. તેમાં મને તથા મારા કુટુંબને મફત લઈ જવાનો આગ્રહ ધર્યો. મેં ઉપકાર સહિત તે સ્વીકાર્યો અને હું મારી ધર્મપત્ની, બે દીકરા ને મારા સ્વર્ગસ્થ બનેવીના એકના એક દીકરાને લઈને ડિસેમ્બરના આરંભમાં 'કુરલૅન્ડ'માં દક્ષિણ આફ્રિકા તરફ બીજી વાર રવાના થયો. આ સ્ટીમરની સાથે જ બીજી સ્ટીમર 'નાદરી' પણ ડરબન રવાના થઈ. તેના એજન્ટ દાદા અબદુલ્લા હતા. બંને સ્ટીમરમાં મળી આઠસેંક હિંદી ઉતારુઓ હશે.

18મી ડિસેમ્બરની આસપાસ બંને સ્ટીમરો નાંગરી. દક્ષિણ આફ્રિકાનાં બંદરોમાં ઉતારુઓના આરોગ્યની પૂરી તપાસ થાય છે. જો રસ્તામાં કોઈને ચેપી રોગ લાગુ પડ્યો

હોય તો સ્ટીમરને સૂતકમાં – ક્વૉરેન્ટીનમાં – રાખે છે. અમે મુંબઈ છોડ્યું ત્યારે ત્યાં મરકી તો ચાલતી જ હતી. તેથી અમને કંઈક સૂતક નડવાનો તો ભય હતો જ. બંદરમાં નાંગર્યા પછી સ્ટીમરને પ્રથમ તો પીળો વાવટો જ ચડાવવો પડે છે. દાક્તરી તપાસ પછી જ્યારે દાક્તર મુક્તિ આપે ત્યારે પીળો વાવટો ઊતરે છે ને પછી ઉતારુઓનાં સગાંસાંઈ વગેરેને સ્ટીમર ઉપર આવવાની રજા મળે છે.

આ પ્રમાણે અમારી સ્ટીમર ઉપર પણ પીળો વાવટો ફરકતો હતો. દાક્તર આવ્યા. તપાસ કરી પાંચ દિવસનું સૂતક નાખ્યું, કેમ કે મરકીનાં જંતુ ત્રેવીસ દિવસ સુધી દેખા દે છે એવી તેમની માન્યતા હતી અને તેથી તેમણે મુંબઈ છોડ્યા પછી ત્રેવીસ દિવસ સુધી સ્ટીમરોને સૂતકમાં રાખવી એમ ઠરાવ્યું.

પણ આ સૂતકના હુકમનો હેતુ કેવળ આરોગ્ય નહોતો. અમને પાછા હાંકી કાઢવાની હિલચાલ ડરબનમાંના ગોરા શહેરીઓ કરી રહ્યા હતા, તે પણ આ હુકમમાં કારણભૂત હતી. શહેરમાં ચાલી રહેલી આ હિલચાલની ખબરો અમને દાદા અબદુલ્લા તરફથી મળ્યા કરતી હતી. ગોરાઓ ઉપરાઉપરી જંગી સભાઓ કરતા હતા. દાદા અબદુલ્લા ઉપર ધમકીઓ મોકલતા હતા. તેમને લાલચ પણ દેતા હતા. જો દાદા અબદુલ્લા બંને સ્ટીમરોને પાછી લઈ જાય તો તેમને નુકસાની ભરી આપવા તૈયાર હતા. દાદા અબદુલ્લા કોઈની ધમકીથી ડરે એવા નહોતા.

આમ ડરબનમાં દ્વંદ્વયુદ્ધ જામ્યું. એક તરફથી મૂઠીભર ગરીબડા હિંદીઓ અને તેમના ગણ્યાગાંઠ્યા અંગ્રેજ મિત્રો; બીજી તરફથી ધનબળ, બાહુબળ, અક્ષરબળ, ને સંખ્યાબળમાં પૂરા અંગ્રેજો. આ બળવાન પ્રતિપક્ષીને સત્તાબળ પણ મળ્યું, કેમ કે નાતાલની સરકારે ઉઘાડી રીતે તેને મદદ કરી.

હવે અમારા ઉપર પણ ધમકીઓ આવી : “જો તમે પાછા નહીં જશો તો તમને દરિયામાં ડુબાવી દેવામાં આવશે. પાછા જશો તો તમારું પાછા જવાનું ભાડું પણ કદાચ તમને મળે.” હું ઉતારુઓમાં ખૂબ ફર્યો. તેમને ધીરજ આપી. ‘નાદરી’ના ઉતારુઓને પણ ધીરજના સંદેશા મોકલ્યા. ઉતારુઓ શાંત રહ્યા ને તેમણે હિંમત બતાવી.

આ હુમલામાં મધ્યબિંદુ હું હતો. મારા ઉપર બે તહોમત હતાં :

1. નાતાલવાસી ગોરાઓની મેં હિંદુસ્તાનમાં અઘટિત નિંદા કરી હતી;
2. હું નાતાલને હિંદીઓથી ભરી દેવા માગતો હતો. અને તેથી ‘કુરલૅન્ડ’ અને ‘નાદરી’માં ખાસ નાતાલમાં વસાવવા ખાતર હિંદીઓને ભરી લાવ્યો હતો.

મને મારી જવાબદારીનું ભાન હતું. મારે લીધે દાદા અબદુલ્લા ભારે નુકસાનમાં ઊતર્યા હતા. ઉતારુઓના જાન જોખમમાં હતા.

હું પોતે તદ્દન નિર્દોષ હતો. મેં કોઈને નાતાલ જવા લલચાવ્યા નહોતા. 'નાદરી'ના ઉતારુઓને હું ઓળખતો પણ નહોતો. 'કુરલૅન્ડ'માં મારા બેત્રણ સગાઓ ઉપરાંતના સેંકડો ઉતારુઓનાં હું નામઠામ સરખાં જાણતો નહોતો. મેં હિંદુસ્તાનમાં નાતાલના અંગ્રેજોને વિશે એવો એક અક્ષરે નહોતો કહ્યો કે જે હું નાતાલમાં ન કહી ચૂક્યો હોઉં, ને જે હું બોલ્યો હતો તેને સારુ મારી પાસે પુષ્કળ પુરાવા હતા.

છેવટે, ઉતારુઓ ઉપર અને મારા ઉપર અલ્ટીમેટમ આવ્યાં. બંનેને જીવના જોખમની ધમકી આપવામાં આવી હતી. બંનેએ નાતાલના બંદરમાં ઊતરવાના પોતાના હક વિશે લખ્યું, ને ગમે તે જોખમે તે હકને વળગી રહેવાનો પોતાનો નિશ્ચય જાહેર કર્યો.

છેવટે, ત્રેવીસ દહાડે, સ્ટીમરને મુક્તિ મળી ને ઉતારુઓને ઊતરવાનો હુકમ બહાર પડ્યો.

મારી ગેરહાજરીમાં શેઠ આદમજી મિયાંખાને પોતાના મંત્રીપદને ખૂબ શોભાવ્યું હતું, સભ્યો વધાર્યા હતા, ને લગભગ એક હજાર પાઉન્ડ સ્થાનિક કૉંગ્રેસના ખજાનામાં વધાર્યા હતા. મેં એ વધારામાંયે વધારો કરવાનો વિશેષ પ્રયત્ન કર્યો, ને ખજાનામાં લગભગ 5,000 પાઉન્ડ થયા. મારો લોભ એ હતો કે જો કૉંગ્રેસને સ્થાયી ફંડ હોય, તેની જમીન લેવાય ને તેનું ભાડું આવે, તો કૉંગ્રેસ નિર્ભય બને. જાહેર સંસ્થાનો આ મારો પહેલો અનુભવ હતો. મેં મારો વિચાર સાથીઓ આગળ મૂક્યો. તેઓએ તે વધાવી લીધો. મકાનો લેવાયાં ને તે ભાડે અપાયાં. તેનાં ભાડાંમાંથી કૉંગ્રેસનું માસિક ખર્ચ તો સહેજે ચાલવા લાગ્યું. મિલકતનું મજબૂત ટ્રસ્ટ થયું. આમ આ મિલકત આજે મોજૂદ છે, પણ તે માંહોમાંહે કજિયાનું મૂળ થઈ પડેલ છે. ને મિલકતનું ભાડું આજે અદાલતમાં જમે થાય છે.

આ દુખદ બનાવ તો મારા દક્ષિણ આફ્રિકા છોડ્યા બાદ બન્યો. પણ જાહેર સંસ્થાઓને સારુ સ્થાયી ફંડ રાખવા વિશે મારા વિચારો દક્ષિણ આફ્રિકામાં જ બદલાયા. ઘણી જાહેર સંસ્થાઓની ઉત્પત્તિને સારુ તેમ જ તેમના તંત્રને સારુ જવાબદાર રહ્યા પછી, મારો દૃઢ નિર્ણય એ થયો છે કે કોઈ પણ જાહેર સંસ્થાએ સ્થાયી ફંડ ઉપર નભવાનો પ્રયત્ન ન કરવો જોઈએ. તેમાં તેની નૈતિક અધોગતિનું બીજ રહેલું હોય છે.

જાહેર સંસ્થા એટલે લોકોની મંજૂરી ને લોકોનાં નાણાંથી ચાલતી સંસ્થા. એ સંસ્થાને જ્યારે લોકોની મદદ ન મળે ત્યારે તેને હસ્તી ભોગવવાનો અધિકાર જ નથી. સ્થાયી મિલકત ઉપર નભતી સંસ્થા લોકમતથી સ્વતંત્ર બની જતી જોવામાં આવે છે ને કેટલીક વેળા તો

ઊલટાં આચરણ પણ કરે છે. આવો અનુભવ હિંદુસ્તાનમાં આપણને ડગલે ડગલે થાય છે. કેટલીક ધાર્મિક ગણાતી સંસ્થાઓના હિસાબકિતાબનું ઠેકાણું જ નથી. તેના વાલીઓ તેના માલિક થઈ પડ્યા છે ને કોઈને જવાબદાર હોય તેમ નથી. જેમ કુદરત પોતે રોજનું પેદા કરી રોજનું જમે છે તેમ જાહેર સંસ્થાઓનું હોવું જોઈએ, એ વિશે મને શંકા જ નથી. જે સંસ્થાને લોકો મદદ કરવા તૈયાર ન હોય તેને જાહેર સંસ્થા તરીકે નભવાનો અધિકાર જ નથી. જાહેર સંસ્થાઓનાં ચાલુ ખરચોનો આધાર લોકો પાસેથી મળતા ફાળા ઉપર રહેવો જોઈએ. પ્રતિવર્ષ મળતો ફાળો તે તે સંસ્થાની લોકપ્રિયતાની અને તેના સંચાલકોની પ્રમાણિકતાની કસોટી છે. અને દરેક સંસ્થાએ એ કસોટી ઉપર ચડવું જોઈએ એવો મારો અભિપ્રાય છે.

આ વિચારો દક્ષિણ આફ્રિકાના સત્યાગ્રહના સમયમાં દૃઢ બન્યા. એ છ વર્ષની મહાન લડત સ્થાયી ફાળા વિના ચાલી, જોકે તેને અંગે લાખો રૂપિયાની આવશ્યકતા હતી. એવા સમય મને યાદ છે કે જ્યારે આવતા દહાડાનું ખર્ચ ક્યાંથી મળશે તેની મને ખબર નહોતી.

સેવાવૃત્તિ

મારો ધંધો ઠીક ચાલતો હતો, પણ તેથી સંતોષ નહોતો રહેતો. જીવન વધારે સાદું થવું જોઈએ, કંઈક શારીરિક સેવાકાર્ય હોવું જોઈએ, એવી ગડમથલ મનમાં ચાલ્યા જ કરતી.

એવામાં એક દિવસ એક અપંગ, રક્તપિત્તથી પીડાતો માણસ ઘેર આવી પહોંચ્યો. તેને ખાવાનું આપીને કાઢી મૂકતાં જીવ ન ચાલ્યો. તેને એક કોટડીમાં રાખ્યો. તેના ઘા સાફ કર્યા ને તેની સેવા કરી.

પણ આમ લાંબો વખત ન ચાલી શકે. ઘરમાં હમેશને માટે તેને રાખવાની મારી પાસે સગવડ નહોતી, મારી હિંમત નહોતી. મેં તેને ગિરમીટિયાઓને અંગે ચાલતી સરકારી ઇસ્પિતાલમાં મોકલ્યો.

પણ મને આશ્વાસન ન મળ્યું. એવું કંઈક શુશ્રૂષાનું કામ હમેશાં કરું તો કેવું સારું! દા૦ બૂથ સેન્ટ ઍડમ્સ મિશનના ઉપરી હતા. તેઓ હમેશાં જે આવે તેને મફત દવા આપતા. બહુ ભલા અને માયાળુ હતા. પારસી રુસ્તમજીની સખાવતને લીધે દા૦ બૂથના હાથ નીચે એક બહુ નાની ઇસ્પિતાલ ખૂલી. આ ઇસ્પિતાલમાં નર્સ તરીકે કામ કરવાની મને પ્રબળ

ઇચ્છા થઈ. તેમાં દવા આપવાને અંગે એકથી બે કલાકનું કામ રહેતું. આ કામ માથે લેવાનો ને તેટલો સમય મારા વખતમાંથી બચાવવાનો મેં નિશ્ચય કર્યો, ને હું આ નાનકડી ઇસ્પિતાલમાં કામ કરતો થયો.

રોજ સવારના ત્યાં જવાનું રહેતું. આવતાંજતાં તેમ જ ઇસ્પિતાલમાં કામ કરતાં હમેશાં લગભગ બે કલાક જતા. આ કામથી મને કંઈક શાંતિ થઈ. મારું કામ દરદીનો કેસ સમજી લઈ તે દાક્તરને સમજાવવાનું અને દાક્તર બતાવે તે દવા તૈયાર કરી દરદીને આપવાનું હતું. આ કામથી હું દુઃખી હિંદીઓના ગાઢ સંબંધમાં આવ્યો. તેમનામાંનો મોટો ભાગ ગિરમીટિયાઓનો હોય.

સમાજનું એક પણ અંગ અવાવરુ રહે એ મને હમેશાં ખૂંચ્યું છે. પ્રજાના દોષો ઢાંકીને તેનો બચાવ કરવો, અથવા દોષો દૂર કર્યા વિના હકો મેળવવા, એ મને હમેશાં અરુચતું લાગ્યું છે. તેથી દક્ષિણ આફ્રિકામાં વસતા હિંદીઓ ઉપરનું એક તહોમત, જેમાં કંઈક વજૂદ હતું, તેનો ઇલાજ કરવાનું કાર્ય મારા ત્યાંના વસવાટના આરંભકાળમાં જ મેં યોજ્યું હતું. હિંદીઓ પોતાનાં ઘરબાર સ્વચ્છ નથી રાખતા ને બહુ મેલા રહે છે, એ આળ વખતોવખત મૂકવામાં આવતું. આ આળને નાબૂદ કરવા આરંભમાં કોમના મુખ્ય ગણાતા માણસોનાં ઘરોમાં તો સુધારા થઈ જ ગયા હતા. પણ ઘરોઘર ફરવાનું તો જ્યારે ડરબનમાં મરકીના પ્રવેશનો ભય લાગ્યો ત્યારે શરૂ થયું. આમાં મ્યુનિસિપાલિટીના અમલદારોનો પણ ભાગ હતો અને એમની સંમતિ હતી. અમારી મદદ મળવાથી તેમનું કામ હળવું થયું ને હિંદીઓને ઓછી હાડમારી વેઠવી પડી. કેમ કે, સામાન્ય રીતે જ્યારે મરકી ઇત્યાદિના ઉપદ્રવ થાય ત્યારે અમલદારો ઘાંઘા થાય છે, વધારેપડતા ઉપાયો યોજે છે, ને તેમની નજરમાં જેઓ અળખામણા હોય તેઓની ઉપર તેમનો દાબ અસહ્ય થઈ પડે એવો નીવડે છે. આ સખતીમાંથી કોમ પોતાની મેળે જ ચાંપતા ઉપાયો લેવાથી ઊગરી ગઈ.

મને કેટલાક કડવા અનુભવો પણ થયા. મેં જોયું કે, સ્થાનિક સરકાર પાસે હકોની માગણી કરવામાં જેટલી સહેલાઈથી હું કોમની મદદ લઈ શકતો હતો, તેટલી સહેલાઈથી લોકોની પાસે તેમની ફરજ અદા કરાવવાના કામમાં મદદ મેળવી શક્યો નહીં. કેટલીક જગ્યાએ અપમાન થતાં, કેટલીક જગ્યાએ વિનયપૂર્વક બેદરકારી બતાવવામાં આવતી. ગંદકી સાફ કરવાની તકલીફ લેવી એ વસમું લાગતું. પૈસા ખરચવાનું તો બને જ કેમ? લોકોની પાસેથી કંઈ પણ કામ કરાવવું હોય તો ધીરજ રાખવી જોઈએ, એ પાઠ હું વધારે સારી રીતે શીખ્યો. સુધારાની ગરજ રહી સુધારકને પોતાને; જે સમાજમાં તે સુધારો ઇચ્છે છે ત્યાંથી તો તેણે વિરોધની, તિરસ્કારની ને જાનના જોખમની પણ આશા રાખવી રહી. સુધારક જેને સુધારો

માને તેને સમાજ કુધારો કાં ન માને? અથવા કદાચ કુધારો ન માને તોપણ તે તરફ ઉદાસીન કાં ન રહે?

આ આંદોલનનું પરિણામ એ આવ્યું કે, હિંદી સમાજમાં ઘરબાર સ્વચ્છ રાખવાની અગત્યનો ઓછાવત્તા પ્રમાણમાં સ્વીકાર થયો. અમલદારવર્ગ આગળ મારી શાખ વધી. તેઓ સમજ્યા કે, મારો ધંધો માત્ર ફરિયાદો જ કરવાનો અથવા હકો જ માગવાનો નહોતો; પણ ફરિયાદ કરવામાં કે હકો માગવામાં હું જેટલો દૃઢ હતો તેટલો જ આંતરિક સુધારણાને સારુ પણ ઉત્સાહી ને દૃઢ હતો.

દેશગમન

મને લાગ્યું કે હવે મારું કામ દક્ષિણ આફ્રિકામાં નથી પણ દેશમાં છે. મિત્રવર્ગની ખેંચ પણ દેશ આવવા તરફ ચાલુ હતી. મને પણ ભાસ્યું કે દેશ જવાથી મારો ઉપયોગ વધારે થઈ શકશે. મેં સાથીઓ આગળ મુક્ત થવાની માગણી કરી, ઘણી મુસીબતે એ માગણીનો શરતી સ્વીકાર થયો. શરત એ હતી કે એક વર્ષની અંદર જો કોમને મારી જરૂર જણાય તો મારે પાછું દક્ષિણ આફ્રિકા જવું.

ઠેકઠેકાણે માનપત્રો આપવાની સભાઓ થઈ, અને દરેક ઠેકાણેથી કીમતી ભેટો આવી. ભેટોમાં સોનાચાંદીની વસ્તુઓ તો હતી જ, પણ તેમાં હીરાની વસ્તુઓ પણ હતી. આ બધી વસ્તુઓનો સ્વીકાર કરવાનો મને શો અધિકાર હોય? એનો સ્વીકાર કરું તો કોમની સેવા હું પૈસા લઈને નહોતો કરતો એમ મારા મનને કેમ મનાવું? વળી, આ ભેટોમાં એક પચાસ ગીનીનો હાર કસ્તૂરબાઈને સારુ હતો. પણ એને મળેલી વસ્તુ પણ મારી સેવાને અંગે હતી, એટલે તેને નોખી તારવી ન શકાય.

જે સાંજે આમાંની મુખ્ય ભેટો મળી હતી તે રાત્રિ મેં બાવરાની જેમ જાગીને ગાળી. મારા ઓરડામાં આંટા માર્યા કર્યા. પણ કંઈ ગૂંચ ઊકલે નહીં. સેંકડોની ભેટો જતી કરવી એ ભારે પડતું હતું. રાખવી એ વધારે ભારે લાગતું હતું. હું કદાચ ભેટો જીરવી શકું. પણ મારાં બાળકોનું શું? સ્ત્રીનું શું? તેમને શિક્ષણ તો સેવાનું મળતું હતું. સેવાનું દામ લેવાય નહીં એમ હમેશાં સમજાવવામાં આવતું હતું. ઘરમાં કીમતી દાગીના વગેરે હું નહોતો રાખતો. સાદાઈ

વધતી જતી હતી. આવી સ્થિતિમાં સોનાની ઘડિયાળો કોણે વાપરવી? સોનાના અછોડા ને હીરાની વીંટીઓ કોણે પહેરવાં? ઘરેણાંગાંઠાંનો મોહ તજવા ત્યારે પણ હું બીજાઓને કહેતો. હવે આ દાગીના ને ઝવેરાતનું મારે શું કરવું?

મારાથી આ વસ્તુઓ ન જ રખાય એવા નિર્ણય ઉપર હું આવ્યો. પારસી રુસ્તમજી ઇત્યાદિને આ દાગીનાઓના ટ્રસ્ટીઓ નીમી તેમના પર લખવાનો કાગળ ઘડ્યો, ને સવારમાં સ્ત્રીપુત્રાદિની સાથે મસલત કરી મારો ભાર હળવો કરવાનો નિશ્ચય કર્યો.

ધર્મપત્નીને સમજાવવાનું મુશ્કેલ પડશે એ હું જાણતો હતો. બાળકોને સમજાવવામાં મુદ્દલ મુશ્કેલી નહીં આવે એવી મને ખાતરી હતી. તેમને વકીલ નીમવાનો વિચાર કર્યો. બાળકો તો તુરત સમજ્યાં. “અમારે એ દાગીનાઓનું કામ નથી. આપણે તે બધું પાછું જ આપવું. ને કદાચ આપણને એવી વસ્તુ જોઈતી હશે તો આપણે પોતે ક્યાં નથી લઈ શકતા?” આમ તેઓ બોલ્યાં.

હું રાજી થયો. “ત્યારે બાને તમે સમજાવશો ને?” મેં પૂછ્યું.

“જરૂર, જરૂર, એ અમારું કામ. એને ક્યાં એ દાગીના પહેરવા છે? એ તો અમારે સારુ રાખવા ઇચ્છે. અમારે એ ન જોઈએ, પછી એ શાની હઠ કરે?”

પણ કામ ધાર્યા કરતાં વસમું નીવડ્યું.

“તમારે ભલે ખપ ન હોય, તમારા છોકરાઓને ભલે ન હોય – બાળકોને જેમ ચડાવો તેમ ચડે. ભલે મને પહેરવા ન દો, પણ મારી વહુઓનું શું? એમને તો ખપ આવશે? અને કોણ જાણે છે કે કાલે શું થશે? એટલા હેતથી આપેલી વસ્તુઓ પાછી ન દેવાય.” આમ વાગ્ધારા ચાલી ને તેની સાથે અશ્રુધારા મળી. બાળકો મક્કમ રહ્યાં, મારે ડગવાપણું નહોતું.

મેં હળવેથી કહ્યું : “છોકરાઓ પરણે તો ખરા. આપણે ક્યાં બાળવયે પરણાવવા છે? મોટા થાય ત્યારે તો તે પોતે જ ભલે કરવું હોય તે કરે. અને આપણે ક્યાં ઘરેણાંની શોખીન વહુઓ ગોતવી છે? છતાં કંઈ કરાવવું જ પડે તો હું ક્યાં નથી બેઠો?”

“જાણ્યા તમને! મારાં ઘરેણાં પણ લઈ લીધાં એ જ તમે ના? મને સુખે નથી પહેરવા દીધું એ તમે મારી વહુઓને સારુ શું લેવાના હતા? છોકરાઓને આજથી વેરાગી બનાવી રહ્યા છો! એ દાગીના નહીં પાછા અપાય. અને મારા હાર ઉપર તમારો શો હક?”

“પણ એ હાર તારી સેવાને ખાતર કે મારી સેવાને ખાતર મળ્યો છે?” મેં પૂછ્યું.

“ભલે ને! તમારી સેવા એટલે મારી પણ થઈ. મારી પાસે રાતદહાડો મજૂરી કરાવી, એ સેવામાં નહીં ગણાતું હોય? રડાવીને પણ જેને ને તેને ઘરમાં રાખ્યા ને ચાકરીઓ કરાવી તેનું શું?”

આ બધાં બાણ અણિયાળાં હતાં. એમાંનાં કેટલાંક વાગતાં હતાં. પણ ઘરેણાં તો મારે પાછાં આપવાં જ હતાં. ઘણી વાતોમાં હું જેવીતેવી સંમતિ લઈ શક્યો. 1896માં મળેલી ને 1901માં મળેલી ભેટો પાછી આપી. તેનું ટ્રસ્ટ બન્યું ને તેનો જાહેર કામને સારુ ઉપયોગ થાય એ શરતે તે બૅન્કમાં મુકાઈ. એ ઘરેણાં વેચવા નિમિત્તે ઘણી વેળા હું પૈસા એકઠા કરી શક્યો છું. આજે પણ આપત્તિફાળા તરીકે તે મોજૂદ છે ને તેમાં વૃદ્ધિ થતી ગઈ છે.

આ પગલાને વિશે મને કદી પશ્ચાત્તાપ થયો નથી. દિવસો જતાં કસ્તૂરબાને પણ તેની યોગ્યતા જણાઈ ગઈ. અમે ઘણી લાલચોમાંથી ઊગર્યાં છીએ. જાહેર સેવકને અંગત ભેટો ન હોય એવા અભિપ્રાય ઉપર હું આવેલો છું.

આમ દેશ જવા વિદાય થયો.

હિંદુસ્તાન પહોંચ્યા પછી થોડો સમય ફરવામાં ગાળ્યો. આ 1901ની સાલ હતી. મારે મહાસભામાં તો જવાનું હતું જ. એ વર્ષની મહાસભા કલકત્તે હતી. મહાસભાનો મારો આ પહેલો અનુભવ હતો.

સ્વયંસેવકો એકબીજા સાથે અથડાય. જે કામ જેને સોંપો તે તેનું ન હોય. તે તુરત બીજાને બોલાવે; બીજો ત્રીજાને. બાપડો પ્રતિનિધિ તો નહીં ત્રણમાં, નહીં તેરમાં ને નહીં છપ્પનના મેળમાં. મેં કેટલાક સ્વયંસેવકો જોડે દોસ્તી કરી. તેમને કંઈક દક્ષિણ આફ્રિકાની વાત કરી. તેથી તેઓ જરા શરમાયા. મેં તેમને સેવાનો મર્મ સમજાવવા પ્રયત્ન કર્યો. તે થોડું સમજ્યા. પણ સેવાની આવડત કંઈ બિલાડીના ટોપની પેઠે ઊગી નીકળતી નથી. તેને સારુ ઇચ્છા જોઈએ ને પછી મહાવરો. આ ભોળા ને ભલા સ્વયંસેવકોને ઇચ્છા તો ઘણીયે હતી. પણ તાલીમ ને મહાવરો ક્યાંથી મળે? મહાસભા વરસમાં ત્રણ દિવસ મળી સૂઈ જાય. દર વર્ષે ત્રણ દિવસની તાલીમથી કેટલું ઘડતર થાય?

જેવા સ્વયંસેવક તેવા જ પ્રતિનિધિ. તેમને પણ તેટલા જ દહાડાની તાલીમ. પોતાને હાથે પોતે કશું જ ન કરે. બધી વાતમાં હુકમ. "સ્વયંસેવક, આ લાવો ને તે લાવો" ચાલ્યા જ કરે.

ગંદકીનો પાર નહોતો. બધે પાણી જ પાણી થઈ રહ્યું હતું. પાયખાનાં થોડાં જ હતાં. તેની દુર્ગંધનું સ્મરણ મને હજુ પજવે છે. સ્વયંસેવકને મેં તે બતાવ્યું. તેણે ઘસીને કહ્યું, "એ તો ભંગીનું કામ." મેં સાવરણાની માગણી કરી. પેલો સામું જોઈ રહ્યો. મેં સાવરણો પેદા કરી લીધો. પાયખાનું સાફ કર્યું. પણ એ તો મારી સગવડ ખાતર. ભીડ એટલી હતી ને પાયખાનાં એટલાં ઓછાં હતાં કે દરેક ઉપયોગ પછી તે સાફ થવાં જોઈએ. તેમ કરવું મારી શક્તિ

બહાર હતું. એટલે મેં મારા પૂરતી સગવડ કરી લઈ સંતોષ વાળ્યો. મેં જોયું કે બીજાઓને એ ગંદકી ખૂંચતી નહોતી.

મહાસભા વીતી, પણ મારે તો દક્ષિણ આફ્રિકાના કામને અંગે ચેમ્બર ઑફ કૉમર્સ ઇત્યાદિ મંડળોને મળવાનું હતું. તેથી હું કલકત્તામાં એક માસ રહ્યો. હું કલકત્તામાં રોકાવાનો હતો એ ગોખલેના જાણવામાં આવતાં જ તેમણે મને પોતાની સાથે રહેવા આમંત્રણ આપ્યું. મેં તે આભારસહિત સ્વીકાર્યું.

●

ગોખલે સાથે એક માસ

પહેલે જ દહાડેથી ગોખલેએ મને હું મહેમાન છું એવું ન ગણવા દીધું. હું તેમનો સગો નાનો ભાઈ હોઉં એમ મને રાખ્યો. મારી હાજતો બધી જાણી લીધી ને તેને અનુકૂળ થવાની તજવીજ કરી લીધી. સારે નસીબે મારી હાજતો થોડી હતી. બધું જાતે કરી લેવાની ટેવ મેં કેળવી હતી, તેથી મારે થોડી જ સેવા લેવી રહેતી. સ્વાવલંબનની મારી આ ટેવની, મારી તે કાળની પોશાક વગેરેની સુઘડતાની, મારા ઉદ્યમની, ને મારી નિયમિતતાની તેમના ઉપર ઊંડી છાપ પડી, ને તેની હું અકળાઉં એટલી સ્તુતિ કરવા લાગ્યા.

તેમને મારાથી છાનું એવું કશું હોય એમ મને ન ભાસ્યું. જે કોઈ મોટા માણસો તેમને મળવા આવતા તેમની મને ઓળખાણ કરાવતા.

ગોખલેની કામ કરવાની પદ્ધતિથી મને જેટલો આનંદ થયો તેટલું જ શીખવાનું મળ્યું. તેઓ પોતાની એક પણ ક્ષણ નકામી ન જવા દેતા. તેમના બધા સંબંધો દેશકાર્યને અંગે જ હતા એમ મેં અનુભવ્યું. બધી વાતો પણ દેશકાર્યને ખાતર. વાતોમાં મેં ક્યાંયે મલિનતા, દંભ કે જૂઠ ન જોયાં. હિંદુસ્તાનની કંગાલિયત અને પરાધીનતા તેમને પ્રતિક્ષણ ખૂંચતી. અનેક માણસો તેમને અનેક બાબતોમાં રસ લેવડાવવા આવે. તેમને એક જ જવાબ દેતા : “તમે એ કામ કરો. મને મારું કરવા દો. મારે તો દેશની સ્વાધીનતા મેળવવી છે. તે મળ્યા પછી મને બીજું સૂઝશે. અત્યારે તો એ વ્યવસાયમાંથી મારી પાસે એક ક્ષણ પણ બાકી રહેતી નથી.”

ગોખલે ઘોડાગાડી રાખતા. મેં તેમની પાસે ફરિયાદ કરી. હું તેમની મુશ્કેલીઓ નહોતો

સમજી શક્યો. "તમે કાં બધે ટ્રામમાં ન જઈ શકો? શું એથી નેતાવર્ગની પ્રતિષ્ઠા ઓછી થાય?"

જરા દિલગીર થઈને તેમણે જવાબ આપ્યો : "તમે પણ મને ન સમજી શક્યા કે? મને વડી ધારાસભામાંથી જે મળે છે તે હું મારે સારુ નથી વાપરતો. તમારી ટ્રામની મુસાફરીની મને અદેખાઈ આવે છે. પણ મારાથી તેમ નથી થઈ શકતું. તમને જ્યારે મારા જેટલા જ લોકો ઓળખતા થશે ત્યારે તમારે પણ ટ્રામમાં ફરવું મુશ્કેલ થઈ પડવાનું છે. નેતાઓ જે કંઈ કરે છે તે મોજશોખને જ સારુ કરે છે એમ માનવાનું કશું કારણ નથી. તમારી સાદાઈ મને પસંદ છે. હું બને તેટલી સાદાઈથી રહું છું. પણ તમે જરૂર માનજો કે કેટલુંક ખર્ચ મારા જેવાને સારુ અનિવાર્ય છે."

આમ મારી એક ફરિયાદ તો બરોબર રદ થઈ. પણ બીજી ફરિયાદ મારે રજૂ કરવી રહી હતી તેનો સંતોષકારક જવાબ તેઓ ન આપી શક્યા : "પણ તમે ફરવા પણ પૂરા નથી જતા. એટલે તમે માંદા રહો છો એમાં શી નવાઈ? શું દેશકાર્યમાંથી વ્યાયામને સારુ પણ નવરાશ ન મળી શકે?" મેં કહ્યું.

"મને કયે વખતે તમે નવરો જુઓ છો, જ્યારે હું ફરવા જઈ શકું?" જવાબ મળ્યો.

મારા મનમાં ગોખલેને વિશે એવો આદર હતો કે હું તેમને પ્રત્યુત્તર ન આપતો. ઉપરના જવાબથી મને સંતોષ ન થયો, પણ હું ચૂપ રહ્યો. મેં માન્યું ને હજુ માનું છું કે, ગમે તેવાં કામ છતાં જેમ આપણે ખાવાનો સમય કાઢીએ છીએ તેમ જ વ્યાયામનો કાઢવો જોઈએ. તેથી દેશની સેવા વધારે થાય પણ ઓછી નહીં, એવો મારો નમ્ર અભિપ્રાય છે.

ગોખલેની છાયા તળે રહી મેં બધો સમય ઘરમાં બેસીને ન ગાળ્યો. હું કલકત્તાની ગલીએ ગલી રખડ્યો, એમ કહું તો ચાલે. ઘણુંખરું કામ પગપાળા કરતો. કાલિનું મંદિર જોવાની મને તીવ્ર ઇચ્છા હતી. તેનું વર્ણન મેં પુસ્તકમાં વાંચ્યું હતું. તેથી ત્યાં એક દિવસ જઈ ચડ્યો. રસ્તે બલિદાનનાં ઘેંટાંની તો હારની હાર ચાલી જતી હતી. મંદિરની ગલીમાં પહોંચતાં જ ભિખારીઓની લંગાર લાગી રહેલી જોઈ. બાવાઓ તો હોય જ. મારો રિવાજ તે વખતે પણ હૃષ્ટપુષ્ટ ભિખારીને કશું ન આપવાનો હતો. ભીખ માગનારા તો ખૂબ વળગ્યા હતા.

એક બાવાજી ઓટલા ઉપર બેઠા હતા. તેણે બોલાવ્યો : "ક્યોં બેટા, કહાં જાતે હો?" મેં અનુકૂળ ઉત્તર વાળ્યો. તેણે મને અને મારા સાથીને બેસવા કહ્યું. અમે બેઠા.

મેં પૂછ્યું : "આ ઘેટાંનો ભોગ તમે ધર્મ માનો છો?"

તેણે કહ્યું : "જીવને હણવામાં ધર્મ કોણ માને?"

"ત્યારે તમે અહીં બેસી લોકોને કેમ બોધ નથી દેતા?"

"અમારું એ કામ નથી. અમે તો બેસીને ભગવદ્‌ભક્તિ કરીએ."

મેં સંવાદ આગળ ન વધાર્યો. અમે મંદિરે પહોંચ્યા. સામે લોહીની નદી વહેતી હતી. દર્શન કરવા ઊભવાની મારી ઇચ્છા ન રહી. હું ખૂબ અકળાયો, બેચેન થયો. આ દૃશ્ય હું હજુ લગી ભૂલી શક્યો નથી.

આ ઘાતકી રિવાજ બંધ થવો જોઈએ એમ લાગ્યું. પેલી બુદ્ધદેવવાળી કથા યાદ આવી. પણ મેં જોયું કે આ કામ મારી શક્તિની બહાર હતું.

જે મેં ત્યારે ધાર્યું તે આજે પણ ધારું છું. મારે મન ઘેટાંના જીવની કિંમત મનુષ્યના જીવના કરતાં ઓછી નથી. મનુષ્યદેહને નિભાવવા હું ઘેટાંનો દેહ લેવા તૈયાર ન થાઉં. જેમ વધારે અપંગ જીવ તેમ તેને મનુષ્યના ઘાતકીપણાથી બચવા મનુષ્યના આશ્રયનો વધારે અધિકાર છે એમ હું માનું છું. પણ તેવી યોગ્યતા વિના મનુષ્ય આશ્રય આપવા પણ અસમર્થ છે. ઘેટાંને આ પાપી હોમમાંથી બચાવવા, મારી પાસે છે તેના કરતાં અતિશય વધારે આત્મશુદ્ધિની અને ત્યાગની આવશ્યકતા છે. એ શુદ્ધિ અને એ ત્યાગની અત્યારે તો ઝંખના કરતાં જ મારે મરવું રહ્યું છે એમ લાગે છે. એવો કોઈ તેજસ્વી પુરુષ કે એવી કોઈ તેજસ્વિની સતી પેદા થાઓ, જે આ મહાપાતકમાંથી મનુષ્યને બચાવે, નિર્દોષ પ્રાણીઓની રક્ષા કરે, ને મંદિરને શુદ્ધ કરે, એવી પ્રાર્થના તો નિરંતર કરું છું. જ્ઞાની, બુદ્ધિશાળી, ત્યાગવૃત્તિવાળું, ભાવનાપ્રધાન બંગાળ કેમ આ વધ સહન કરે છે?

ગોખલેની છાયા નીચે રહેવાથી બંગાળમાં મારું કામ બહુ સરળ થઈ પડ્યું. બંગાળનાં અગ્રગણ્ય કુટુંબોની માહિતી હું સહેજે પામ્યો ને બંગાળ સાથે મારો નિકટ સંબંધ થયો. તે માસમાં હું બ્રહ્મદેશ પણ ડૂબકી મારી આવ્યો હતો. ત્યાંના ફૂંગીઓની મુલાકાત કરી. તેમના આળસથી દુઃખી થયો. બ્રહ્મદેશની મહિલાઓની સ્વતંત્રતા, તેમનો ઉત્સાહ, ને ત્યાંના પુરુષોની મંદતા જોઈ મહિલાઓ ઉપર મોહ પામ્યો ને પુરુષોને વિશે દુઃખ થયું.

બ્રહ્મદેશથી પાછા ફરી મેં ગોખલે પાસેથી વિદાયગીરી લીધી. તેમનો વિયોગ મને સાલ્યો, પણ મારું કલકત્તાનું કામ પૂરું થયું હતું.

ધંધે વળગું તે પહેલાં મારો વિચાર હિંદુસ્તાનનો નાનકડો પ્રવાસ ત્રીજા વર્ગમાં કરી, ત્રીજા વર્ગના મુસાફરોનો પરિચય કરવાનો અને તેમનાં દુઃખો જાણી લેવાનો હતો. ગોખલે આગળ મેં આ વિચાર મૂક્યો. તેમણે પ્રથમ તો તે હસી કાઢ્યો. પણ જ્યારે મેં મારી આશાઓનું વર્ણન કર્યું, ત્યારે તેમણે ખુશીથી મારી યોજનાને સંમતિ આપી.

ગોખલે સ્ટેશન ઉપર મને વળાવવા આવ્યા. મેં ન આવવા વીનવ્યા. “તમે પહેલા વર્ગમાં જાત તો કદાચ હું ન આવત, પણ હવે તો મારે આવવું જ છે,” એમ ગોખલે બોલ્યા.

આ મુસાફરી કલકત્તેથી રાજકોટ સુધીની હતી. ત્રીજા વર્ગના ડબ્બામાં ગંદકી અને પાયખાનાની બૂરી હાલત તો જેવાં આજે છે તેવાં તે વખતે હતાં. આજે કદાચ સહેજ સુધારો થયો હોય તો ભલે.

રેલખાતા તરફની આ અગવડો ઉપરાંત, મુસાફરોની કુટેવો સુઘડ મુસાફરને સારુ ત્રીજા વર્ગની મુસાફરી સજારૂપ કરી નાખે છે. ગમે ત્યાં થૂંકવું, ગમે ત્યાં કચરો નાખવો, ગમે તેમ ને ગમે તે વખતે બીડી ફૂંકવી, પાનજરદો ચાવવાં ને તેની પિચકારીઓ બેઠા હોય ત્યાં જ મારવી, એઠવાડ ભોંય ઉપર નાખવો, બરાડા પાડીને વાતો કરવી, જોડે બેઠેલાની દરકાર ન કરવી, ને ભાષાની ગંદકી – આ તો સાર્વત્રિક અનુભવ છે.

આ મહાવ્યાધિનો ઉપાય મેં એક જ જાણ્યો છે. તે એ કે, શિક્ષિત વર્ગે ત્રીજા વર્ગમાં જ મુસાફરી કરવી ને લોકોની ટેવો સુધારવા પ્રયત્ન કરવો. સિવાય, રેલખાતાના અમલદારોને ફરિયાદોથી પજવી મેલવા, પોતાની સગવડ મેળવવા કે જાળવવા લાંચરુશવત ન આપવાં, ન એક પણ ગેરકાયદે વર્તણૂક જતી કરવી. આમ કરવાથી ઘણો સુધારો થઈ શકે છે એવો મારો અનુભવ છે. હવે કાશીના અનુભવ ઉપર આવું. હું કાશીવિશ્વનાથનાં દર્શન કરવા ગયો. ત્યાં જે જોયું તેથી દુઃખ જ પામ્યો. સાંકડી લપસણી ગલીમાં થઈને જવાનું. શાંતિનું નામ જ નહીં. માખીઓનો બણબણાટ, મુસાફરો ને દુકાનદારોનો ઘોંઘાટ અસહ્ય લાગ્યાં. હું જ્ઞાનવાપી નજીક ગયો. મેં અહીં ઈશ્વરને ખોળ્યો, પણ તે ન જડ્યો. તેથી મનમાં ધૂંધવાઈ રહ્યો હતો.

ભગવાનની દયા વિશે જો કોઈને શંકા હોય તો આવાં તીર્થક્ષેત્રો જુએ. તે મહાયોગી પોતાને નામે કેટલાં ધતિંગ, અધર્મ, પાખંડ ઇત્યાદિ સહન કરે છે!

ત્યાં દક્ષિણ આફ્રિકાથી અણધાર્યો તાર આવ્યો: “ચેમ્બરલેન અહીં આવે છે, તમારે આવવું જોઈએ.” મારું વચન તો મને યાદ જ હતું. હું રવાના થયો.

હું તે વેળા માનતો હતો કે, જે જુવાનિયાઓ દેશમાં ન કમાતા હોય ને સાહસિક હોય તેમણે દેશાવર નીકળી જવું એ સારું છે. તેથી મારી સાથે ચારપાંચને લઈ ગયો. તેમાં મગનલાલ ગાંધી પણ હતા. જેમ મારા આદર્શ આગળ ગયા (એમ હું માનું છું) તેમ આ જુવાનોના આદર્શોને પણ વાળવાનો મેં પ્રયત્ન કર્યો. તેમાં મગનલાલ ગાંધીને દોરવામાં હું બહુ સફળતા પામ્યો.

●

જ્યારે હું ડરબનમાં વકીલાત કરતો ત્યારે ઘણી વાર મારા મહેતાઓ મારી સાથે રહેતા. તેમાં હિંદુ અને ખ્રિસ્તી હતા, ગુજરાતી અને મદ્રાસી હતા. તેમને વિશે મારા મનમાં કદી ભેદભાવ ઊપજ્યાનું મને સ્મરણ નથી. તેમને હું કુટુંબીજન ગણતો ને જો પત્ની તરફથી તેમાં કંઈ વિઘ્ન આવે તો તેની જોડે લડતો. એક મહેતો ખ્રિસ્તી હતો. તેનાં માતપિતા પંચમ જાતિનાં હતાં. ઘરની બાંધણી પશ્ચિમ ઘાટની હતી. તેમાં કોટડીઓમાં ખાળ હોતા નથી, તેથી દરેક કોટડીમાં મોરીને બદલે પેશાબને સારુ ખાસ વાસણ હોય છે. તે ઉપાડવાનું કામ નોકરનું નહોતું, પણ અમારું ધણીધણિયાણીનું હતું. મહેતાઓ જે પોતાને ઘરના જેવા માનતા થઈ જાય તે તો પોતાનું વાસણ પોતે ઉપાડે પણ ખરા. આ પંચમ કુળમાં જન્મેલ મહેતા નવા હતા. તેમનું વાસણ અમારે જ ઉપાડવું જોઈએ. બીજાં તો કસ્તૂરબાઈ ઉપાડતી, પણ આ તેને મન હદ આવી. અમારી વચ્ચે ક્લેશ થયો. હું ઉપાડું એ તેને ન પાલવે, તેને પોતાને ઉપાડવું ભારે થઈ પડ્યું. આંખમાંથી મોતીનાં બિંદુ ટપકાવતી, હાથમાં વાસણ ઝાલતી, અને મને પોતાની લાલ આંખોથી ઠપકો આપતી સીડીએથી ઊતરતી કસ્તૂરબાઈને હું આજે પણ ચીતરી શકું છું.

પણ હું તો જેવો પ્રેમાળ તેવો ઘાતકી પતિ હતો. મને પોતાને હું તેનો શિક્ષક પણ માનતો ને તેથી મારા અંધ પ્રેમને વશ થઈ સારી પેઠે પજવતો. આમ તેના માત્ર વાસણ ઊંચકી જવાથી મને સંતોષ ન થયો. તે હસતે મુખે લઈ જાય તો જ મને સંતોષ થાય. એટલે મેં બે બોલ ઊંચે સાદે કહ્યા. “આ કંકાસ મારા ઘરમાં નહીં ચાલે,” હું બબડી ઊઠ્યો.

આ વચન તીરની જેમ ખૂંચ્યું. પત્ની ધગી ઊઠી : “ત્યારે તમારું ઘર તમારી પાસે રાખો, હું ચાલી.”

હું તો ઈશ્વરને ભૂલ્યો હતો. દયાનો છાંટો સરખો નહોતો રહ્યો. મેં હાથ ઝાલ્યો. સીડીની સામે જ બહાર નીકળવાનો દરવાજો હતો. હું આ રાંક અબળાને પકડીને દરવાજા લગી ખેંચી ગયો. દરવાજો અરધો ઉઘાડ્યો.

આંખમાંથી ગંગાજમના વહી રહ્યાં હતાં, અને કસ્તૂરબાઈ બોલી : “તમને તો લાજ નથી. મને છે. જરા તો શરમાઓ. હું બહાર નીકળીને ક્યાં જવાની હતી? અહીં માબાપ નથી કે ત્યાં જાઉં. હું બાયડી થઈ એટલે મારે તમારા ધુંબા ખાવા જ રહ્યા. હવે લજવાઓ ને બારણું બંધ કરો. કોઈ જોશે તો બેમાંથી એકે નહીં શોભીએ.”

મેં મોં તો લાલ રાખ્યું, પણ શરમાયો ખરો. દરવાજો બંધ કર્યો. જો પત્ની મને છોડી

શકે તેમ નહોતી તો હું પણ તેને છોડીને ક્યાં જનારો હતો? અમારી વચ્ચે કજિયા તો પુષ્કળ થયા છે, પણ પરિણામ હમેશાં કુશળ જ આવ્યું છે. પત્નીએ પોતાની અદ્‌ભુત સહનશક્તિથી જીત મેળવી છે.

આ પુણ્યસ્મરણમાંથી કોઈ એવું તો નહીં માની લે કે અમે આદર્શ દંપતી છીએ, અથવા તો મારી ધર્મપત્નીમાં કંઈ જ દોષ નથી, અથવા તો અમારા આદર્શો હવે તો એક જ છે. પણ તેનામાં એક ગુણ બહુ મોટા પ્રમાણમાં છે જે બીજી ઘણી હિંદુ સ્ત્રીઓમાં ઓછાવત્તા પ્રમાણમાં રહેલો છે. મને-કમને, જ્ઞાનથી-અજ્ઞાનથી, મારી પાછળ ચાલવામાં તેણે પોતાના જીવનની સાર્થકતા માની છે, અને સ્વચ્છ જીવન ગાળવાના મારા પ્રયત્નમાં મને કદી રોક્યો નથી. આથી જોકે અમારી બુદ્ધિશક્તિમાં ઘણું અંતર છે છતાં અમારું જીવન સંતોષી, સુખી અને ઊર્ધ્વગામી છે એમ મને લાગ્યું છે.

કસ્તૂરબાઈ ઉપર ત્રણ ઘાતો ગઈ, અને ત્રણેમાંથી તે કેવળ ઘરઘરાઉ ઉપચારોથી બચી ગઈ. તેમાંનો પહેલો પ્રસંગ બન્યો ત્યારે સત્યાગ્રહનું યુદ્ધ ચાલી રહ્યું હતું. તેને વારંવાર રક્તસ્રાવ (લોહીવા) થયા કરતો. એક દાક્તર મિત્રે શસ્ત્રક્રિયા કરવાની ભલામણ કરી હતી. કેટલીક આનાકાની બાદ પત્નીએ શસ્ત્રક્રિયા કરાવવા હા પાડી. શરીર તો ઘણું ક્ષીણ થઈ ગયું હતું. દાક્તરે ક્લૉરોફૉર્મ વિના શસ્ત્રક્રિયા કરી. ક્રિયા વખતે દરદ ખૂબ થતું હતું, પણ જે ધીરજથી કસ્તૂરબાઈએ તે સહન કર્યું તેથી હું તો આશ્ચર્યચકિત થયો. ક્રિયા નિર્વિઘ્ને પૂરી થઈ. દાક્તરે અને તેમનાં પત્નીએ કસ્તૂરબાઈની સરસ બરદાસ કરી.

આ બનાવ ડરબનમાં બન્યો હતો. બે કે ત્રણ દિવસ પછી મને નિશ્ચિંતપણે જોહાનિસબર્ગ જવાની દાક્તરે રજા આપી. હું ગયો. થોડા જ દિવસમાં ખબર મળ્યા કે, કસ્તૂરબાઈનું શરીર મુદ્દલ વળતું નથી, ને તે પથારીએથી ઊઠીબેસી જ શકતી નથી. એક વાર બેહોશ પણ થઈ ગઈ હતી. દાક્તર જાણતા હતા કે મને પૂછ્યા વિના કસ્તૂરબાઈને દારૂ અથવા માંસ દવામાં કે ખાવામાં ન અપાય. દાક્તરે મને જોહાનિસબર્ગ ટેલિફોન કર્યો : "તમારાં પત્નીને હું માંસનો સેરવો અથવા 'બીફ ટી' આપવાની જરૂર જોઉં છું. મને રજા મળવી જોઈએ."

મેં જવાબ આપ્યો, "મારાથી એ રજા નહીં અપાય. પણ કસ્તૂરબાઈ સ્વતંત્ર છે. તેને પૂછવા જેવી સ્થિતિ હોય તો પૂછો, ને તે લેવા માગે તો બેલાશક આપો."

"દરદીને આવી બાબતો પૂછવાની હું ના પાડું છું. તમારે પોતે અહીં આવવાની જરૂર છે. જો મને ગમે તે ખવડાવવાની છૂટ ન આપો તો તમારી સ્ત્રીને સારુ હું જોખમદાર નથી."

મેં તે જ દહાડે ડરબનની ટ્રેન લીધી. ડરબન પહોંચ્યો. દાક્તરે સમાચાર આપ્યા, "મેં તો સેરવો પાઈને તમને ટેલિફોન કર્યો હતો!"

"દાક્તર, આને હું દગો માનું છું," મેં કહ્યું.

"દવા કરતી વખતે દગોબગો હું સમજતો નથી. અમે દાક્તરો આવે સમયે દરદીને કે તેના સંબંધીઓને છેતરવામાં પુણ્ય માનીએ છીએ. અમારો ધર્મ તો ગમે તેમ કરીને દરદીને બચાવવાનો છે!" દાક્તરે દૃઢતાપૂર્વક જવાબ આપ્યો.

મને ખૂબ દુઃખ થયું. હું શાંત રહ્યો. દાક્તર મિત્ર હતા, ભલા હતા. તેમનો અને તેમનાં પત્નીનો મારા ઉપર ઉપકાર હતો. પણ ઉપલી વર્તણૂક સહન કરવા હું તૈયાર નહોતો.

"દાક્તર, હવે ચોખવટ કરો. શું કરવા માગો છો? મારી પત્નીને હું કદી તેની ઇચ્છા વિના માંસ દેવા નહીં દઉં. તે ન લેતાં તેનું મૃત્યુ થવાનું હોય તો તે સહન કરવા તૈયાર છું."

દાક્તર બોલ્યા, "તમારી ફિલસૂફી મારે ઘેર તો નહીં જ ચાલે. હું તમને કહું છું કે તમારી પત્નીને મારે ઘેર રહેવા દેશો ત્યાં લગી હું તેને જરૂર માંસ અથવા જે કંઈ આપવું ઘટશે તે આપીશ. જો એમ ન કરવું હોય તો તમે તમારી પત્નીને લઈ જાઓ. મારા જ ઘરમાં હાથે કરીને હું તેનું મરણ થવા નહીં દઉં."

"ત્યારે શું તમે એમ કહો છો કે મારે મારી પત્નીને હમણાં જ લઈ જવી?"

"હું ક્યાં કહું છું લઈ જાઓ? હું તો કહું છું કે મારા ઉપર કશા પ્રકારનો અંકુશ ન મૂકો. તો અમે બન્ને તેની જેટલી થઈ શકે એટલી બરદાસ કરશું ને તમે સુખે જાઓ. જો આવી સીધી વાત તમે ન સમજી શકો તો મારે લાચારીથી કહેવું જોઈએ કે તમારી પત્નીને મારા ઘરમાંથી લઈ જાઓ."

હું ધારું છું કે તે વેળા મારો એક દીકરો મારી સાથે હતો. તેને મેં પૂછ્યું. તેણે કહ્યું, "તમે કહો છો એ મને કબૂલ છે. બાને માંસ તો ન જ અપાય."

પછી હું કસ્તૂરબાઈ પાસે ગયો. તે બહુ અશક્ત હતી. તેને કંઈ પણ પૂછવું મને દુઃખદેણ હતું. પણ ધર્મ સમજી મેં તેને ટૂંકામાં ઉપરની વાત કહી સંભળાવી. તેણે દૃઢતાપૂર્વક જવાબ આપ્યો : "મારે માંસનો સેરવો નથી લેવો. મનખા દેહ વારે વારે નથી આવતો. ભલે તમારા ખોળામાં હું મરી જાઉં, પણ મારાથી આ દેહ વટલાવાશે નહીં."

મેં સમજાવાય તેટલું સમજાવ્યું ને કહ્યું, "તું મારા વિચારોને અનુસરવા બંધાયેલી નથી." અમારી જાણના કેટલાક હિંદુઓ દવાને અર્થે માંસ અને મદ્ય લેતા તે પણ કહી સંભળાવ્યું. પણ તે એક ટળી બે ન થઈ અને બોલી : "મને અહીંથી લઈ જાઓ."

હું બહુ રાજી થયો. લઈ જતાં ગભરાટ થયો. પણ નિશ્ચય કરી લીધો. દાક્તરને પત્નીનો નિશ્ચય સંભળાવ્યો. દાક્તર ગુસ્સે થઈ બોલ્યા :

"તમે તો ઘાતકી પતિ દેખાઓ છો. આવી માંદગીમાં તેને બિચારીને આવી વાત કરતાં

તમને શરમ પણ ન થઈ? હું તમને કહું છું કે તમારી સ્ત્રી અહીંથી લઈ જવા લાયક નથી. જરા પણ હડદોલો સહન કરે તેવું તેનું શરીર નથી. તેનો પ્રાણ રસ્તામાં જ જાય તો મને આશ્ચર્ય નહીં થાય. છતાં તમે હઠથી નહીં જ માનો તો તમે તમારા મુખી છો. મારાથી તેને સેરવો ન અપાય તો મારા ઘરમાં એક રાત રાખવાનું પણ જોખમ હું નહીં લઉં."

ઝરમર ઝરમર મેહ વરસતો હતો. સ્ટેશન દૂર હતું. ડરબનથી ફિનિક્સ રેલરસ્તો ને ફિનિક્સથી લગભગ અઢી માઈલનો પગરસ્તો હતો. જોખમ સારી પેઠે હતું. પણ ઈશ્વર સહાય થશે એમ મેં માની લીધું. મેં ફિનિક્સ એક માણસ આગળથી મોકલ્યો. ફિનિક્સમાં અમારી પાસે 'હૅમક' હતું. હૅમક તે જાળીવાળા કપડાની ઝોળી અથવા પારણું. તેના છેડા વાંસ ઉપર બંધાય એટલે દરદી તેમાં આરામથી ઝૂલતું રહી શકે. એ હૅમક, એક બાટલી ગરમ દૂધની ને એક બાટલી ગરમ પાણીની તથા છ માણસો લઈને ફિનિક્સ સ્ટેશન ઉપર આવવા વેસ્ટને કહેવડાવ્યું.

બીજી ટ્રેન ઊપડવાનો સમય થયો ત્યારે મેં રિક્ષા મગાવી. ને તેમાં આ ભયંકર સ્થિતિમાં પત્નીને લઈ હું ચાલતો થયો. પત્નીને મારે હિંમત આપવાપણું નહોતું. ઊલટું તેણે મને હિંમત આપીને કહ્યું, "મને કંઈ નહીં થાય. તમે ચિંતા ન કરજો."

આ હાડપિંજરમાં વજન તો રહ્યું જ નહોતું. ખોરાક કંઈ ખવાતો નહોતો. ટ્રેનમાં ડબ્બા સુધી પહોંચતાં સ્ટેશનના વિશાળ પ્લૅટફૉર્મ ઉપર લાંબે સુધી ચાલીને જવાનું હતું. ત્યાં રિક્ષા જઈ શકે એમ નહોતું. હું તેને તેડીને ડબ્બા લગી લઈ ગયો. ફિનિક્સ તો પેલી ઝોળી આવેલી. તેમાં અમે દરદીને આરામથી લઈ ગયા. ત્યાં કેવળ પાણીના ઉપચારથી ધીમે ધીમે શરીર બંધાયું.

શસ્ત્રક્રિયા પછી જોકે કસ્તૂરબાઈને રક્તસ્રાવ થોડા સમયને સારુ બંધ રહ્યો હતો પણ પાછો તેણે ઊથલો માર્યો. તે કેમેય મટે નહીં. નકરા પાણીના ઉપચારો વ્યર્થ નીવડ્યા. પત્નીને જોકે મારા ઉપચારો ઉપર ઝાઝી આસ્થા નહોતી, છતાં તેનો તિરસ્કાર પણ નહોતો. બીજી દવા કરવાનો આગ્રહ નહોતો. તેથી જ્યારે મારા બીજા ઉપચારોમાં સફળતા ન મળી ત્યારે મેં તેને મીઠું અને કઠોળ છોડવા વીનવી. બહુ મનાવતા છતાં, મારા કથનના ટેકામાં કંઈ કંઈ વંચાવતાં, માને નહીં. છેવટે તેણે કહ્યું, "કઠોળ ને મીઠું છોડવાનું તો તમને કોઈ કહે તો તમે પણ ન છોડો." મને દુઃખ થયું ને હર્ષ પણ થયો. મારો પ્રેમ ઠલવવાનો મને પ્રસંગ મળ્યો. તે હર્ષમાં મેં તુરત જ કહ્યું, "તારી માન્યતા ભૂલભરેલી છે. મને દરદ હોય ને વૈદ આ વસ્તુ કે બીજી કોઈ વસ્તુ છોડવાનું કહે તો જરૂર છોડી દઉં. પણ જા. મેં તો એક વર્ષને સારુ કઠોળ અને મીઠું બન્ને છોડ્યાં. તું છોડે કે ન છોડે એ નોખી વાત છે."

પત્નીને ભારે પશ્ચાત્તાપ થયો. તે બોલી ઊઠી, "મને માફ કરો. તમારો સ્વભાવ જાણતાં છતાં કહેતાં કહેવાઈ ગયું. હવે હું તો કઠોળ ને મીઠું નહીં ખાઉં. પણ તમે તો તમારું વેણ પાછું ખેંચી લો. આ તો મને બહુ સજા કહેવાય."

મેં કહ્યું: "તું કઠોળમીઠું છોડશે તો તો બહુ જ સારું. મારી ખાતરી છે કે તેથી તને ફાયદો જ થશે. પણ લેવાયેલી પ્રતિજ્ઞા મારાથી ફેરવાય નહીં. મને તો લાભ જ થવાનો. ગમે તે નિમિત્તે માણસ સંયમ પાળે તોયે તેમાં લાભ જ છે. એટલે તું મને આગ્રહ ન કરજે. વળી મને પણ મારી પરીક્ષા થઈ રહેશે, ને તે બે વસ્તુઓ છોડવાનો જે નિશ્ચય તેં કર્યો છે તેમાં કાયમ રહેવામાં તને મદદ મળશે." આ પછી મને મનાવવાપણું તો રહ્યું જ નહીં. "તમે તો બહુ હઠીલા છો. કોઈનું કહ્યું માનવું જ નહીં," કહી ખોબો આંસુ ઢાળી શાંત રહી.

આને હું સત્યાગ્રહને નામે ઓળખાવવા માગું છું, ને તેને મારી જિંદગીનાં મીઠાં સ્મરણોમાંનું એક માનું છું.

●

'ઇન્ડિયન ઓપીનિયન'

દક્ષિણ આફ્રિકામાં પહેલું હિંદી છાપખાનું કાઢવાનો જશ મદનજિત વ્યાવહારિક નામના ગુજરાતી ગૃહસ્થને છે. થોડાં વરસો બાદ તેમણે એક છાપું કાઢવાનો પણ ઇરાદો કર્યો. મારી સલાહ ને મદદ માંગ્યાં. આ છાપાની ઉત્પત્તિ 1904માં થઈ. મનસુખલાલ નાજર અધિપતિ થયા. પણ અધિપતિપણાનો ખરો બોજો મારા ઉપર જ પડ્યો.

એ છાપાએ કોમની સારી સેવા કરી છે. તેમાં હું પ્રતિસપ્તાહ મારો આત્મા રેડતો. જેલના સમયો બાદ કરતાં 1914ની સાલ સુધીના 'ઇન્ડિયન ઓપીનિયન'ના એવા અંકો ભાગ્યે જ હશે જેમાં મેં કંઈ નહીં લખ્યું હોય. એમાં એક પણ શબ્દ મેં વગરવિચાર્યે, વગરતોળ્યે લખ્યો હોય, કે જાણીજોઈને અતિશયોક્તિ કરી હોય એવું મને યાદ નથી. મારે સારુ એ છાપું સંયમની તાલીમ થઈ પડ્યું હતું. ટીકાકારોને તેમાંથી ટીકા કરવાનું બહુ ઓછું મળી શકતું. હું જાણું છું કે એનાં લખાણો ટીકાકારને પોતાની કલમ ઉપર અંકુશ મેલવા ફરજ પાડતાં. એ છાપા વિના સત્યાગ્રહની લડત ન ચાલી શકત. મારી પાસે હૃદય ઠાલવનારા કાગળોના

ઢગલા થતા. ભાતભાતનાં લખાણો મારી પાસે આવે. તે વાંચવાં, વિચારવાં, જવાબ આપવા, એ મારે સારુ ઉત્તમ શિક્ષણ થઈ પડ્યું.

એ અખબારમાં પ્રથમ જાહેરખબરો લેવામાં આવતી. મેં જોયું કે જો છાપું કમાઈને અર્થે નહીં પણ કેવળ કોમની સેવાને અર્થે ચાલતું હોય તો તે સેવા જબરદસ્તીથી નહીં થવી જોઈએ, પણ કોમ ઇચ્છે તો જ થવી જોઈએ. અને કોમની ઇચ્છાનો ચોખ્ખો પુરાવો તો એ જ ગણાય કે કોમ ઘટતી સંખ્યામાં ઘરાક થઈ તેનું ખર્ચ ઉપાડી લે. વિચાર થયો અને તુરત અમલમાં મૂક્યો. કોમ તરત સમજી ગઈ કે 'ઇન્ડિયન ઓપીનિયન'ની માલિકી અને તે ચલાવવાની જવાબદારી બન્ને તેને હસ્તક રહ્યાં.

વર્તમાનપત્રો સેવાભાવથી જ ચાલવાં જોઈએ. વર્તમાનપત્ર એ ભારે શક્તિ છે. પણ જેમ નિરંકુશ પાણીનો ધોધ ગામનાં ગામ ડુબાવે છે ને પાકનો નાશ કરે છે, તેમ નિરંકુશ કલમનો ધોધ નાશ કરે છે. એ અંકુશ બહારથી આવે તો નિરંકુશતા કરતાં વધારે ઝેરી નીવડે છે. અંદરનો અંકુશ જ લાભદાયી હોઈ શકે.

આ વિચારસરણી સાચી હોય તો દુનિયામાં કેટલાં વર્તમાનપત્રો નભી શકે? પણ નકામાંને બંધ કોણ કરે? કોણ કોને નકામું ગણે? કામનું ને નકામું સાથે સાથે ચાલ્યા જ કરવાનાં. તેમાંથી મનુષ્યે પોતાની પસંદગી કરવાની રહી.

●

એક પુસ્તકની જાદુઈ અસર

નિરામિષાહારી ભોજનગૃહમાં એક દિવસે હું જે ટેબલે બેઠો હતો ત્યાંથી દૂરના ટેબલે એક નવજુવાન જમતા હતા. તેમણે મને મળવાની ઇચ્છાથી પોતાનું નામ મોકલ્યું. મેં તેમને મારા ટેબલ ઉપર આવવા નોતર્યા. તે આવ્યા. મિ૰ પોલાકની નિખાલસતાથી હું તેમની તરફ ખેંચાયો.

હું નાતાલ જવા ઊપડ્યો [ત્યારે] પોલાક મને મૂકવા સ્ટેશન ઉપર આવેલા, ને "આ પુસ્તક રસ્તામાં વાંચી શકાય તેવું છે. તે વાંચી જજો. તમને ગમશે", એમ કહી તેમણે રસ્કિનનું 'અનટુ ધિસ લાસ્ટ' મારા હાથમાં મૂક્યું.

આ પુસ્તકને લીધા પછી હું છોડી જ ન શક્યો. તેણે મને પકડી લીધો. જોહાનિસબર્ગથી

નાતાલ ચોવીસ કલાક જેટલો રસ્તો હતો. ટ્રેન સાંજે ડરબન પહોંચતી હતી. પહોંચ્યા પછી આખી રાત ઊંઘ ન આવી. પુસ્તકમાં સૂચવેલા વિચારો અમલમાં મૂકવાનો ઇરાદો કર્યો.

આ પહેલાં રસ્કિનનું એક પણ પુસ્તક મેં વાંચ્યું નહોતું. વિદ્યાભ્યાસના કાળમાં પાઠ્યપુસ્તકો બહાર મારું વાચન નહીં જેવું જ ગણાય. કર્મભૂમિમાં પ્રવેશ કર્યા પછી સમય ઘણો થોડો બચે. એટલે આજ લગી પણ એમ જ કહેવાય કે મારું પુસ્તકોનું જ્ઞાન ઘણું જ થોડું છે. આ અનાયાસે અથવા પરાણે પળાયેલા સંયમથી મને નુકસાન નથી થયું એમ હું માનું છું. પણ જે થોડાં પુસ્તકો વાંચ્યાં છે તેને હું ઠીક પચાવી શક્યો છું એમ કહી શકાય. એવાં પુસ્તકોમાં જેણે મારી જિંદગીમાં તત્કાળ મહત્ત્વનો રચનાત્મક ફેરફાર કરાવ્યો એવું તો આ પુસ્તક જ કહેવાય. તેનો મેં પાછળથી તરજુમો કર્યો, ને તે 'સર્વોદય'ને નામે છપાયેલું છે.

મારી એવી માન્યતા છે કે જે વસ્તુ મારામાં ઊંડે ભરેલી હતી તેનું સ્પષ્ટ પ્રતિબિંબ મેં રસ્કિનના આ ગ્રંથરત્નમાં જોયું, ને તેથી તેણે મારી ઉપર સામ્રાજ્ય જમાવ્યું ને તેમાંના વિચારોનો અમલ મારી પાસે કરાવ્યો.

'સર્વોદય'ના સિદ્ધાંતો હું આમ સમજ્યો :

1. બધાના ભલામાં આપણું ભલું રહેલું છે.
2. વકીલ તેમ જ વાળંદ બન્નેના કામની કિંમત એકસરખી હોવી જોઈએ, કેમ કે આજીવિકાનો હક બધાને એકસરખો છે.
3. સાદું મજૂરીનું, ખેડૂતનું જીવન જ ખરું જીવન છે.

સવાર થયું ને હું તેનો અમલ કરવાના પ્રયત્નમાં પડ્યો. મેં સૂચવ્યું કે 'ઇન્ડિયન ઓપીનિયન'ને એક ખેતર ઉપર લઈ જવું. ત્યાં સહુ એકસરખો ખાધાખરચ પૂરતો ઉપાડ કરે, સહુ પોતાની ખેતી કરે, અને બચતા વખતમાં 'ઇન્ડિયન ઓપીનિયન'નું કામ કરે.

તુરત ડરબનની નજીક કોઈ પણ સ્ટેશન પાસે જમીનના ટુકડાને સારુ મેં છાપામાં જાહેરખબર મૂકી. જવાબમાં ફિનિક્સની જમીનનું કહેણ આવ્યું. સાત દિવસની અંદર 20 એકર જમીન લીધી. તેમાં એક નાનકડો પાણીનો ઝરો હતો. કેટલાંક નારંગીનાં ને કેરીનાં ઝાડ હતાં. જોડે જ 80 એકરનો બીજો એક કકડો હતો. તેમાં વિશેષ ફળઝાડ ને એક ઝૂંપડું હતું. તે પણ થોડા દિવસ બાદ ખરીદ્યો. બેઉના મળીને 1,000 પાઉન્ડ આપ્યા.

પારસી રુસ્તમજી મારાં આવાં બધાં સાહસોના ભાગીદાર હોય જ. તેમને મારી આ યોજના ગમી. એક મોટા ગોડાઉનનાં પતરાં વગેરે તેમની પાસે પડ્યાં હતાં તે તેમણે મફત આપ્યાં. તે વડે બાંધકામ શરૂ કર્યું. એક માસમાં મકાન તૈયાર થયું. એટલે એક અઠવાડિયામાં

ઘણોખરો સામાન ગાડાવાટે ફિનિક્સ લઈ ગયા. ડરબન ને ફિનિક્સ વચ્ચે તેર માઈલનું અંતર હતું. આમ 1904ની સાલમાં ફિનિક્સની સ્થાપના થઈ.

ફિનિક્સની સ્થાપના વખતે મારી કલ્પના એ હતી કે હું પણ ત્યાં જ વસીશ, મારી આજીવિકા તેમાંથી મેળવીશ, ધીમે ધીમે વકીલાત છોડીશ, ફિનિક્સમાં પડ્યો જે સેવા થઈ શકશે તે કરીશ. પણ આ વિચારોનો ધારેલો અમલ તો ન જ થયો.

●

ખૂની કાયદો

ટ્રાન્સવાલના હિંદીઓ ઉપર અંકુશો મૂકવાના પ્રયત્નો થઈ રહ્યા હતા તે જ અરસામાં ઝૂલુ હબસીઓનું બંડ નાતાલમાં જાગ્યું. નાતાલમાં રહેનારા ઘણા ગોરાઓ સ્વયંસેવક તરીકે એ બંડ શમાવવામાં દાખલ થયા. હું પણ નાતાલનો જ રહીશ ગણાતો; તેથી મને લાગ્યું કે મારે પણ તેમાં નોકરી કરવી જોઈએ. તેથી કોમની રજા લઈને ઘવાયેલાની સારવાર કરનારી ટુકડી ઊભી કરવા દેવાને મેં સરકારને કહેણ મોકલ્યું. એ કહેણ કબૂલ થયું. તેથી ટ્રાન્સવાલનું મારું ઘર છોડ્યું, બાળબચ્ચાંને નાતાલમાં જે ખેતર ઉપર 'ઇન્ડિયન ઓપીનિયન' નામનું છાપું ચલાવવામાં આવતું હતું અને જ્યાં મારા સહાયકો રહેતા હતા, ત્યાં મોકલી આપ્યાં.

વીસપચીસ માણસની નાની ટુકડી ઊભી કરી હું ફોજની સાથે જોડાઈ ગયો. આ નાની ટુકડીમાં પણ લગભગ બધી જાતિઓના હિંદુસ્તાની હતા. આ ટુકડીએ એક મહિનો નોકરી કરી. અમારા હાથમાં જે કામ આવ્યું તેને સારુ મેં હમેશાં ઈશ્વરનો અનુગ્રહ માનેલો છે. જે હબસીઓ જખમી થતા તેમને અમે ઉપાડીએ તો જ તે ઊપડે, નહીં તો એમ ને એમ રિબાય એ મેં અનુભવ્યું. આ જખમીઓના જખમની સારવાર કરવામાં કોઈ પણ ગોરાઓ સહાય થાય જ નહીં. જે શસ્ત્રવૈદ્યના હાથ નીચે અમારે કામ કરવાનું હતું તે પોતે અત્યંત દયાળુ હતો. જખમીઓને ઊંચકીને ઇસ્પિતાલમાં આવ્યા પછી તેમની સારવાર કરવી એ અમારા ક્ષેત્રની બહાર હતું, પણ અમારી દૃષ્ટિએ તો જે કંઈ મજૂરી સોંપે તે અમારા ક્ષેત્રમાં જ છે એમ સમજીને અમે ગયા હતા. એટલે આ ભલા દાક્તરે અમને કહ્યું કે તેને કોઈ પણ ગોરો સારવાર કરનારો મળતો નથી, એ કોઈને ફરજ પાડી શકે એવી તેની શક્તિ નથી, અને અમે જો આ દયાનું કામ કરીએ તો તે ઉપકાર માનશે. અમે એ કામને વધાવી લીધું. કેટલાક

હબસીઓના જખમ પાંચ-પાંચ છ-છ દિવસ થયા દુરસ્ત કરવામાં આવ્યા જ ન હતા, તેથી વાસ મારતા હતા. એ બધા સાફ કરવાનું અમારે માથે આવ્યું અને અમને એ બહુ ગમ્યું. હબસીઓ અમારી સાથે બોલી તો શું જ શકે? હબસીઓની ચેષ્ટા અને તેઓની આંખો ઉપરથી અમે જોઈ શકતા હતા કે તેઓને મદદ કરવા કેમ જાણે અમને ઈશ્વરે મોકલ્યા ન હોય, એમ તેઓને લાગતું હતું. આ કામમાં કેટલીક વેળાએ દિવસમાં ચાળીસ ચાળીસ માઈલનો પંથ પણ અમારે કરવો પડતો.

આ ટુકડીના કામને અંગે મારા બે વિચારો, જે મનમાં ધીમે ધીમે પાક્યા કરતા હતા એ, પાકીને ઊતર્યા એમ કહી શકાય. એક તો એ કે સેવાધર્મને પ્રધાનપદ આપનારે બ્રહ્મચર્યનું પાલન કરવું જ જોઈએ, અને બીજો એ કે સેવાધર્મ કરનારે ગરીબી સદાયને સારુ ધારણ કરવી જોઈએ.

આ ટુકડીમાં હું કામ કરતો હતો ત્યાં જ ટ્રાન્સવાલ જેમ બને તેમ જલદી જવા વિશે કાગળો અને તારો આવી જ રહ્યા હતા. એટલે હું તુરત જોહાનિસબર્ગ પહોંચી ગયો, અને ત્યાં તે બિલ વાંચ્યું. જેમ જેમ એ બિલની કલમો હું વાંચતો ગયો તેમ તેમ હું કાંપતો હતો. હું એમાં હિંદીઓના દ્વેષ સિવાય કંઈ જ ન જોઈ શક્યો. મને એમ લાગ્યું કે જો આ બિલ પસાર થઈ જાય અને હિંદીઓ તેને કબૂલ રાખે તો દક્ષિણ આફ્રિકામાં હિંદી કોમનો જડમૂળથી પગ ઊખડી જાય. હું સ્પષ્ટ રીતે જોઈ શક્યો કે હિંદી કોમને સારુ આ જીવવા-મરવાનો સવાલ છે. મને એમ પણ ભાસ્યું કે કોમ અરજીઓ કરીને સફળ ન થાય તો મૂંગી બેસી ન જ શકે. એ કાયદાને શરણ થવું તેનાં કરતાં તો ભલે મરવું. પણ મરાય કેમ? એવા કયા જોખમમાં કોમ ઊતરે અથવા ઊતરવાની હિંમત કરે કે જેથી તેની સામે યા તો જીત અથવા તો મોત એ સિવાય ત્રીજો રસ્તો રહે જ નહીં? જે ખરડાએ મને આટલો બધો હલમલાવી દીધો તેની વિગત વાંચનારે જાણવી જ જોઈએ. તેનો સાર નીચે પ્રમાણે છે :

ટ્રાન્સવાલમાં રહેવાનો હક ધરાવનાર દરેક હિંદી પુરુષ, સ્ત્રી અને આઠ વરસ અથવા આઠ વરસની ઉપરનાં બાલક-બાલિકાએ એશિયાઈ દફતરમાં પોતાનાં નામ નોંધાવી પરવાના મેળવવા. એ પરવાના લેતી વખતે જૂના પરવાના અમલદારને સોંપી દેવા. નોંધાવવાની અરજીમાં નામ, ઠામ, જાત, ઉંમર વગેરે આપવાં. નોંધનાર અમલદારે અરજદારના શરીર ઉપર મુખ્ય નિશાનીઓ હોય તે નોંધી લેવી. અરજદારનાં બધાં આંગળાંની અને અંગૂઠાની છાપ લેવી. ઠરાવેલી મુદતની અંદર જે હિંદી સ્ત્રીપુરુષ આ પ્રમાણે અરજી ન કરે તેના ટ્રાન્સવાલમાં રહેવાના હક રદ થાય. અરજી ન કરવી એ કાયદેસર ગુનો ગણાય. તેને સારુ જેલ મળી શકે, દંડ થઈ શકે અને કોર્ટની મુનસફી મુજબ હદપાર પણ કરવામાં આવે. જે પરવાના

અરજદારને આપવામાં આવે તે હરકોઈ પોલીસ અમલદારની પાસે જ્યારે અને જ્યાં માગવામાં આવે ત્યારે અને ત્યાં હાજર કરવા જ જોઈએ. પરવાનાઓ તપાસવાને સારુ અમલદાર ઘરપ્રવેશ પણ કરી શકે. આ પરવાના રજૂ કરવાનો, અથવા પરવાનો રાખનાર માણસની પાસેથી તે વિશેની જે કંઈ પણ હકીકત અમલદાર માગે તેનો ઇનકાર કરવો એ પણ ગુનો ગણાય, અને તેને સારુ પણ કેદ અથવા દંડની સજા કોર્ટ કરી શકે.

આવી જાતનો કાયદો દુનિયાના કોઈ પણ ભાગમાં સ્વતંત્ર માણસોને સારુ હોય એવું મેં જાણ્યું નથી. લાખો રૂપિયાનો વેપારી એ આ કાયદાની રૂએ દેશપાર થઈ શકે. એવા ભંગને સારુ દેશપાર થવાની સજાઓ પણ થઈ ચૂકેલી છે.

બીજે દિવસે આગેવાન હિંદીઓને ભેળા કરી મેં તેમને આ કાયદો અક્ષરેઅક્ષર સમજાવ્યો. પરિણામે જે અસર મારા ઉપર થઈ હતી તેવી જ અસર તેઓની ઉપર પણ થઈ. મેં તેમને કહ્યું : "આ મામલો ઘણો જ ગંભીર છે. આ બિલ જો પસાર થાય અને આપણે તેને કબૂલ રાખીએ તો તેનું અનુકરણ આખા દક્ષિણ આફ્રિકામાં થવાનું. મને તો એનો હેતુ જ એ લાગે છે કે આપણી અહીંની હસ્તી નાબૂદ કરવી. આપણને રિબાવીને દક્ષિણ આફ્રિકામાંથી નસાડવાનું પહેલું પગથિયું છે. એટલે આપણી ઉપર જવાબદારી માત્ર ટ્રાન્સવાલમાં વસતા દસપંદર હજાર હિંદીઓની જ છે એમ નથી, પણ દક્ષિણ આફ્રિકાના હિંદીમાત્રને વાસ્તે છે. એટલે આવે કઠિન પ્રસંગે આપણે ઉતાવળ કરીશું, અધીરા થઈશું, ગુસ્સે થઈશું, તો તેટલાથી કંઈ આ હુમલામાંથી નહીં બચી શકીએ. પણ જો આપણે શાંતિથી ઇલાજો શોધી વખતસર તે લઈશું, એકત્ર રહીશું, અને અપમાનની સામે થતાં પડે તે દુઃખ પણ સહન કરીશું તો, હું માનું છું કે, આપણને ઈશ્વર જ મદદ કરશે." સૌ બિલનું ગાંભીર્ય સમજી શક્યા, અને એવો ઠરાવ કર્યો કે એક જાહેર સભા ભરવી અને કેટલાક ઠરાવો રજૂ કરી તે પસાર કરાવવા. યહૂદીઓની એક નાટકશાળા ભાડે રાખી ત્યાં સભા બોલાવવામાં આવી.

●

સત્યાગ્રહનો જન્મ

આ નાટકશાળામાં સભા તો ભરી. ટ્રાન્સવાલનાં જુદાં જુદાં શહેરોમાંથી પ્રતિનિધિઓને બોલાવ્યા. નાટકશાળામાં ક્યાંયે ખાલી જગ્યા ન રહી. કંઈક નવું થવાનું છે, એમ સૌના ચહેરા ઉપરથી

જોઈ શકતો હતો. સભામાં જે ઠરાવો રજૂ થયા હતા તેમાં ખરેખરો એક જ ઠરાવ હતો. એની મતલબ એવી હતી કે એ બિલની સામે બધા ઉપાયો લેવા છતાં પણ જો એ પાસ થાય તો હિંદીઓએ તેને શરણે ન થવું, અને શરણ ન થવાથી જે જે દુ:ખો પડે તે બધાં સહન કરવાં.

આ ઠરાવ સભાને હું બરોબર સમજાવી ગયો. સભાએ શાંતિથી તે સાંભળ્યો. કારભાર તો બધો હિંદીમાં અથવા ગુજરાતીમાં જ હોય. હિંદી નહીં સમજનારા તામિલ અને તેલુગુ ભાઈઓને સારુ તે તે ભાષાના બોલનારા પણ બધી હકીકત પૂરેપૂરી સમજાવે. નિયમપૂર્વક દરખાસ્ત થઈ. ઘણા માણસોએ ટેકો પણ આપ્યો. તેમાં એક બોલનાર શેઠ હાજી હબીબ હતા. એ દક્ષિણ આફ્રિકાના ઘણા જૂના અને અનુભવી રહીશ હતા. તેમણે અતિશય જુસ્સાદાર ભાષણ કર્યું. અને આવેશમાં આવીને તેમણે એમ પણ કહ્યું કે, "આ ઠરાવ આપણે ખુદાને હાજરનાજર જાણીને કરવાનો છે. આપણે નામર્દ થઈને આવા કાયદાને કદી વશ નહીં થઈએ. તેથી હું તો ખુદાના કસમ ખાઈને કહું છું કે આ કાયદાને હરગિજ તાબે નહીં થાઉં. અને આ આખી મિજલસને સલાહ આપું છું કે તેઓએ ખુદાને હાજરનાજર જાણીને કસમ લેવા."

ટેકામાં બીજાં પણ તીખાં ભાષણો થયાં. જ્યારે શેઠ હાજી હબીબ બોલતા હતા અને કસમની વાત ઉપર આવ્યા એટલે હું તરત ચમક્યો અને સાવધાન થયો. ત્યારે જ મારી પોતાની જવાબદારીનું અને કોમની જવાબદારીનું મને પૂરેપૂરું ભાન આવ્યું. ઈશ્વરને સાક્ષી રાખી કરેલી પ્રતિજ્ઞા અને સામાન્ય નિશ્ચય વચ્ચે દુનિયા મહાસાગર જેટલું અંતર માને છે. સામાન્ય નિશ્ચય ફેરવવામાં ફેરવનાર નથી શરમાતો, પણ પ્રતિજ્ઞા કરેલ માણસ પ્રતિજ્ઞાભંગ કરે તો પોતે શરમાય છે, સમાજ તેને ફિટકારે છે અને પાપી ગણે છે.

આવા વિચારોથી ભરેલો હું પ્રતિજ્ઞાઓનો અનુભવી, ઉપલી પ્રતિજ્ઞાની વાતથી હેબતાઈ જ ગયો. તેની સાથે મને એમ પણ થયું કે બધાં પરિણામોથી લોકોને વાકેફ કરવા જોઈએ, પ્રતિજ્ઞાનો અર્થ સ્પષ્ટ રીતે સમજાવવો જોઈએ, અને પછી પ્રતિજ્ઞા કરી શકે તો જ તે વધાવી લેવી, અને ન કરી શકે તો મારે સમજી લેવું કે લોકો હજી અંતિમ કસોટીએ ચડવા તૈયાર નથી થયા. તેથી મેં પ્રમુખની રજા માગી કે શેઠ હાજી હબીબના કહેવાનું રહસ્ય મને સમજાવવા દો. મને રજા મળી અને જે પ્રમાણે મેં કહ્યું તેનો સાર અત્યારે મને જેવો યાદ છે તેવો હું નીચે આપું છું :

"આજ સુધીમાં જે ઠરાવો આપણે કર્યા છે અને તે જેવી રીતે કર્યા છે, તે ઠરાવોમાં અને તે રીતમાં અને આ ઠરાવમાં અને આ ઠરાવની રીતમાં ઘણો તફાવત છે, એ હું આ સભાને સમજાવવા ઇચ્છું છું. શેઠ હાજી હબીબની સૂચના મને બહુ ગમી છે. પણ જો એમની

સૂચનાને તમે ઝીલી લો તો તેની જવાબદારીમાં તમે પણ ભાગીદાર થશો. એ જવાબદારી શું છે એ તમારે સમજવું જ જોઈએ, અને કોમના સલાહકાર અને સેવક તરીકે એ પૂરેપૂરી સમજાવવી એ મારો ધર્મ છે.

"આપણે બધા એક જ સરજનહારને માનનારા છીએ. તેને મુસલમાન ભલે ખુદાને નામે પોકારે, હિંદુ ભલે તેને ઈશ્વરને નામે ભજે, પણ તે એક જ સ્વરૂપ છે. એને સાક્ષી કરી, અને દરમ્યાન રાખી, આપણે પ્રતિજ્ઞા લેવી કે કસમ ખાવા એ નાનીસૂની વાત નથી. એવા કસમ ખાઈને જો આપણે ફરી જઈએ તો કોમના, જગતના અને ખુદાના ગુનેગાર થઈએ. તમે બધા પીઢ છો, દુનિયા જોયેલી છે, એટલે આ સભામાંનો એક પણ માણસ 'સમજ્યા વિના મેં પ્રતિજ્ઞા લીધી' એમ કહીને કદી છટકી નહીં શકે.

"હું જાણું છું કે પ્રતિજ્ઞાઓ વગેરે કોઈ ભારે પ્રસંગે જ લેવાવાં જોઈએ. હાલતાંચાલતાં પ્રતિજ્ઞા લેનાર માણસ જરૂર પાછો પડે. પણ જો આપણા સમાજજીવનમાં આ મુલકમાં પ્રતિજ્ઞાને લાયક કોઈ પણ પ્રસંગ હું કલ્પી શકું તો તે જરૂર આ પ્રસંગ છે. ઘણી સંભાળપૂર્વક અને ડરી ડરીને આવાં પગલાં ભરવાં એ ડહાપણ છે. પણ ડર અને સંભાળની પણ હદ હોય છે. એ હદે આપણે પહોંચી ગયા છીએ. સરકારે સભ્યતાની મર્યાદા મૂકી દીધી છે. આપણી ચોમેર જ્યારે તેણે દાવાનળ સળગાવી મૂકેલો છે ત્યારે પણ આપણે યાહોમ ન કરીએ અને વિમાસણમાં પડી રહીએ તો આપણે નાલાયક અને નામર્દ ઠરીએ. એટલે આ અવસર કસમ લેવાનો છે એ વિશે તો જરાયે શંકા નથી. પણ એ કસમ લેવાની આપણી શક્તિ છે કે નહીં તે તો દરેક માણસે પોતાને સારુ વિચારી લેવાનું રહ્યું છે. પછી જો એનો અંતરાત્મા જવાબ આપે કે કસમ લેવાની શક્તિ છે, તો જ કસમ લેવા, અને તે જ ફળે.

"હવે બે બોલ પરિણામ વિશે. સારામાં સારી આશા બાંધીને તો એમ કહી શકાય કે જો બધા પોતાના કસમ ઉપર કાયમ રહે અને હિંદી કોમનો મોટો ભાગ કસમ ખાઈ શકે તો આ કાયદો પસાર પણ ન થાય, અથવા પસાર થાય તો તુરતમાં રદ થાય જ. કોમને ઘણું સહન ન કરવું પડે. પણ કસમ ખાનારનો ધર્મ એક તરફથી શ્રદ્ધાપૂર્વક આશા રાખવાનો છે, તેમ જ બીજી તરફથી કેવળ નિરાશાવાન રહીને કસમ ખાવા તૈયાર થવાનો છે. તેથી જ આપણી લડતમાં જે કડવામાં કડવાં પરિણામ આવી શકે એનો ચિતાર હું આ સભાની પાસે ખડો કરવા ઇચ્છું છું. આપણે અહીંયાં રહેલા કસમ ખાઈએ. બહુમાં બહુ આપણી સંખ્યા ત્રણ હજારની હોય. બાકીના દસ હજાર કસમ ન ખાય એમ પણ બને. આરંભમાં તો આપણી હાંસી થવાની જ. વળી આટલી બધી ચેતવણી આપ્યા છતાં એમ બનવું તદ્દન સંભવિત છે કે કસમ ખાનારાઓમાંના કેટલાક અથવા ઘણા પહેલી કસોટીએ જ નબળા માલૂમ પડે.

આપણે જેલમાં જવું પડે. જેલમાં અપમાનો સહન કરવાં પડે. ભૂખ, ટાઢ, તડકા પણ સેવવા પડે. સખત મજૂરી કરવી પડે. ઉદ્ધત દારોગાઓના માર પણ ખાવા પડે. દંડ થાય અને સેજી(ટાંચ)માં માલ પણ વેચાઈ જાય. લડનારા ઘણા થોડા રહી જઈએ તો આજે આપણી પાસે ઘણો પૈસો હોય છતાં કંગાલ પણ બનીએ, દેશપાર પણ થવું પડે, અને ભૂખો ખેંચતાં, જેલનાં બીજાં દુઃખો વેઠતાં કોઈ માંદા પણ પડે, અને કોઈ મરે પણ ખરા. એટલે ટૂંકમાં જે દુઃખ તમે કલ્પી શકો તે બધાં આપણે સહન કરવાં પડે એમાં કશુંયે અશક્ય નથી, અને ડહાપણ તો એ કે એ બધું સહન કરવું પડશે એમ માનીને જ આપણે કસમ લેવા. મને કોઈ પૂછે કે આ લડાઈનો અંત શું આવે અને ક્યારે આવે, તો હું કહી શકું કે જો આખી કોમ કસોટીમાંથી સાંગોપાંગ ઊતરે તો આ લડાઈનો નિકાલ તુરત આવે. પણ જો આપણામાંના ઘણા ભીડ આવ્યે પડી જાય તો લડાઈ લાંબી ચાલે. પણ એટલું તો હું હિંમતથી અને નિશ્ચયપૂર્વક કહી શકું છું કે, જ્યાં સુધી મૂઠીભર માણસો પણ પ્રતિજ્ઞાને જીવંત રાખનારા હશે ત્યાં સુધી આ લડતનો એક જ અંત સમજવો; એટલે કે તેમાં આપણી જીત જ છે."

આવા પ્રકારનું બોલીને હું બેસી ગયો. લોકોએ અતિશય શાંતિથી શબ્દેશબ્દ સાંભળ્યો. બીજા આગેવાનો પણ બોલ્યા. બધાએ પોતાની જવાબદારી અને સાંભળનારની જવાબદારી ઉપર વિવેચન કર્યું. છેવટે આખી સભાએ ઊભા રહીને હાથ ઊંચા કરીને, ઈશ્વરને સાક્ષી ગણીને, કાયદો પસાર થાય તો તેને શરણ ન થવાની પ્રતિજ્ઞા કરી. એ દેખાવ હું તો કોઈ દિવસ ભૂલી શકું એમ નથી. લોકોના ઉત્સાહનો પાર નહોતો.

'પૅસિવ રિઝિસ્ટન્સ ઍસોસિયેશન' અથવા સત્યાગ્રહ મંડળ એ નામનું નવું મંડળ સત્યાગ્રહીઓએ ઊભું કર્યું. જે વખતે આ નવું મંડળ હસ્તીમાં આવ્યું તે વખતે સત્યાગ્રહ નામની શોધ થઈ ન હતી. આ નવા મંડળમાં સંખ્યાબંધ સભાસદો થયા અને પ્રજાએ પૈસો પણ છૂટે હાથે ભર્યો.

મારા અનુભવે મને તો એ જ બતાવ્યું છે કે કોઈ પણ હિલચાલ પૈસાને અભાવે નથી પડી ભાંગતી, નથી અટકતી કે નથી નિસ્તેજ થતી. આનો અર્થ એવો નથી કે દુન્યવી કોઈ પણ હિલચાલ પૈસા વિના ચાલી શકે. પણ એનો અર્થ અવશ્ય એ છે કે જ્યાં ખરા સંચાલકો હોય છે ત્યાં પૈસો એની મેળે જ આવે છે. એથી ઊલટો અનુભવ મને એવો પણ થયો છે કે જે હિલચાલને પૈસાની છોળ થઈ પડે છે તે હિલચાલની તે જ સમયથી અવનતિ શરૂ થાય છે. અને તેથી મારા અનુભવમાં તો એક એ સિદ્ધાંત પણ આવેલો છે કે, કોઈ પણ સાર્વજનિક સંસ્થાએ મૂડી એકઠી કરીને વ્યાજથી પોતાનો વહીવટ ચલાવવો એ અયોગ્ય છે. સાર્વજનિક સંસ્થાની મૂડી એ જનસમુદાય જ છે. જ્યાં સુધી તેઓ ઈચ્છે છે ત્યાં સુધી જ એવી સંસ્થાઓ

નભવી જોઈએ. મૂડી એકઠી કરી વ્યાજ ઉપર કામ ચલાવનારી સંસ્થા સાર્વજનિક નથી રહેતી, પણ સ્વતંત્ર અને આપમતીલી બની જાય છે. જાહેર ટીકાના અંકુશને એ વશ નથી રહેતી. વ્યાજ ઉપર ચાલતી અનેક ધાર્મિક અને સંસારી સંસ્થાઓમાં કેટલો બધો સડો પેસી ગયો છે, એ લગભગ સ્વયંસિદ્ધ જેવી વાત છે.

●

બે પુરુષરત્નો

એ જ અરસામાં પ્રિટોરિયામાં એક જંગી સભા ભરવાનો ઠરાવ થયો હતો. ખૂની કાયદાની રૂએ પરવાના કાઢવાનો વખત નજીક આવતો હતો, તેથી હિંદીઓ ઘણા જુસ્સાવાળા છતાં ચિંતાતુર હતા. ભાષણો શરૂ થયાં. આ પ્રકરણના અને ખરું જોતાં આ ઇતિહાસના નાયકની ઓળખાણ મારે હવે કરાવવી રહી. જે બોલનાર ઊભા થયા તેમાં અહમદ મહમદ કાછલિયા હતા. એ અત્યાર સુધી જાહેર કામમાં અગ્રેસર થઈને ભાગ નહોતા લેતા. ધંધો પ્રથમ કાપડની ફેરીનો હતો. પાછળથી નાનકડા પાયા પર વેપાર કરતા.

બહાદુરી અને એકનિષ્ઠામાં તેમનાથી ચડી જાય એવા કોઈ પણ માણસનો અનુભવ મને નથી થયો દક્ષિણ આફ્રિકામાં કે નથી થયો હિંદુસ્તાનમાં. કોમને અર્થે તેમણે સર્વસ્વ હોમ્યું હતું. તેમની સાદાઈ ને તેમનું નિરભિમાન અનુકરણ કરવા લાયક હતાં. તેમની સાથેના મારા વરસોના ગાઢ પરિચય પછી બંધાયેલો મારો દૃઢ અભિપ્રાય છે કે અહમદ મહમદ કાછલિયા જેવું માણસ કોમને મળવું દુર્લભ છે.

તેમણે ટૂંકું ભાષણ કર્યું. તે બોલ્યા, “આ ખૂની કાયદો દરેક હિંદી જાણે છે. ટ્રાન્સવાલની સરકારની સત્તા આપણે જાણીએ છીએ. પણ આ ખૂની કાયદાના ડર કરતાં વધારે ડર આપણને એ શું બતાવી શકે એમ છે? જેલમાં નાખશે, આપણો માલ વેચશે, આપણને દેશપાર કરશે, ફાંસી દેશે. એ બધું સહન થઈ શકે એમ છે, પણ આ કાયદો તો સહન ન જ થાય.” હું જોતો હતો કે આ બધું બોલતાં કાછલિયા ખૂબ ઉશ્કેરાતા જતા હતા. તેમનો ચહેરો લાલ થઈ ગયો હતો. ગળાની અને માથાની રગો લોહીના જોરથી ઊપસી નીકળી હતી. શરીર કાંપતું હતું. પોતાના જમણા હાથનાં ખુલ્લાં આંગળાં ગળા ઉપર ફેરવતાં તે ગરજી ઊઠ્યા, “હું ખુદાના કસમ ખાઈને કહું છું કે હું કતલ થઈશ, પણ આ કાયદાને વશ

નહીં થાઉં અને હું ઇચ્છું છું કે આ સભા પણ એ જ નિશ્ચય પર આવે.” એમ કહીને તે બેસી ગયા. એ મહાન લડતમાં જે ઘણાઓએ પોતાની પ્રતિજ્ઞાનું અક્ષરશઃ પાલન કર્યું એ બધામાં કાછલિયા હમેશાં અગ્રેસર રહ્યા. કોઈ દિવસે તેમનો રંગ બદલાયેલો મેં જોયો જ નહીં. આ પુરુષસિંહનું મરણ, કોમની ધૂંસરી ઊંચકતાં જ, લડત થઈ રહ્યા પછી ચાર વરસે થયું.

એમનું એક સ્મરણ અહીં આપી દઉં છું. વાંચનાર ટૉલ્સ્ટૉય ફાર્મની વાત આગળ ઉપર વાંચશે. તેમાં સત્યાગ્રહીઓનાં કુટુંબો વસતાં હતાં. કેવળ દાખલો બેસાડવાની ખાતર અને પોતાના દીકરાને પણ સાદો અને પ્રજાસેવક બનાવવાને સારુ તેમણે તેને એ ફાર્મમાં કેળવણી લેવા મોકલ્યો હતો; અને, તેને લીધે જ કહીએ તો ચાલે કે, બીજાં મુસલમાન બાળકોને પણ તેમનાં માબાપોએ ફાર્મમાં મોકલ્યાં હતાં. જુવાન કાછલિયાનું નામ અલી હતું. તેની ઉંમર તે વખતે 10-12 વરસની હશે. અલી નમ્ર, ચંચળ ને સત્યવાદી તથા સરળ છોકરો હતો. કાછલિયા શેઠના પહેલાં, તેને પણ ફિરસ્તાઓ ખુદાના દરબારમાં લઈ ગયા. જો તે જીવતો રહ્યો હોત તો પોતાના બાપને જરૂર શોભાવત એમ હું માનું છું.

નામ ઉપરથી જ વાંચનાર સમજી શકશે કે સોરાબજી પારસી હતા. આખા દક્ષિણ આફ્રિકામાં પારસીની વસ્તી સોથી વધારે નહીં હોય. આખી દુનિયામાં એક લાખથી વધારે પારસીઓ નહીં હોય. એટલી નાની કોમ પોતાની પ્રતિષ્ઠા જાળવી રહી છે, પોતાના ધર્મને વળગી રહી છે, અને ઉદારતામાં દુનિયાની એક પણ કોમ તેને નથી પહોંચી શકતી, એટલી જ વાત એ કોમની ઉચ્ચતાનું પ્રમાણપત્ર છે. સોરાબજી પ્રથમ પંક્તિના સત્યાગ્રહી નીવડ્યા. લાંબામાં લાંબી જેલ ભોગવનારા સત્યાગ્રહીઓમાં તે એક હતા. તેમની સલાહમાં હમેશાં દૃઢતા, વિવેક, ઉદારતા, શાંતિ વગેરે જોવામાં આવતાં. ઉતાવળે તો વિચાર બાંધે જ નહીં અને વિચાર બાંધ્યા પછી ફેરવે જ નહીં. સંકુચિત જાતિઅભિમાનની ગંધ સરખી તેમનામાં કોઈ દિવસ નથી આવી. લડત પૂરી થયા પછી સારા સત્યાગ્રહીઓમાંથી કોઈને વિલાયત મોકલી બૅરિસ્ટર બનાવવા સારુ દાક્તર મહેતાએ શિષ્યવૃત્તિ આપી હતી. તેની પસંદગી મારે કરવાની હતી. બેત્રણ લાયક હિંદીઓ હતા, પણ બધા મિત્રમંડળને એમ જ લાગ્યું કે સોરાબજીના પીઢપણાની અને ઠરેલપણાની હરીફાઈ કરી શકે એવું બીજું કોઈ ન હતું. તેથી તેમને જ ચૂંટવામાં આવ્યા હતા. એવા એક હિંદીને વિલાયત મોકલવાનો એ હેતુ હતો કે, તે દક્ષિણ આફ્રિકા પાછા આવી મારી જગ્યા લઈ શકે અને કોમની સેવા કરે. કોમનો આશીર્વાદ અને કોમનું માન લઈને સોરાબજી વિલાયત ગયા, બૅરિસ્ટર થયા. વિલાયતના આડંબરની કે એશઆરામની તેમના મન ઉપર જરાયે અસર ન થઈ.

વિલાયતમાં બૅરિસ્ટર થયા પછી સોરાબજી જોહાનિસબર્ગ ગયા. ત્યાં સેવા અને વકીલાત

બંને શરૂ કર્યાં. પણ ઈશ્વર જેવો દયાળુ લાગે છે તેવો જ નિર્દય પણ લાગે છે. સોરાબજીને તીવ્ર ક્ષય થયો અને થોડા મહિનામાં કોમનો નવો પ્રેમ સંપાદન કરી કોમને રોતી મૂકી ચાલતા થયા! એમ ઈશ્વરે કોમની પાસેથી થોડા કાળમાં બે પુરુષરત્ન છીનવી લીધાં — કાછલિયા અને સોરાબજી. બંને પોતાના ક્ષેત્રમાં અપ્રતિમ હતા. અને જેમ કાછલિયા જેટલા શુદ્ધ મુસલમાન તેટલા જ શુદ્ધ હિંદી હતા, તેમ સોરાબજી પણ જેટલા શુદ્ધ પારસી તેટલા જ શુદ્ધ હિંદી હતા.

પકડાપકડી

અમલદારોએ વિચાર્યું કે જ્યાં સુધી અમુક આગેવાનોને તે નહીં પકડે ત્યાં સુધી લડતનું બળ તૂટવાનું જ નથી. તેથી 1907ના ડિસેમ્બરમાં કેટલાક આગેવાનોને કોર્ટમાં હાજર થવાની નોટિસ મળી.

બીજા જે આગેવાનની ઓળખાણ આ સ્થળે કરાવવા ઇચ્છું છું તે થંબી નાયડુ. તેમનો જન્મ મોરીશિયસમાં થયેલો, પણ માબાપ મદ્રાસ ઇલાકામાંથી આજીવિકા માટે મોરીશિયસ ગયેલાં. થંબી નાયડુ સામાન્ય વેપારી હતા. નિશાળની કેળવણી કંઈ જ નહીં એમ કહી શકાય. પણ અનુભવજ્ઞાન ઊંચા પ્રકારનું. તેની બુદ્ધિ ઘણી તીવ્ર હતી. નવા નવા પ્રશ્નો ઘણી ચપળતાથી સમજી લે. હિંદુસ્તાન ન જોયેલું છતાં હિંદુસ્તાન ઉપર તેમને અગાધ પ્રેમ હતો. સ્વદેશાભિમાન તેમની રગે રગે વ્યાપી રહ્યું હતું. મહેનત કરતાં થાકે જ નહીં. ખુરશીએ બેસી આગેવાની કરવી હોય તો એ પદને શોભાવી શકે, અને એટલી જ સ્વાભાવિક રીતે હેલકરીનું કામ પણ કરે. સરિયામ રસ્તેથી બોજો ઊંચકી જતાં થંબી નાયડુ જરાય શરમાય નહીં.

અમારે બધાને અદાલતમાં સાથે જ હાજર થવાનું હતું. અમારે કોઈને કંઈ બચાવ કરવાનો તો હતો જ નહીં. સૌએ પોતાના ગુના કબૂલ કરવાના હતા. વિચારપૂર્વક અને ધર્મ સમજીને જ હું ખૂની કાયદાની સામે થયેલો છું અને તેને સારુ સજા મળે એ સહન કરવામાં માન સમજીશ, એવા ભાવાર્થનું જ હું બોલ્યો હતો. બે માસની આસાન કેદની સજા થઈ. જે અદાલતમાં હું સેંકડો વખત વકીલ તરીકે ઊભો રહેલો, વકીલમંડળની સાથે બેસતો, તેમાં આજે તહોમતદારના પીંજરામાં ખડો છું, એ વિચાર કંઈક વિચિત્ર લાગ્યો ખરો. જેવી સજા

સંભળાવવામાં આવી કે તરત કેદીઓને લઈ જવાને દરવાજેથી લઈ જતાં પહેલાં જ્યાં કેદીઓને રાખવામાં આવે છે ત્યાં મને એક સિપાઈ લઈ ગયો.

તે વખતે મેં મારી આસપાસ બધું સૂમસામ જોયું. અહીં મને ક્ષોભ થયો ખરો. હું ઊંડા વિચારમાં પડી ગયો. ક્યાં ઘરબાર! ક્યાં વકીલાત! ક્યાં સભાઓ! એ બધું શું સ્વપ્નવત્ અને આજે હું કેદી! બે મહિનામાં શું થશે? બે મહિના પૂરા કાઢવા જ પડશે? લોકો થોકબંધ પોતાનાં વચન પ્રમાણે ચાલ્યા આવે તો બે મહિના કાઢવા જ શેના પડે? પણ જો ન જ આવે તો બે મહિના કેટલા બધા લાંબા જશે?

એ વિચારો આવ્યા તેવો જ હું શરમાયો. આ કેટલું બધું મિથ્યાભિમાન! હું તો જેલને મહેલ ગણાવનારો! ખૂની કાયદાની સામે થતાં જે સહન કરવું પડે તે દુઃખ નહીં પણ સુખ ગણાવું જોઈએ, તેની સામે થતાં જાનમાલ વગેરેનું અર્પણ કરવું એ તો સત્યાગ્રહમાં વિલાસ ગણાવો જોઈએ, એ બધું જ્ઞાન આજે ક્યાં ચાલ્યું ગયું? એ વિચાર આવતાંની સાથે જ હું મારી મૂર્ખાઈ તરફ હસવા લાગ્યો.


જેલમાં લઈ ગયા ત્યાં મારાં કપડાં ઉતરાવ્યાં. મને ખબર હતી કે જેલમાં કેદીઓને નગ્ન કરવામાં આવે છે. જેલના ધારાઓ જ્યાં સુધી વ્યક્તિગત અપમાન કરનારા ન હોય અથવા ધર્મવિરુદ્ધ ન હોય ત્યાં સુધી તેને ઇરાદાપૂર્વક માન આપવાનું છે, એવો અમે સત્યાગ્રહીનો ધર્મ માન્યો હતો. જે કપડાં પહેરવાને મળ્યાં તે બહુ મેલાં હતાં. એ પહેરવાં તો જરાયે ન ગમ્યાં. પણ મેલની કેટલીક બરદાસ કરવી પડશે એમ સમજી મન ઉપર અંકુશ રાખ્યો.

આ જેલમાં સાદી જેલના કેદીઓને ખોરાકમાં સવારે મકાઈના લોટની રાબડી મળે. તેની અંદર મીઠું ન હોય, પણ દરેક કેદીને થોડું નિમક આપવામાં આવે. બપોરે ભાત, ઉપરથી મીઠું, ઘી, અને ડબલરોટી. સાંજે મકાઈના આટાની રાબ અને તેની સાથે થોડું શાક. આ ખોરાકથી કોઈનું પેટ નહીં ભરાતું. અમારો ખોરાક અમે પોતે રાંધીએ એ માગણી સુપરિન્ટેન્ડેન્ટે કબૂલ રાખી. રસોઇયા તરીકે અમે થંબી નાયડુને ચૂંટી કાઢ્યા. રાંધવાનું અમારે હસ્તક આવ્યા પછી ખોરાક કાંઈક સંતોષથી ખાવા લાગ્યા.

પણ એવી સગવડો મેળવી શકાય કે ન મેળવી શકાય છતાં, સુખેથી જેલ ભોગવવી છે એ નિશ્ચયમાં આ મંડળીમાંથી કોઈ ડગ્યું ન હતું.



1899માં ફર્ગ્યુસન કૉર્નર : બૅરિસ્ટર ગાંધીની ઑફિસ
1895-96માં આ મકાનમાં હતી



વકીલાતની શરૂઆતનાં વર્ષોમાં,
જોહાનિસબર્ગ, 1900



બોઅર યુદ્ધ સમયે ઇન્ડિયન ઍમ્બ્યુલન્સ ટુકડી સાથે, 1899-1900

Indian Opinion

ઇન્ડિયન ઓપિનિયન

PUBLISHED WEEKLY IN ENGLISH AND GUJARATI

No. 42—Vol. XI. Wednesday October 22nd 1913. Registered at the G.P.O. as a Newspaper Price Threepence

INDIANS ON STRIKE

ON Friday last the news reached us that a strike of indentured Indians employed at the coal mines near Newcastle, Natal, had commenced. The object of the strike is simply and solely to compel the Government, by peaceful methods, to fulfil the promise given to the Hon. Mr. Gokhale to abolish the £3 tax on ex-indentured Indians, their wives and children. This is their part of the passive resistance campaign, and as soon as the Government agree to bring in legislation with the desired object the strikers will return to work—this being a strike against the Government and not against employers.

Mr. Naidoo writes from Newcastle :—"Yesterday (the 14th instant) we went to the Railway barracks. Just as we were explaining the position to the people, someone went and fetched the Station-master who came straight to me and asked me what I was doing there. I told him that I had gone there to advise my people to strike work, pending the removal of the £3 tax. He then told me that I had no right there and that he was going to charge me with inciting to cause disturbance. He said the same thing to Messrs. Bhawani Dayal and Ramnarain. We said that he was quite welcome to do so. The poor ladies tried their utmost to get arrested but they could not succeed. They forced their way into the barracks and called upon all women and men to come out, thinking, if they did so, they also would be arrested, and they told the sergeant who came to arrest us that they were also advising these people. But the sergeant took no notice of them and we three were sent to the Charge Office and then to the Gaol where we passed the night in a clean cell but which was full of bugs. We were taken to the Court at nine o'clock the next morning. There were several merchants, also many other Indians, at the Court. We were charged under Sec. 2 of the Ordinance of 1850, that is for inciting the people and obstructing and forcibly preventing peaceful servants from performing their duty. I pleaded guilty to inciting the people to strike but said that no force was used and that no obstruction whatsoever was caused to those who wished to go to work, and that I did counsel them not to go to work until the £3 tax was removed, and that I, as a passive resister, would never use force. The Magistrate, after going through the law-book, found us not guilty, but told the sergeant he had charged us under a wrong law and that he could charge us under the Immigration law; but, instead of doing so, they re-charged us for trespassing under certain Railway laws. I told the Magistrate that I could not understand how they could charge us for trespassing as we went to the Railway barracks by the invitation of one of the Indians who lived there and who is a railway servant. He (the Magistrate) said that I ought to have got permission from the station-master to go there. I said that there were many Indians who went there every day to see their friends and who did not get any permission. He sentenced us all to £1 fine. I said that we had no money and that we were not going to pay. The Magistrate said "alright you can go; I shall execute."

"We all went to the Fairleigh Colliery on the 15th. All men there have agreed to strike to-morrow. There are about 38 men on that mine. If these are not arrested to-morrow, I intend to take some of them with me to go to another mine. I am told that there are about 400 men there. I hope to get them all out. We are being well looked after by Mr. and Mrs. Lazarus. The poor lady is working from morning to night for us. The Johannesburg ladies have also sufficient to do. They go about with us as advisers."

The Movement Spreads

Mr. Ephraim writes under date the 16th instant :—


"Mr. Kallenbach arrived at Newcastle at 2 p.m. A meeting was summoned immediately. He referred to the £3 tax. He advised the people to be and remain strong.

"A meeting was also held in the compound of Fairleigh Colliery. About 78 struck work next day. Four were arrested and imprisoned for two weeks with hard labour."

"On Friday the movement spread beyond expectations and assistance became necessary to cope with the work. Mr. Polak left on a few minutes' notice for Newcastle by the mail train and arrived here on Saturday early in the morning. He immediately set to work and saw the Magistrate and the mine managers, assuring them that the Indians did not wish to create a disturbance, that no force would be used at any stage, that men on the mines and everywhere would be informed of the position and advised to strike work until a promise was given of the repeal of the £3 tax; that, as soon as the tax difficulty was settled, the men on strike would no longer be called upon to participate in the movement and that this step had become necessary as it was stated that the Natal employers of labour were averse to the tax being removed. Mr. Polak's advent has further strengthened the movement and at the same time calmed the situation considerably. All kinds of rumours were afloat about the intentions of the leaders. But now that the real situation is known the irritation caused among the Europeans by the suddenness of the strike has been largely removed. The other Collieries, too, have struck work. The appearance of the brave ladies simply acts like a charm and the men obey the advice given them without any great argument being required.

"It is stated that General Botha, who happened to be at Newcastle at the time the strike commenced, was interviewed by the mine managers on the situation."

'ઇન્ડિયન ઓપીનિયન'નો એક અંક




જ્હોન રસ્કિન અને 'અનટુ ધિસ લાસ્ટ' પુસ્તક



ફિનિક્સ વસાહતમાં સાથીઓ સાથે




મગનલાલ ગાંધી




રુસ્તમજી



અહમદ મહમદ કાછલિયા



સોરાબજી અડાજણીયા


ઝૂલુ બળવાના સમયે ઇન્ડિયન સ્ટ્રેચર બેરર કોરના આગેવાન તરીકે, 1906


એમ્પાયર થિએટર



રેવ૦ ડોક



પઠાણે કરેલા હુમલા પછી રેવ૦ ડોકના નિવાસસ્થાને : જોહાનિસબર્ગ, 1908

પહેલી સમાધાની

આ પ્રમાણે જેલમાં એક પખવાડિયું ગયું હશે તેટલામાં જોહાનિસબર્ગના 'ટ્રાન્સવાલ લીડર' નામના દૈનિકના અધિપતિ આલ્બર્ટ કાર્ટરાઇટ મને મળવા આવ્યા. તે વખતે ચાલતાં જોહાનિસબર્ગનાં બધાં દૈનિકની માલિકી સોનાની ખાણવાળા કોઈ ને કોઈ ગોરાના હાથમાં હતી. તેઓના ખાસ સ્વાર્થનો વિષય ન હોય તેવી બધી બાબતમાં અધિપતિઓ પોતાનો સ્વતંત્ર વિચાર જાહેર કરી શકતા. આ છાપાંઓના અધિપતિઓ વિદ્વાન અને પ્રખ્યાતિ પામેલામાંથી જ પસંદ કરવામાં આવે છે. આલ્બર્ટ કાર્ટરાઇટ બાહોશ હોવા ઉપરાંત અતિશય ઉદાર દિલના હતા. તેમણે ઘણે ભાગે તેમના અગ્રલેખોમાં પણ હિંદીઓનો પક્ષ લીધેલો. તેમની ને મારી વચ્ચે ગાઢ સ્નેહ બંધાઈ ગયો હતો, અને મારા જેલમાં જવા પછી તે જનરલ સ્મટ્સને મળી આવ્યા હતા. જનરલ સ્મટ્સે તેમની દરમ્યાનગીરી કબૂલ રાખી હતી. એ ઉપરથી આલ્બર્ટ કાર્ટરાઇટ મને મળવા આવ્યા. સાથે જનરલ સ્મટ્સે ઘડેલો સમાધાની વિશેનો કાગળ પણ લઈ આવ્યા. એ ખરડાની મતલબ એવી હતી કે જો હિંદી કોમનો મુખ્ય ભાગ મરજિયાત પરવાના લઈ લે તો સરકાર ખૂની કાયદો રદ કરશે અને મરજિયાત પરવાનાને કાયદેસર ગણવા સારુ એક નવો કાયદો પસાર કરશે. ખૂની કાયદો રદ કરવાની વાત આ ખરડામાં સ્પષ્ટ ન હતી. તે મારી દૃષ્ટિએ સ્પષ્ટ કરવા પૂરતો ફેરફાર મેં તેમાં સૂચવ્યો. મેં સૂચવેલો ફેરફાર જનરલ સ્મટ્સ સમક્ષ મૂકવાનું તેમણે કબૂલ કર્યું.

બીજે કે ત્રીજે દિવસે જોહાનિસબર્ગનો પોલીસ સુપરિન્ટેન્ડેન્ટ મને જનરલ સ્મટ્સની પાસે લઈ ગયો. અમારી વચ્ચે ઘણી વાતો થઈ. કોમ મારા જેલમાં ગયા પછી પણ મક્કમ રહી એને સારુ તેણે મુબારકબાદી આપી અને મને કહ્યું, "મને તમારા લોકોની સામે અણગમો હોય જ નહીં. મારે તો માત્ર મારી ફરજ બજાવવાની રહેલી છે. ગોરાઓ આ કાયદો માગે છે. તમે કરેલો ફેરફાર હું કબૂલ રાખું છું. અને હું ખાતરી આપું છું કે તમારામાંના ઘણા પરવાના લઈ લેશો એટલે એશિયાટિક ઍક્ટ રદ કરીશ. મરજિયાત પરવાનાને બહાલ રાખવાનો કાયદો ઘડીશ ત્યારે તેની નકલ તમારી ટીકાને સારુ મોકલીશું. હું આ લડત ફરી જાગે એમ ઇચ્છતો નથી, અને તમારા લોકોની લાગણીને માન આપવા ઇચ્છું છું." આ પ્રમાણે વાત થયા પછી જનરલ સ્મટ્સ ઊઠ્યા. મેં પૂછ્યું, "હવે મારે ક્યાં જવાનું છે? અને મારી સાથેના બીજા કેદીઓનું શું?" તો એમણે હસીને કહ્યું, "તમે તો હમણાંથી જ છૂટા છો. તમારા સાથીઓને કાલે સવારે છોડી મૂકવાનો ટેલિફોન કરું છું."

આ વખતે સાંજના સાતેક વાગ્યા હશે. મારી પાસે તો એક પાઈ સરખી પણ ન હતી. જનરલ સ્મટ્સના મંત્રીએ મને જોહાનિસબર્ગ જવાના ભાડાના પૈસા આપ્યા.

રાતના નવેક વાગ્યે જોહાનિસબર્ગ પહોંચ્યો. પરબારો પ્રમુખ ઈસપમિયાંને ત્યાં ગયો. મેં સૂચના કરી કે જેટલાં બની શકે તેટલાં માણસોને બોલાવીને તે જ વખતે સભા તો ભરવી જોઈએ. રાતના લગભગ 11 કે 12 વાગ્યે સભા ભરાઈ. વખત ટૂંક છતાં લગભગ હજારેક માણસો ભેળાં થઈ ગયાં હશે.

સભા ભરાતા પહેલાં જે આગેવાનો હાજર હતા તેઓને મેં સમાધાનીની શરતો સમજાવી હતી. કોઈક તેનો વિરોધ કરતા હતા. છતાં એ મંડળમાંના બધા મારી દલીલ પછી સમાધાની સમજી શક્યા. પણ એક શક તો બધાને હતો, "જનરલ સ્મટ્સ દગો દેશે તો?"

જવાબમાં મેં કહ્યું, "તમારી દલીલ વિચારવા જેવી છે. ધારો કે આપણે નવા મરજિયાત પરવાના કઢાવ્યા. પછી સરકાર વિશ્વાસઘાત કરે, ખૂની કાયદો રદ ન કરે, તો શું આપણે તે વખતે સત્યાગ્રહ ન કરી શકીએ? જ્યાં સુધી સત્યાગ્રહનું હથિયાર આપણા હાથમાં છે ત્યાં સુધી આપણે સ્વતંત્ર અને નિર્ભય છીએ.

"અને મને જો કોઈ એમ કહે કે આજે કોમમાં જે બળ આવ્યું છે તે કંઈ ફરી પાછું આવવાનું નથી, તો એના કહેવાનો અર્થ તો એવો થાય કે આજે પ્રગટ થયેલું બળ એ સાચું નથી પણ એક નશા જેવું ખોટું અને ક્ષણિક છે. અને જો એ વાત ખરી હોય તો આપણને જીતવું ઘટતું જ નથી. અને જીતશું તો જીતેલી બાજી પણ આપણે હારી જવાના."

હું ભાષણ કરી રહ્યો કે તુરત જ એક પઠાણ ભાઈ ઊભા થયા અને સવાલોનો વરસાદ મારી ઉપર વરસાવ્યો : "આ સમાધાનની હેઠળ દસ આંગળાં આપવાં પડશે ખરાં?"

"હા અને ના. મારી સલાહ તો એમ જ પડવાની છે કે બધાએ દસ આંગળાં આપવાં. પણ જેને ધર્મનો બાધ હશે, અથવા જે તેવાં આંગળાં આપવામાં સ્વમાન ઘટે છે, એમ માનતો હશે તે નહીં આપે તોપણ ચાલશે."

"તમે પોતે શું કરશો?"

"મેં તો દસ આંગળાં આપવાનો નિશ્ચય કર્યો છે. હું ન આપું અને બીજાને આપવાની સલાહ આપું એ મારાથી તો ન જ બને."

"તમે દસ આંગળાંને વિશે ઘણું લખતા હતા. એ તો ગુનેગારોની પાસેથી જ લેવામાં આવે છે ઇત્યાદિ શીખવનાર પણ તમે. આ લડત દસ આંગળાંની છે એવી વાત કહેનાર પણ તમે. એ બધું આજ ક્યાં ગયું?"

"મેં દસ આંગળાં વિશે પહેલાં જે જે લખ્યું છે તેની ઉપર આજે પણ કાયમ છું. પણ

આજની સ્થિતિ જુદી છે. જે વસ્તુ ગઈ કાલે ગુનો હતો તે વસ્તુ આજે નવી સ્થિતિમાં ગૃહસ્થાઈ અથવા ખાનદાનીનું નિશાન છે, એમ હું ભાર દઈને કહેવા ઇચ્છું છું."

"અમે સાંભળ્યું છે કે તમે કોમને દગો દીધો છે અને 15,000 પાઉન્ડ લઈને જનરલ સ્મટ્સને વેચી છે. અમે કદી દસ આંગળાં દેવાના નથી અને કોઈને દેવા દઈશું પણ નહીં. હું ખુદાના કસમ ખાઈને કહું છું કે જે માણસ એશિયાટિક ઑફિસમાં જવાની પહેલ કરશે તે માણસને હું ઠાર મારીશ."

"પઠાણ ભાઈઓની લાગણી હું સમજી શકું છું. હું લાંચ ખાઈને કોમને વેચું એવું કોઈ ન જ માને એવી મારી ખાતરી છે. જેઓએ દસ આંગળાં નહીં દેવાના સોગન ખાધા હોય તેઓને આંગળાં આપવાની કોઈ ફરજ પાડી શકે એમ નથી, અને હરકોઈ પઠાણ અથવા બીજા આંગળાં આપ્યા વિના પરવાના કઢાવવા ઇચ્છે તેઓને પરવાના કઢાવી દેવામાં હું પૂરેપૂરી મદદ કરીશ. અને હું ખાતરી આપું છું કે વગર આંગળાં આપ્યે તેઓ મરજિયાત પરવાના કઢાવી શકશે.

"ઠાર મારવાની ધમકી મને નથી ગમતી એ મારે કબૂલ કરવું જોઈએ. કોઈને મારી નાખવાના કસમ ખુદાને નામે ન લઈ શકાય એમ પણ હું માનું છું. એથી હું તો એમ જ સમજી લઈશ કે ગુસ્સાના આવેશમાં આવી જઈને જ આ ભાઈએ ઠાર મારવાના કસમ ખાધા છે. પણ તે કસમ અમલમાં મૂકવાના હોય યા ન મૂકવાના હોય, પણ આ સમાધાન કરવામાં મુખ્ય માણસ તરીકે અને કોમના સેવક તરીકે મારી ચોખ્ખી ફરજ છે કે, આંગળાં આપવાની પહેલ મારે જ કરવી જોઈએ. અને હું તો ઈશ્વરની પાસે માગીશ કે તે મને જ પહેલ કરવા દે. મરવું તો સૌને નસીબે છે જ. રોગથી મરવું કે બીજા એવી જાતના કારણથી મરવું એના કરતાં મારા કોઈ પણ ભાઈને હાથે મરું તેમાં મને દુઃખ હોય જ નહીં. અને જો તેવે સમયે પણ હું જરાયે ગુસ્સો ન કરું અથવા મારનાર પ્રત્યે દ્વેષ ન કરું તો હું જાણું છું કે મારું તો ભવિષ્ય જ સુધરે, અને મારનાર પાછળથી તો સમજી જ જાય કે હું તદ્દન નિર્દોષ હતો."

આમ કરતાં બેત્રણ માસમાં એશિયાટિક ઑફિસ મરજિયાત પરવાના કાઢવા તૈયાર થઈ ગઈ. તા. 10-2-1908ની સવારે અમે કેટલાક જણ પરવાના કઢાવવા સારુ તૈયાર થયા. મારી ઑફિસે હું પહોંચ્યો તેવા જ ઑફિસની દીવાલની બહાર મીરઆલમ અને તેના સાથીઓને મેં જોયા.

મીરઆલમ મારો જૂનો અસીલ હતો, પોતાનાં બધાં કામોમાં સલાહ લેતો. તે વિશાળ કદનો બેવડા બાંધાનો હતો. આજે પહેલી જ વાર અમારી આંખો મળ્યા છતાં તેણે સલામ ભરવાનું મોકૂફ રાખ્યું. પણ મેં સલામ ભરી એટલે એણે વાળી. પણ આજે તેનો ચહેરો

હંમેશની માફક ખુશનુમા ન હતો. તેની આંખમાં ગુસ્સો હતો એમ હું જોઈ ગયો. મેં મારા મનમાં તેની નોંધ લીધી. કંઈક થવાનું છે એમ પણ ધાર્યું. હું ઑફિસમાં પેઠો. પ્રમુખ ઈસપમિયાં અને બીજા મિત્રો આવી પહોંચ્યા અને અમે એશિયાટિક ઑફિસ ભણી રવાના થયા. સાથે મીરઆલમ અને તેના સાથીઓ પણ ચાલ્યા.

એશિયાટિક ઑફિસ ત્રણેક મિનિટના રસ્તા જેટલી દૂર રહી હશે તેટલામાં મીરઆલમ મારે પડખે આવ્યો. મને પૂછ્યું, “કહાં જાતે હો?” મેં જવાબ આપ્યો, “મૈં દસ અંગુલિયાં દેકર રજિસ્ટર નિકલવાના ચાહતા હૂં, અગર તુમ ભી ચલોગે તો તુમારે અંગુલિયાં દેનેકી જરૂરત નહીં હૈ. તુમારા રજિસ્ટર પહેલે નિકલવા કે મૈં અંગુલિયાં દેકર મેરા નિકલવાઊંગા,” આટલું હું કહી રહ્યો ત્યાં તો મારી ખોપરી ઉપર પછવાડેથી એક લાકડીનો ફટકો પડ્યો. ‘હે રામ’ બોલતો હું તો બેભાન થઈને ઊંધો પડ્યો. પછી જે થયું તેનું મને કંઈ ભાન ન હતું. પણ મીરઆલમે તેમ જ તેના સાથીઓએ વધારે લાકડીઓ મારી અને પાટુઓ પણ મારી. તેમાંની કેટલીક ઈસપમિયાંએ તથા થંબી નાયડુએ ઝીલી. આટલામાં શોરબકોર થયો. આવતા જતા ગોરાઓ ભેળા થઈ ગયા. મીરઆલમ તથા તેના સાથીઓ ભાગ્યા, પણ તેઓને ગોરાઓએ પકડી લીધા. દરમ્યાન પોલીસ પણ આવી પહોંચી. તેઓ પોલીસને હવાલે થયા.

પડખે જ એક ગોરાની ઑફિસ હતી તેમાં મને ઊંચકી લઈ ગયા. થોડી વારે મને ભાન આવ્યું તો મેં મારા મોં ઉપર નમેલા રેવરંડ ડોકને જોયા. તેમણે મને પૂછ્યું, “તને કેમ છે?” મેં હસીને જવાબ આપ્યો, “મને તો ઠીક છે, પણ મીરઆલમ ક્યાં છે?” તેમણે કહ્યું, “તે તો પકડાઈ ગયો છે.” મેં કહ્યું, “તેઓ છૂટવા જોઈએ.” ડોકે જવાબ આપ્યો, “એ બધું તો થઈ રહેશે. અહીંયાં તો તું એક પરાઈ ઑફિસમાં પડેલો છે. તારો હોઠ ફાટી ગયો છે. પોલીસ તને ઇસ્પિતાલમાં લઈ જવાને તૈયાર છે. પણ જો મારે ત્યાં તું આવે તો મિસિસ ડોક અને હું તારી બનતી સારવાર કરીશું.” મેં કહ્યું, “મને તમારે ત્યાં લઈ જાઓ.”

આટલામાં એશિયાટિક ઑફિસર પણ આવી પહોંચ્યા. એક ગાડીમાં મને આ ભલા પાદરીને ત્યાં લઈ ગયા. દાક્તરને બોલાવવામાં આવ્યા હતા. દરમ્યાન મેં એશિયાટિક અમલદાર મિ૦ ચમનીને કહ્યું, “મારી ઉમેદ તો તમારી ઑફિસમાં આવીને દસ આંગળાં આપી પહેલો પરવાનો કઢાવવાની હતી. તે તો ઈશ્વરને મંજૂર ન હતું. પણ હવે મારી વિનંતી છે કે તમે હમણાં જ કાગળિયાં લઈ આવો અને મને રજિસ્ટર કરો. હું આશા રાખું છું કે મારા પહેલાં બીજાને નહીં કરો.” તેમણે કહ્યું, “એવી શી ઉતાવળ છે? હમણાં દાક્તર આવશે. તમે આરામ લો. પછી બધું થઈ રહેશે. બીજાઓને પરવાના આપીશ તોપણ તમારું નામ પહેલું રાખીશ.” મેં કહ્યું : “એમ નહીં; મારી પ્રતિજ્ઞા છે કે જો હું જીવતો રહું તો અને ઈશ્વરને મંજૂર હોય તો

સૌ પહેલો હું પોતે જ પરવાનો કઢાવું. તેથી જ મારો આગ્રહ છે કે તમે કાગળિયાં લઈ આવો." આથી તે ગયા.

મારું બીજું કામ એ હતું કે ઍટર્ની-જનરલ એટલે સરકારી વકીલને તાર કરવો કે, "મીરઆલમ અને તેના સાથીઓએ મારી ઉપર જે હુમલો કર્યો છે તેને સારુ હું તેઓને દોષિત ગણતો નથી. ગમે તેમ હોય તોપણ, હું તેઓની ઉપર ફોજદારી ચાલે એમ ઇચ્છતો નથી. મારી ઉમેદ છે કે મારે ખાતર તમે તેઓને છોડી મૂકશો." એ તારના જવાબમાં મીરઆલમ અને તેના સાથીઓને છોડી મૂકવામાં આવ્યા.

પણ જોહાનિસબર્ગના ગોરાઓએ ઍટર્ની-જનરલ ઉપર આવા પ્રકારનો સખત કાગળ લખ્યો : "ગુનેગારોને સજા થવા વિશે ગાંધીના વિચારો ગમે તેવા હોય, તે આ મુલકમાં ન ચાલી શકે. તેને જે માર પડ્યો છે તે વિશે એ ભલે કશું ન કરે; પણ ગુનેગારોએ ઘરને ખૂણે માર નથી માર્યો, સરિયામ રસ્તા વચ્ચે ગુનો થયો છે. એ જાહેર ગુનો ગણાય. કેટલાક અંગ્રેજો પણ ગુનાનો પુરાવો આપી શકે એમ છે. ગુનેગારોને પકડવા જ જોઈએ." આ હિલચાલને લીધે સરકારી વકીલે મીરઆલમ અને તેના એક સાથીને ફરી પાછા પકડ્યા, અને તેઓને ત્રણ ત્રણ મહિનાની ટીપ મળી. માત્ર મને સાક્ષી તરીકે બોલાવવામાં નહોતો આવ્યો.

મિ૰ ચમની કાગળિયાં લેવા ગયા એટલામાં ડૉક્ટર આવી પહોંચ્યા. તેમણે મને તપાસ્યો. મારો ઉપલો હોઠ ચિરાઈ ગયો હતો તે સાંધ્યો. પાંસળીઓ વગેરે તપાસીને તેને લગાડવાની દવા આપી. અને જ્યાં સુધી તે ટાંકા ન તોડે ત્યાં સુધી બોલવાની મનાઈ કરી. અઠવાડિયાની અંદર હું બિછાનું છોડી શકીશ અને સામાન્ય પ્રવૃત્તિમાં પડી શકીશ, આમ કહી તે વિદાય થયા. આમ મારું બોલવાનું બંધ થયું, પણ મારા હાથ ચાલી શકતા હતા. કોમની પ્રત્યે, પ્રમુખની મારફતે મેં એક ટૂંકો ગુજરાતી કાગળ લખી પ્રગટ કરવા મોકલી દીધો. તે નીચે આપું છું :

> "મારી તબિયત સારી છે. મિસ્ટર અને મિસિસ ડોક મરી પડે છે, અને હું થોડા દિવસમાં પાછો નોકરી ઉપર ચડીશ. જેઓએ માર માર્યો છે તેઓની ઉપર મને ગુસ્સો નથી. તેઓએ અણસમજથી આ કામ કર્યું છે. તેઓની ઉપર કંઈ કામ ચલાવવાની જરૂર નથી. જો બીજાઓ શાંત રહેશે તો આ કિસ્સાથી પણ આપણને લાભ જ છે.
>
> "હિંદુએ જરા પણ મનમાં રોષ રાખવાનો નથી. આમાંથી હિંદુ-મુસલમાન વચ્ચે ખટાશ પેદા થવાને બદલે મીઠાશ થાય એમ ઇચ્છું છું, ને ખુદા તેવું માગું છું.
>
> "માર પડ્યો ને વધારે પડે તોપણ હું તો એક જ સલાહ આપીશ. તે એ કે, ઘણે ભાગે

બધાએ દસ આંગળાં આપવાં. તેમ કરવામાં જેઓને ભારે ધાર્મિક વાંધો હશે તેમને સરકાર છૂટ આપશે. તેમાં જ કોમનું અને ગરીબોનું ભલું તથા રક્ષણ થાય છે.

"જો આપણે ખરા સત્યાગ્રહી હોઈશું તો મારથી કે ભવિષ્યના દગાની બીકથી જરાયે ડરશું નહીં.

"હું ખુદાની આગળ માગું છું કે કોમનું ભલું કરે, તેને સત્યને રસ્તે ચડાવે, અને હિંદુ તથા મુસલમાનને મારા લોહીના પાટા વડે સાંધે."

મિ૰ ચમની આવ્યા. દુ:ખેસુખે ને જેવાંતેવાં પણ મારાં આંગળાં મેં આપ્યાં. હું તદ્દન શાંત અને સ્વસ્થ થઈ જાઉં એ મિ૰ ડોક અને તેમનાં ભલાં પત્ની ઝંખી રહ્યાં હતાં.

ડોક કુટુંબની ચાકરીનું વર્ણન હું કેવી રીતે કરી શકું?

જોસેફ ડોક બૅપ્ટિસ્ટ સંપ્રદાયના પાદરી હતા. દક્ષિણ આફ્રિકામાં આવ્યા પહેલાં તેઓ ન્યૂઝીલૅન્ડમાં હતા. આ હુમલા પહેલાં છએક મહિનાની વાત પર તે મારી ઑફિસે આવ્યા. તે દિવસથી અમે ગાઢ મિત્ર બન્યા. અખબારોમાં આવતી લડતની દરેક હકીકતથી પોતાની વાકેફગારી તેઓએ બતાવી. "આ લડતમાં તમે મને તમારો મિત્ર જ ગણજો. મારાથી જે કંઈ સેવા થઈ શકે તે હું મારો ધર્મ સમજી કરવા ઇચ્છું છું. ઈશુના જીવનનું ચિંતન કરીને હું જો કંઈ શીખ્યો હોઉં તો એ જ કે દુખિયારાંના દુ:ખમાં ભાગ લેવો." આમ દિવસે દિવસે અમારી વચ્ચે સ્નેહ અને સંબંધ વધતા જ ગયા.

જ્યાં સુધી હું તેમના ઘરમાં રહ્યો ત્યાં સુધી એ ઘર ધર્મશાળા બની ગયું હતું! હિંદી કોમમાં ફેરિયા વગેરે હોય, એમણે તો મજૂરના જેવાં કપડાં પહેર્યાં હોય, મેલાં પણ હોય, જોડા પર શેર ધૂળ પણ હોય. વળી પોતાની ગાંસડી કે ટોપલી પણ સાથે હોય. આવા હિંદીઓની ડોકને ઘેર સેર ચાલી હતી. બધાને એકસરખા માનથી અને ભાવથી પોતાના દીવાનખાનામાં ડોક બેસાડતા. અને જ્યાં સુધી મારું રહેવાનું ડોક કુટુંબની સાથે રહ્યું ત્યાં સુધી મારી માવજતમાં અને સેંકડો જોવા આવનારના આદરસત્કારમાં તેમનો બધો વખત જતો. એમના ઘરમાં મને કોઈ દિવસે એવો ખ્યાલ ન આવી શક્યો કે, આ મારું ઘર નથી અથવા તો મારાં વહાલામાં વહાલાં સગાં હોય તો તેઓ મારી સંભાળ વધારે લે.

વાંચનાર એમ પણ ન માને કે, હિંદી કોમની લડતની આટલી બધી જાહેર રીતે તરફદારી કરવા સારુ અથવા મને પોતાના ઘરમાં સંઘરવા સારુ ડોકને કંઈ જ સહન કરવું પડ્યું નહોતું. પોતાના પંથના ગોરાઓને અર્થે એ એક દેવળ ચલાવતા હતા. તેમની આજીવિકા આ પંથવાળા મારફતે મળતી હતી. આવા લોકો કંઈ બધા ઉદાર દિલના હોય નહીં. હિંદીઓ પ્રત્યેનો સામાન્ય અણગમો તેઓમાં પણ હતો જ. ડોકે એ વાતની દરકાર કરી નહીં. અમારા પરિચયના

આરંભમાં જ મેં આ નાજુક વિષય તેમની સાથે ચર્ચેલો. તેમનો જવાબ નોંધવા લાયક છે. તેમણે કહ્યું :

“મારા વહાલા મિત્ર! ઈશુના ધર્મને તું કેવો માને છે? જે માણસ પોતાના ધર્મને ખાતર શૂળીએ ચડ્યો અને જેનો પ્રેમ જગતના જેટલો વિશાળ હતો તેનો હું અનુયાયી છું. જે ગોરાઓથી મારા ત્યાગનો તને ભય છે તેઓના પ્રત્યે હું ઈશુના અનુયાયી તરીકે જરાયે શોભવા ઇચ્છતો હોઉં, તો આ લડતમાં મારે જાહેર રીતે ભાગ લેવો જ જોઈએ, અને તેમ કરતાં મને મારું મંડળ તજી દે તો મારે તેમાં જરાયે દુઃખ ન માનવું જોઈએ. મારી આજીવિકા તેઓની પાસેથી મળે છે એ ખરું, પણ તું એમ તો નહીં જ માને કે આજીવિકાને ખાતર હું તેઓની સાથે સંબંધ રાખું છું, અથવા તો તેઓ મારી રોજીના આપનાર છે. મારી રોજી તો મને ઈશ્વર આપે છે. તેઓ નિમિત્તમાત્ર છે. મારા તેઓની સાથેના સંબંધની વગર બોલ્યે સમજાઈ ગયેલી એ શરત છે કે મારી ધાર્મિક સ્વતંત્રતામાં તેમનામાંથી કોઈ વચ્ચે આવી જ ન શકે. એટલે મારે વિશે તું બેફિકર જ રહેજે. હું કંઈ હિંદીઓની ઉપર મહેરબાની કરવા આ લડતમાં પડ્યો નથી. મારો તો ધર્મ છે એમ સમજીને પડ્યો છું. પણ હકીકત એવી છે કે મારા ડીન(દેવળના મુખિયા)ની સાથે મેં આ બાબતની ચોખવટ કરી લીધી છે. તેઓને મેં વિનયપૂર્વક જણાવી દીધું છે કે, જો મારો હિંદી કોમ સાથેનો સંબંધ તેઓને ન રુચતો હોય તો તેઓ મને સુખેથી રજા આપી શકે છે, અને બીજાને રોકી શકે છે. પણ તેઓએ મને તદ્દન નિશ્ચિંત કરી મૂક્યો છે એટલું જ નહીં પણ મને ઉત્તેજન આપ્યું છે. વળી એમ પણ તારે ન સમજવું કે બધા ગોરાઓ એકસરખી જ રીતે તમ લોકોની તરફ તિરસ્કારની નજરે જુએ છે. પરોક્ષપણે તમારા પ્રત્યે કેટલી બધી લાગણી છે તેનો તને ખ્યાલ ન હોઈ શકે, પણ મને તો અનુભવ હોવો જોઈએ એમ તું કબૂલ કરશે.”

આટલી સ્પષ્ટ વાર્તા થયા પછી મેં ફરી એ વિષય કોઈ દિવસ છેડ્યો જ નહીં. અને પાછળથી જ્યારે ડોક પોતાનું ધર્મકાર્ય કરતાં કરતાં રોડેશિયામાં દેવલોક પામ્યા ત્યારે તેમના દેવળમાં તેમના પંથવાળાઓએ સભા કરી હતી, તેમાં મરહૂમ કાછલિયા અને બીજા હિંદીઓ તેમ જ મને બોલાવ્યા હતા; અને તેમાં મને બોલવાનું પણ નિમંત્રણ આવ્યું હતું.

હું ઠીક ઠીક હાલવાચાલવા જેવો થાઉં તેને દસેક દિવસ થયા હશે. એવી સ્થિતિએ પહોંચ્યા પછી મેં આ માયાળુ કુટુંબની રજા લીધી. અમને બંનેને એ વિયોગ દુખદાયી થઈ પડ્યો હતો.



આલ્બર્ટ વેસ્ટ



હેનરી પોલાક



શ્લેશિન અને કેલનબેક સાથે, 1913ની ઐતિહાસિક કૂચ પહેલાં



એમિલી હૉબહાઉસ



ઑલિવ શ્રાઇનર



જનરલ સ્મટ્સ



રજીસ્ટ્રેશન ઍક્ટના વિરોધમાં હમિદિયા મસ્જિદમાં સભા : જોહાનિસબર્ગ, 1908

હમિદિયા મસ્જિદની બહાર પરવાનાની હોળી




ટૉલ્સ્ટૉય ફાર્મ



ટૉલ્સ્ટૉય ફાર્મના આરંભના સાથીઓ, 1910



ગોખલેની સ્વાગતસભામાં : ડરબન, 1912



ઍન્ડ્રૂઝ અને પિયર્સન સાથે

ગોરા સહાયકો

આ લડતમાં એટલા બધા અને પ્રતિષ્ઠિત ગોરાઓએ હિંદી કોમ તરફથી આગળપડતો ભાગ લીધો હતો કે આ સ્થળે તેઓનો એકસાથે પરિચય કરાવવો અયોગ્ય નહીં ગણાય.

તેમાં પ્રથમ નામ આલ્બર્ટ વેસ્ટનું આવે છે. મેં જ્યારે જોહાનિસબર્ગમાં ઑફિસ ખોલી ત્યારે મારું કુટુંબ મારી સાથે ન હતું. એક નિરામિષ ભોજનગૃહ હતું તેમાં હું સાંજે ખાવા જતો. ત્યાં વેસ્ટ પણ આવતા અને ત્યાં જ અમારી ઓળખાણ થયેલી.

તેમની રહેણી અત્યંત સાદી હતી. અમારા પરિચય વખતે તે બ્રહ્મચારી હતા. કેટલાંક વર્ષ પછી વિલાયત જઈ ત્યાંથી પરણીને આવ્યા. મારી સલાહથી પોતાની સ્ત્રીને, સાસુને અને કુંવારી બહેનને સાથે લાવ્યા. તેઓ બધાં ફિનિક્સમાં અત્યંત સાદાઈથી રહ્યાં અને દરેક રીતે હિંદીઓની સાથે ભળી જતાં.

મિસ એડા વેસ્ટે (અમે એમને દેવીબહેન કહેતા) પણ કંઈ ઓછી સેવા કરી નથી. ફિનિક્સમાં વસતા બાળશિષ્યોને રાખવા, તેઓને અંગ્રેજીનું શિક્ષણ આપવું, સાર્વજનિક રસોડામાં રસોઈ કરવી, મકાન સાફ રાખવાં, ચોપડા પણ રાખવા, બીબાં પણ ગોઠવવાં, છાપખાનાનું બીજું કામ કરવું, તેમાં ક્યાંય આ બાઈએ કોઈ દિવસ આનાકાની કરી નથી. જ્યારે ફિનિક્સમાંથી ઘણા માણસો જેલમાં ગયા ત્યારે વેસ્ટ કુટુંબે મગનલાલ ગાંધીની સાથે મળીને ફિનિક્સનો કારભાર ચલાવ્યો.

વેસ્ટની જેમ પોલાકની ઓળખાણ પણ અનાયાસે ભોજનગૃહમાં થયેલી. તેમણે વિલાયતમાં અને આખા હિંદુસ્તાનમાં લડતને અંગે મુસાફરી કરી.

પછી હર્મન કૅલનબૅક. એમનો પરિચય પણ લડાઈ પહેલાં થયેલો. એ જાતે જર્મન છે. અને જો અંગ્રેજ-જર્મનની લડાઈ ન થઈ હોત તો આજે તે હિંદુસ્તાનમાં હોત. તેમનું હૃદય વિશાળ છે. તેમના ભોળપણાનો પાર નથી. તેમની લાગણી ઘણી તીવ્ર છે. તેમનો ધંધો શિલ્પીનો છે. એવું એક પણ કામ નહીં હોય કે જે કરવામાં તેમણે આનાકાની કરી હોય. જ્યારે મેં જોહાનિસબર્ગમાં ઘરબાર કાઢી નાખેલાં ત્યારે અમે બંને સાથે જ રહેતા, એટલે મારું ખર્ચ એ જ ઉપાડતા. ઘર તો એમનું પોતાનું જ હતું. ખાધાખર્ચમાં હું મારો ભાગ આપવા કહેતો ત્યારે તે ચિડાય, અને એમને ઉડાઉપણામાંથી બચાવનાર તો હું જ હતો એ કહી મને વાળે. પોલાકની સાથે તે પણ પકડાયેલા અને જેલ ભોગવેલી. અને છેવટે જ્યારે દક્ષિણ આફ્રિકા છોડીને ગોખલેને વિલાયતમાં મળીને હું હિંદુસ્તાન આવતો હતો ત્યારે કૅલનબૅક મારી સાથે હતા, અને લડાઈને લીધે જ તેમને હિંદુસ્તાન આવવાની પરવાનગી ન મળી. બધા

જર્મનોની સાથે તેમને પણ વિલાયતમાં નજરકેદમાં રાખવામાં આવ્યા હતા. લડાઈ પૂરી થયા પછી તે જોહાનિસબર્ગમાં પાછા ગયા.

હવે, એક પવિત્ર બાળાની ઓળખાણ આપું. તેને ગોખલેએ આપેલું પ્રમાણપત્ર વાંચનારની પાસે રજૂ કર્યા વિના મારાથી નહીં રહી શકાય. આ બાળાનું નામ મિસ શ્લેશિન. ગોખલેની માણસોને પિછાણવાની શક્તિ અદ્ભુત હતી. દક્ષિણ આફ્રિકાના હિંદી તેમ જ ગોરા આગેવાનોનો પરિચય પણ તેમને ઠીક થયો હતો. એમાંનાં બધાં મુખ્ય પાત્રોનાં સૂક્ષ્મ પૃથક્કરણ તેમણે કરી બતાવ્યાં, અને મને બરાબર યાદ છે કે તેમણે મિસ શ્લેશિનને હિંદી અને ગોરા બધામાં સૌથી પ્રથમ પદ આપ્યું હતું. "એના જેવું નિર્મળ અંતઃકરણ, કામમાં એકાગ્રતા, દૃઢતા, મેં ઘણાં થોડામાં જોયાં છે. અને હિંદીઓની લડતમાં કશાયે લાભની આશા વિના આટલું સર્વાર્પણ જોઈને હું તો આશ્ચર્યચકિત થયો. વળી આ બધા ગુણોની સાથે તેની હોશિયારી ને ચપળતા તમારી આ લડતમાં તેને એક અમૂલ્ય સેવિકા બનાવે છે."

મારી પાસે એક સ્કૉચ કુમારિકા શૉર્ટહૅન્ડ અને ટાઇપિસ્ટ તરીકે હતી. તેની વફાદારી અને નીતિનો કંઈ પાર ન હતો. આ જિંદગીમાં મને કડવા અનુભવ તો ઘણાયે થયા છે, પણ મારા સંબંધમાં એટલાં બધાં સુંદર ચારિત્ર્યવાળા અંગ્રેજ અને હિંદી આવ્યા છે કે, હું હંમેશાં એને મારું સદ્ભાગ્ય જ માનતો આવ્યો છું. આ સ્કૉચ કુમારિકા મિસ ડિકના વિવાહનો પ્રસંગ આવ્યો એટલે તેનો વિયોગ થયો. કૅલનબૅક મિસ શ્લેશિનને લાવ્યા અને મને કહ્યું, "આ બાળાને તેની માએ મને સોંપી છે. એ ચાલાક છે, પ્રમાણિક છે, પણ એનામાં ટીખળ અને સ્વતંત્રતા બહુ છે. કદાચ તે ઉદ્ધત પણ ગણાય. તને પોસાય તો તું તેને રાખજે. પગારને ખાતર હું એને તારી નીચે નથી મૂકતો." હું તો સારી શૉર્ટહૅન્ડ ટાઇપિસ્ટને મહિનાના વીસ પાઉન્ડ આપવાને તૈયાર હતો. કૅલનબૅકે કહ્યું, "હાલ તો મહિનાના છ પાઉન્ડ આપજે."

મિસ શ્લેશિનના ટીખળનો અનુભવ તો મને તરત જ થયો. પણ એક મહિનાની અંદર તો મિસ શ્લેશિને જ મને વશ કરી લીધો. રાત અને દહાડો ગમે ત્યારે કામ આપે. તેને સારુ કંઈ અશક્ય કે મુશ્કેલ તો મળે જ નહીં. આ વખતે તેની ઉંમર સોળ વર્ષની હતી. અસીલોનાં અને સત્યાગ્રહીઓનાં મન પણ પોતાની નિખાલસતા અને સેવાની તત્પરતાથી તેણે હરી લીધાં. ઑફિસની અને લડતની નીતિની એ કુમારિકા ચોકીદાર અને રખેવાળ થઈ પડી. કોઈ પણ કાર્યની નીતિને વિશે તેને જરાયે શંકા આવે એટલે અતિશય છૂટથી મારી સાથે વાદવિવાદ કરે, અને હું જ્યાં સુધી તે વસ્તુની નીતિને વિશે તેની ખાતરી ન કરી આપું ત્યાં સુધી તેને સંતોષ વળે જ નહીં.

જ્યારે બધા પકડાયા અને આગેવાનોમાં લગભગ એક કાછલિયા જ બહાર હતા તે

વખતે એ બાઈએ લાખો રૂપિયાનો હિસાબ સાચવ્યો, જુદી જુદી પ્રકૃતિના માણસોની પાસેથી કામ લીધું. અમે બધા જેલમાં ગયા ત્યારે ડોકે 'ઇન્ડિયન ઓપીનિયન'ની કમાન હાથમાં લીધી. પણ એ ધોળા વાળવાળો અનુભવી બુજરગ 'ઇન્ડિયન ઓપીનિયન'ને સારુ લખાયેલા લેખો મિસ શ્લેશિનની પાસે પાસ કરાવે! અને તેણે મને કહેલું, "જો મિસ શ્લેશિન ન હોત તો હું નથી જાણતો કે હું કઈ રીતે મારા કામમાં મને પોતાને પણ સંતોષ આપી શકત. તેની મદદ અને તેની સૂચનાઓનું મૂલ્ય હું આંકી શકું એમ નથી." અને ઘણી વખત તેણે સૂચવેલા સુધારાવધારા યોગ્ય જ હતા એમ ધારીને મેં કબૂલ કરેલા છે. પઠાણો, પટેલિયાઓ, ગિરમીટિયાઓ, બધી જાતના અને બધી ઉંમરના હિંદીઓ તેની આસપાસ વીંટળાઈ રહેતા, તેની સલાહ લેતા, અને તે કહે તેમ કરતા.

દક્ષિણ આફ્રિકામાં ઘણે ભાગે ગોરાઓ હિંદીઓ સાથે આગગાડીમાં એક જ ડબ્બામાં બેસતા નથી. ટ્રાન્સવાલમાં તો બેસવાની મનાઈ પણ કરે છે. તેમ છતાં મિસ શ્લેશિન ઇરાદાપૂર્વક હિંદીઓના જ ડબ્બામાં બેસે અને ગાર્ડોની સાથે વઢવેડ પણ કરે. મને ભય હતો, ને મિસ શ્લેશિનને હોંશ હતી, કે કોઈ વખત પોતે પણ પકડાય. પણ તેની શક્તિ, તેનું લડાઈને લગતું પૂરું જ્ઞાન, અને સત્યાગ્રહીઓના હૃદય ઉપર તેણે મેળવેલું સામ્રાજ્ય એ ત્રણ વસ્તુ ટ્રાન્સવાલની સરકારના ધ્યાનમાં હોવા છતાં, મિસ શ્લેશિનને નહીં પકડવાની પોતાની નીતિ અને પોતાના વિવેકનો ટ્રાન્સવાલની સરકારે ત્યાગ ન જ કર્યો.

મિસ શ્લેશિને કોઈ દિવસ પોતાના માસિક છ પાઉન્ડમાં વધારો માગ્યો કે ઇચ્છ્યો જ નહીં. તેની કેટલીક હાજતોની મને જાણ થઈ ત્યારે તેને દસ પાઉન્ડ આપવાનું શરૂ કર્યું. તે પણ તેણે આનાકાનીથી લીધા. પણ તેથી આગળ વધવાની તો તેણે ચોખ્ખી ના જ પાડી : "તે ઉપરાંત મારી હાજત છે જ નહીં. તેમ છતાં જો હું લઉં તો જે નિષ્ઠાથી તમારી પાસે આવી છું તે ખોટી ઠરે." આ જવાબથી હું ચૂપ રહ્યો.

હું ઉપર ગણાવી ગયો તે વ્યક્તિઓ તો મારા ખાસ પ્રસંગમાં આવેલી હતી. તેઓને ટ્રાન્સવાલના આગેવાન ગોરાઓમાં ન ગણી શકાય. છતાં તેઓની મદદ પુષ્કળ મળી હતી એમ કહી શકાય. પ્રતિષ્ઠાની દૃષ્ટિએ હૉસ્કિનનું અગ્રસ્થાન છે. તેમના પ્રમુખપણા નીચે સત્યાગ્રહની લડતમાં સહાયકારી ગોરાઓનું સ્થાયી મંડળ પણ ઊભું કરવામાં આવ્યું હતું. એ મંડળે પોતાથી બને તેટલી મદદ કરી હતી. લડતનો બરાબર રંગ જામ્યા પછી ગોરાઓની કમિટી સરકાર અને સત્યાગ્રહીની વચ્ચે એક અનુસંધાનરૂપ હતી.

એ જ પ્રમાણે મદદ કરનાર 'પ્રિટોરિયા ન્યૂઝ'ના અધિપતિ વેરસ્ટેન્ટ હતા. એક વેળાએ પ્રિટોરિયા ટાઉનહૉલમાં ત્યાંના મેયરના અધિપતિપણા નીચે ગોરાઓએ જંગી સભા બોલાવી

હતી. તેનો હેતુ એશિયાટિકને વખોડવાનો અને ખૂની કાયદાને વખાણવાનો હતો. વેરસ્ટેન્ટે એકલાએ એ સભામાં વિરોધ કર્યો. પ્રમુખે બેસી જવાનું કહ્યું તે છતાં તેમણે બેસી જવાની ના પાડી. ગોરાઓએ તેમના શરીર પર હાથ નાખવાની ધમકી આપી. તેમ છતાં એ નર સિંહની માફક ગર્જતો એ ટાઉનહૉલમાં અડગ રહ્યો, અને સભાને પોતાનો ઠરાવ પસાર કર્યા વિના વીખરાઈ જવું પડ્યું!

કોઈ પણ મંડળમાં દાખલ થયા વિના પણ મદદ કરવાનો એક પણ પ્રસંગ નહીં ભૂલનાર એવા બીજા ગોરાઓનાં નામ પણ હું ગણાવી શકું એમ છું. પણ વધુ ન લંબાવતાં ત્રણ સ્ત્રીઓની ઓળખાણ કરાવીને જ આ પ્રકરણ પૂરું કરવા ઇચ્છું છું. તેમાંથી એક મિસ હૉબહાઉસ, તે લૉર્ડ હૉબહાઉસની દીકરી. એ બાઈ બોઅરની લડાઈ સમયે ટ્રાન્સવાલમાં પહોંચી હતી. જ્યારે લૉર્ડ કિચનરે આખા જગતમાં ગવાયેલી અને વખોડાયેલી પોતાની 'કૉન્સેન્ટ્રેશન કૅમ્પ' ટ્રાન્સવાલ અને ફ્રી સ્ટેટમાં જમાવી, ત્યારે એ બાઈ એકલી બોઅર ઓરતોમાં ઘૂમતી અને તેઓને મક્કમ રહેવાનું સમજાવતી ને શૂર ચડાવતી. બોઅર લડાઈને વિશે અંગ્રેજી રાજનીતિ કેવળ ખોટી છે એવી પોતાની માન્યતા હોવાથી, મરહૂમ સ્ટેડની માફક તે ઇચ્છતી અને ઈશ્વર પ્રત્યેની પ્રાર્થના કરતી કે અંગ્રેજોની હાર થાય. આટલી બધી બોઅરની સેવા કર્યા પછી જ્યારે તેણે જાણ્યું કે, બોઅરો — જે અન્યાયની સામે લડેલા તેઓ જ — હિંદીઓ પ્રત્યે, અજ્ઞાનથી દોરવાઈ જઈને, અન્યાય કરવા તૈયાર થાય છે, ત્યારે તેનાથી તે સહન ન થઈ શક્યું.

બીજી બાઈ ઑલિવ શ્રાઈનર. એ દક્ષિણ આફ્રિકાના પ્રખ્યાત શ્રાઈનર કુટુંબમાં જન્મેલી વિદુષી બાઈ હતી. એ બાઈની સાદાઈ, નમ્રતા, એ એની વિદ્વત્તાના જેવાં જ તેનાં આભૂષણ હતાં. પોતાના હબસી નોકરો અને પોતાની વચ્ચે અંતર છે એમ તેણે કોઈ દિવસ માનેલું નહીં. તેણે ઘણું લખેલું છે. એટલો કલમ ઉપરનો તેનો કાબૂ હોવા છતાં, પોતે ઘરની રસોઈ પોતાને હાથે કરતાં, ઘર સાફસૂફ રાખતાં, વાસણ ઇત્યાદિ ધોતાં શરમાય નહીં. તે એમ માનતી કે એવી ઉપયોગી અંગમહેનત તેની લેખનશક્તિને મંદ કરવાને બદલે ઉત્તેજિત કરતી અને ભાષામાં ને વિચારોમાં એક પ્રકારનો વિવેક અને ઠાવકાઈ જાળવતી. એ બાઈએ પણ દક્ષિણ આફ્રિકાના ગોરાઓમાં જે કંઈ વજન પડી શકે તે બધું હિંદીઓની તરફેણમાં વાપર્યું હતું.

ગોરા સહાયકોનાં નામ ગણાવી જવાનો એક હેતુ એ કે દક્ષિણ આફ્રિકાના સત્યાગ્રહના ઇતિહાસમાં જો તેઓએ કરેલી મદદની સ્તુતિ ન આવે તો એ ઇતિહાસની ખામી ગણાય. મેં કંઈ બધા ગોરા સહાયકોનાં નામ તો આપ્યાં નથી. પણ જેટલાં આપ્યાં છે તેથી સહાયકમાત્રનો

આભાર આ પ્રકરણમાં આવી જાય છે. અને બીજું કારણ એ કે, આપણે અમુક પ્રવૃત્તિનાં પરિણામ સ્પષ્ટ રીતે જોઈ નથી શકતા તે છતાં શુદ્ધ ચિત્તથી થયેલી પ્રવૃત્તિનું પરિણામ શુભ આવે જ છે, — પછી તે દૃશ્ય હો કે અદૃશ્ય — એ સિદ્ધાંતને વિશેની સત્યાગ્રહી તરીકેની મારી શ્રદ્ધા પ્રગટ કરવી. વળી ત્રીજું સબળ કારણ એ કે, સત્ય પ્રવૃત્તિઓ આવી અનેક પ્રકારની શુદ્ધ અને નિસ્વાર્થ મદદો પોતાની તરફ વિના પ્રયાસે આકર્ષે જ છે, એ બતાવવું. સત્યાગ્રહની લડતમાં કોઈ પણ પ્રયાસ આ ગોરાઓની મદદ લેવાને સારુ કરવામાં આવ્યો ન હતો. લડતના બળથી જ તેઓ આકર્ષાયા હતા.

●

સ્મટ્સનો વિશ્વાસઘાત (?)

જનરલ સ્મટ્સ એ 1908ની સાલમાં પણ દક્ષિણ આફ્રિકામાં તો સૌથી વધારે હોશિયાર નેતા ગણાતા. આજે બ્રિટિશ સામ્રાજ્યમાં તે ઊંચા પ્રકારના કાર્યકુશળ પુરુષ ગણાય છે. તેની શક્તિ બહુ મોટી છે. તે જેવા કુશળ વકીલ તેવા જ કુશળ સેનાપતિ છે, અને તેવા જ કુશળ રાજ્યવહીવટ ચલાવનાર માણસ છે.

ટ્રાન્સવાલની સરકારને સંતોષ થાય એવી રીતે હિંદીઓએ મરજિયાત પરવાના કઢાવી લીધા. હવે તે સરકારે ખૂની કાયદો રદ કરવાનો રહ્યો. અને જો તેમ કરે તો સત્યાગ્રહની લડત બંધ થાય. તેનો અર્થ એમ નહીં કે ટ્રાન્સવાલમાં હિંદી વિરુદ્ધ જે કંઈ કાયદા હોય તે બધા રદ થાય અથવા હિંદીઓનાં બધાં દુઃખ દૂર થાય. તે દૂર કરવાને સારુ તો જેમ પ્રથમ કાયદેસર લડત ચાલતી હતી તે પ્રમાણે ચલાવવી જ રહી. સત્યાગ્રહ તો ખૂની કાયદારૂપી નવું ઘોર વાદળ દૂર કરવા પૂરતો જ હતો. પણ ખૂની કાયદો રદ કરવાનો ખરડો ઘડવાને બદલે જનરલ સ્મટ્સે જે ખરડો બહાર પાડ્યો તે વડે ખૂની કાયદો બહાલ રાખ્યો.

આ બિલ વાંચી હું તો દિગ્મૂઢ જ બની ગયો. અમારી કમિટીની સભા ભરી તેઓને સમજાવ્યા. આવી મહાન લડાઈઓમાં ભરતીઓટ તો થયાં જ કરે. ગમે તેવી ચોખવટ કરી હોય તોપણ સામેનો માણસ વિશ્વાસભંગ કરવા બેસે તેને કોણ રોકી શકે? તેથી મારી સલાહ તો એ જ છે કે જે ગૂંચવણ આવી પડી છે તેને આપણે ધીરજથી ઉકેલવી. આપણે ફરીથી

લડવું પડે તો આપણે શું કરી શકીએ – એટલે બીજાઓ શું કરશે તેનો વિચાર કર્યા વિના દરેક સત્યાગ્રહી પોતે શું કરશે – એ જ વિચારવાનું રહ્યું.

આ અવસરે કાછલિયા પોતાનું ઝવેરાત દિવસે દિવસે બતાવી રહ્યા હતા. બધી બાબતમાં થોડામાં થોડું બોલી પોતાનો નિશ્ચય જાહેર કરી દેતા અને તેમાં અડગ રહેતા. મને એક પણ પ્રસંગ એવો યાદ નથી કે, જ્યારે તેમણે નબળાઈ બતાવી હોય અથવા તો છેવટના પરિણામ વિશે શંકા પણ બતાવી હોય. જે મુસીબતો ભાગ્યે જ કોઈ માણસ સહન કરી શકે તે તેમણે નિશ્ચિત અને નિર્ભય થઈને સહન કરી. જેલમાં જઈ બેસવું એ સહેલું કામ હતું; પણ બહાર રહી બધી વસ્તુ ઝીણવટથી તપાસવી, તેની ગોઠવણો કરવી, અનેક માણસોને સમજાવવા, એ બધું બહુ વધારે મુશ્કેલ હતું.

એવો અવસર આવ્યો કે જ્યારે કાછલિયાને ગોરા લેણદારોએ તેમના સાણસામાં પકડ્યા. ઘણા હિંદી વેપારીઓના વેપારનો આધાર ગોરા વેપારીઓની પેઢીઓ ઉપર હોય છે. તેઓ લાખો રૂપિયાનો માલ કંઈ પણ ખોળાધરી વિના હિંદી વેપારીઓને ધીરે છે. આવો વિશ્વાસ હિંદી વેપારીઓ સંપાદન કરી શક્યા છે એ હિંદી વેપારીની સામાન્ય પ્રમાણિકતાનો એક સરસ પુરાવો છે. કાછલિયા શેઠને પણ ઘણી અંગ્રેજી પેઢીઓ તરફથી ધીરધાર હતી. સરકાર તરફની સીધી અથવા આડકતરી ઉશ્કેરણીથી આ વેપારીઓએ કાછલિયાની પાસે રહેલાં પોતાનાં નાણાં તુરત માગ્યાં. તેમણે કાછલિયાને બોલાવી કહ્યું પણ ખરું : “જો તમે આ લડતમાંથી નીકળી જાઓ તો અમને નાણાંની કંઈ જ ઉતાવળ નથી. જો તમે તેમાંથી ન નીકળી જાઓ તો અમને ભય છે તમને સરકાર ગમે ત્યારે પકડી લે તો અમારાં નાણાંનું શું થાય? તેથી જો તમે આ લડતમાંથી ન જ નીકળી શકો તો આમારાં નાણાં તમારે તુરત ભરવાં જોઈએ.”

આ વીર પુરુષે જવાબ આપ્યો : “લડત એ મારી પોતાની અંગત વાત છે. તેને મારા વેપારની સાથે કંઈ સંબંધ નથી. તે લડતમાં મારો ધર્મ, મારી પ્રજાનું માન અને મારું પોતાનું સ્વમાન સમાયેલાં છે. તમારી ધીરધારને સારુ હું તમારો આભાર માનું છું પણ તેને કે મારા વેપારને હું સર્વોપરી નથી ગણી શકતો. તમારા પૈસા સોનામહોર જેવા છે. હું જીવતો હોઉં ત્યાં સુધી વેચાઈને પણ તમારા પૈસા ભરું એમ છું, અને ધારો કે મને કંઈ થઈ ગયું તોપણ મારી ઉઘરાણી અને માલ તમારે હસ્તક જ છે એમ તમે સમજી લો. આજ લગી તમે મારી ઉપર વિશ્વાસ રાખ્યો છે અને હું એમ ઇચ્છું છું કે હજુ પણ તમે વિશ્વાસ રાખો.” પણ આ પ્રસંગે વેપારીઓ ન્યાય નહોતા ઇચ્છતા. તેઓ તો કાછલિયાને નમાવવા ઇચ્છતા હતા. કાછલિયા ન નમ્યા, અને નાદાર દેવાદાર ઠર્યા.

આ નાદારી એ તેમને કલંકરૂપ ન હતી, પણ તેમનું ભૂષણ હતું. કોમમાં તેમની આબરૂ વધી અને તેમની દૃઢતા અને બહાદુરીને સારુ બધાએ તેમને મુબારકબાદી આપી. નાદારીને વધાવી લેનાર પ્રતિષ્ઠિત હિંદી વેપારીનો આ પહેલો દાખલો જોઈ ગોરા વેપારીઓ સમસમી રહ્યા, અને હમેશાંને સારુ શાંત થઈ ગયા. એક વરસની અંદર કાછલિયા શેઠના માલમાંથી ગોરાઓને સોએ સો ટકા મળી ગયા. નાદારીમાં લેણદારોને સો ટકા મળ્યાનો મારી જાણમાં તો દક્ષિણ આફ્રિકામાં આ પહેલો અનુભવ હતો. આથી કાછલિયાનું માન ગોરા વેપારીઓમાં પણ અતિશય વધી ગયું, અને તે જ વેપારીઓએ લડાઈ ચાલતી હતી તે છતાં કાછલિયાને જોઈએ તેટલો માલ ધીરવા તૈયારી દેખાડી.

કમિટીની મીટિંગ પછી જનરલ સ્મટ્સને મેં કાગળ લખ્યો કે નવો ખરડો એ સમાધાનીનો ભંગ છે. મારા કાગળોના જવાબમાં મને કશોય સંતોષ ન મળી શક્યો.

એક તરફથી જનરલ સ્મટ્સને સમાધાનીની શરત પાળવાનું વીનવવામાં આવતું હતું, તેમ બીજી તરફથી કોમને પાછી જાગ્રત કરવાનું કામ પણ ઉત્સાહપૂર્વક ચાલી રહ્યું હતું. સૌને સમજાવવામાં આવ્યું કે જો કેમે કરતાં ખૂની કાયદો રદ ન થાય તો પરવાના આપણે બાળી નાખવા જોઈએ.

સભા મસ્જિદના ફળિયામાં કરવામાં આવી હતી. હિંદીઓથી ચોગાન ઊભરાઈ ગયું હતું. દક્ષિણ આફ્રિકામાં હબસીઓ પોતાની રસોઈને સારુ લોખંડની કઢાઈઓ વાપરે છે. પરવાનાઓ બાળવા સારુ આવી એક કઢાઈ એક ખૂણામાં માંચડા ઉપર ગોઠવવામાં આવી હતી.

સભા શરૂ થઈ. પ્રમુખે સભાને સાવધાન કરી. બધી સ્થિતિ સમજાવી. પ્રસંગને યોગ્ય ઠરાવો પસાર કર્યા. મેં જુદી જુદી સ્થિતિ ઊભી થયેલી હતી તે સ્પષ્ટ રીતે સમજાવી, અને કહ્યું, "જેઓએ પોતાના પરવાના બાળવાને સારુ આપ્યા છે તેમાંથી કોઈ પાછા લેવા ઇચ્છે તો લઈ શકે છે."

છેવટે કોઈને વિરોધ કરવો હોય અથવા સામે થવું હોય તો તેણે ઊભા થવું એમ મેં સૂચવ્યું. કોઈ ઊભું ન થયું. આ સભામાં મીરઆલમ પણ હાજર હતો. તેણે મને મારવામાં પોતાની ભૂલ થઈ હતી એ જાહેર કર્યું અને પોતાનો અસલ પરવાનો બાળવા આપ્યો! મેં મીરઆલમનો હાથ પકડ્યો ને હર્ષથી ચાંપ્યો. મારા મનમાં તો કદી કશો રોષ ન હતો એ મેં એને ફરીથી જણાવ્યું. મીરઆલમના આ કાર્યથી સભાના હર્ષનો પાર ન રહ્યો.

કમિટીની પાસે બાળવા સારુ 7,000 ઉપરાંત પરવાના આવી ચૂક્યા હતા. તેની ગાંસડી પેલી કઢાઈમાં પધરાવી, ઉપર ઘાસતેલ રેડ્યું, અને મેં દીવાસળી મેલી. આખી સભા ઊભી

થઈ ગઈ અને બળવાની ક્રિયા ચાલી ત્યાં સુધી તાળીઓથી મેદાનને ગજાવી મૂક્યું. આ સભામાં અંગ્રેજી અખબારોના રિપોર્ટરો આવ્યા હતા. તેઓની ઉપર પણ આખા દૃશ્યની બહુ અસર પડી અને તેઓએ સભાનું આબેહૂબ વર્ણન પોતપોતાનાં અખબારોમાં આપ્યું. વિલાયતના 'ડેલી મેલ'ના જોહાનિસબર્ગના ખબરપત્રીએ મજકૂર છાપાને તેનું વર્ણન મોકલ્યું. તેમાં પરવાનાની હોળીને, અમેરિકાના અંગ્રેજોએ બૉસ્ટન બંદરના દરિયામાં વિલાયતથી ગયેલી ચાની પેટીઓ ડુબાવી દીધી હતી અને ઇંગ્લંડને વશ નહીં રહેવાનો પોતાનો નિશ્ચય જાહેર કર્યો હતો, તેની સાથે સરખાવી હતી.

દેશનિકાલ

'ખૂની' કાયદામાં ત્રણ પ્રકારની સજા હતી : દંડ, કેદ અને દેશનિકાલ. સરકારે વિચાર્યું કે, જો હિંદીઓને હિંદુસ્તાન લગી હદપાર કરી શકાય તો તેઓ જરૂર હેબતાઈ જઈ શરણ આવે. સરકારે એક મોટા જથ્થાને આ પ્રમાણે હિંદુસ્તાન મોકલ્યો. એને ઘણી હાડમારીઓ વેઠવી પડી. વળી આમ દેશપાર થનારને પોતાની જમીન હોય, બીજી મિલકત હોય, પોતાનો ધંધો હોય, પોતાના આશ્રિતો હોય, કેટલાકને કરજ પણ માથે હોય. શક્તિ છતાં આ બધું ગુમાવવા — નાદાર થવા ઘણા માણસો તૈયાર ન હોય.

આમ છતાં ઘણા હિંદીઓ તો સંપૂર્ણ રીતે મક્કમ રહ્યા. ઘણા મોળા પણ પડ્યા. છતાં જેઓ દૃઢ રહ્યા હતા તેઓની બહાદુરીનો પાર ન હતો. પણ જેઓને હિંદુસ્તાન મોકલી દેવામાં આવ્યા તેઓમાંના ઘણા તો ગરીબ અને ગભરુ હતા; તેઓની ઉપર આટલો જુલમ થાય એ અસહ્ય લાગ્યું. તેઓને મદદ પણ કઈ રીતે દેવાય તે સમજવું મુશ્કેલ હતું. આવી લડતમાં પૈસાની મદદ દેવા જતાં લડત ખોઈ બેસાય; તેમાં લાલચુ માણસો દાખલ થઈ જાય.

મેં અનુભવે જોયું છે કે લાગણી, મીઠો બોલ, મીઠી નજર જે કામ સાધે છે તે પૈસો નથી સાધી શકતો. પૈસાના લાલચુને પણ જો લાગણી ન મળે તો તે છેવટે ત્યાગ કરે છે, એથી ઊલટું પ્રેમને વશ રહેલા અનેક સંકટો સહન કરવા તૈયાર રહે છે.

આ દેશનિકાલીઓને સગાંસાંઈ હિંદુસ્તાનમાં ન મળે. કોઈ તો વળી દક્ષિણ આફ્રિકામાં જ જન્મેલા હોય. બધાને હિંદુસ્તાન પરદેશ જેવો તો ખરો જ. આવા નિરાધાર માણસોને

હિંદુસ્તાનને કિનારે ઉતારી મેલીને રઝળતા મૂકવામાં આવે, એ તો ઘાતકીપણું જ ગણાય. તેથી એઓને ખાતરી આપી કે તેઓને સારુ હિંદુસ્તાનમાં બધો બંદોબસ્ત કરવામાં આવશે.

આ બધું કરવા છતાં તેઓની સાથે કોઈ મદદગાર ન હોય ત્યાં લગી તેમને શાંતિ ન જ મળે. આ દેશનિકાલ થનારાઓની પહેલી ટુકડી હતી. સ્ટીમર ઊપડવાને થોડા જ કલાક બાકી હતા. પસંદગી કરવાને વખત ન હતો. સાથીઓમાંના ભાઈ પી૦ કે૦ નાયડુ ઉપર મારી નજર પડી. મેં પૂછ્યું :

"તમે આ ગરીબડા ભાઈઓને વળાવવા હિંદુસ્તાન જશો?"

"કેમ નહીં?"

"પણ સ્ટીમર તો હમણાં જ ઊપડશે."

"ભલે ને ઊપડે."

"પણ તમારાં લૂગડાંલત્તાનું શું? ભાતાનું શું?"

"લૂગડાં પહેર્યાં છે તે જ; ભાતુ સ્ટીમરમાંથી મળી રહેશે."

મારા હર્ષનો ને આશ્ચર્યનો પાર ન રહ્યો. તેમને સારુ કંઈ કપડાં, કામળા વગેરે ભીખી, તેમને રવાના કર્યા.

"જોજો, રસ્તામાં આ ભાઈઓની પૂરી સંભાળ રાખજો, સુવાડીને સૂજો. હું મદ્રાસમાં મિ૦ નટેશનને તાર કરું છું. તે કહે તેમ કરજો."

"હું સાચો સિપાહી નીવડવા પ્રયત્ન કરીશ." આટલું કહી તે રવાના થયા. જ્યાં આવા વીર પુરુષો હોય ત્યાં હારવાનું હોય જ નહીં એમ મેં વિચારી લીધું. ભાઈ નાયડુનો જન્મ દક્ષિણ આફ્રિકામાં થયો હતો. તેમણે હિંદુસ્તાન કદી જોયું ન હતું. મેં મિ૦ નટેશન ઉપર ભલામણપત્ર આપ્યો.

પરદેશોમાં વસતા હિંદીઓનાં દુઃખોનો અભ્યાસ કરનાર, તેમને મદદ કરનાર, તેમને વિશે રીતસર ને જ્ઞાનપૂર્વક લખનાર એ વખતે હિંદુસ્તાનમાં મિ૦ નટેશન એક જ હતા, એમ કહીએ તો ચાલે. તેમની સાથે મારો પત્રવ્યવહાર નિયમિતપણે ચાલ્યા કરતો. જ્યારે આ દેશનિકાલ થયેલા ભાઈઓ મદ્રાસ પહોંચ્યા, ત્યારે તેમને મિ૦ નટેશને સંપૂર્ણ મદદ કરી. તેઓ દેશનિકાલ થઈ આવ્યા છે, એવું તેઓને જણાવા જ ન દીધું.

સ્થાનિક સરકારનું આ કામ જેટલું ઘાતકી હતું તેટલું જ ગેરકાયદેસર હતું. સરકાર પણ એ જાણતી હતી. સામાન્ય રીતે લોકોને ખબર નથી રહેતી કે સરકાર ઘણી વેળા પોતાના કાયદાનો ઇરાદાપૂર્વક ભંગ કર્યે જ જાય છે. ભીડ આવે ત્યારે નવા કાયદા કરવાનો વખત

રહેતો નથી, એટલે કાયદા તોડીને પોતાનું મનમાન્યું કરી લે છે ને પછી કાં તો નવા કાયદા કરાવે છે અથવા કાયદાનો થયેલો ભંગ પ્રજાની પાસે ભુલાવી દે છે.

આ સરકારે કરેલા કાયદા બાબત હિંદીઓ તરફથી ખૂબ હિલચાલ થઈ. હિંદુસ્તાનમાં પણ શોર મચ્યો ને છેવટે હિંદુસ્તાન લગી દેશપાર કરવાની પ્રથા તો બંધ થઈ.

સત્યાગ્રહી કેદીઓની ઉપર દુઃખ પાડવામાં સરકારે મુદ્દલ કસર નહોતી રાખી. તેઓની પાસે પથ્થર ફોડાવવા સુધીનું કામ કરાવતા હતા. ટ્રાન્સવાલનો શિયાળો બહુ સખત હોય છે. ઠંડી એટલી બધી પડે કે, સવારના કામ કરતાં હાથ ઠંડા થઈને અકડાઈ જાય. આવી સ્થિતિમાં કેટલાક કેદીઓને એક નાની જેલમાં રાખ્યા – જ્યાં કોઈ તેઓને મળવા પણ ન જઈ શકે. આ ટુકડીમાં નાગાપન કરીને એક નવજુવાન સત્યાગ્રહી હતો. તેણે જેલના નિયમો પાળ્યા. જેટલી સોંપવામાં આવી તેટલી મજૂરી કરી. સવારે વહેલો સડકોની પૂરણી ભરવા જતો. તેમાંથી તેને સખત ફેફસાંનો વરમ લાગુ પડ્યો ને છેવટે તેણે પોતાનો વહાલો પ્રાણ આપ્યો. નાગાપનના સાથીઓ કહે છે કે તેણે અંત લગી લડતનું જ સ્તવન કર્યું. દેશને ખાતર મળેલા મોતની તેણે મિત્રની જેમ ભેટ કરી. આ નાગાપન આપણા ગજ પ્રમાણે માપતાં નિરક્ષર ગણાય. છતાં નાગાપનની ધીરજ, તેની શાંતિ, તેની દેશભક્તિ, તેની મરણાન્ત લગીની દૃઢતાનો વિચાર કરીએ, ત્યારે તેને વિશે કંઈ વધારે ઇચ્છવાપણું રહે? ભારે વિદ્વાનો ન ભળ્યા છતાં ટ્રાન્સવાલની લડત ચાલી શકી, પણ નાગાપન જેવા સિપાહી ન મળ્યા હોત તો લડાઈ ચાલી શકત?

જેમ નાગાપનનું મૃત્યુ જેલના દુઃખથી થયું તેમ નારાણસામીનું દેશનિકાલ થતાં થયું. તેને દેશનિકાલની હાડમારી મૃત્યુરૂપ નીવડી.

આમ દિવસે દિવસે લોકોની કસોટી થતી ચાલી, હિંદીઓ જેમ વધારે બળ બતાવવા લાગ્યા તેમ સરકારે પણ વધારે બળ વાપર્યું. જેમને ખાસ નમાવવા હોય એવાને સારુ હમેશાં કેટલાંક ખાસ કેદખાનાં રાખવામાં આવે છે; તેમ ટ્રાન્સવાલમાં પણ હતું. ત્યાંનો દરોગો પણ સખત, ત્યાંની મજૂરી પણ સખત. છતાં તેને પણ પૂરા પડે તેવા કેદીઓ મળી ચૂક્યા. તેઓ મજૂરી કરવા તૈયાર હતા પણ અપમાન સહન કરવા તૈયાર ન હતા. દરોગાએ તેમનું અપમાન કર્યું એટલે તેઓએ ઉપવાસ શરૂ કર્યા. શરત આ હતી : “જ્યાં લગી તમે આ દરોગાને દૂર નહીં કરો અથવા અમારી જેલ નહીં બદલો, ત્યાં લગી અમે ખોરાક લેવાના નથી.” આ સત્યાગ્રહીઓ અડગ રહ્યા ને તેમને ફતેહ મળી. સાત ઉપવાસ પછી તેઓને બીજી જેલમાં મોકલવાનો હુકમ નીકળ્યો.

આમ સત્યાગ્રહીઓને જેલમાં મોકલવાનું અને દેશપાર કરવાનું ચાલી રહ્યું હતું. તેમાં ભરતીઓટ થતી હતી. બંને પક્ષ કંઈક મોળા પણ પડ્યા હતા. બોઅર અને અંગ્રેજો દક્ષિણ આફ્રિકાનાં બધાં સંસ્થાનો એકત્ર કરી વધારે સ્વતંત્રતા ચાહતા હતા. એટલે એક ડેપ્યુટેશન વિલાયત જાય ને દક્ષિણ આફ્રિકાનો કેસ બ્રિટિશ પ્રધાનમંડળ આગળ રજૂ કરે, એવો બોઅર અને બ્રિટિશોએ ઠરાવ કર્યો હતો.

હિંદવાસીઓએ જોયું કે જો યુનિયન થાય તો તેમની સ્થિતિ છે તેના કરતાં વધારે કફોડી થશે. જોકે હિંદીઓનો અવાજ નગારા આગળ તતૂડીના સમાન હતો, છતાં એક પણ પ્રયત્ન જતો ન કરવો એ હેતુથી આ સમયે ફરી હિંદીઓનું એક ડેપ્યુટેશન વિલાયત મોકલવાનો ઠરાવ થયો. આ વેળા ડેપ્યુટેશનમાં મારી સાથે શેઠ હાજી હબીબને નીમવામાં આવ્યા હતા.

ખૂબ ચર્ચા થઈ. અમે ઘણાને મળ્યા. લૉર્ડ ઍમ્પ્ટહીલની મદદ બેહદ હતી એમ કહી શકાય. તેઓ જનરલ બોથા વગેરેને મળ્યા કરતા હતા અને છેવટે જનરલ બોથા તરફથી એક સંદેશો લાવ્યા. તેમણે કહ્યું : "જનરલ બોથા તમારી પરચૂરણ માગણીઓ કબૂલ રાખવા તૈયાર છે. પણ 'એશિયાટિક ઍક્ટ' રદ કરવા ને દક્ષિણ આફ્રિકામાં નવા આવનારાઓ વિશેના કાયદામાં ફેરફાર કરવા તૈયાર નથી. કાયદામાં રહેલો કાળાધોળા વચ્ચેનો ભેદ તમે રદ કરાવવા માગો છો તે રદ કરવાની તેઓ ના પાડે છે. તેઓ કહે છે કે આ તેમનો છેવટનો નિર્ણય છે, ને છેવટનું કહેણ છે. આથી વધારે તમે માગશો તો દુ:ખી થશો ને તમારી કોમ પણ દુ:ખી થશે. માટે તમે કરો તે નિર્ણય જોઈ વિચારીને કરજો." આટલો સંદેશો આપી લૉર્ડ ઍમ્પ્ટહીલ બોલ્યા :

"જુઓને, તમારી બધી વહેવારુ માગણીઓ તો જનરલ બોથા કબૂલ રાખે છે, અને આ દુનિયામાં આપલે તો આપણે કરવી જ પડે છે. આપણે ઇચ્છીએ છીએ તે બધું મળી શકતું નથી. એટલે હવે મારી તમને ખાસ સલાહ છે કે તમારે આ કહેણ કબૂલ રાખવું. તમારે સિદ્ધાંતને ખાતર લડવું હોય તો આગળ ઉપર તમે લડી શકશો. આ વાતનો તમે બન્ને વિચાર કરી જોજો અને પછી જોઈએ તો જવાબ દેજો."

આ સાંભળી મેં શેઠ હાજી હબીબ તરફ જોયું. તેઓએ કહ્યું : "મારી વતી કહો કે હું સમાધાની પક્ષ તરફથી કહું છું કે મને જનરલ બોથાનું કહેણ મંજૂર છે. હવે કોમ વધારે ખુવાર થાય એ મને ગમતું નથી. જે પક્ષની વતી હું બોલું છું તે પક્ષની સંખ્યા વધારે છે ને તેની પાસે પૈસો પણ વધારે છે." મેં આ વાક્યોનો અક્ષરેઅક્ષર તરજુમો કરી આપ્યો. ને પછી

મારા પક્ષ તરફથી હું બોલ્યો : "આપે જે તસ્દી લીધી છે તેને સારુ અમે બન્ને આપના આભારી છીએ. મારા સાથીએ જે કહ્યું તે બરોબર છે. તેઓ સંખ્યામાં ને પૈસામાં વધારે બળવાન પક્ષની વતી બોલે છે. હું જેમની વતી બોલું છું તેઓ પ્રમાણમાં ગરીબ છે ને સંખ્યામાં થોડા છે. પણ તેઓ મરણિયા છે. જનરલ બોથાની સત્તાનું અમને માપ છે. પણ અમારી પ્રતિજ્ઞાને અમે તેના કરતાં પણ વધારે વજનદાર સમજીએ છીએ. તેથી પ્રતિજ્ઞાના પાલનને અર્થે અમે ખુવાર થવા રાજી છીએ. અમે ધીરજ રાખીશું. અમારો વિશ્વાસ છે કે અમે અમારા નિશ્ચય ઉપર કાયમ રહીશું તો જે ઈશ્વરને નામે અમે પ્રતિજ્ઞા લીધી છે તે તેને પૂરી કરશે."

"આપની સ્થિતિ હું પૂરી સમજું છું. આપે અમારે સારુ ઘણું કર્યું છે. હવે આપ અમને મૂઠીભર સત્યાગ્રહીઓને વધુ સાથ ન દઈ શકો તો અમને તેનો ધોખો નહીં થાય. અને તેથી આપે કરેલો ઉપકાર પણ અમે નહીં ભૂલીએ. આપ પણ અમે આપની સલાહ કબૂલ નથી રાખી શકતા તેને સારુ અમને માફ કરશો, એવી અમને ઉમેદ છે. જનરલ બોથાને અમારી બંનેની વાત આપ સુખેથી સંભળાવજો ને કહેજો કે, અમે જે થોડા છીએ તે પ્રતિજ્ઞાનું પાલન કરવાના જ છીએ ને આશા રાખવાના છીએ કે, અમારી દુઃખ સહન કરવાની શક્તિ અંતે તેમના હૃદયને પણ ભેદશે ને તેઓ 'એશિયાટિક ઍક્ટ' રદ કરશે."

લૉર્ડ ઍમ્પ્ટહીલે ઉત્તર આપ્યો :

"તમે એમ ન જાણજો કે હું તમને છોડી દઉં. મારે પણ મારી સજ્જનતા તો જાળવવી રહેલી જ છે. જે કામ એક વાર હાથ ધર્યું તેને અંગ્રેજ એકાએક છોડતા નથી. તમારી લડત વાજબી છે. તમે શુદ્ધ સાધનોથી લડો છો. હું તમને કેમ છોડું? પણ મારી સ્થિતિ તમે સમજી શકો છો. દુઃખ તો તમારે ભોગવવાનું રહ્યું. એટલે જરા પણ સમાધાની થઈ શકે તો તે કબૂલ કરવાની સલાહ આપવી એ મારો ધર્મ ગણાય, પણ તમે જે દુઃખ સહન કરનારા છો તે પોતે તમારી ટેકને સારુ ગમે તેટલું દુઃખ સહન કરવા તૈયાર હો તો હું તમને કેમ રોકું? હું તો તમને ધન્યવાદ જ આપું. એટલે તમારી કમિટીનો પ્રમુખ તો હું રહીશ જ ને મારાથી બનતી મદદ પણ જરૂર કર્યા કરીશ. પણ તમારે એટલું ધ્યાનમાં રાખવું રહ્યું છે કે ઉમરાવની સભામાં હું એક નાનો સભાસદ ગણાઉં. મારું વજન બહુ ન ગણાય. છતાં જે કાંઈ છે તે તમારે સારુ વપરાયા જ કરશે, એ વિશે તમે નિઃશંક રહેજો."

આ ઉત્તેજનનાં વચન સાંભળી અમે બંને રાજી થયા.

ટૉલ્સ્ટૉય ફાર્મ

સત્યાગ્રહીઓએ જોયું કે હવે લડત કેટલી લાંબી ચાલશે તેનું માપ કોઈથી ન કઢાય. લડવું એટલે જેલ જવું, દેશનિકાલ થવું. તે દરમ્યાન કુટુંબનું શું? જેલમાંથી છૂટે ત્યારે પોતે ખાય શું, ખવડાવે શું? ક્યાં રહે? આજ લગી તો જેલ જનારનાં કુટુંબોનું ભરણ તેમને દર માસે પૈસા આપીને થતું હતું. સૌને તેની આવશ્યકતા મુજબ અપાતું હતું. ઘણે ભાગે દરેક કુટુંબની ઉપર વિશ્વાસ મેલીને, તે ઓછામાં ઓછો આંક મૂકે તે પ્રમાણે ખર્ચ આપવામાં આવતો હતો. આમાં કપટને પુષ્કળ અવકાશ હતો. મેં જોયું કે આ પ્રમાણે લડત લાંબી મુદત ચલાવવી અશક્ય હતી. આ મુશ્કેલીનો ઉકેલ એક જ રીતે થાય તેમ હતું — બધાં કુટુંબોને એક સ્થળે રાખવાં ને બધાંએ સાથે રહી કામ કરવું. આમાં જાહેર પૈસાનો બચાવ થાય ને સત્યાગ્રહી કુટુંબોને સાદા જીવનની તથા ઘણાની સાથે હળીમળીને રહેવાની તાલીમ મળે. આવી રીતે ઘણા પ્રાંતના ને ઘણા ધર્મના હિંદીઓને પણ સાથે રહેવાનું મળે.

એવી જગ્યા ક્યાંથી મળે? કૅલનબૅકે 1100 એકર જમીન વેચાતી લીધી અને તેનો ઉપયોગ સત્યાગ્રહીઓને સારુ આપ્યો. તે જમીનમાં ફળઝાડો હતાં ને પાંચસાત માણસ રહી શકે એવું એક નાનું મકાન હતું. પાણીનો ઝરો હતો. ત્યાંથી સ્ટેશન એક માઈલ જેટલું દૂર હતું. આ જ જમીન ઉપર મકાન બાંધવાનો અને કુટુંબ વસાવવાનો નિશ્ચય થયો.

આ જમીનની ટોચે નાની ટેકરી હતી. ત્યાં ફળઝાડ હતાં. તેમાં નારંગી, ઍપ્રિકોટ, પ્લમ પુષ્કળ ઊગતાં હતાં — એટલાં કે મોસમમાં સત્યાગ્રહીઓ પેટ ભરીને ખાય છતાં બચે. પાણીનો એક નાનો ઝરો હતો, તેમાંથી પાણી મળી રહેતું. પાણી કાવડોમાં ભરીને લાવવાની મહેનત હતી જ.

આ સ્થાનમાં નોકર મારફતે કંઈ પણ ઘરકામ, તેમ જ બને તેટલું વાડીનું અને બાંધકામનું પણ કામ ન લેવું એવો આગ્રહ હતો. એટલે પાયખાનાથી માંડીને રસોઈ સુધીનું બધું કામ હાથે જ કરવાનું હતું. દસ સ્ત્રીઓ અને સાઠ પુરુષો રહી શકે એટલાં મકાન તરત બનાવવાનો નિશ્ચય થયો. તેની જ સાથે એક નિશાળનું. આ ઉપરાંત એક કારખાનું સુતારકામ, મોચીકામ ઇત્યાદિ માટે બનાવવાનું હતું.

જેઓ આ સ્થાનમાં રહેવા આવવાના હતા તેઓ ગુજરાતના, મદ્રાસના, આંધ્ર દેશના અને ઉત્તર હિંદુસ્તાનના હતા. ધર્મે હિંદુ, મુસલમાન, પારસી અને ખ્રિસ્તી હતા. લગભગ ચાળીસ જુવાન, બેત્રણ વયોવૃદ્ધ, પાંચ ઓરત અને વીસથી ત્રીસ બાળકો હતાં.

ઓરતોમાંની જે ખ્રિસ્તી હતી તેમને અને બીજીને માંસાહારની ટેવ હતી. આ સ્થાનમાં

માંસાહાર ન દાખલ કરવો પડે તો સારું, એમ મારો અભિપ્રાય હતો. પણ જેઓને જન્મથી તે વસ્તુનો અભ્યાસ, તેઓને માંસાહાર અમુક મુદતને સારુ પણ છોડવાનું કેમ કહી શકાય? ન કહેવાય તો ખર્ચ કેટલું થાય? વળી જેમને ગોમાંસની ટેવ હોય તેને ગોમાંસ પણ આપવું? કેટલાં રસોડાં ચલાવવાં? મારો ધર્મ હું સ્પષ્ટ રીતે જોઈ શક્યો. જો ખ્રિસ્તી કે મુસલમાન ભાઈઓ ગોમાંસ પણ માગે તો મારે તેમને તે પૂરું પાડ્યે છૂટકો. હું તેઓને આ સ્થાનમાં આવવાની મનાઈ ન જ કરી શકું.

પણ પ્રેમનો બેલી ઈશ્વર છે જ. મેં તો સરળભાવે ખ્રિસ્તી બહેનોની આગળ મારું સંકટ મૂક્યું. મુસલમાન માબાપોએ તો કેવળ નિરામિષ રસોડું ચલાવવાની મને રજા આપી દીધી હતી. બહેનોની સાથે મારે હિસાબ કરવાનો હતો. તેમની પાસે મકાનની અગવડની, પૈસાની અને મારી લાગણીની મેં વાત કરી. સાથે મેં તેમને નિર્ભય કરી કે તેઓ માગશે તો હું ગોમાંસ પણ પૂરું પાડીશ. બહેનોએ પ્રેમભાવથી માંસ ન મંગાવવાનું સ્વીકાર્યું. રસોઈનો કારભાર તેમના હાથમાં સોંપાયો. ખાવાના ટંક મુકરર થયા. રસોડું એક જ ઠર્યું. બધા એક પંગતે જ જમે. સૌએ પોતપોતાનાં વાસણ માંજીધોઈને સાફ રાખવાનાં. સામાજિક વાસણો વારાફરતી માંજવાનો ઠરાવ થયો. મારે કહેવું જોઈએ કે ટૉલ્સ્ટૉય ફાર્મ લાંબી મુદત સુધી ચાલ્યું છતાં બહેનોએ કે ભાઈઓએ કદી માંસાહારની માગણી ન કરી. શરાબ, તમાકુ વગેરે તો બંધ હતાં જ.

મકાનો બાંધવામાં પણ હાથે થઈ શકે તેટલું કામ કરવું એ આગ્રહ હતો, મજૂરીનું કામ અમે હાથે જ કર્યું. ટૉલ્સ્ટૉય ફાર્મમાં નબળા સબળા થયા ને મજૂરી સૌને સદી.

બધાને કંઈ ને કંઈ પ્રસંગે જોહાનિસબર્ગ જવાનું થાય. બાળકોને સહેલને ખાતર જવાની ઇચ્છા થાય. ઠરાવ એવો થયો કે સામાજિક કામસર જવું હોય તેને જ રેલથી જવાની રજા મળે. ત્રીજા વર્ગ સિવાય તો જવાનું હોય જ નહીં. અને સહેલને ખાતર જવું હોય તેણે ચાલીને જવું. સાથે ખાવાનો નાસ્તો બંધાવી દેવો. કોઈનાથી ખાવાનું ખર્ચ શહેરમાં ન થાય. આવા કડક નિયમો ન રાખ્યા હોત તો જે પૈસા બચાવવા ખાતર જંગલવાસ પસંદ કરવામાં આવ્યો હતો તે પૈસા રેલભાડામાં ને બજારના નાસ્તામાં ઊડી જાત. ઘરનો નાસ્તો પણ સાદો જ હતો. ઘેર દળેલા જાડા લોટની ઘેર બનાવેલી રોટી, તેની ઉપર ભોંયશિંગનું ઘેર બનાવેલું માખણ ને ઘેર બનાવેલો નારંગીની છાલનો મુરબ્બો. લોટ દળવાને સારુ હાથે ચલાવવાની લોખંડની ઘંટી લીધી હતી. ભોંયશિંગને ભૂંજીને પીસવાથી માખણ બને છે. તેની કિંમત દૂધના માખણ કરતાં ચારગણી ઓછી પડતી. નારંગી તો ફાર્મમાં જ પુષ્કળ થતી.

જેમને જોહાનિસબર્ગ જવાનો શોખ થાય તે અઠવાડિયામાં એક વખત કે બે વખત

ચાલીને જાય અને તે જ દિવસે પાછા આવે. આ પંથ 21 માઈલનો હતો. પગપાળા જવાના આ એક નિયમથી સેંકડો રૂપિયા બચી ગયા, ને ચાલીને જનારને ઘણો ફાયદો થયો. કેટલાકને ચાલવાની નવી ટેવ પડી. નિયમ એવો હતો કે, આમ જનારે બે વાગ્યે ઊઠવું અને અઢી વાગ્યે ચાલી નીકળવું. બધા છથી સાત કલાકની અંદર જોહાનિસબર્ગ પહોંચી શકતા. ઓછામાં ઓછો સમય લેનારા ચાર કલાક અઢાર મિનિટે પહોંચતા.

સહુ આ નિયમોનું પ્રેમપૂર્વક પાલન કરતા. રીઝવીને લઈ શકાય એટલું જ કામ લેવાનો નિયમ રાખ્યો હતો.

એવડી વસ્તી હતી છતાં ક્યાંયે કચરો કે મેલું કે એઠવાડ કોઈના જોવામાં ન જ આવે. બધો કચરો જમીન ખોદી રાખી હતી તેમાં દાટી દેવામાં આવતો. પાણી કોઈથી રસ્તામાં ઢોળાય નહીં. બધું વાસણમાં એકઠું કરવામાં આવતું ને તે ઝાડને જતું. એઠવાડનું અને શાકના કચરાનું ખાતર બનતું. પાયખાનાને સારુ રહેવાના મકાનની નજીક એક ચોરસ ટુકડો દોઢ ફૂટ ઊંડો ખોદી રાખ્યો હતો તેમાં બધું પાયખાનું દાટવામાં આવતું. તેની ઉપર ખોદેલી માટી ખૂબ દાટવામાં આવતી હતી, તેથી જરાયે દુર્ગંધ નહોતી રહેતી. માખી પણ ત્યાં ન બણબણે અને ત્યાં મેલું દાટેલું છે એવો કોઈને ખ્યાલ પણ ન આવે. સાથે ફાર્મને અમૂલ્ય ખાતર મળતું હતું. જો આપણે મેલાંનો સદુપયોગ કરીએ તો લાખો રૂપિયાનું ખાતર બચાવીએ ને અનેક રોગોમાંથી બચીએ. પાયખાના વિશેની આપણી કુટેવને લીધે આપણે પવિત્ર નદીના કિનારા બગાડીએ છીએ, માખીઓની ઉત્પત્તિ કરીએ છીએ ને નાહીધોઈ સાફ થયા પછી પાછા જે માખી ઉઘાડી મેલેલી વિષ્ટા ઉપર બેઠી છે તે માખીને આપણા શરીરનો સ્પર્શ કરવા દઈએ છીએ. એક નાનકડી સરખી કોદાળી આપણને ઘણી ગંદકીમાંથી બચાવે તેમ છે. ચાલવાને રસ્તે મેલું નાખવું, થૂંકવું, નાક સાફ કરવું, એ ઈશ્વર પ્રત્યે તેમ જ મનુષ્ય પ્રત્યે પાપ છે. તેમાં દયાનો અભાવ છે. જે માણસ જંગલમાં રહે તોયે પોતાનું મેલું દાટે નહીં, તે દંડને લાયક છે.

અમારું કામ સત્યાગ્રહી કુટુંબોને ઉદ્યોગી રાખવાનું, પૈસા બચાવવાનું અને છેવટે સ્વાશ્રયી થવાનું હતું. આમ કરી શકીએ તો અમે ગમે તેટલી મુદત લગી ઝૂઝી શકીએ. કાંટા, પથરા વગેરેથી બચવા સારુ અમે કાંટારખાં એટલે ચંપલ બનાવવાનો ધંધો શીખવાનું ઠરાવ્યું. દક્ષિણ આફ્રિકામાં ટ્રેપિસ્ટ નામના રોમન કૅથલિક પાદરીઓનો મઠ છે ત્યાં આવા ઉદ્યોગો ચાલે છે. તેઓ જર્મન હોય છે. તેમાંના એક મઠમાં કેલનબૅક ચંપલ બનાવવાનું શીખી આવ્યા. તેમણે મને શીખવ્યું અને બીજા સાથીઓને. આમ કેટલાક જુવાનિયા ચંપલ બનાવતાં શીખી ગયા. અને અમે મિત્રવર્ગને વેચતા પણ થઈ ગયા. બીજું કામ સુથારનું દાખલ કર્યું. એક ગામડું વસાવીને રહ્યા ત્યાં પાટલાથી માંડીને પેટી સુધીની અનેક નાનીમોટી વસ્તુઓ જોઈએ; તે અમે

હાથે જ બનાવતા. આ કામનું ઉપરીપણું કૅલનબૅકે પોતાને હસ્તક રાખ્યું હતું. તેમની સુઘડતા ને ચોકસાઈનો અનુભવ અમને પ્રત્યેક ક્ષણે થતો.

યુવકો, બાળકો અને બાળાઓને સારુ નિશાળ તો જોઈએ જ. આ કામ સહુથી મુશ્કેલ માલૂમ પડ્યું. પણ છોકરાંઓમાં કદી અસહિષ્ણુતા નહોતી આવી. એકબીજાના ધર્મ પ્રત્યે ને એકબીજાના રીતરિવાજો પ્રત્યે ઉદારતા શીખ્યા. તેઓ બધા સગા ભાઈની જેમ રહેતાં શીખ્યા. એકબીજાની સેવા શીખ્યા. સભ્યતા શીખ્યા. ઉદ્યમી થયા.

ફાર્મ ચાલતું હતું તે દરમ્યાન ગોખલે દક્ષિણ આફ્રિકા આવ્યા હતા. ફાર્મમાં ખાટલા જેવી વસ્તુ ન હતી. પણ ગોખલેજીને સારુ એક માગી આણ્યો. તેમને સંપૂર્ણ એકાંત રહે તેવી કોટડી ન હતી. બેસવાને નિશાળના બાંકડા હતા. આવી સ્થિતિમાંયે નાજુક શરીરવાળા ગોખલેજીને ફાર્મ પર લાવ્યા વિના કેમ ચાલે? તેમ તેઓ તે જોયા વિના પણ શેના રહે? મારા મનમાં એમ હતું કે તેમનું શરીર એક રાતની અગવડ સહન કરી શકશે ને તેઓ સ્ટેશનથી ફાર્મ સુધી — દોઢેક માઈલ ચાલી પણ શકશે. મેં પૂછી મૂક્યું હતું ને પોતાની સરળતાને લીધે તેમણે વગર વિચાર્યે મારા પર વિશ્વાસ રાખીને બધી વ્યવસ્થા કબૂલ કરી લીધી હતી. ભોગજોગે તે જ દિવસે વરસાદ પણ આવ્યો. તેમને તો ટાઢ ચઢી. જેમ તેમ કરી સંકેલ્યું. જ્યારે તેમણે જાણ્યું કે અમે બધા ભોંય ઉપર સૂતા હતા ત્યારે તેમને પોતાને સારુ ખાટલો હતો તે દૂર કરાવી પોતાની પથારી પણ ભોંય ઉપર કરાવી. એ રાત્રિ મેં પશ્ચાત્તાપમાં ગાળી. કૅલનબૅકે, મેં તેમના પગ ચાંપવા દેવા બહુ વીનવ્યા. તે એકના બે ન થયા. અમને સ્પર્શ સરખો ન કરવા દીધો. ઊલટા અરધા ખીજમાં અને અરધા હાંસીમાં કહે : “તમે બધા એમ જ સમજતા લાગો છો કે દુઃખ અને અગવડ ભોગવવા એક તમે જ જન્મ્યા છો ને અમારા જેવા તમારે પંપાળવા સારુ જ જન્મ્યા છીએ. આ તારી અતિશયતાની સજા આજે તું પૂરી ભોગવી લે. હું તને મારો સ્પર્શ જ નહીં કરવા દઉં. તમે બધા નિત્યક્રિયા કરવા દૂર જશો ને મારે સારુ તમે પેટી રાખશો એમ કે? હું ગમે તેટલી અગવડ ભોગવીશ, પણ તમારો ગર્વ ઉતારીશ.” વચન તો વજ્ર સમ હતાં. કૅલનબૅક અને હું ખિન્ન થયા. પણ તેમના મુખ ઉપર હાસ્ય હતું.

બીજે દિવસે સવારે ન આરામ લીધો પોતે, ન દીધો અમને. પોતાનાં ભાષણો જે અમે પુસ્તકરૂપે છાપવાના હતા તે બધાં સુધાર્યાં. કંઈક પણ લખવાનું હોય ત્યારે તેમને આંટા મારી તે વિચારી લેવાની ટેવ હતી. એક નાનો સરખો કાગળ લખવાનો હતો. મેં માન્યું કે તે તો તરત લખી નાખશે, પણ નહીં. મેં ટીકા કરી એટલે મને વ્યાખ્યાન મળ્યું : “મારું જીવન તું શેનો જાણે? હું નાનામાં નાની વસ્તુ પણ ઉતાવળે નથી કરતો; તેનો વિચાર કરું, તેનું મધ્યબિંદુ

વિચારું; વિષયને લગતી ભાષા વિચારું ને પછી લખું. એમ બધા કરે તો કેટલો વખત બચી જાય? ને પ્રજા પણ આજે તેને જે અધકચરા વિચારો મળી રહ્યા છે તેના મારમાંથી બચે."

ગોખલે સામાન્ય વસ્તુથી આકર્ષાય એવા ન હતા. પણ કેલનબૅકના જીવનના મહાન પરિવર્તનથી એ પણ અત્યંત આકર્ષાયા હતા. કેલનબૅકે કોઈ દહાડો ટાઢતડકો સહન કર્યાં જ નહોતાં. એક પણ પ્રકારની અગવડ ન ભોગવેલી. એટલે કે સ્વચ્છંદને ધર્મ કરી મૂક્યો હતો. દુનિયાના વૈભવો ભોગવવામાં કશી ઊણપ નહોતી રાખી. દ્રવ્ય જે વસ્તુ મેળવી શકે તે વસ્તુ પોતાના સુખને સારુ મેળવવામાં તેણે કદી પાછી પાની ન કરી હતી.

આવા માણસનું ટૉલ્સ્ટૉય ફાર્મમાં રહેવું અને સૂવુંબેસવું, ખાવુંપીવું અને ફાર્મવાસીઓની સાથે ઓતપ્રોત થઈ જવું, એ જેવી તેવી વસ્તુ ન હતી. કેલનબૅકે પોતાના ત્યાગને કદી દુ:ખરૂપ ન માન્યો. જેટલો આનંદ તેમણે પોતાના વૈભવમાંથી મેળવ્યો તેના કરતાં વિશેષ તેમને તેમના ત્યાગમાંથી મળ્યો. સાદાઈના સુખનું વર્ણન કરતાં તે તેમાં તલ્લીન થઈ જતા અને ક્ષણવાર તો સાંભળનારને પણ એ સુખ ભોગવવાની ઇચ્છા થઈ જતી. નાનાંમોટાં બધાંની સાથે એ એટલા પ્રેમથી ભળી જતા કે તેમનો અલ્પ વિયોગ પણ સૌને સાલ્યા વિના ન રહે. ફળઝાડનો અત્યંત શોખ હોવાથી માળીનું કામ કેલનબૅકે પોતાના હાથમાં રાખ્યું હતું, અને હંમેશાં સવારે બાળકો અને મોટાંઓની પાસેથી ફળઝાડને સમારવાનું કામ લેતા. મહેનત પૂરી કરાવે અને છતાં તેમની સાથે કામ કરવું સૌને ગમે, એવો હસમુખો ચહેરો અને આનંદી સ્વભાવ એમનો હતો. જ્યારે જ્યારે સવારના બે વાગ્યે ઊઠીને ટૉલ્સ્ટૉય ફાર્મથી જોહાનિસબર્ગની મુસાફરી કરનારા નીકળે ત્યારે ત્યારે કેલનબૅક એ ટોળીમાં હોય જ.

●

ગોખલેનો પ્રવાસ

દક્ષિણ આફ્રિકામાં આવીને હિંદીઓની સ્થિતિનો અભ્યાસ કરવા હું ગોખલેને અને બીજા નેતાઓને વીનવી રહ્યો હતો. 1911ની સાલમાં ગોખલે વિલાયતમાં હતા. તેમણે છ અઠવાડિયાંના પ્રવાસની યોજના ગોઠવવા મને લખી મોકલ્યું. અમારી ખુશાલીનો તો પાર જ ન રહ્યો. કોઈ પણ નેતાએ હજી સુધી દક્ષિણ આફ્રિકાની મુસાફરી કરી નહોતી. હિંદુસ્તાનની બહારના એક પણ સંસ્થાનની મુલાકાત ત્યાં વસતા હિંદીઓની સ્થિતિ તપાસવાના હેતુથી કરી ન હતી.

એટલે અમે બધા ગોખલે જેવા મહાન નેતાની મુલાકાતનું મહત્ત્વ સમજી શક્યા. બાદશાહને પણ કોઈ દિવસ માન ન અપાયું હોય એવા પ્રકારનું માન ગોખલેને આપવું એવો નિશ્ચય કરવામાં આવ્યો. દક્ષિણ આફ્રિકાનાં મુખ્ય શહેરોમાં તેમને લઈ જવા એવો ઠરાવ થયો. સત્યાગ્રહીઓ અને બીજા હિંદીઓ સ્વાગતની તૈયારીઓમાં ખુશીથી જોડાયા. આ સ્વાગતમાં ગોરાઓને જોડાવાનું પણ નિમંત્રણ કરવામાં આવ્યું અને લગભગ બધી જગ્યાએ તેઓ જોડાયા. જ્યાં જ્યાં જાહેર સભાઓ થાય ત્યાં ત્યાં તે જગ્યાના મેયર જો કબૂલ કરે તો ઘણે ભાગે તેને જ પ્રમુખસ્થાન આપવું એ પણ ઠરાવ થયો અને જ્યાં જ્યાં ટાઉનહૉલનો ઉપયોગ મળી શકે ત્યાં ટાઉનહૉલમાં જ સભા ભરવી એમ નિશ્ચય થયો. મુખ્ય સ્ટેશનો પણ રેલવે ખાતાની રજા લઈ શણગારવાનું કાર્ય અમે માથે લીધું.

દક્ષિણ આફ્રિકાની સરકારને હિંદી વજીરે ગોખલેનો દરજ્જો, તેમનું સામ્રાજ્યમાં સ્થાન ઇત્યાદિ જણાવી મૂક્યાં હતાં. સરકારે ગોખલેને તેમના પરોણા થવાનું અને સરકાર તરફથી રેલવેનું સ્ટેટ સલૂન સ્વીકારવાનું કહેણ મોકલ્યું હતું.

ઊતરવાનું બંદર કેપટાઉન હતું. કેપટાઉનમાં સારામાં સારી સભા થવી જોઈએ એ તો સ્પષ્ટ હતું. ગોખલેનું ભાષણ ટૂંકું, પક્વ, વિચારોથી ભરેલું, દૃઢ તેમ જ વિનયી હતું. તેથી હિંદીઓ રાજી થયા અને ગોખલેએ ગોરાઓના મનનું હરણ કર્યું. એટલે એમ કહી શકાય કે ગોખલેએ જે દિવસે દક્ષિણ આફ્રિકાની ભૂમિમાં પ્રવેશ કર્યો તે જ દિવસે તેના પચરંગી લોકોના હૃદયમાં પ્રવેશ કર્યો.

ગોખલેનાં બધાંયે ભાષણ વખતે હું હાજર હતો, પણ મને એવો પ્રસંગ યાદ નથી કે જ્યારે મેં એમ ઇચ્છ્યું હોય કે અમુક વિચાર અથવા અમુક વિશેષણ તેમણે ન વાપર્યું હોત તો સારું. તેમના વિચારની સ્પષ્ટતા, દૃઢતા, વિનય ઇત્યાદિ તેમના અત્યંત પરિશ્રમને અને સત્યપરાયણતાને આભારી હતાં.

પ્રિટોરિયામાં ગોખલેને યુનિયન સરકારના પ્રધાનમંડળને મળવાનું હતું. તેમાં જનરલ બોથા અને જનરલ સ્મટ્સ પણ હતા. લગભગ બે કલાક પ્રધાનમંડળની પાસે બેઠા અને આવીને મને કહ્યું : “તારે એક વરસની અંદર હિંદુસ્તાન પાછું આવવાનું છે. બધી વાતનો ફેંસલો થઈ ગયો છે. કાળો કાયદો રદ થશે. ઇમિગ્રેશન કાયદાનો રંગભેદ નીકળશે. ત્રણ પાઉન્ડનો કર રદ થશે.” મેં કહ્યું : “મને પૂરી શંકા છે. પ્રધાનમંડળને હું ઓળખું છું તેટલું તમે નથી ઓળખતા. તમારો આશાવાદ મને પ્રિય છે, કેમ કે હું પોતે પણ આશાવાદી છું, પણ અનેક વેળાએ ડંભાયેલો હું આ વિષયમાં તમારા જેટલી આશા નથી રાખી શકતો, પણ મને ભય નથી. તમે વચન લાવ્યા તેટલું મારે સારુ બસ છે. મારો ધર્મ માત્ર આવશ્યક હોય

ત્યારે લડી લેવાનો છે; અને લડાઈ ન્યાયની છે એવું સિદ્ધ કરવાનો છે. એ સિદ્ધિમાં તમને અપાયેલું વચન અમને ઘણો ફાયદો આપશે, અને લડવું જ પડશે તોયે લડવામાં અમને બમણું જોર આપશે. પણ એક વર્ષમાં હું હિંદુસ્તાન આવી શકું એમ મને ભાસતું નથી.”

એટલે તેઓ બોલ્યા : “હું તને કહું છું તેમાં ફેર પડવાનો જ નથી. મને જનરલ બોથાએ વચન આપ્યું કે કાળો કાયદો રદ થશે અને ત્રણ પાઉન્ડનો કર નીકળશે. તારે બાર માસમાં હિંદુસ્તાન આવ્યે છૂટકો છે. હું એક પણ બહાનું સાંભળવાનો નથી.”

આમ હિંદીઓનાં તેમ જ ગોરાઓનાં મન હરણ કરી ગોખલેએ દક્ષિણ આફ્રિકાનો કિનારો છોડ્યો. તેમની ઇચ્છાથી કૅલનબૅક અને હું તેમને ઝાંઝીબાર લગી વળાવવા ગયા હતા. સ્ટીમરમાં અમારી વચ્ચે વાતો કેવળ હિંદુસ્તાનની જ થાય. દરેક વાતમાં તેમની કોમળ લાગણી, તેમની સત્યપરાયણતા અને તેમનું સ્વદેશાભિમાન ઝળકી ઊઠતું. વાતોમાં તેમણે મને હિંદુસ્તાનને સારુ તૈયાર કરેલો. હિંદુસ્તાનના દરેક નેતાનું પૃથક્કરણ કરી બતાવ્યું હતું. તે વર્ણનો એટલાં આબેહૂબ હતાં કે તે તે નેતાઓ વિશે મેં જે અનુભવ્યું તેમાં ને તેમના આલેખન વચ્ચે ભાગ્યે જ તફાવત મેં જોયો છે.

ઝાંઝીબારમાં થયેલો વિયોગ અમને બંનેને અતિશય દુ:ખદાયક હતો, પણ દેહધારીઓના નિકટમાં નિકટ સહવાસ પણ છેવટે બંધ થાય જ છે એમ સમજીને કૅલનબૅકે અને મેં સંતોષ વાળ્યો, અને બંનેએ આશા રાખી કે ગોખલેની ભવિષ્યવાણી ફળો અને અમે બંને એક વર્ષની અંદર હિંદુસ્તાન જઈ શકીએ. પણ એ અસંભવિત થયું.

પ્રવાસથી ગોખલે દક્ષિણ આફ્રિકાના પ્રશ્નના ખાસ જાણકાર તરીકે ગણાયા. અને દક્ષિણ અફ્રિકામાં રહેતા હિંદીઓ વિશે હિંદુસ્તાને શું કરવું જોઈએ તે તેઓ વધારે સમજી શક્યા, અને હિંદુસ્તાનને સમજાવવા પણ શક્તિમાન થયા. જ્યારે ફરી લડત જાગી ત્યારે હિંદુસ્તાનમાંથી પૈસાનો વરસાદ વરસ્યો અને લૉર્ડ હાર્ડિંગે સત્યાગ્રહીઓના તરફ લાગણી બતાવી તેઓને ઉત્તેજન આપ્યું. હિંદુસ્તાનથી મિ૰ ઍન્ડ્રૂઝ અને મિ૰ પિયર્સન દક્ષિણ આફ્રિકામાં આવ્યા એ બધું ગોખલેના પ્રવાસ વિના ન બની શકત.

દક્ષિણ આફ્રિકાના સત્યાગ્રહમાં એટલી બધી સૂક્ષ્મતા વાપરવામાં આવી હતી કે અયોગ્ય રીતે સરકારને ન રંજાડી શકાય એ વસ્તુ પણ ધ્યાનમાં રાખવામાં આવતી હતી, જેમ કે કાળો કાયદો કેવળ ટ્રાન્સવાલના હિંદીઓને જ લાગુ પાડવામાં આવ્યો હતો તેથી સત્યાગ્રહનીતિમાં કેવળ ટ્રાન્સવાલના હિંદીઓને જ દાખલ કરવામાં આવતા હતા. નાતાલ, કેપ કૉલોની ઇત્યાદિથી ભરતી કરવાનો કાંઈ પણ પ્રયત્ન નહોતો કરવામાં આવ્યો. આ વસ્તુને નહોતા ગોરાઓ સમજી શકતા, નહોતા હિંદીઓ સમજી શકતા. આરંભકાળમાં હિંદીઓ તરફથી એવી માગણી થયા કરતી કે, જો લડાઈ શરૂ કર્યા પછી કાળા કાયદા સિવાયનાં બીજાં દુ:ખોને પણ લડાઈના હેતુઓમાં ભેળવી શકાય તો કેમ ન ભેળવીએ? ધીરજથી મેં સમજાવ્યું કે, તેમાં સત્યનો ભંગ થાય એવું છે, અને જ્યાં સત્યનો જ આગ્રહ છે ત્યાં સત્યના ભંગ જેવી વાત કેમ થઈ શકે? શુદ્ધ લડાઈમાં તો લડાઈ કરતાં કરતાં લડવૈયાનું બળ વધતું જોવામાં આવે તોયે તે આરંભકાળે નીમેલા હેતુ ઉપરાંત આગળ જઈ જ ન શકે; અને તેથી ઊલટું જે હેતુને સારુ લડાઈ કરી હોય તે હેતુનો, વખત જતાં લડવાનું બળ ક્ષીણ થાય છતાં, ત્યાગ પણ ન કરી શકાય. આ બંને સિદ્ધાંતનો દક્ષિણ આફ્રિકામાં સંપૂર્ણ અમલ થયો. લડાઈના આરંભમાં જે બળ ઉપર હેતુ રચવામાં આવ્યો હતો તે બળ પાછળથી ખોટું નીવડ્યું એ આપણે જોઈ શક્યા, છતાં મૂઠી જેટલા બાકી રહેલા સત્યાગ્રહીઓ એ લડાઈને છોડી ન શક્યા. આમ ઝૂઝવું પ્રમાણમાં સહેલું હતું, પણ બળની વૃદ્ધિ થવા છતાં હેતુમાં વૃદ્ધિ ન કરવી એ વધારે કઠિન છે અને તેમાં વધારે સંયમ રહેલો છે. એવી લાલચો દક્ષિણ આફ્રિકામાં અનેક જગ્યાએ પ્રાપ્ત થઈ, પણ તેનો લાભ એક પણ વેળાએ નથી ઉઠાવ્યો.

ગોખલેએ તો ધાર્યું હતું કે ત્રણ પાઉન્ડનો કર એક વર્ષની અંદર રદ થશે જ. તેને બદલે જનરલ સ્મટ્સે પાર્લમેન્ટમાં એમ જાહેર કર્યું કે, નાતાલના ગોરાઓ એ કર રદ કરવા તૈયાર ન હોવાથી દક્ષિણ આફ્રિકાની સરકાર તે રદ કરવાનો કાયદો પસાર કરવા અસમર્થ છે.

ગિરમીટિયાઓમાં આજ લગી સત્યાગ્રહની કાંઈ પણ ચર્ચા કરવામાં નહોતી આવી. તેઓ નિરક્ષર એટલે ‘ઇન્ડિયન ઓપીનિયન’ અથવા તો બીજાં છાપાં ક્યાંથી વાંચે? એમ છતાં મેં જોયું કે એ ગરીબ લોકો સત્યાગ્રહનું નિરીક્ષણ કરી રહ્યા હતા, જે ચાલી રહ્યું હતું તે સમજતા હતા.

વચનભંગ થવાની વાત મેં ગોખલેને લખી. મેં લખ્યું કે તમારે નિર્ભય રહેવું; અમે મરણપર્યંત ઝૂઝીશું અને કર રદ કરાવીશું. માત્ર એક વર્ષની અંદર મારે હિંદુસ્તાન જવાનું

હતું તે ટળ્યું અને પછી ક્યારે જઈ શકાય તે કહેવું અશક્ય થઈ પડ્યું. તેમણે મારી પાસે વધારેમાં વધારે અને ઓછામાં ઓછા લડવૈયાઓનાં નામ માગ્યાં. મેં 65 કે 66 વધારેમાં વધારે નામ મોકલ્યાં, અને 16 ઓછામાં ઓછાં. આટલી નાનકડી સંખ્યાને સારુ હિંદુસ્તાનથી પૈસાની મદદની હું અપેક્ષા નહીં રાખું એ પણ જણાવ્યું. પણ ગોખલેનો કડક ઉત્તર મને મળ્યો : "જેમ તમે લોકો તમારો ધર્મ દક્ષિણ આફ્રિકામાં સમજો છો તેમ અમે પણ કાંઈક અમારો ધર્મ સમજતા હોઈશું. અમારે શું કરવું યોગ્ય છે એ તમને નહીં કહેવા દઈએ. મેં તો માત્ર ત્યાંની સ્થિતિ જાણવાને ઇચ્છ્યું હતું. અમારા તરફથી શું થવું જોઈએ એ વિશે સલાહ નહોતી માગી." આ શબ્દોનો ભેદ હું સમજ્યો. મેં ત્યાર પછી કોઈ દિવસે આ વિશે એક શબ્દ પણ ઉચ્ચાર્યો નહીં, લખ્યો નહીં. અહીં અમે તૈયારીઓ માંડી. હવેની લડાઈમાં જેલ લાંબી ભોગવવી પડશે એ પણ સમજાયું. ટૉલ્સ્ટૉય ફાર્મ બંધ કરવાનો નિશ્ચય થયો. કેટલાંક કુટુંબો પોતાનો પુરુષવર્ગ જેલમાંથી છૂટ્યા બાદ પોતપોતાને ઘેર ગયાં. બાકી રહેનારામાં મુખ્ય ભાગે ફિનિક્સના હતા. એટલે હવે પછી સત્યાગ્રહીઓનું મથક ફિનિક્સ કરવું એવો નિશ્ચય થયો.

હજી લડત શરૂ કરવાની તૈયારીઓ ચાલી રહી હતી તેટલામાં એક નવું વિઘ્ન આવી પડ્યું, જેથી સ્ત્રીઓને પણ લડાઈમાં દાખલ થવાની તક મળી. કેટલીક બહાદુર સ્ત્રીઓએ તેમાં ભાગ લેવાની માગણી પણ કરી હતી. પણ તે વખતે પરદેશમાં સ્ત્રીવર્ગને જેલમાં મોકલવાનું અમને સૌને અયોગ્ય લાગ્યું. તેઓને જેલમાં લઈ જવાની મારી તો તે વખતે હિંમત પણ નહોતી. પણ હવે એક બનાવ એવો બન્યો કે જેમાં સ્ત્રીઓનું ખાસ અપમાન થતું હતું, અને જે અપમાન દૂર કરવાને સારુ સ્ત્રીઓ પણ હોમાય તો ખોટું નહીં એમ જણાયું.

હિંદુસ્તાનથી ઘણા વિવાહિત માણસો દક્ષિણ આફ્રિકામાં આવેલા હતા, અને કેટલાક ત્યાં જ પરણ્યા હતા. હિંદુસ્તાનમાં સામાન્ય વિવાહ રજિસ્ટર કરવાનો કાયદો તો છે જ નહીં. ધાર્મિક ક્રિયા બસ ગણાય છે. અને ચાળીસ વર્ષ થયાં હિંદીઓ દક્ષિણ આફ્રિકામાં વસતા આવ્યા હતા, છતાં કોઈ વખત હિંદુસ્તાનના જુદા જુદા ધર્મ મુજબ થયેલા વિવાહ રદ ગણાયા ન હતા. પણ આ સમયે એક કેસ એવો થયો કે જેમાં ન્યાયાધીશે ઠરાવ આપ્યો કે દક્ષિણ આફ્રિકાના કાયદામાં ખ્રિસ્તી ધર્મ પ્રમાણે થયેલ વિવાહ — વિવાહના અમલદારની પાસે જે રજિસ્ટર થયેલ હોય તે — સિવાયના વિવાહને સ્થાન નથી. એટલે કે હિંદુ, મુસલમાન, પારસી ઇત્યાદિ ધર્મક્રિયા પ્રમાણે થયેલા વિવાહ મજકૂર ભયંકર ચુકાદાથી દક્ષિણ આફ્રિકામાં રદ ગણાયા અને તેથી તે કાયદા અન્વયે દક્ષિણ આફ્રિકામાં ઘણી પરણેલી હિંદી સ્ત્રીઓનો દરજ્જો તેમના પતિની ધર્મપત્નીઓ તરીકેનો મટી રાખેલી સ્ત્રીઓ તરીકે ગણાયો, અને એ

સ્ત્રીઓની પ્રજાને પોતાના બાપના વારસાનો હક પણ ન રહ્યો. આ સ્થિતિ ન સ્ત્રીઓ સહી શકે, ન પુરુષ સહન કરી શકે. દક્ષિણ આફ્રિકામાં વસતા હિંદીઓમાં ભારે ખળભળાટ વર્ત્યો. મારા સ્વભાવ પ્રમાણે મેં સરકારને પૂછ્યું કે શું તેઓ ન્યાયાધીશના ઠરાવને કબૂલ રાખશે? કે તેણે કરેલો કાયદાનો અર્થ ખરો હોય તોપણ તે અનર્થ છે એમ સમજી નવો કાયદો પસાર કરી હિંદુ-મુસલમાન ઇત્યાદિ ધર્મક્રિયાઓ પ્રમાણે થયેલા વિવાહને કાયદેસર ગણશે? જવાબ નકારમાં આવ્યો.

હવે સમય એવો આવ્યો કે શુભ ચોઘડિયા કે શુભ તિથિની રાહ જોવાય જ નહીં. સ્ત્રીઓનું અપમાન થયા પછી ધીરજ કેમ રહે? થોડા કે ઘણા, જેટલા મળે તેટલાથી, સત્યાગ્રહ તીવ્ર રૂપે શરૂ કરવાનો ઠરાવ કર્યો. હવે સ્ત્રીઓને લડાઈમાં દાખલ થવાને નોતરવાનો નિશ્ચય કર્યો. પ્રથમ તો જે બહેનો ટૉલ્સ્ટૉય ફાર્મમાં રહી હતી તેઓને નોતરી. તે બહેનો તો દાખલ થવા તલપી રહી હતી. મેં તેમને લડતનાં બધાં જોખમોનું ભાન કરાવ્યું. ખાવાપીવામાં, પોશાકમાં, સૂવાબેસવામાં અંકુશ હશે એ સમજાવ્યું. જેલોમાં સખ્ત મજૂરી સોંપે, કપડાં ધોવડાવે, અમલદારો અપમાન કરે વગેરે બાબતની ચેતવણી આપી. પણ આ બહેનો એક પણ વસ્તુથી ડરી નહીં. બધી બહાદુર હતી. એકને તો કેટલાક માસ ચડ્યા હતા; કોઈને બાળક હતાં. તેઓએ પણ દાખલ થવાનો આગ્રહ કર્યો. હું તેમાંની કોઈને રોકવા અસમર્થ હતો. આ બધી બહેનો તામિલ હતી. આમાંથી છ બહેનો ધાવણાં બાળકો સાથે હતી.

આ બહેનોનો પ્રથમ યત્ન નિષ્ફળ ગયો. તેમણે વગર પરવાને ફેરી કરી પણ પોલીસે તેમને પકડવા ના પાડી. તેમણે ઓરેંજિયાની સરહદમાં વિના પરવાનગીએ પ્રવેશ કર્યો છતાં કોઈ પકડે નહીં. હવે કઈ રીતે પકડાવું એ સ્ત્રીઓને સવાલ થઈ પડ્યો.

મેં ધાર્યું હતું કે છેવટને સમયે મારી સાથે ફિનિક્સમાં રહેલા બધાને હોમવા છે. એ મારે સારુ આખરનો ત્યાગ હતો. ફિનિક્સમાં રહેનાર અંગતના સાથીઓ અને સગાં હતાં. છાપું ચલાવવા જેટલા માણસો જોઈએ તે અને સોળ વર્ષની અંદરનાં બાળકોને છોડી બાકીના બધાને જેલયાત્રા કરવા મોકલવા એ ધારણા હતી. આથી વધારે ત્યાગ કરવાનું સાધન મારી પાસે ન હતું. ગોખલેને લખતાં જે છેવટના સોળ જણ ધારેલા તે આમાંના જ હતા. આ મંડળીને સરહદ ઓળંગાવી ટ્રાન્સવાલમાં દાખલ કરીને વગર પરવાને પ્રવેશ કરવાના ગુના સારુ પકડાવી દેવાની હતી. સરહદ ઓળંગતી વેળા પોલીસના અમલદાર હમેશાં નામઠામ પૂછે. આ વખતે નામઠામ ન આપવાં એ પણ યોજનામાં હતું. અમલદારને નામઠામ ન આપવાં એ પણ એક નોખો ગુનો ગણાતો હતો. આ પગલાની સાથે જે જે બહેનો ટ્રાન્સવાલમાં પકડાવાનો પ્રયત્ન કરી રહી હતી તે બહેનોને નાતાલમાં દાખલ થવાનું હતું. જેમ નાતાલમાંથી

ટ્રાન્સવાલમાં પરવાના વિના દાખલ થવું એ ગુનો ગણાતો તેમ જ ટ્રાન્સવાલમાંથી નાતાલમાં દાખલ થવા વિશે પણ હતું. એટલે આ બહેનોએ જો તેમને પકડે તો નાતાલમાં પકડાવાનું હતું, અને જો ન પકડે તો તેઓએ નાતાલમાં કોલસાની ખાણો હતી તેના મથક ન્યૂકૅસલમાં જઈ ત્યાં મજૂરોને નીકળી જવા વીનવવા એમ ઠર્યું હતું. આ બહેનોની માતૃભાષા તામિલ હતી; તેમને થોડુંઘણું હિંદુસ્તાની પણ આવડે જ, અને મજૂરવર્ગનો ઘણો ભાગ મદ્રાસ ઇલાકાનો હતો. જો મજૂરો આ બહેનોની વાત સાંભળી પોતાનું કામ છોડે તો મજૂરોની સાથે સરકાર તેઓને પકડ્યા વિના ન જ રહે.

પ્રથમ તો ફિનિક્સમાં રહેતી બહેનોની સાથે મસલત કરવાની હતી. વળી ઘણીખરી મારી સગી એટલે કેવળ મારી શરમને લીધે જ જેલમાં જવાનો વિચાર કરે, અને પછી અણીને વખતે ગભરાઈને માફી વગેરે માગે તો મને આઘાત પહોંચે. મારી પત્નીને તો મારે ન જ લલચાવવી એ નિશ્ચય હતો. તેનાથી નાયે ન પડાય અને હા પાડે તો તે હાની પણ કેટલી કિંમત કરવી એ હું ન કહી શકું. આવા જોખમના કામમાં સ્ત્રી પોતાની મેળે જે પગલું ભરે તે જ પુરુષે સ્વીકારવું જોઈએ અને ન ભરે તો પતિએ તેને વિશે જરાયે દુઃખી ન થવું જોઈએ એ હું સમજતો હતો, તેથી મેં તેની સાથે કંઈ પણ વાત ન કરવી એમ ધાર્યું. બીજી બહેનોની સાથે મેં વાત કરી. તેઓએ ટ્રાન્સવાલની બહેનોની જેમ બીડું ઝડપી લીધું અને જેલયાત્રા કરવાને તૈયાર થઈ. ગમે તે દુઃખ સહન કરીને પણ જેલ પૂરી કરીશું એવી મને ખાતરી આપી. આ બધી વાતનો સાર મારી પત્નીએ પણ જાણી લીધો અને મને કહ્યું : “મને આ વાતની ખબર નથી આપતા એનું મને દુઃખ થાય છે. મારામાં એવી શી ખામી છે કે હું જેલમાં ન જઈ શકું? મારે પણ એ જ રસ્તો લેવો છે કે જે લેવાની આ બહેનોને તમે સલાહ આપી રહ્યા છો.” મેં કહ્યું : “હું તો તારા જવાથી રાજી જ થાઉં. પણ મારી માગણીથી તું ગઈ છે એવો આભાસ સરખો મને ન ગમે. આવાં કામ સૌ પોતાની હિંમતથી જ કરે. હું કહું એટલે સહેજે મારું વચન રાખવાની ખાતર તું ચાલી જાય, પછી જેલનાં દુઃખથી ત્રાસે તો તેમાં તારો દોષ તો હું ન ગણું, પણ મારા હાલ શા થાય? હું જગતની સામે કઈ રીતે ઊભી શકું, એવા ભયથી જ મેં તને લલચાવી નથી.”

મને જવાબ મળ્યો : “હું હારીને છૂટી આવું તો મને ન સંઘરવી. મારાં છોકરાંયે સહન કરી શકે, તમે બધાં સહન કરી શકો અને હું જ એકલી ન સહન કરી શકું, એવું તમારાથી કેમ ધારી શકાય? મારે આ લડતમાં દાખલ થયે જ છૂટકો છે.” મેં જવાબ આપ્યો : “તો મારે તને દાખલ કર્યે જ છૂટકો છે. મારી શરત તો તું જાણે છે, મારો સ્વભાવ તું જાણે છે. હજુ પણ વિચાર કરવો હોય તો ફરી વિચાર કરજે અને પુખ્ત વિચાર કર્યા પછી ન ભળવું એમ

લાગે તો તને છૂટ છે એમ સમજજે.” મને જવાબ મળ્યો : “વિચારબિચાર કાંઈ કરવાના છે જ નહીં. મારો નિશ્ચય જ છે.”

ફિનિક્સમાં બીજા નિવાસીઓ હતા તેઓને પણ સ્વતંત્રપણે નિશ્ચય કરવાનું મેં સૂચવ્યું હતું. લડાઈ થોડી મુદત ચાલો કે લાંબી મુદત, ફિનિક્સ કાયમ રહો કે જમીનદોસ્ત થાઓ, જનારા સાજા રહો કે માંદા પડો, પણ કોઈથી ન જ છૂટી શકાય, એ શરતો ફરી ફરીને અને પેરે પેરે કરીને મેં સમજાવી હતી. સૌ તૈયાર થયાં.

આ ટુકડી સરહદ ઓળંગી વગર પરવાને ટ્રાન્સવાલમાં દાખલ થવા સારુ કેદમાં જવાની હતી. પોલીસે આ ટુકડીને પકડી. કેસ ચાલ્યો ને બધાને ત્રણ ત્રણ માસની સખત મજૂરીની કેદ મળી.

જે બહેનો ટ્રાન્સવાલમાં પકડાવાના પ્રયત્નમાં નિરાશ થઈ હતી તે નાતાલમાં દાખલ થઈ. તેઓને વગર પરવાને દાખલ થવા સારુ પોલીસે ન પકડી. જો ન પકડે તો તેઓએ ન્યૂકૅસલમાં થાણું કરી કોલસાની ખાણના હિંદી મજૂરોને પોતાનું કામ છોડવા વીનવવા એમ ઠર્યું હતું. ન્યૂકૅસલ કોલસાની ખાણોનું મથક છે. આ ખાણોમાં મુખ્યત્વે હિંદી મજૂરો હતા. બહેનોએ કામ શરૂ કર્યું. તેની અસર વીજળીની જેમ ફેલાઈ. ત્રણ પાઉન્ડના કરની હકીકતે મજૂરોને પિગળાવ્યા. તેઓએ પોતાનું કામ છોડ્યું. મને તાર મળ્યો. હું રાજી થયો પણ તેટલો જ ગભરાયો. મારે શું કરવું? હું આ અદ્‌ભુત જાગૃતિને સારુ તૈયાર ન હતો. મારી પાસે પૈસા ન હતા; ન હતા એટલા માણસો કે જેઓ આ કાર્યને પહોંચી વળે. મારી ફરજ હું સમજતો હતો. મારે ન્યૂકૅસલ જવું ને જે થાય તે કરવું. હું ઊપડ્યો.

આ બહાદુર બહેનોને હવે કંઈ સરકાર છોડે? તેઓને પણ એ જ સજા મળી અને એ જ જગ્યાએ કેદમાં રાખી. દક્ષિણ આફ્રિકાના હિંદીઓ જાગ્યા. તેઓની નિદ્રા ભાગી. તેઓમાં નવું ચેતન આવ્યું જણાયું. પણ સ્ત્રીઓનાં બલિદાને હિંદુસ્તાનને જગાડ્યું. સર ફિરોજશા મહેતા આજ લગી તટસ્થ હતા. સત્યાગ્રહની લડતે તેમની ઉપર થોડી જ છાપ પાડી હતી. પણ સ્ત્રીઓની કેદે તેમના ઉપર જાદુઈ અસર કરી. તેમણે પોતે જ ભાષણમાં જણાવ્યું કે સ્ત્રીઓની કેદે તેમની શાંતિ પણ ભાંગી છે. હિંદુસ્તાનથી હવે શાંત રહી બેસાય જ નહીં.

સ્ત્રીઓની બહાદુરીની શી વાત! બધીને નાતાલની રાજધાની મારિત્સ- બર્ગમાં રાખવામાં આવી. અહીં તેઓને ઠીક દુઃખ દેવામાં આવ્યું. ખોરાકમાં તેઓની જરા પણ કાળજી ન રાખવામાં આવી. બહારથી ખોરાક આપવાની સખત મનાઈ લગભગ આખર સુધી રખાઈ. એક બહેન જેલમાંથી જીવલેણ તાવ લઈને નીકળી. તાવે તેને થોડા જ દિવસમાં પ્રભુને ત્યાં

પહોંચાડી. એને હું કેમ ભૂલું! વાલિયામા અઢાર વર્ષની બાળા હતી. હું તેની પાસે ગયો ત્યારે તે પથારીવશ હતી. તે કદમાં ઊંચી હોવાથી તેનું લાકડી જેવું શરીર બિહામણું લાગતું હતું.

"વાલિયામા, જેલ જવાનો પશ્ચાત્તાપ તો નથી ના?"

"પશ્ચાત્તાપ શાને હોય! મને ફરી પકડે તો હું હમણાં જ જેલ જવા તૈયાર છું."

"પણ આમાંથી મોત નીપજે તો?" મેં પૂછ્યું.

"ભલે નીપજે. દેશને ખાતર મરવું કોને ન ગમે?"

આ વાત પછી વાલિયામા થોડા દિવસમાં મૃત્યુ પામી. તેનો દેહ ગયો, પણ આ બાળા પોતાનું નામ અમર કરી ગઈ છે. વાલિયામાની પાછળ શોક દર્શાવનારી સભાઓ ઠેકઠેકાણે થઈ અને કોમે આ પવિત્ર બાઈના સ્મરણાર્થે 'વાલિયામા હૉલ' બાંધવાનો ઠરાવ કર્યો. આ હૉલ બાંધવાનો ધર્મ હજુ કોમે પાળ્યો નથી. તેમાં વિઘ્નો આવ્યાં છે. કોમમાં કુસંપ પેઠો. મુખ્ય કાર્યકર્તાઓ એક પછી એક ચાલ્યા ગયા. પણ પથ્થર ને ચૂનાનો હૉલ બંધાઓ વા ન બંધાઓ, વાલિયામાની સેવાનો નાશ નથી. એ સેવાનો હૉલ તો તેણે પોતાને હાથે જ બાંધ્યો. તેની મૂર્તિ ઘણાં હૃદયમંદિરોમાં આજ પણ બિરાજે છે. અને જ્યાં લગી ભારતવર્ષનું નામ છે ત્યાં લગી દક્ષિણ આફ્રિકાના ઇતિહાસમાં વાલિયામા છે જ.

આ બહેનોનું બલિદાન વિશુદ્ધ હતું. એ બિચારી કાયદાની બારીકીઓ જાણતી ન હતી. તેમાંની ઘણીને દેશનું ભાન ન હતું. તેમનો દેશપ્રેમ કેવળ શ્રદ્ધા ઉપર નિર્ભર હતો. તેમાંની કેટલીક નિરક્ષર હતી, એટલે છાપું ક્યાંથી વાંચી જાણે? પણ તે જાણતી હતી કે કોમના માનવસ્ત્રનું હરણ થતું હતું. તેમનું જેલ જવું તેમનો આર્તનાદ હતો; શુદ્ધ યજ્ઞ હતો. આવી હૃદયની પ્રાર્થના પ્રભુ સાંભળે છે. યજ્ઞની શુદ્ધતામાં તેની સફળતા રહેલી છે. પ્રભુ ભાવનાનો ભૂખ્યો છે. ભક્તિપૂર્વક, એટલે કે નિઃસ્વાર્થ બુદ્ધિથી અપાયેલું પાંદડું, પુષ્પ કે પાણી પણ ઈશ્વર હેતે સ્વીકારે છે ને તેનું કરોડ ગણું ફળ દે છે. સુદામાના ઘેલા ચપટી ચોખાની ભેટે તો તેની વર્ષોની ભૂખ ભાંગી. ઘણાના જેલમાં જવાથી ફળ નયે આવો, પણ એક જ શુદ્ધ આત્માએ ભક્તિપૂર્વક કરેલું અર્પણ કોઈ કાળે અફળ જાય નહીં. કોણ જાણે છે કે દક્ષિણ આફ્રિકામાં કોનો કોનો યજ્ઞ ફળ્યો? પણ એટલું તો આપણે જાણીએ જ છીએ કે વાલિયામાનો તો ફળ્યો જ. બહેનોનો તો ફળ્યો જ.

સ્વદેશયજ્ઞમાં, જગતયજ્ઞમાં અસંખ્ય હોમાયા છે, હોમાઈ રહ્યા છે ને હોમાશે. એ જ યથાર્થ છે.

મજૂરોની ધારા

બહેનોના આ ત્યાગની અસર મજૂરો પર અદ્ભુત થઈ. ન્યૂકૅસલની નજીકની ખાણોમાંના મજૂરોએ પોતાનાં ઓજાર છોડ્યાં. તેઓની ધારા ચાલી.

આવા મજૂરોને પોતાનાં ઘર હોતાં નથી. માલિકો જ તેઓને સારુ ઘર બનાવે છે, માલિકો જ તેઓના રસ્તાઓ ઉપર દીવાબત્તી મૂકે છે, માલિકો જ તેઓને પાણી પણ આપે છે. એટલે મજૂરો દરેક રીતે પરાધીન થાય છે. અને તુલસીદાસે કહ્યું છે તેમ —

પરાધીન સપને સુખ નાહીં.

મારી પાસે અનેક જાતની ફરિયાદો આ હડતાળિયા લાવવા માંડ્યા. કોઈ કહે માલિકો રસ્તાની બત્તીઓ બંધ કરે છે. કોઈ કહે પાણી બંધ કરે છે. કોઈ કહે તેઓ હડતાળિયાઓનો સરસામાન તેઓની કોટડીઓ બહાર ફેંકી દે છે. એક પઠાણે આવી મારી પાસે પોતાનો વાંસો બતાવ્યો ને બોલ્યો, "યહ દેખો મુઝે કૈસે મારા હૈ. મૈંને આપકે લિયે બદમાશકો છોડ દિયા હૈ. આપકા યહી હુકમ હૈ. મૈં પઠાન હૂં. ઔર પઠાન કભી માર ખાતા નહીં હૈ."

મેં જવાબ આપ્યો : "તુમને બહુત હી અચ્છા કામ કિયા. ઇસીકો મૈં સચ્ચી બહાદુરી કહતા હૂં. તુમારે જૈસે લોગોંસે હમ જીતેંગે."

મેં આમ મુબારકબાદી તો આપી. પણ મનમાં વિમાસ્યું કે આવું ઘણાને બને તો હડતાળ નહીં ચાલે. મારનું છોડીએ તો માલિકોની ફરિયાદ પણ શી કરવી? હડતાળ કરનારનાં બત્તી, પાણી વગેરેની સગવડો માલિકો કાપી નાખે તો તેમાં ફરિયાદને ઝાઝું સ્થાન નથી. હો કે ન હો, લોકો એવી સ્થિતિમાં કેમ નભી શકે? રસ્તો એક જ હતો કે, લોકોએ માલિકોની કોટડીઓ છોડવી. એટલે 'હિજરત' કરવી.

મજૂરો પાંચપચીસ ન હતા. સેંકડો હતા; હજારો થતાંયે વાર ન લાગે. તેઓને સારુ મકાન ક્યાંથી કાઢું? ખાવાનું ક્યાંથી લાવું? હિંદુસ્તાનથી પૈસા મંગાવવા નહોતા. હિંદી વેપારીઓ એટલા ડરી ગયા હતા કે તેઓ મને જાહેર રીતે કંઈ મદદ આપવા તૈયાર ન હતા. તેઓનો વેપાર ખાણના માલિકો સાથે ને બીજા ગોરાઓની સાથે રહ્યો એટલે તેઓ ખુલ્લી રીતે મને કેમ મળે?

જે બહેનો ટ્રાન્સવાલથી આવી હતી તેઓ દ્રાવિડ પ્રાંતની હતી. તેમનો ઉતારો એક દ્રાવિડ કુટુંબ જે ખ્રિસ્તી હતું તેમને ત્યાં હતો. એ કુટુંબ મધ્યમ સ્થિતિનું હતું. તેને નાનો જમીનનો ટુકડો હતો ને બેત્રણ કોટડીવાળું ઘર હતું. મેં અહીં ઊતરવાનો નિશ્ચય કર્યો. ઘરધણીનું

નામ લૅઝરસ હતું. ગરીબને કોની બીક હોય? આ બધા મૂળ ગિરમીટિયા કુટુંબના હોય એટલે તેમને અથવા તેમનાં સગાંને ત્રણ પાઉન્ડ દેવાના હોય. ગિરમીટિયાનાં દુઃખોનો તેમને પૂરો પરિચય હોય જ, એટલે તેમના પ્રત્યે લાગણી પણ પૂરી હોય. આ કુટુંબે મને વધાવી લીધો. મને વધાવી લેવો એ કોઈ કાળે મિત્રોને સારુ સહેલું તો રહ્યું જ નથી. પણ આ વેળા મને વધાવવો એટલે આર્થિક નાશને વધાવવો, કદાચ જેલને પણ વધાવવી પડે એવું હતું. આવી સ્થિતિમાં મુકાવાને તૈયાર ધનિક વેપારી થોડા જ હોઈ શકે. મારે મારી અને તેમની મર્યાદા સમજી તેમને કફોડી સ્થિતિમાં ન મૂકવા જોઈએ. લૅઝરસને બિચારાને થોડો પગાર ખોવો પડે તો તે ખુએ. તેને કેદમાં કોઈ લઈ જાય તો ભલે, પણ તે પોતાનાથી પણ ગરીબ એવા ગિરમીટિયાનું દુઃખ કેમ નિરાંતે સાંખે? તેને ત્યાં જ રહેલી બહેનો આ ગિરમીટિયાની મદદે આવતાં જેલમાં જતી તેણે જોઈ. તેમના પ્રત્યે પણ પોતાની ફરજ છે એમ ભાઈ લૅઝરસે વિચાર્યું ને મને સંઘર્યો, સંઘર્યો તો ખરો પણ પોતાનું સર્વસ્વ આપ્યું. મારા તેને ત્યાં જવા પછી તેનું ઘર ધર્મશાળા થયું. સેંકડો માણસો ગમે તેવા આવે ને જાય. તેના ઘરની આસપાસની જમીન માણસોથી ખદબદી ઊઠી. તેને ઘેર ચોવીસ કલાક રસોડું ચાલ્યું. તેમાં તેની ધર્મપત્નીએ કાળજાતૂટ મહેનત કરી. અને એમ છતાં બંનેનો હસમુખો ચહેરો કાયમ હતો. મેં તેમની મુખાકૃતિમાં કદી અણગમો ન જોયો.

પણ લૅઝરસ કંઈ સેંકડો મજૂરોને ખાવાનું પૂરું પાડી શકે? મજૂરોને મેં સંભળાવી દીધું કે તેઓએ પોતાની હડતાળ કાયમની સમજી પોતાના માલિકોએ આપેલાં ઝૂંપડાં છોડવાં રહ્યાં. સામાન વેચવા જેવો હોય તે વેચી નાખે. બાકીનો પોતાની કોટડીમાં મૂકી રાખે. માલિકો તેને હાથ નહીં લગાડે, અને વધારે વેર વાળવા સામાન ફેંકી દે તો તે જોખમ પણ મજૂરોએ ખેડવું. મારી પાસે તેઓ પોતાનાં પહેરવાનાં કપડાં ને ઓઢવાની કામળી ઉપરાંત કંઈ પણ ન લાવે. જ્યાં લગી હડતાળ ચાલે ને જ્યાં લગી તેઓ જેલ બહાર રહે ત્યાં લગી હું તેઓની જોડે જ રહીશ ને ખાઈશપીશ. આ શરતે તેઓ બહાર નીકળી આવે તો અને તો જ તેઓ ટકી શકે ને કોમની જીત થાય. તેમ કરવાની જેની હિંમત ન હોય તેણે પોતાના કામ પર જોડાઈ જવું. જે જોડાય તેનો કોઈએ તિરસ્કાર ન કરવો. કોઈએ તેની પજવણી ન કરવી. આ શરતોનો કોઈએ ઇનકાર કર્યો હોય એવું મને યાદ નથી. મેં કહ્યું તે જ દિવસથી હિજરત કરનાર ઘરત્યાગીઓની કતાર જામી. સૌ પોતાનાં બૈરાંછોકરાંને લઈ માથે પોતાનાં પોટલાં મૂકી આવવા લાગ્યા. મારી આગળ ઘરને સારુ માત્ર જમીન હતી. સારે નસીબે આ મોસમમાં વરસાદ ન હતો, તેમ ટાઢ પણ ન હતી.

ખોરાકને સારુ મારો વિશ્વાસ હતો કે વેપારીવર્ગ પાછી પાની નહીં કરે. ન્યૂકૅસલના

વેપારીઓએ રાંધવા વાસણો આપ્યાં ને ચાવલ તથા દાળના બસ્તા (ગૂણો) મોકલ્યા. બીજાં ગામોમાંથી પણ દાળ, ચાવલ, લીલોતરી, મસાલા વગેરેનો વરસાદ વરસ્યો. હું ધારતો હતો તેના કરતાં આ વસ્તુઓ મારી પાસે વધારે આવવા લાગી. સહુ જેલ જવા તૈયાર ન થાય પણ સહુની દિલસોજી તો હતી જ. સહુ યથાશક્તિ મદદનો ફાળો ભરવા રાજી હતા. જેઓ કંઈ આપી શકે તેવા ન હતા તેવાઓએ પોતાની ચાકરી દઈને મદદ કરી. આ અજાણ્યા, અશિક્ષિત માણસોને સંભાળવા સારુ જાણીતા ને સમજુ સ્વયંસેવકો તો જોઈએ જ; તે મળી ગયા. અને તેઓએ અમૂલ્ય મદદ કરી. તેમાંના ઘણા તો પકડાયા પણ ખરા. આવી રીતે બધાએ યથાશક્તિ મદદ આપી અને માર્ગ સરળ થયો.

માણસોની ભીડ જામી. આટલા બધા અને નિરંતર વધતા જતા મજૂરોને એક જ સ્થળે ને વગર ધંધે સાચવવા અશક્ય નહીં તો ભયાનક કામ હતું. તેઓની શૌચાદિની ટેવો તો સારી હોતી જ નથી. આ સંઘમાં કેટલાક ગુનો કરી જેલ જઈ આવેલા પણ હતા. કોઈ તો ખૂનના ગુનાવાળા હતા; કોઈ ચોરીને સારુ કેદ ભોગવી છૂટેલા હતા. કોઈ વ્યભિચારને સારુ કેદ ભોગવી આવેલા હતા. છાવણીમાં નીતિ જાળવવાનું કામ મારું હતું. આવનારા ભૂતકાળમાં કેવા હતા તેની તપાસ કરવાનો મારો ધર્મ ન હતો. આવો શંભુમેળો સ્થિર થઈને બેસે તો ગુના થયા વિના ન જ રહે. જેટલા દિવસ મેં કાઢ્યા તેટલા દિવસ શાંતિથી ગયા એ જ ચમત્કાર હતો. કેમ જાણે સહુ પોતાનો આપદ્ધર્મ સમજી ગયા હોય નહીં એવી રીતે શાંતિથી રહ્યા.

મને ઇલાજ મળ્યો. મારે આ ટુકડીને ટ્રાન્સવાલમાં લઈ જવી, ને જેમ પેલા સોળ પકડાઈ ગયા તેમ આમને જેલમાં બેસાડી દેવા. મારી પાસે લગભગ પાંચ હજાર માણસ એકઠા થયા હશે. તે બધાને ટ્રેનથી ન લઈ જવાય. એટલા પૈસા ક્યાંથી કાઢું? અને એમાં લોકોની પરીક્ષા ન થઈ શકે. ન્યૂકૅસલથી ટ્રાન્સવાલની સરહદ 36 માઈલ હતી. નાતાલનું સરહદી ગામ ચાર્લ્સટાઉન હતું; ટ્રાન્સવાલનું વૉક્સરસ્ટ હતું. અંતે પગપાળા મુસાફરી કરવી એવો મેં નિશ્ચય કર્યો. મજૂરોની સાથે મસલત કરી. તેમાં સ્ત્રીઓ, બચ્ચાં વગેરે હતાં. કેટલાકે આનાકાની કરી. હૃદય કઠણ કર્યા વિના મારી પાસે બીજો ઇલાજ ન હતો. જેને પાછું ખાણો ઉપર જવું હોય તે જઈ શકે છે, એમ જણાવ્યું. કોઈ પાછા જવાને તૈયાર ન હતા. જેઓ અપંગ હતા તેઓને ટ્રેનથી મોકલવાનો ઠરાવ કર્યો. બાકીના બધાએ પગે ચાલીને ચાર્લ્સટાઉન જવાની તૈયારી જાહેર કરી. આ મજલ બે દિવસમાં પૂરી કરવાની હતી. આમ કરવાથી છેવટે તો સહુ રાજી થયા. બિચારા લૅઝરસ કુટુંબને પણ કંઈક રાહત મળશે એમ પણ લોકો સમજ્યા, અને

ન્યૂકેસલમાં ગોરાઓ મરકીનો ભય રાખતા હતા ને અનેક પ્રકારનાં પગલાં ભરવા ઇચ્છતા હતા તેઓ ભયમુક્ત થયા ને તેઓનાં પગલાંના ભયમાંથી અમે મુક્ત થયા.

આ કૂચની તૈયારી ચાલતી હતી તેવામાં ખાણના માલિકોને મળવાનું મને કહેણ આવ્યું. હું ડરબન ગયો. હું સમજ્યો કે માલિકો ઉપર કંઈક અસર થઈ છે. ત્યાંથી કંઈ વળે એમ મેં નહોતું માન્યું; પણ સત્યાગ્રહીની નમ્રતાને હદ નથી, નથી હોતી. તે સમજૂતીનો એક પણ અવસર જવા દેતો નથી, તેથી તેને કોઈ બીકણ ગણે તો તે પોતાને બીકણ ગણાવા દે છે. જેના હૃદયમાં વિશ્વાસ છે અને વિશ્વાસથી નીપજતું બળ છે તેને બીજાની અવગણનાનો શોચ નથી થતો. તે પોતાના અંતરબળ ઉપર નિર્ભર રહે છે. આથી સહુને નમતો તે જગતનો મત કેળવે છે, ને તેને પોતાના કાર્ય તરફ આકર્ષે છે.

એથી મને માલિકોનું આમંત્રણ આવકારદાયક લાગ્યું. હું તેમની પાસે પહોંચ્યો. મેં જોયું કે હવામાં ગરમી હતી. મારી પાસેથી સમજવાને બદલે તેમના પ્રતિનિધિએ મારી ઊલટતપાસ શરૂ કરી. તેમને મેં યોગ્ય ઉત્તર વાળ્યા. તેમને કહ્યું કે, “આ હડતાળ બંધ કરવી તમારા હાથમાં છે.”

“અમે કંઈ અધિકારી નથી,” તેઓ તરફથી કહેવામાં આવ્યું.

મેં કહ્યું, “તમે અધિકારી નથી છતાં ઘણું કરી શકો છો. તમે મજૂરોનો કેસ લડી શકો છો. તમે સરકારની પાસે ત્રણ પાઉન્ડનો કર દૂર કરવાની માગણી કરો તો તે ન કરે એમ હું માનતો નથી; તમે બીજાઓનો મત કેળવી શકો છો.”

“ત્યારે તમે મજૂરોને કામ પર જવાનું નહીં કહો?”

“હું લાચાર છું.”

“તમે પરિણામ જાણો છો?”

“મારી જવાબદારીનો મને પૂરો ખ્યાલ છે.”

“હાસ્તો, તમારું શું જવાનું છે? પણ જે નુકસાન આ ભોળવાયેલા મજૂરોને થાય છે એ તમે આપશો કે?”

“મજૂરોએ સમજપૂર્વક અને નુકસાનને ધ્યાનમાં રાખીને આ હડતાળ પાડી છે. સ્વમાનહાનિ કરતાં બીજું વધારે મોટું નુકસાન હું સમજી શકતો નથી. મજૂરો આ વાત સમજ્યા છે એ જ મને સંતોષ છે.”

જતાં ને વળતાં મેં જોયું કે ટ્રેનના ગાર્ડ વગેરેની ઉપર આ હડતાળની અને લોકોની શાંતિની છાપ પણ બહુ સારી પડી હતી. મારી મુસાફરી તો ત્રીજા વર્ગમાં ચાલતી હતી. પણ ત્યાંયે ગાર્ડ વગેરે અમલદારો મને ઘેરી લેતા, ખંતપૂર્વક હકીકત પૂછતા ને સૌને ફતેહ ઇચ્છતા.

મને અનેક પ્રકારની ઝીણી સગવડો કરી આપતા. મારો તેમની સાથેનો સંબંધ હું નિર્મળ રાખતો. એક પણ સગવડને સારુ હું તેઓને લાલચ ન આપતો. ગરીબ, અભણ, અણસમજુ મજૂરો આટલી દૃઢતા જાળવી શકે એ તેમને આશ્ચર્યકારક લાગ્યું. ને દૃઢતા તેમ જ બહાદુરી એવા ગુણ છે કે જેની છાપ વિરોધીઓની ઉપર પણ પડ્યા વિના નથી રહેતી.

હું ન્યૂકેસલ પાછો પહોંચ્યો. લોકોની ધારા તો ચાલી જ રહી હતી. લોકોને બધી વાત ઝીણવટથી સમજાવી. તેમને પાછા જવું હોય તો જઈ શકે છે એમ પણ કહ્યું. માલિકોની ધમકીની વાત પણ કરી; ભવિષ્યમાં રહેલાં જોખમોનું વર્ણન પણ કરી બતાવ્યું. લડાઈ ક્યારે પૂરી થશે એ પણ ન કહી શકાય. જેલનાં દુઃખો સમજાવ્યાં, પણ લોકો અડગ રહ્યા. “તમે લડવા તૈયાર હશો ત્યાં લગી અમે હારવાના જ નથી, અમે દુઃખ સમજીએ છીએ, અમારી ચિંતા ન કરજો.” એવો નિર્ભય જવાબ મને મળ્યો.

મારે હવે તો કૂચ કરવાનું જ બાકી રહ્યું હતું. એક દિવસ મળસકે ઊઠીને કૂચ કરવાનું લોકોને કહી દીધું. રસ્તે ચાલવાના નિયમો સંભળાવ્યા. પાંચછ હજારનું ટોળું સાચવવું એ જેવી તેવી વાત ન હતી. તેઓની ગણતરી તો મારી પાસે હતી જ નહીં. નહોતાં નામઠામ. જે રહ્યા તે રહ્યા એ હિસાબ હતો. સૌને સવા શેર રોટી અને અઢી રૂપિયાભાર ખાંડ સિવાય બીજો ખોરાક આપવાની શક્તિ ન હતી. આ ઉપરાંત રસ્તામાં જો હિંદી વેપારીઓ કંઈ આપે તો તે માગી લઈશ એમ કહ્યું હતું. પણ લોકોએ રોટી અને ખાંડથી સંતોષ વાળવાનો હતો. મને બોઅર લડાઈ તથા હબસીની લડાઈમાં મળેલો અનુભવ ખૂબ કામમાં આવ્યો. સાથે જોઈએ તે કરતાં વધારે કપડાં ન જ રખાય એ શરત તો હતી જ. રસ્તામાં કોઈનો માલ ન લેવાય, અમલદારો અથવા કોઈ અંગ્રેજ મળે, ગાળો દે અથવા માર પણ મારે તે સહન કરવો, કેદ કરે તો થઈ જવું, હું પકડાઈ જાઉં તોપણ તેઓએ કૂચ ચાલુ રાખવી વગેરે વાતોની સમજણ પાડી. એક પછી એક માણસો મારી અવેજીમાં કોણ કોણ નિમાશે એ પણ જણાવ્યું.

લોકો સમજ્યા. કાફલો સહીસલામત ચાર્લ્સટાઉન પહોંચ્યો. ચાર્લ્સટાઉનમાં વેપારીઓએ ખૂબ મદદ કરી. પોતાનાં મકાનોનો ઉપયોગ આપ્યો. મસ્જિદના ફળિયામાં રસોઈ કરવાની રજા આપી. રસોઈનાં વાસણો પણ તેઓએ ખુશીથી આપ્યાં. ચોખા વગેરે તો મારી પાસે ખૂબ થઈ ગયા હતા. તેમાં પણ વેપારીઓએ પોતાનો હિસ્સો આપ્યો.

ચાર્લ્સટાઉન નાનું સરખું ગામડું ગણાય. તેમાં આ વેળા ભાગ્યે ચારપાંચ હજારની વસ્તી હશે; તેમાં આટલા માણસોને સમાવવા મુશ્કેલીની વાત હતી. બૈરાંછોકરાં વગેરેને જ મકાનોમાં રાખ્યાં. ઘણાંને તો મેદાનમાં જ મૂકી દીધાં હતાં.

અહીંનાં મધુર સ્મરણો ઘણાં છે ને કેટલાંક કડવાં પણ છે. મધુર સ્મરણમાં મુખ્યત્વે

ચાર્લ્સટાઉનના આરોગ્યખાતાનું છે. તેઓ આવડી વસ્તી વધેલી જોઈ ગભરાયા, પણ કંઈ પણ આકરા ઉપાય લેવાને બદલે મને જ મળ્યા, ને કેટલીક સૂચનાઓ કરીને મને મદદ કરવાનું પણ કહ્યું. ત્રણ વસ્તુની સંભાળ યુરોપના લોકો રાખે છે, આપણે નથી રાખતા : પાણીની સ્વચ્છતા, રસ્તાની અને પાયખાનાની સ્વચ્છતા. મારે પાણી ના ઢોળાવા દેવું, જ્યાંત્યાં લોકોને લઘુશંકા ન કરવા દેવી અને ક્યાંયે કચરો ન નાખવા દેવો; તેઓ બતાવે તે જ જગ્યાએ લોકોને મારે રાખવા અને ત્યાંની સ્વચ્છતાને સારુ મારે જવાબદાર થવું. આ બધું મેં ઉપકાર સાથે કબૂલ કર્યું. મને પૂરી શાંતિ થઈ.

આપણા માણસોની પાસે આ નિયમોનું પાલન કરાવવું એ ઘણું કઠિન કામ છે. પણ લોકોએ અને સાથીઓએ તે સહેલું કરી મૂક્યું. મારો અનુભવ સદાય એવો છે કે, સેવક સેવા કરે ને હુકમ ન કરે તો ઘણું થઈ શકે છે. સેવક પોતે પોતાનું શરીર વાળે તો બીજા પણ વાળશે. આનો પૂરતો અનુભવ આ છાવણીમાં મળ્યો. મારા સાથીઓ અને હું ઝાડુ વાળવાનું, મેલું ઉપાડવાનું વગેરે કામ કરતાં જરાયે આંચકો ન ખાતા. તેથી લોકો તે કામ હોંશે ઊંચકી લેતા.

રસોઈમાં ચોખા ને દાળ અપાતાં. લીલોતરી ખૂબ આવી પડી હતી, પણ તે નોખી રાંધી શકાય તેવી સ્થિતિ જ નહોતી એટલે તે દાળમાં નાખવામાં આવતી. નોખું રાંધવાનો વખત ન મળે, તેટલાં વાસણ પણ ન હોય. રસોડું ચોવીસ કલાક ચાલતું, કેમ કે માણસો ભૂખ્યાંતરસ્યાં ગમે ત્યારે આવી પહોંચે.

માણસોની ધીરજનો ને સહનશીલતાનો વિચાર કરું છું ત્યાં મારી આગળ ઈશ્વરનો મહિમા ખડો થાય છે. રસોઈ કરનારમાં મુખિયો હું રહ્યો. કોઈ વેળા દાળમાં વધારે પાણી પડે તો કોઈ વેળા તે કાચી રહે. કોઈ વેળા શાક ન ચડ્યું હોય ને કોઈ વેળા ભાત પણ કાચો રહી જાય. આવું ખાણું હસતે ચહેરે લઈ જમનારા મેં જગતમાં ઘણા ભાળ્યા નથી.

રાંધવા કરતાં પીરસવાનું કામ વધારે મુશ્કેલ હતું; અને તે તો મારે હસ્તક જ રહે. કાચાપાકાનો હિસાબ તો મારે જ આપવો રહ્યો. ખોરાક ઓછો હોય ને માણસો વધી પડે ત્યારે ઓછું આપી સંતોષવાનું પણ મારે હાથ જ રહ્યું. એ બહેનો કે જે મેં ઓછું આપ્યું હોય ત્યારે પળ વાર મારા સામું ઠપકાની નજરે જોઈને પછી મને સમજી હસીને ચાલતી થાય એ દૃશ્ય જિંદગીભર ન ભુલાય તેવાં છે. હું કહી દઉં કે, “હું લાચાર બન્યો છું. મારી પાસે પકાવેલું થોડું છે ને જણાં ઘણાં છે એટલે મારે ભાગે પડતું જ આપવું રહ્યું.” આટલું સમજે એટલે “સંતોષમ્” કહી હસીને રવાના થાય.

આ તો બધાં મધુર સ્મરણો. કડવાં એ હતાં કે, માણસોને ઘડી નવરાશ મળી એટલે

માંહોમાંહે ટંટાના અને તેથી પણ નઠારા વ્યભિચારના દાખલા મળી આવે. સ્ત્રીપુરુષોને સાથે રાખવાં જ પડતાં હતાં. ભીડ પણ એટલી જ. વ્યભિચારીને શરમ તો હોય જ શાને? આ દાખલાઓ બનતાં હું જઈ પહોંચ્યો. માણસો શરમાયા. તેઓને અલગ રાખ્યા. પણ મારી જાણમાં નહીં આવ્યા હોય એવા કિસ્સા કેટલા બન્યા હશે તે કોણ કહી શકે? આ વસ્તુનું વધારે વર્ણન કરવું નિરર્થક. બધું સીધું જ સીધું ન હતું એ જણાવવા ખાતર, તેમ જ આવા કિસ્સા બન્યા ત્યારે પણ કોઈએ ઉદ્ધતાઈ નથી વાપરી એ બતાવવા, મેં આટલું વર્ણન દાખલ કર્યું છે. જંગલી જેવા, નીતિ-અનીતિનો ભેદ બહુ ન જાણનારા લોકો પણ સારા વાતાવરણમાં કેવા સીધા ચાલે છે એ મેં આવે અનેક સમયે અનુભવ્યું છે.

આપણે હવે 1913ના નવેમ્બરની શરૂઆતમાં છીએ. કૂચ કરીએ તેના પહેલાં બે બનાવોની નોંધ લઈ જઈએ. ન્યૂકૅસલમાં દ્રાવિડ બહેનો જેલ ગઈ તેથી બાઈ ફાતમા મહેતાબથી ન રહેવાયું એટલે તે પણ પોતાની મા અને સાત વર્ષના બચ્ચા સાથે જેલ જવા ઊપડી ગઈ! મા-દીકરી તો પકડાયાં, પણ બચ્ચાને લેવાની સરકારે ચોખ્ખી ના પાડી. બાઈ ફાતમાનાં આંગળાંની છાપ લેવાની પોલીસે કોશિશ કરી. પણ બાઈ ફાતમા નીડર રહી અને પોતાનાં આંગળાં ન જ આપ્યાં.

આ વખતે હડતાળ પુરજોરમાં ચાલી રહી હતી. તેમાં જેમ પુરુષો તેમ સ્ત્રીઓ પણ આવતી. આમાંની બે માતાઓ પોતાનાં બાળકડાં સહિત હતી. એક બાળકને કૂચમાં શરદી થઈ ને તે મરણને શરણ થયું. બીજીનું બાળક એક વોંકળો ઓળંગતાં તેની કાખેથી પડી ગયું અને ધોધમાં તણાઈ ડૂબી મૂઉં. પણ માતા નિરાશ ન થઈ. બંનેએ પોતાની કૂચ જારી રાખી. એકે કહ્યું : “આપણે મૂએલાંનો શોક કરીને શું કરશું? તે કાંઈ પાછાં આવશે? જીવતાંની સેવા કરવી એ આપણો ધર્મ છે.” આવા શાંત બહાદુરીના, આવી ઈશ્વરઆસ્થાના, આવા જ્ઞાનના દાખલા ગરીબોમાં મેં અનેક વેળા અનુભવ્યા છે. આવી દૃઢતાથી ચાર્લ્સટાઉનમાં સ્ત્રીપુરુષો પોતાનો કઠિન ધર્મ પાળી રહ્યાં હતાં.

ચાર્લ્સટાઉન છોડી ટ્રાન્સવાલમાં દાખલ થવાનો નિશ્ચય કર્યો. જો રસ્તામાં ન પકડે તો કાફલાએ હમેશાં વીસથી ચોવીસ માઈલની કૂચ આઠ દિવસની કરવાની હતી. આઠ દિવસમાં ટૉલ્સ્ટૉય ફાર્મ પહોંચવાનો ઇરાદો હતો, ને લડાઈ પૂરી થતાં લગી ત્યાં બધાએ રહેવું ને ફાર્મ ઉપર કામ કરી પોતાની આજીવિકા મેળવવી એવી ધારણા હતી. કૅલનબૅકે બધી તજવીજ કરી રાખી હતી. ત્યાં માટીનાં મકાનો બનાવવાં ને તે કામ આ કાફલાની પાસે જ કરાવવું.

ખાવાનું તો રોટી અને ખાંડ સિવાય કંઈ હતું જ નહીં, પણ આ રોટી આઠ દિવસ કઈ રીતે પૂરી પાડી શકાય? રોજની રોજ લોકોને વહેંચી દેવી જોઈએ. આનો ઉપાય તો એ જ

રહ્યો કે અમને દરેક મજલે કોઈ રોટી પહોંચતી કરે. આ કોણ કરે? હિંદી ભઠિયારા તો હોય જ નહીં. વળી દરેક ગામમાં રોટી બનાવનારા પણ ન હોય; ગામડાંઓમાં રોટી શહેરોમાંથી જાય. આ રોટી તો જો કોઈ ભઠિયારો પૂરી પાડે અને રેલવે તે પહોંચાડે તો જ મળી શકે. ચાર્લ્સટાઉન કરતાં વૉક્સરસ્ટ (ટ્રાન્સવાલનું ચાર્લ્સટાઉનને લગતું સરહદી મથક) મોટું હતું. ત્યાં ભઠિયારાની મોટી દુકાન હતી. તેણે ખુશીથી દરેક સ્થળે રોટી પૂરી પાડવાનો કરાર કર્યો. અમારી કફોડી હાલત જાણી બજારભાવ કરતાં વધારે લેવાની પણ તેણે કોશિશ ન કરી; અને રોટી સરસ આટાની બનાવેલી પૂરી પાડી. રેલવેમાં તેણે વખતસર મોકલી ને રેલવેવાળાઓએ (આ પણ ગોરાઓ જ તો) પ્રામાણિકપણે તે પહોંચાડી; એટલું જ નહીં, તેઓએ તે પહોંચતી કરવામાં પૂરી કાળજી વાપરી, ને અમને કેટલીક ખાસ સગવડો કરી આપી. તેઓ જાણતા હતા કે અમારે કોઈની દુશ્મનાવટ ન હતી, અમારે કોઈને નુકસાન નહોતું પહોંચાડવું; અમારે તો દુઃખ વેઠીને દાદ લેવી હતી. આથી અમારી આસપાસનું આમ વાતાવરણ શુદ્ધ થયું અને રહ્યું. મનુષ્યજાતિનો પ્રેમભાવ પ્રગટ થયો. આપણે બધા ખ્રિસ્તી, યહૂદી, હિંદુ, મુસલમાન ઇત્યાદિ ભાઈઓ જ છીએ એમ સહુએ અનુભવ્યું.

આમ કૂચની બધી તૈયારી થઈ એટલે મેં ફરી સમાધાનીનો પ્રયત્ન કર્યો. કાગળ, તાર વગેરે તો મોકલ્યાં જ હતાં. મારું અપમાન તો કરશે જ, પણ થાય તો ભલે, મારે તો ટેલિફોન પણ કરવો એમ મેં નિશ્ચય કર્યો. મેં જનરલ સ્મટ્સને ટેલિફોન કર્યો. તેના મંત્રીને મેં કહ્યું, “જનરલ સ્મટ્સને કહો મારી કૂચની બધી તૈયારી છે. વૉક્સરસ્ટના લોકો ઉશ્કેરાયા છે, તેઓ કદાચ અમારા જાનને પણ નુકસાન કરે. તેઓએ એવો ડર તો બતાવ્યો જ છે. આવું પરિણામ તેઓ પણ ન ઇચ્છે. તેઓ ત્રણ પાઉન્ડનો કર રદ કરવાનું વચન આપે તો મારે કૂચ નથી કરવી. કાયદાનો ભંગ કરવાને ખાતર તેનો ભંગ નથી કરવો. હું લાચાર બન્યો છું. તે મારું આટલું નહીં સાંભળે?” અરધી મિનિટમાં જવાબ મળ્યો, “જનરલ સ્મટ્સ તમારી સાથે કશો સંબંધ નથી ઇચ્છતા; તમારી ઇચ્છામાં આવે તેમ કરજો.” ટેલિફોન બંધ.

મેં ધાર્યું જ હતું. માત્ર તોછડાઈની આશા નહોતી રાખી. કેમ કે અમારો સત્યાગ્રહ પછીનો રાજકીય સંબંધ હવે છ વર્ષનો ગણાય, એટલે મેં વિનયી જવાબની આશા રાખી હતી. પણ મારે તેના વિનયથી ફુલાવાનું ન હતું. તેમ આ અવિનયથી હું ઢીલો પણ ન થયો. મારા કર્તવ્યની સીધી લીટી મારી સામે સ્પષ્ટ દેખાતી હતી. બીજે દહાડે ધારેલે ટકોરે અમે પ્રાર્થના કરી ઈશ્વરને નામે કૂચ શરૂ કરી. કાફલામાં 2,027 પુરુષો, 127 સ્ત્રીઓ અને 57 બાળકો હતાં.

આમ સંઘ કહો, કાફલો કહો કે યાત્રાળુ કહો, બરાબર ધારેલે વખતે ચાલ્યા. ચાર્લ્સટાઉનથી

એક માઈલ દૂર વૉક્સરસ્ટનું ગરનાળું આવે છે. તે ગરનાળું ઊતરો એટલે ટ્રાન્સવાલમાં પ્રવેશ કર્યો ગણાય. ટ્રાન્સવાલમાં કૂચ શરૂ થઈ.

વૉક્સરસ્ટના લોકોએ બે દિવસ પૂર્વે જ સભા ભરી હતી, તેમાં અનેક પ્રકારની ધમકીઓ આપી હતી. કેટલાક બોલ્યા હતા કે, જો હિંદીઓ ટ્રાન્સવાલમાં દાખલ થાય તો તેને અમે બંદૂકે દેશું. આ સભામાં કૅલનબૅક આ ગોરાઓને સમજાવવા સારુ ગયા હતા. કૅલનબૅકનું કોઈ સાંભળવા પણ તૈયાર ન હતા. કેટલાક તેમને મારવા ઊભા થયા. કૅલનબૅક પોતે પહેલવાન છે. તેમણે સૅન્ડોની પાસેથી કસરતની તાલીમ લીધી હતી. તેમને ડરાવવા મુશ્કેલ હતું. કૅલનબૅકે કહ્યું :


“મારા પર જેને પ્રહાર કરવો હોય તે સુખેથી કરી જાય; પણ હું તો આ સભામાં બોલ્યે જ રહેવાનો. તમે આમાં બધા ગોરાઓને આવવાનું જાહેરનામું કાઢ્યું છે. બધા ગોરા તમારી જેમ નિર્દોષ માણસોને મારવા તૈયાર નથી તે સંભળાવવા હું આવ્યો છું. એક ગોરો એવો છે કે જે તમને સંભળાવવા માગે છે કે, તમે હિંદીઓની ઉપર જે આરોપો મૂકો છો તે ખોટા છે. તમે ધારો છો તે હિંદીઓ માગતા નથી. નથી જોઈતું તેમને તમારું રાજ્ય. નથી તેઓ તમારી સાથે લડવા માગતા, નથી તેઓ તમારો મુલક ભરી મૂકવા ઇચ્છતા. તેઓ તો શુદ્ધ ન્યાય ઇચ્છે છે. જેઓ ટ્રાન્સવાલમાં દાખલ થવા ઇચ્છે છે તેઓ વસવાટને સારુ નહીં, પણ તેઓની ઉપર અન્યાયી કર છે તેની સામે અમલી પોકાર કરવા સારુ દાખલ થવાના છે. તેઓ બહાદુર છે, તેઓ તોફાન નહીં કરે, તમારી સામે નહીં લડે, તમારી ગોળીઓ સહન કરીને પણ દાખલ તો થશે જ. તેઓ તમારી ગોળીના કે તમારા ભાલાના ડરથી પાછી પાની કરે એવા નથી. પોતે દુઃખ સહન કરીને તમારું હૃદય પિગળાવવાના છે. પિગળાવશે જ. આટલું કહેવા હું અહીં આવ્યો છું. આટલું કહીને મેં તો તમારી સેવા કરી છે. તમે ચેતો, અન્યાયથી બચો.” આટલું કહીને કૅલનબૅક શાંત રહ્યા. લોકો કંઈક શરમાયા.

અમારું સરઘસ તો શાંતિથી ચાલ્યું. કોઈ ગોરાએ કંઈ અટકચાળું કર્યું એવું પણ મને યાદ નથી. સહુ આ નવું કૌતક જોવા નીકળી પડ્યા. કેટલાકની આંખમાં મિત્રતા પણ હતી.





વૉક્સરસ્ટમાંથી પસાર થઈને
ટ્રાન્સવાલમાં પ્રવેશ કરતી કૂચ



વેરૂલમમાં, નાતાલ, 1914

કસોટી

સોનાની પારખ કરનાર ચોકસી હમેશાં સોનાને કસોટી ઉપર ઘસે છે. વળી વધારે પરીક્ષા કરવા તેને ભઠ્ઠીમાં નાખે છે, તેને ટીપે છે, મેલ હોય તો કાઢી નાખે છે ને છેવટે તેનું કુંદન બનાવે છે. એવી જ કસોટી હિંદીઓની થઈ; ટિપાયા, ભઠ્ઠીમાં પડ્યા, તવાયા ને જ્યારે કસ સાચો ઊતર્યો ત્યારે જ તેની કિંમત અંકાઈ.

યાત્રાળુઓ નાતાલમાં પહોંચ્યા કે તરત તેઓની ઉપર કામ ચાલ્યું; તેઓને જેલ મળી. પણ હજારોને જેલમાં રાખવા એ તો ખર્ચ વધારવું અને હિંદીઓને મનગમતું કરવાનું થયું ગણાય, ને કોલસાની ખાણો વગેરે બંધ રહે. આવી સ્થિતિ લાંબો વખત ચાલે તો પેલો કર રદ કર્યે જ છૂટકો થાય. તેથી સરકારે નવી યુક્તિ શોધી. જ્યાં જ્યાંથી ગિરમીટિયા ભાગ્યા હતા તે તે જગ્યાઓને જ તેણે એક નવો ધારો રચી જેલ બનાવી, અને તે જેલના દરોગા ખાણોના નોકરોને નીમ્યા. આમ કરી જે વસ્તુનો ત્યાગ મજૂરોએ કર્યો હતો તે જ વસ્તુ સરકારે મજૂરો પાસે બળાત્કારે કરાવી, અને ખાણો ચાલુ થઈ.

પણ આટલેથી બસ ન થયું. મજૂરો તો બહાદુર હતા. તેઓએ ખાણોમાં કામ કરવાની ચોખ્ખી ના પાડી. પરિણામે તેઓને ફટકાના માર સહન કરવા પડ્યા. ઉદ્ધત માણસોએ લાતો મારી, ગાળો ભાંડી અને બીજા અત્યાચારો કર્યા. આ બધું ગરીબ મજૂરોએ ધીરજપૂર્વક સહન કર્યું. આવા અત્યાચારોના તારો હિંદુસ્તાન આવ્યા. ગોખલેની ઉપર બધા તારો મોકલવામાં આવતા; અને એક દિવસ વિગતવાર તાર ન મળે તો સામે પૂછે. તેમને એ વેળા સખત બીમારી હતી. આ તારોનો પ્રચાર તે પોતાની બીમારીના બિછાનેથી કરતા. પણ દક્ષિણ આફ્રિકાનું કામ પોતે જાતે તપાસવાનો આગ્રહ રાખ્યો; અને તે કામમાં તેમણે ન રાત ગણી, ન દિવસ ગણ્યો. પરિણામે આખું હિંદુસ્તાન ભડકી ઊઠ્યું, ને દક્ષિણ આફ્રિકાના સવાલે હિંદુસ્તાનમાં પ્રધાનપદ ભોગવ્યું.

આ પ્રસંગ હતો જ્યારે લૉર્ડ હાર્ડિંગે તેમનું પ્રખ્યાત ભાષણ કર્યું, જેણે દક્ષિણ આફ્રિકામાં અને વિલાયતમાં ખળભળાટ કરી મૂક્યો. વાઇસરૉયથી બીજાં સંસ્થાનોની જાહેર ટીકા ન થઈ શકે, પણ લૉર્ડ હાર્ડિંગે સખત ટીકા કરી, એટલું જ નહીં પણ તેણે સત્યાગ્રહીઓનો સંપૂર્ણ બચાવ કર્યો, એટલે કે કાયદાના સવિનયભંગને ટેકો આપ્યો! લૉર્ડ હાર્ડિંગના સાહસની કંઈક કડવી ટીકા વિલાયતમાં થઈ ખરી, પણ તોયે લૉર્ડ હાર્ડિંગે પશ્ચાત્તાપ ન બતાવતાં પોતાના કાર્યની યોગ્યતા જાહેર કરી. આ દૃઢતાની અસર બહુ સારી થઈ.

જેલની અને હડતાળની વાત વીજળીની જેમ ફેલાઈ. હજારો મજૂરો ઓચિંતા નીકળી

પડ્યા. જો બધા મજૂરો, એટલે લગભગ સાઠ હજાર માણસો, હડતાળ પાડે તો તેઓને પોષવાનું મુશ્કેલ થાય. પણ પૂર આવે તે કોઈનું રોક્યું રોકાય કેમ? મજૂરો બધી જગ્યાએથી પોતાની મેળે નીકળી પડ્યા. તે તે ઠેકાણે સ્વયંસેવકો પોતાની મેળે ગોઠવાઈ ગયા.

સરકારે હવે બંદૂકનીતિ અખત્યાર કરી. લોકોને હડતાળ પાડતા બળાત્કારે રોક્યા. તેઓની પાછળ ઘોડેસવાર દોડયા ને તેઓને પોતાને સ્થાને મોકલ્યા. લોકો જરાયે તોફાન કરે તો ગોળી ચલાવવાની હતી. તે લોકો પાછા જવાની સામે થયા. કોઈએ પથરા પણ ફેંક્યા. ગોળીબાર થયા. ઘણા ઘાયલ થયા. બેચાર મર્યા. પણ લોકોનો જુસ્સો મોળો ન પડ્યો. બધા તો કામે ન જ ચડ્યા. કેટલાક બીકને માર્યે સંતાયા ને પાછા ન ગયા.

એક પ્રસંગ નોંધવા જેવો છે. વેરુલમમાં ઘણા મજૂરો નીકળી પડ્યા હતા. તેઓ કોઈ ઉપાયે પાછા જાય નહીં. જનરલ લ્યુકિન પોતાના સિપાઈઓ સાથે ત્યાં હાજર હતો. લોકો ઉપર ગોળી ચલાવવાનો હુકમ કાઢવા તૈયાર હતો. પારસી રુસ્તમજીનો નાનો દીકરો બહાદુર સોરાબજી — જેની ઉંમર ભાગ્યે અઢાર વર્ષની હશે — ડરબનથી અહીં પહોંચી ગયો હતો, તે જનરલના ઘોડાની લગામ પકડીને બોલી ઊઠ્યો, “તમારાથી ગોળીબાર કરવાનો હુકમ નહીં અપાય; હું મારા લોકોને શાંતિથી કામે ચડાવવાનું માથે લઉં છું.” જનરલ લ્યુકિન આ નવજુવાનની બહાદુરી ઉપર મુગ્ધ થયો ને તેણે તેને તેનું પ્રેમબળ અજમાવવાની મહેતલ આપી. સોરાબજીએ લોકોને સમજાવ્યા. લોકો સમજ્યા ને પાછા પોતાને કામે ચડ્યા. આમ એક જુવાનિયાની સમયસૂચકતા, નિર્ભયતા અને પ્રેમથી ખૂનો થતાં અટક્યાં.

આ લડતમાં એમ જોયું કે જેમ લડનારાનું દુઃખ વધ્યું તેમ લડતનો અંત આગળ આવતો ગયો. અને જેમ દુઃખીની નિર્દોષતા વધારે સ્પષ્ટ થતી ગઈ તેમ પણ અંત આગળ આવતો ગયો. દક્ષિણ આફ્રિકાના હિંદીઓએ અગ્નિપ્રવેશ કર્યો ને તેમાંથી તેઓ અણિશુદ્ધ નીકળ્યા.

હવે ફિનિક્સ હડતાળિયાઓનું કેન્દ્ર થઈ પડ્યું. સેંકડો ત્યાં આવી સલાહ અને આશ્રય લેવા લાગ્યા. આથી સરકારની નજર ફિનિક્સ તરફ વળ્યા વિના કેમ રહે? આસપાસ રહેનારા ગોરાઓની આંખ પણ લાલ થઈ. ફિનિક્સમાં રહેવું કેટલેક અંશે જોખમકારક થઈ પડ્યું. તેમ છતાં છોકરાંઓ પણ હિંમતપૂર્વક જોખમભરેલાં કામ કરી રહ્યાં હતાં. એટલામાં વેસ્ટ પકડાયા. વેસ્ટ પકડાયાનો તાર ગોખલેને ગયો, કે તરત તેમણે હિંદુસ્તાનથી બાહોશ માણસો મોકલવાનું પગલું ભરવાનું શરૂ કર્યું. દક્ષિણ આફ્રિકાના સત્યાગ્રહીઓને મદદ દેવાને સારુ લાહોરમાં જ્યારે સભા ભરાઈ હતી ત્યારે ઍન્ડ્રૂઝે પોતાની પાસે રહેલા બધા પૈસા આપી દીધા હતા, અને ત્યારથી જ ગોખલેની નજર તેની ઉપર પડી હતી. એટલે તેમણે વેસ્ટના પકડાવાનું સાંભળતાં જ ઍન્ડ્રૂઝને તારથી પૂછ્યું : “તમે તરત દક્ષિણ આફ્રિકા જવાને તૈયાર છો?” ઍન્ડ્રૂઝે

જવાબમાં તરત 'હા' લખી. એ જ ક્ષણે તેના પરમ પ્રિય મિત્ર પિયર્સન પણ તૈયાર થયા અને તે બંને પહેલી સ્ટીમરથી દક્ષિણ આફ્રિકા જવા નીકળી પડ્યા.

પણ હવે તો લડત પૂરી થવાની અણી ઉપર હતી. હજારો નિર્દોષ માણસોને જેલમાં રાખવાની શક્તિ દક્ષિણ આફ્રિકાની સરકાર પાસે ન હતી. વાઇસરૉય પણ તે સાંખે એમ ન હતું. જનરલ સ્મટ્સ પણ જોઈ શકતા હતા કે અન્યાય થયો છે અને તે દૂર થવો જોઈએ, પણ તેની સ્થિતિ સર્પે છછુંદર ગળ્યા જેવી હતી. કેમ કે દક્ષિણ આફ્રિકાના ગોરાઓને એમ સમજાવ્યું હતું કે પોતે ત્રણ પાઉન્ડનો કર રદ અને બીજા સુધારા કરનાર નથી. હવે કર કાઢ્યે જ છૂટકો રહ્યો અને બીજા સુધારા પણ કર્યે જ છૂટકો. આવી કફોડી સ્થિતિમાંથી નીકળી જવાનું પ્રજામતથી ડરીને ચાલનારાં રાજ્યો હમેશાં કમિશન નીમીને કરે છે. જનરલ સ્મટ્સના કમિશનમાં ત્રણ સભ્યો નિમાયા. હિંદી કોમે તે કમિશનને વિશે કરેલી કેટલીક શરતોનું પાલન ન થાય ત્યાં સુધી તેનો બહિષ્કાર કરવાની પ્રતિજ્ઞા લીધી. એમાંની એક શરત એ હતી કે સત્યાગ્રહીને છોડવા, અને બીજી એ કે કમિશનમાં એક સભ્ય તો હિંદી કોમ તરફથી હોવો જ જોઈએ. પહેલી શરત કેટલેક અંશે કમિશને જ સ્વીકારી લીધી હતી અને સરકારને ભલામણ કરી હતી કે, કમિશનને પોતાનું કામ સરળ કરવા સારુ કૅલનબૅકને, પોલાકને અને મને બિનશરતે છોડી દેવા. સરકારે આ ભલામણનો સ્વીકાર કર્યો અને અમને ત્રણેને છોડી મૂક્યા. અમે ભાગ્યે બે માસની જેલ ભોગવી હશે.

આ બનાવો ઍન્ડ્રૂઝ અને પિયર્સન આવ્યા તેના પહેલાં જ બની ગયા હતા, એટલે તે બંને મિત્રોને હું જ સ્ટીમર ઉપરથી ઉતારી આવેલો હતો. આ બંનેને આ બનાવોની કશી ખબર ન હોવાથી તેઓને સાનંદાશ્ચર્ય થયું. મારી આ બંનેની સાથે પહેલી જ મુલાકાત હતી.

અમને ત્રણેને છૂટતાં નિરાશા જ થઈ. અમને બહારની કશી ખબર ન હતી. કમિશનની ખબરથી આશ્ચર્ય પામ્યા, પણ અમે જોયું કે અમે કમિશનને કશી મદદ કરવા અસમર્થ હતા. કમિશનમાં હિંદીઓની વતી કોઈક પણ માણસ હોવો જોઈએ એમ અવશ્ય જણાયું. આ ઉપરથી અમે ત્રણ જણ ડરબન પહોંચ્યા, ને ત્યાંથી જનરલ સ્મટ્સને કાગળ લખ્યો. તેનો સાર આ હતો :

"અમે કમિશનને વધાવી લઈએ છીએ. પણ તેમાં જે બે સભ્યો નિમાયા છે તેની સામે અમને સખ્ત વાંધો છે. તે બંનેએ ઘણી વેળા હિંદીઓ પ્રત્યેનો પોતાનો અણગમો જાહેર કર્યો છે, એટલે તેઓનાથી અજાણપણે અન્યાય થવાનો સંભવ છે. છતાં અમે તેઓની બરતરફી નથી માગતા. અમે તો એટલું જ સૂચવીએ છીએ કે, કોઈ તટસ્થ પુરુષોનો તેમાં વધારો થાય અને તે હેતુથી સર જેઇમ્સ રોઝઇનિસ અને ડબલ્યુ૰ પી૰ શ્રાઈનરનાં નામ અમે સૂચવીએ

છીએ. આ બંને પ્રખ્યાત વ્યક્તિઓ છે અને તેમની ન્યાયવૃત્તિને સારુ પંકાયેલી છે. અમારી બીજી પ્રાર્થના એ છે કે, બધા સત્યાગ્રહી કેદીઓને છોડી મૂકવા જોઈએ. હવે તેઓને જેલમાં રાખવાનું કારણ રહેતું નથી. જો અમારી પ્રાર્થના કબૂલ નહીં રહે તો અમારે દિલગીરીની સાથે ફરી જેલમાં જવાના ઉપાયો શોધવા પડશે."

જનરલ સાહેબે કમિશનમાં વધારો કરવાની ના પાડી. આ જવાબ મળતાં અમારી પાસે એક જ ઇલાજ રહ્યો; અને અમે જેલની તૈયારી કરી જાહેરનામાં બહાર પાડ્યાં કે 1914ની 1લી જાન્યુઆરીએ ડરબનથી જેલ જનારાની કૂચ શરૂ થશે. પણ આ જવાબમાં એક વસ્તુ હતી, તે ઉપરથી મેં જનરલ સ્મટ્સને કાગળ લખ્યો. જો સરકાર ન્યાય જ ઇચ્છતી હોય તો મારે જનરલ સ્મટ્સની મુલાકાત લેવી છે ને તેમની પાસે કેટલીક હકીકતો રજૂ કરવી છે. આના જવાબમાં જનરલ સ્મટ્સે મુલાકાતની માગણી સ્વીકારી. આમ થતાં કૂચ કરવાનું થોડા દિવસને સારુ તો મુલતવી જ રહ્યું.

આ તરફથી ગોખલેએ જ્યારે સાંભળ્યું કે નવી કૂચ કરવાની છે ત્યારે તેમણે લાંબો તાર મોકલ્યો. લૉર્ડ હાર્ડિંગની સ્થિતિ અને પોતાની સ્થિતિ કફોડી થશે એમ લખ્યું ને બીજી કૂચ અટકાવવા તથા કમિશનને પુરાવા આપી મદદ કરવાની દાબીને સલાહ આપી.

અમારી ઉપર ધર્મસંકટ આવી પડ્યું. જો કમિશનના સભ્યોમાં વધારો ન થાય તો તેનો બહિષ્કાર કરવાની કોમ પ્રતિજ્ઞા લઈ ચૂકી હતી. લૉર્ડ હાર્ડિંગ નારાજ થાય, ગોખલે દુઃખી થાય તોયે પ્રતિજ્ઞાભંગ કેમ થાય? ઍન્ડ્રૂઝે ગોખલેની લાગણી અને નાજુક તબિયતની અને અમારા નિશ્ચયથી થતો આઘાત પહોંચવાની વાત વિચારવાનું સૂચવ્યું. હું તો એ જાણતો જ હતો. આગેવાનોની મસલત થઈ ને છેવટે નિર્ણય થયો કે, જો કમિશનમાં વધારો થાય નહીં તો ગમે તે જોખમે પણ બહિષ્કાર તો કાયમ રહેવો જ જોઈએ. તેથી ગોખલેને લગભગ સો પાઉન્ડનું ખર્ચ કરીને લાંબો તાર કર્યો. તેમાં ઍન્ડ્રૂઝ પણ સંમત થયા. આ તારની મતલબ આ હતી :

"તમારું દુઃખ સમજાય છે. ગમે તે જતું કરીને પણ તમારી સલાહને માન આપવાની મારી ઇચ્છા રહે જ. લૉર્ડ હાર્ડિંગે મદદ કરી છે એ અમૂલ્ય છે. તેની મદદ છેવટ લગી મળતી રહે એ પણ હું ઇચ્છું છું. પણ અમારી સ્થિતિ તમે સમજો એમ હું માગું છું. આમાં હજારો માણસોની પ્રતિજ્ઞાનો પ્રશ્ન આવ્યો છે. પ્રતિજ્ઞા શુદ્ધ છે. આખી લડતની રચના પ્રતિજ્ઞાઓ ઉપર બંધાઈ છે. જો પ્રતિજ્ઞાઓનું બંધન ન હોત તો અમારામાંના ઘણા આજે પડી ગયા હોત. હજારોની પ્રતિજ્ઞા પર એક વાર પાણી ફરે તો પછી નીતિબંધન જેવી વસ્તુ ન રહે. પ્રતિજ્ઞા લેતી વેળા લોકોએ સંપૂર્ણ વિચાર કરેલો. તેમાં કશી અનીતિ તો છે જ નહીં. બહિષ્કારની

પ્રતિજ્ઞા લેવાનો કોમને અધિકાર તો છે જ. આવી પ્રતિજ્ઞા કોઈને પણ સારુ ન તૂટે ને ગમે તે જોખમે પાળવી જોઈએ, એમ તમે પણ સલાહ આપો એમ ઇચ્છું છું. આ તાર લૉર્ડ હાર્ડિંગને બતાવશો. તમારી સ્થિતિ કફોડી ન થાઓ એમ ઇચ્છું છું. અમે લડત ઈશ્વરને સાક્ષી રાખી તેની સહાય ઉપર આધાર રાખી શરૂ કરી છે. વડીલોની, મોટા માણસોની મદદ અમે યાચીએ છીએ, ઇચ્છીએ છીએ, તે મળે ત્યારે રાજી થઈએ છીએ; પણ તે મળો વા ન મળો, પ્રતિજ્ઞાનું બંધન ન જ તૂટવું જોઈએ, એવો મારો નમ્ર અભિપ્રાય છે. એ પાલનમાં તમારો ટેકો ને આશીર્વાદ ચાહું છું."

આ તાર ગોખલેને પહોંચ્યો. તેની અસર તેમની તબિયત ઉપર થઈ પણ તેમની મદદ ઉપર ન થઈ, અથવા થઈ તે એવી કે મદદનું જોર હજુ પણ વધ્યું. લૉર્ડ હાર્ડિંગને તેમણે તાર મોકલ્યો પણ અમારો ત્યાગ ન કર્યો. ઊલટો અમારી દૃષ્ટિનો બચાવ કર્યો. લૉર્ડ હાર્ડિંગ પણ કાયમ રહ્યા.

આ જ સમયે યુનિયન રેલવેમાં ગોરા કામદારોની મોટી હડતાળ થઈ. તે હડતાળથી સરકારની સ્થિતિ નાજુક બની. મારી ઉપર હિંદીઓની કૂચ શરૂ કરવાનાં કહેણ આવ્યાં. મેં તો જાહેર કર્યું કે મારાથી રેલવે હડતાળિયાઓને એવી રીતે મદદ ન થઈ શકે. અમારો હેતુ સરકારની કનડગત કરવાનો ન હતો. અમારી લડત જુદી ને જુદા પ્રકારની હતી. અમારે કૂચ કરવી હશે તોપણ અમે બીજે સમયે જ્યારે રેલવેની ગરબડ શમી જશે ત્યારે કરીશું. આ નિશ્ચયની અસર ગંભીર થઈ. આના તાર રૂટરે વિલાયત મોકલ્યા. લૉર્ડ ઍમ્પ્ટહીલે ધન્યવાદનો તાર વિલાયતથી મોકલ્યો. દક્ષિણ આફ્રિકામાંના અંગ્રેજ મિત્રોએ પણ ધન્યવાદ આપ્યા. જનરલ સ્મટ્સના મંત્રીએ વિનોદમાં કહ્યું : "મને તો તારા લોકો જરાયે નથી ગમતા. હું તેને મુદ્દલ મદદ કરવા નથી ઇચ્છતો. પણ તેને અમે શું કરીએ? તમે લોકો અમારી કફોડી સ્થિતિમાં અમને મદદ કરો. તમને કેમ મારી શકાય? હું તો ઘણી વાર ઇચ્છું છું કે તમે પણ આ અંગ્રેજી હડતાળિયાની જેમ હુલ્લડ કરો તો તમને તુરત સીધા કરી મૂકીએ. તમે તો દુશ્મનને પણ દૂભવવા નથી ઇચ્છતા. તમે પોતે જ દુઃખ સહન કરી જીતવા ઇચ્છો છો, વિવેકમર્યાદા છોડતા નથી — ત્યાં અમે લાચાર બની જઈએ છીએ."

આવી જ જાતના ઉદ્ગારો જનરલ સ્મટ્સે કાઢેલા.

સત્યાગ્રહીના વિવેકનો ને વિનયનો આ પહેલો દાખલો ન હતો. જ્યારે વાયવ્ય કોણમાં હડતાળ પડી ત્યારે કેટલીક શેલડી જે કપાઈ ચૂકી હતી તે ઠેકાણે ન પડે તો માલિકોને ઘણું નુકસાન પહોંચે. તેથી 1,500 માણસો તેટલું કામ પૂરું કરવાને ખાતર પાછા કામે ચડ્યા ને પૂરું થયે જ પોતાના સાથીઓ સાથે જોડાયા. વળી ડરબન મ્યુનિસિપાલિટીના ગિરમીટિયાએ

હડતાળ કરી તેમાં પણ જેઓ ભંગીનું ને ઇસ્પિતાલનું કામ કરતા હતા તેને પાછા મોકલ્યા ને તેઓ ખુશીથી પાછા ગયા. ભંગીની અને ઇસ્પિતાલના કામદારોની સેવા ન મળે તો રોગ ફેલાય ને માંદાઓની સારવાર અટકે. આવું પરિણામ સત્યાગ્રહી ન ઇચ્છે. તેથી આવા નોકરોને હડતાળમાંથી મુક્ત રાખેલા. દરેક પગલામાં વિરોધીની સ્થિતિનો વિચાર સત્યાગ્રહીએ કરવો જ જોઈએ.

આવાં અનેક વિવેકનાં દૃષ્ટાંતોની અદૃશ્ય અસર ચોમેર થયા જ કરતી હું જોઈ શકતો હતો; અને તેથી હિંદીઓની પ્રતિષ્ઠામાં વધારો થયા કરતો હતો અને સમાધાનીને સારુ હવા અનુકૂળ થતી હતી.

આમ સમાધાનને સારુ વાતાવરણ અનુકૂળ થઈ રહ્યું હતું. રેલવેના ગોરા કામદારોની હડતાળ એવી ભયંકર હતી કે સરકારે લશ્કરી કાયદો જારી કર્યો હતો. આ કામદારોની નેમ માત્ર રોજી વધારવાની જ નહીં પણ સત્તા પોતાના હાથમાં લેવાની હતી.

પ્રાથમિક સમાધાનીને સારુ જનરલ સ્મટ્સ અને મારી વચ્ચે પત્રવહેવાર ચાલ્યો. મારા કાગળની મતલબ આ હતી :

"1. ત્રણ પાઉન્ડનો કર રદ થાય.

2. વિવાહ હિંદુ મુસલમાન ઇત્યાદિ ક્રિયા પ્રમાણે થયેલા હોય તે કાયદેસર ગણાય.

3. ભણેલા હિંદીઓ આ દેશમાં દાખલ થઈ શકે.

જો આ બાબતો વિશે સંતોષકારક જવાબ મળે તો સત્યાગ્રહ મુલતવી રાખવાની કોમને મારે સલાહ આપવી."

આ કાગળ 1914ના જાન્યુઆરીની 21મીએ મેં લખ્યો. તે જ દિવસે જે જવાબ મળ્યો તેની મતલબ આ હતી :

"તમે કમિશનમાં જુબાની નહીં આપી શકો તેથી સરકાર દિલગીર છે, પણ તે તમારી સ્થિતિ સમજી શકે છે. સત્યાગ્રહી કદીઓને છોડવા બાબત તો સરકારે તમારો કાગળ મળ્યો તે પહેલાં જ હુકમ મોકલી દીધો હતો."

આ પ્રમાણે પ્રાથમિક સમાધાની થઈ અને સત્યાગ્રહ છેલ્લી વારને સારુ મુલતવી રહ્યો. ઘણા અંગ્રેજ મિત્રો રાજી થયા, અને તેમણે છેવટની સમાધાનીમાં મદદ દેવાનો મને ભરોસો પણ આપ્યો. કોમની પાસે આ સમાધાની કબૂલ રખાવવાનું કામ સહેજ મુશ્કેલ હતું. ઉત્પન્ન થયેલો ઉત્સાહ ભાંગી પડે એ કોઈને ન ગમે. વળી જનરલ સ્મટ્સનો વિશ્વાસ તો કોઈ રાખે જ શેના? કેટલાકે 1908ની સમાધાનીનું સ્મરણ કરાવ્યું અને કહ્યું : "એક વખત જનરલ સ્મટ્સે કોમને છેતરી, કોમની ઉપર ભારે સંકટો ગુજાર્યાં, તોયે તમે નથી સમજ્યા એ કેવી દુઃખની વાત છે? વળી પાછો એ માણસ

તમને દગો દેશે અને વળી પાછી તમે સત્યાગ્રહની વાત કરશો. એ વખતે તમારો વિશ્વાસ કોણ કરશે? માણસો એમ વારે વારે જેલમાં જાય અને વારે વારે ખત્તા ખાય એ કેમ બની શકે? જનરલ સ્મટ્સ જેવા માણસ સાથે સમાધાની એક જ હોઈ શકે. માગ્યું તે લેવું; એની પાસેથી વચનો ન લેવાં. જે વચન આપીને ફરી જાય એને ઉધાર અપાય જ કેમ?" આવી જાતની દલીલથી મને આશ્ચર્ય ન થયું. સત્યાગ્રહી, ગમે તેટલી વાર દગો થાય તે છતાં, ભરોસો રાખે જ. તેમ કરતાં જ સત્યનું બળ વધશે અને વિજય નજીક આવશે. તેથી ઠેકઠેકાણે સભાઓ ભરીને સમાધાનીનો સ્વીકાર કરવાનું હું લોકોને અંતે સમજાવી શક્યો અને લોકો પણ સત્યાગ્રહનું રહસ્ય વિશેષ સમજતા થયા.

એટલે કોમે સમાધાની કબૂલ રાખી. ત્યાર બાદ કેવળ યુનિયન પાર્લમેન્ટ બેસવાની રાહ જ જોવાની રહી. દરમિયાન પેલું કમિશન ચાલી રહ્યું હતું. કમિશનનું કામ ટૂંકું થયું અને રિપોર્ટ ઝપાટાથી બહાર પડ્યો. પણ કોમને જે જે વસ્તુ જોઈતી હતી તે બધું આપવાની ભલામણ કમિશને કરી. એટલે કે, ત્રણ પાઉન્ડનો કર કાઢી જ નાખવો જોઈએ, વિવાહની બાબતમાં હિંદીઓની માગણી કબૂલ રાખવી જોઈએ અને બીજી પણ કેટલીક ઝીણી વસ્તુઓ આપવાની અને બધું વગર ઢીલે કરવાની ભલામણ કરી. કમિશનના રિપોર્ટ પ્રમાણે કાયદો ઘડવામાં આવશે એવો અમને ભરોસો આપવામાં આવ્યો હતો.

કમિશનના રિપોર્ટ પછી થોડા જ સમયમાં જે કાયદા વડે સમાધાની થવાની હતી તેનો મુસદ્દો યુનિયન ગૅઝેટમાં બહાર પડ્યો. આ બિલ ઉપર યુનિયન પાર્લમેન્ટમાં ખૂબ અને મીઠી ચર્ચા થઈ. બીજી વસ્તુઓ જેને સારુ કાયદાની જરૂર ન હતી તે વસ્તુઓની ચોખવટ જનરલ સ્મટ્સ અને મારી વચ્ચે થયેલા પત્રવ્યવહારથી થઈ. મેં જનરલ સ્મટ્સને કાગળ લખ્યો તેની મતલબ આ પ્રમાણે હતી :

> "આપનો આજની તારીખનો કાગળ મને મળ્યો છે. જનરલ સ્મટ્સે મને ધીરજ અને વિનયપૂર્વક સાંભળ્યો તેને સારુ હું આભારી છું. હિંદીને રાહત દેનારો કાયદો અને આ આપણી વચ્ચેનો પત્રવ્યવહાર સત્યાગ્રહની લડતનો અંત લાવે છે. આ લડત 1906ના સપ્ટેમ્બરમાં શરૂ થઈ. એથી હિંદી કોમને ઘણું દુઃખ અને પૈસાની નુકસાની સહન કરવાં પડ્યાં છે અને સરકારને પણ ચિંતામાં પડવું પડ્યું છે. મારા કેટલાક ભાઈઓની માગણી ઘણી વધારે હતી. તેથી તેઓને અસંતોષ થયો છે. મારા ભાઈઓને મેં કહ્યું છે કે, તમારે ધીરજ રાખવાની છે અને દરેક યોગ્ય સાધન વડે લોકમત એવો કેળવવાનો છે કે આ પત્રવ્યવહારમાં દર્શાવેલી શરતો કરતાં પણ ભવિષ્યની સરકાર વધુ આગળ જઈ શકે."

આમ આઠ વર્ષને અંતે આ સત્યાગ્રહની મહાન લડત પૂરી થઈ અને આખા દક્ષિણ આફ્રિકામાં વસતા હિંદીઓને નિરાંત વળી એમ મનાયું. દિલગીરી તેમ જ હર્ષની સાથે હું વિલાયતમાં ગોખલેને મળીને ત્યાંથી હિંદુસ્તાન જવાને સારુ દક્ષિણ આફ્રિકાથી નીકળી પડ્યો.

જે દક્ષિણ આફ્રિકામાં એકવીસ વર્ષ મેં નિવાસ કર્યો અને અસંખ્ય કડવા અને મીઠા અનુભવો લીધા અને જ્યાં મારા પોતાના જીવનનું નિશાન જોઈ શક્યો, તે દેશને છોડવાનું મને બહુ દોહ્યલું લાગ્યું અને દિલગીર થયો. મને હર્ષ એ વિચારે થયો કે મને ઘણે વર્ષે હિંદુસ્તાન જઈને ગોખલેની નીચે સેવા કરવાનું સદ્‌ભાગ્ય પ્રાપ્ત થશે.


આ લડતનો આવો સુંદર અંત આવ્યો તેની સાથે દક્ષિણ આફ્રિકાના હિંદીઓની આજની સ્થિતિની સરખામણી કરતાં ક્ષણભર એમ લાગે કે આટલું બધું દુઃખ વેઠ્યું તે શાને સારુ? અથવા સત્યાગ્રહના શસ્ત્રની ઉત્તમતા ક્યાં આવી? આનો જવાબ આ સ્થળે વિચારી જવો જોઈએ. સૃષ્ટિનો એવો એક નિયમ છે કે જે વસ્તુ જે સાધનથી મળે તે વસ્તુ તે જ સાધન વડે સાચવી શકાય. એટલે દંડથી મળેલી વસ્તુ દંડ જ સાચવે; સત્યથી મળેલી વસ્તુનો સંગ્રહ સત્ય વડે જ થઈ શકે. એટલે દક્ષિણ આફ્રિકાના હિંદી આજે સત્યાગ્રહના શસ્ત્રનો ઉપયોગ કરી શકે તો પોતે સુરક્ષિત બની શકે છે. સત્યાગ્રહમાં એવી વિશેષતા તો નથી જ કે સત્યથી મળેલી વસ્તુ સત્યનો ત્યાગ થતાં પણ સાચવી શકાય. એવું પરિણામ આવી શકતું હોય તો તે ઇષ્ટ પણ ન ગણાય. તેથી જો દક્ષિણ આફ્રિકાના હિંદીની સ્થિતિ અત્યારે નબળી પડી ગઈ છે તો આપણે સમજી લેવું જોઈએ કે તેનું કારણ સત્યાગ્રહીઓનો અભાવ છે. સત્યાગ્રહી સેવકો એક પછી એક ચાલી ગયા. સોરાબજી, કાછલિયા, નાયડુ, રુસ્તમજી ઇત્યાદિના સ્વર્ગવાસથી અનુભવીઓમાંથી થોડા જ રહી ગયા છે. જેઓ રહી ગયા છે તેઓ હજી પણ ઝૂઝી રહ્યા છે અને તેઓ સમય આવ્યે, પોતાનામાં સત્યાગ્રહ હશે તો, કોમની રક્ષા કરી લેશે એને વિશે મને શંકા જ નથી.

છેવટમાં, આ પ્રકરણો વાંચનાર તો સમજી ગયેલ હશે જ કે, જો આ જંગી લડત ન ચાલત અને ઘણા હિંદીઓએ જે દુઃખ સહન કર્યાં તે ન કર્યાં હોત, તો આજે દક્ષિણ આફ્રિકામાં હિંદીઓનો પગ જ ન રહ્યો હોત. સત્યાગ્રહ એ અમૂલ્ય શસ્ત્ર છે, તેમાં નિરાશાને કે હારને અવકાશ જ નથી, એવું જો થોડેઘણે અંશે પણ આ ઇતિહાસમાં સિદ્ધ થઈ શક્યું હોય તો હું મને કૃતાર્થ થયો સમજીશ.

જે વસ્તુને સારુ હું જીવું છું, જીવવા ઇચ્છું છું, અને જેને સારુ તેટલે જ દરજ્જે મરવાને પણ તૈયાર છું એમ માનું છું, તે વસ્તુ કેમ ઉત્પન્ન થઈ, તેની પહેલી સામુદાયિક અજમાયશ કેમ કરવામાં આવી, એ બધું પ્રજા જાણે, સમજે, અને પસંદ કરે તેટલું અને પોતાની શક્તિ હોય તે પ્રમાણે અમલમાં મૂકે, એ આ પુસ્તક લખવાનો હેતુ છે.


કસ્તૂરબા સાથે, 1914


દક્ષિણ આફ્રિકામાં સત્યાગ્રહ વખતે
અપનાવેલો પહેરવેશ, 1914



વિદાયસમારંભ, ડરબન, 1914



સ્વદેશાગમન, જાન્યુઆરી 1915

કોચરબ આશ્રમ, અમદાવાદ



હૃદયકુંજ: સાબરમતી આશ્રમમાં ગાંધીજીની કુટિર

1915ની સાલમાં હરદ્વારમાં કુંભમેળો હતો. કુંભને સમયે ગોખલેના સેવકસમાજે એક મોટી ટુકડી મોકલી હતી. આમાં મદદ કરવા મારી ટુકડીને પણ લઈ જવી એવો ઠરાવ હતો. મગનલાલ ગાંધી શાંતિનિકેતનમાં રહેલી ટુકડીને લઈને મારાથી પહેલાં હરદ્વાર પહોંચી ગયા હતા.

અમે શાંતિનિકેતનમાં જ જોયું હતું કે ભંગીનું કામ કરવું એ અમારો હિંદુસ્તાનમાં વિશેષ ધંધો થઈ પડશે. સેવકોને સારુ કોઈ ધર્મશાળામાં તંબૂ તાણવામાં આવ્યા હતા. પાયખાનાને સારુ ખાડા ખોદાવ્યા હતા. આ ખાડાઓમાં પડતો મળ વખતોવખત ઢાંકવાનું ને તેને બીજી રીતે સાફ રાખવાનું કામ ફિનિક્સની ટુકડીએ ઉપાડી લેવાની મારી માગણીનો દાક્તર દેવે ખુશીની સાથે સ્વીકાર કર્યો. આ સેવા કરવાની માગણી કરનારો હું, પણ કરવાનો બોજો ઉપાડનાર મગનલાલ ગાંધી.

મારો ધંધો તો ઘણે ભાગે તંબૂમાં બેસી 'દર્શન' દેવાનો અને અનેક યાત્રાળુઓ આવે તેમની સાથે ધર્મની અને એવી બીજી ચર્ચાઓ કરવાનો થઈ પડ્યો. દર્શન દેતાં હું અકળાયો. તેમાંથી એક મિનિટની ફુરસદ ન મળે. નાહવા જાઉં તોયે દર્શનાભિલાષી મને એકલો ન છોડે. ફળાહાર કરતો હોઉં ત્યારે તો એકાંત હોય જ ક્યાંથી? તંબૂમાં ક્યાંયે એક ક્ષણને સારુ પણ એકલો બેસી નહોતો શક્યો. દક્ષિણ આફ્રિકામાં જે કંઈ સેવા થઈ શકી હતી તેની આટલી ઊંડી અસર આખા ભરતખંડમાં થઈ હશે તે મેં હરદ્વારમાં અનુભવ્યું.

આ સમયે મારામાં હરવાફરવાની શક્તિ ઠીક હતી, તેથી હું ઠીક ઠીક ભટકી શક્યો હતો. તે વખતે એટલો પ્રસિદ્ધ નહોતો થયો કે રસ્તાઓમાં ફરવાનું ભાગ્યે જ બની શકે. ભ્રમણમાં મેં લોકોની ધર્મભાવના કરતાં તેમનું બેબાકળાપણું, તેમની ચંચળતા, પાંખડ, અવ્યવસ્થા બહુ જોયાં. સાધુઓનો રાફડો ફાટ્યો હતો. તે કેવળ માલપૂડા ને ખીર જમવાને જ જન્મ્યા હોય એવા જણાયા.

હૃષીકેશમાં ઘણા સંન્યાસીઓ મળવા આવ્યા હતા. તેમાંના એકને મારા જીવનમાં બહુ રસ લાગ્યો. અમારી વચ્ચે ધર્મની ચર્ચા થઈ. હું ગંગાસ્નાન કરીને આવ્યો હતો એટલે શરીર ઉઘાડું હતું. તેમણે મારે માથે શિખા ન જોઈ ને શરીરે જનોઈ ન જોઈ તેથી તે દુઃખ પામ્યા ને મને પૂછ્યું : "તમે આસ્તિક છો છતાં જનોઈ અને શિખા ન રાખો તેથી અમારા જેવાને દુઃખ થાય. આ બે હિંદુ ધર્મની બાહ્ય સંજ્ઞાઓ છે, ને તે દરેક હિંદુએ રાખવી જોઈએ."

મેં કહ્યું : "જનોઈ તો હું ધારણ નહીં કરું. અસંખ્ય હિંદુઓ જે નથી પહેરતા છતાં હિંદુ

ગણાય છે, તે મારે પહેરવાની હું જરૂર નથી જોતો. વળી જનોઈ ધારણ કરવી એટલે આપણે શુદ્ધ થવું, ઊર્ધ્વગામી થવું. અત્યારે હિંદુ સમાજ અને હિંદુસ્તાન પડેલાં છે, તેમાં જનોઈ પહેરવાનો આપણને અધિકાર જ ક્યાં છે? હિંદુ સમાજ અસ્પૃશ્યતાનો મેલ ધુએ, ઊંચનીચની વાત ભૂલી જાય, બીજા ઘર કરી ગયેલા દોષો કાઢે, ચોમેર ફેલાયેલાં અધર્મ, પાખંડ દૂર કરે, ત્યારે તેને જનોઈનો અધિકાર ભલે હો. એટલે જનોઈ ધારણ કરવાની તમારી વાતનો મને ઘૂંટડો નથી ઊતરતો, પણ શિખા વિશેની તમારી વાત મારે અવશ્ય વિચારવી પડશે. તે તો હું રાખતો. તે મેં શરમ અને બીકને માર્યે કપાવી નાખી છે. તે ધારણ કરવી જોઈએ એમ મને લાગે છે. મારા સાથીઓ જોડે આ વાત હું વિચારી લઈશ."

હૃષીકેશ અને લક્ષ્મણ ઝૂલાનાં કુદરતી દૃશ્યો બહુ ગમ્યાં. કુદરતની કળા ઓળખવાની પૂર્વજોની શક્તિ વિશે ને કળાને ધાર્મિક સ્વરૂપ આપવાની તેમની દૂરંદેશી વિશે મનમાં અતિ માન થયું. પણ મનુષ્યની કૃતિથી ચિત્તને શાંતિ ન થઈ. લોકો રસ્તાઓ અને ગંગાનો સુંદર કિનારો ગંદો કરી મૂકતા હતા. ગંગાનું પવિત્ર પાણી બગાડતાં પણ તેમને કશો સંકોચ નહોતો થતો. હાજતે જનારા દૂર જવાને બદલે જ્યાં માણસોની આવજા હોય ત્યાં હાજતે જતા હતા. આ જોઈને હૃદયને બહુ આઘાત પહોંચ્યો.

આશ્રમની સ્થાપના

જ્યારે હું અમદાવાદમાંથી પસાર થયો ત્યારે ઘણા મિત્રોએ અમદાવાદ પસંદ કરવા કહ્યું, ને આશ્રમનું ખર્ચ તેમણે જ ઉપાડી લેવાનું બીડું ઝડપ્યું. મકાન શોધી દેવાનું પણ તેમણે જ કબૂલ કર્યું.

અમદાવાદ ઉપર મારી નજર ઠરી હતી. હું ગુજરાતી હોવાથી ગુજરાતી ભાષા મારફતે દેશની વધારેમાં વધારે સેવા કરી શકીશ એમ માનતો હતો. અમદાવાદ પૂર્વે હાથવણાટનું મથક હોવાથી રેંટિયાનું કામ અહીં જ વધારે સારી રીતે થઈ શકશે એવી પણ માન્યતા હતી. ગુજરાતનું પાટનગર હોવાથી અહીંના ધનાઢ્ય લોકો ધનની વધારે મદદ દઈ શકશે એ પણ આશા હતી.

અમદાવાદના મિત્રોની સાથે સંવાદોમાં અસ્પૃશ્યનો પ્રશ્ન ચર્ચાયો હતો. મેં સ્પષ્ટ રીતે

કહ્યું હતું કે, જો કોઈ લાયક અંત્યજ આશ્રમમાં દાખલ થવા માગશે તો હું તેને જરૂર દાખલ કરીશ.

"તમારી શરતનું પાલન કરી શકે એવા અંત્યજ ક્યાં રેઢા પડ્યા છે?" એમ એક વૈષ્ણવ મિત્રે પોતાના મનનો સંતોષ વાળ્યો. અને અમદાવાદમાં વસવાનો છેવટે નિશ્ચય થયો. મકાનોની શોધ કરતાં, મને અમદાવાદમાં વસાવવામાં અગ્રભાગ લેનાર શ્રી જીવણલાલ બારિસ્ટરનું કોચરબમાં આવેલ મકાન ભાડે લેવાનું ઠર્યું. સત્યાગ્રહાશ્રમની સ્થાપના 1915ના મેની 25મીએ થઈ.

આશ્રમનું નામ શું રાખવું એ પ્રશ્ન તુરત ઊઠ્યો. મિત્રોની સાથે મસલત કરી. કેટલાંક નામો મળ્યાં. સેવાશ્રમ, તપોવન, વગેરે સૂચવાયાં હતાં. અમારે તો સત્યની પૂજા, સત્યની શોધ કરવી હતી, તેનો જ આગ્રહ રાખવો હતો, અને દક્ષિણ આફ્રિકામાં જે પદ્ધતિનો મેં ઉપયોગ કર્યો હતો તેની ઓળખ ભારતવર્ષમાં કરાવવી હતી, અને તેની શક્તિ ક્યાં લગી વ્યાપક થઈ શકે તે જોવું હતું. તેથી મેં અને સાથીઓએ સત્યાગ્રહાશ્રમ નામ પસંદ કર્યું.

આશ્રમમાં આ વખતે લગભગ તેર તામિલ હતા. લગભગ પચીસ સ્ત્રીપુરુષોથી આશ્રમનો આરંભ થયો હતો. બધાં એક રસોડે જમતાં હતાં, ને એક જ કુટુંબ હોય એવી રીતે વર્તવાનો પ્રયત્ન કરતાં હતાં.

આશ્રમની હસ્તીને હજુ થોડા જ મહિના થયા હતા, તેટલામાં અમારી કસોટી થઈ. ભાઈ અમૃતલાલ ઠક્કરનો કાગળ મળ્યો : "એક ગરીબ અને પ્રામાણિક અંત્યજ કુટુંબ છે. તેની ઇચ્છા તમારા આશ્રમમાં આવીને રહેવાની છે. તેને લેશો?"

હું ભડક્યો ખરો. સાથીઓને કાગળ વંચાવ્યો. તેમણે વધાવ્યો. તે કુટુંબ આશ્રમના નિયમ પાળવા તૈયાર હોય તો તેને લેવાની તૈયારી ભાઈ અમૃતલાલ ઠક્કરને જણાવી.

દૂદાભાઈ, તેમનાં પત્ની દાનીબહેન અને રીખતી ધાવણી લક્ષ્મી આવ્યાં. દૂદાભાઈ મુંબઈમાં શિક્ષકનું કામ કરતા હતા. નિયમોનું પાલન કરવા તૈયાર હતા. તેમને આશ્રમમાં લીધા.

સહાયક મિત્રમંડળમાં ખળભળાટ થયો. જે કૂવામાં બંગલાના માલિકનો ભાગ હતો તે કૂવામાંથી પાણી ભરવામાં જ અડચણ આવવા લાગી. કોસવાળાને અમારા પાણીના છાંટા અડે તો તે અભડાય. તેણે ગાળો શરૂ કરી, દૂદાભાઈને પજવવાનું શરૂ કર્યું. ગાળો સહન કરવાનું ને દૃઢતાપૂર્વક પાણી ભરવાનું જારી રાખવાનું મેં સહુને કહી દીધું. અમને ગાળ સાંભળતા જોઈ કોસવાળો શરમાયો ને તેણે છેડ મૂકી. પણ પૈસાની મદદ તો બંધ થઈ. બહિષ્કારની અફવા મારે કાને આવવા માંડી. મેં સાથીઓની સાથે વિચારી મેલ્યું હતું : "જો

આપણો બહિષ્કાર થાય ને આપણી પાસે કશી મદદ ન રહે તોયે આપણે અંત્યજવાડામાં જઈને તેમની સાથે રહીશું, ને જે કંઈ મળી રહેશે તેની ઉપર અથવા મજૂરી કરીને નિર્વાહ કરીશું."

છેવટે મગનલાલે મને નોટિસ આપી: "આવતે મહિને આશ્રમખર્ચ ચલાવવાના પૈસા આપણી પાસે નથી." મેં ધીરજથી જવાબ આપ્યો: "તો આપણે અંત્યજવાડે રહેવા જઈશું."

મારી ઉપર આવી ભીડ આ પહેલી વાર નહોતી. દરેક વારે છેલ્લી ઘડીએ શામળાએ મદદ મોકલી દીધી છે.

મગનલાલે નોટિસ આપ્યા પછી તુરત જ એક સવારે કોઈ બાળકે ખબર આપ્યા: "બહાર મોટર ઊભી છે, ને એક શેઠ તમને બોલાવે છે." હું મોટર પાસે ગયો. શેઠે મને પૂછ્યું: "મારી ઇચ્છા આશ્રમને કંઈ મદદ દેવાની છે, તમે લેશો?" મેં જવાબ આપ્યો: "જો કંઈ આપો તો હું જરૂર લઉં. મારે કબૂલ કરવું જોઈએ કે અત્યારે હું ભીડમાં પણ છું."

"હું કાલે આ જ વેળાએ આવીશ." શેઠ ગયા. બીજે દહાડે નીમેલે સમયે મોટરનું ભૂંગળું વાગ્યું. હું તેમને મળવા ગયો. તેઓ મારા હાથમાં રૂ. 13,000ની નોટો મૂકી ચાલતા થયા. તેમણે આશ્રમમાં પહેલાં કદી પગ મૂક્યો નહોતો. તેમને હું એક જ વાર મળ્યો હતો એવું મને યાદ છે. ન આશ્રમમાં આવવું, ન પૂછવું; બારોબાર પૈસા આપીને ચાલતા થવું. મારો પહેલો જ અનુભવ હતો. આ મદદથી અંત્યજવાડામાં જવાનું આળસ્યું. લગભગ એક વર્ષનું ખર્ચ મને મળી ગયું.

પણ જેમ બહાર ખળભળાટ થયો તેમ જ આશ્રમમાંયે થયો. જોકે દક્ષિણ આફ્રિકામાં મારે ત્યાં અંત્યજો વગેરે આવતા, રહેતા, જમતા; પણ અહીં અંત્યજ કુટુંબનું આવવું પત્નીને અને બીજા સ્ત્રીમંડળને ગમ્યું એમ ન કહેવાય. દાનીબહેન પ્રત્યેનો અણગમો નહીં તો તેમના પ્રત્યેની ઉદાસીનતા, એવી બાબતમાં મારી બહુ ઝીણી આંખ જોઈ જતી અને તીણા કાન સાંભળી જતા. આર્થિક મદદના અભાવની બીકે મને જરાયે ચિંતામાં નહોતો નાખ્યો. પણ આ આંતરખળભળાટ વસમો થઈ પડ્યો. દાનીબહેન સામાન્ય બાઈ હતી. દૂદાભાઈનું ભણતર સહજ હતું, પણ તેમની સમજણ સારી હતી. તેમની ધીરજ મને ગમી હતી. તેમને કોઈ વેળા ક્રોધ આવતો, પણ એકંદરે તેમની સહનશક્તિની મારી ઉપર સારી છાપ પડેલી. ઝીણાં અપમાનો ગળી જવાનું હું દૂદાભાઈને વીનવતો ને તે સમજી જતા અને દાનીબહેન પાસે સહન કરાવતા.

આ કુટુંબને આશ્રમમાં રાખીને આશ્રમને ઘણા પાઠ મળ્યા છે. અને આરંભકાળમાં જ અસ્પૃશ્યતાને આશ્રમમાં સ્થાન નથી જ એમ સાવ સ્પષ્ટ થઈ જવાથી, આશ્રમની મર્યાદા

અંકાઈ ગઈ ને તેનું કામ એ દિશામાં બહુ સરળ થઈ ગયું. આમ છતાં, આશ્રમને તેનું ખર્ચ મુખ્ય ભાગે ચુસ્ત ગણાતા હિંદુઓ તરફથી જ મળતું આવ્યું છે એ કદાચ સ્પષ્ટ રીતે સૂચવે છે કે અસ્પૃશ્યતાની જડ સારી પેઠે હલી ગઈ છે.

હવે પછીનાં પ્રકરણોમાં અગત્યની હકીકતો મારે છોડવી પડશે, કેમ કે તેમાં ભાગ લેનારાં પાત્રો ઘણાં હજુ મોજૂદ છે, અને તેમની રજા વિના, તેમનાં નામો ને તેમની સાથેના પ્રસંગોનો છૂટથી ઉપયોગ કરવો અયોગ્ય લાગે છે. બધાની સંમતિ વખતોવખત માગવી અથવા તેમને લગતી હકીકતો તેમને મોકલી સુધરાવવી એ ન બને તેવું છે, ને આ આત્મકથાની મર્યાદાની બહારની એ વાત છે. તેથી, હવે પછીની કથા, જોકે મારી દૃષ્ટિએ સત્યના શોધકને સારુ જાણવાયોગ્ય છે તે છતાં, અધૂરી અપાયા કરશે એવો મને ડર છે.

●

ગળીનો ડાઘ (1)

ચંપારણમાં જેમ આંબાનાં વન છે તેમ ત્યાં 1917માં ગળીનાં ખેતરો હતાં. પોતાની જ જમીનના 3/20 ભાગમાં ચંપારણના ખેડૂતો ગળીનું વાવેતર તેના મૂળ માલિકોને સારુ કરવા કાયદેથી બંધાયેલા હતા. આનું નામ 'તીનકઠિયા' કહેવાતું હતું. વીસ કઠાનો ત્યાંનો એક એકર ને તેમાંથી ત્રણ કઠાનું વાવેતર એનું નામ તીનકઠિયાનો રિવાજ.

મારે કબૂલ કરવું જોઈએ કે હું ત્યાં પહોંચ્યો તેના પહેલાં ચંપારણનાં નામનિશાન જાણતો નહોતો. ગળીનું વાવેતર થાય છે એ ખ્યાલ પણ નહીં જેવો જ હતો. ગળીની ગોટીઓ જોઈ હતી, પણ એ ચંપારણમાં બનતી હતી ને તેને અંગે હજારો ખેડૂતોને દુઃખ વેઠવું પડતું હતું એની કશી ખબર નહોતી.

રાજકુમાર શુક્લ કરીને ચંપારણના એક ખેડૂત હતા. તેમની ઉપર દુઃખ પડેલું. એ દુઃખ તેમને કઠતું હતું. પણ તેમને આ ગળીનો ડાઘ બધાને સારુ ધોઈ નાખવાની ધગશ પોતાના દુઃખમાંથી થઈ આવી હતી.

લખનૌની મહાસભામાં આ ખેડૂતે મારો કેડો પકડ્યો. "વકીલ બાબુ આપકો સબ હાલ બતાયેંગે," એમ કહેતા જાય ને મને ચંપારણ જવાને નોતરતા જાય.

વકીલ બાબુ તે મારા ચંપારણના પ્રિય સાથી, બિહારના સેવાજીવનના પ્રાણ

બ્રજકિશોરબાબુ. તેમને રાજકુમાર શુક્લ મારા તંબૂમાં લાવ્યા. તેમણે કાળું આલપાકાનું અચકન, પાટલૂન વગેરે પહેરેલાં. મારી ઉપર કંઈ સારી છાપ ન પડી. મેં માની લીધું કે ભોળા ખેડૂતને લૂંટનાર આ કોઈ વકીલ સાહેબ હશે.

મેં ચંપારણનો કિસ્સો તેમની પાસેથી થોડોક સાંભળ્યો. મારા રિવાજ પ્રમાણે મેં જવાબ દીધો, "જાતે જોયા વિના આ વિષય ઉપર હું કંઈ અભિપ્રાય ન આપી શકું. તમે મહાસભામાં બોલજો. મને તો હમણાં છોડી જ દેજો." રાજકુમાર શુક્લને મહાસભાની મદદ તો જોઈતી જ હતી. ચંપારણને વિશે મહાસભામાં બ્રજકિશોરબાબુ બોલ્યા ને દિલસોજીનો ઠરાવ પાસ થયો.

રાજકુમાર શુક્લ રાજી થયા, પણ તેટલેથી જ તેમને સંતોષ ન થયો. તે તો મને જાતે ચંપારણના ખેડૂતોનાં દુઃખ દેખાડવા માગતા હતા. મેં કહ્યું, "મારા ભ્રમણમાં હું ચંપારણને પણ લઈશ, ને એકબે દિવસ આપીશ." તેમણે કહ્યું : "એક દિન કાફી હોગા, નજરોંસે દેખિયે તો સહી."

લખનૌથી હું કાનપુર ગયેલો. ત્યાં પણ રાજકુમાર શુક્લ હાજર જ. "યહાંસે ચંપારણ બહોત નજદીક હૈ. એક દિન દે દો." "હમણાં મને માફ કરો. પણ હું આવીશ એટલું વચન આપું છું," એમ કહી હું વધારે બંધાયો.

હું આશ્રમ ગયો તો રાજકુમાર શુક્લ મારી પૂંઠે જ હતા, "અબ તો દિન મુકરર કીજિયે." મેં કહ્યું, "જાઓ, મારે ફલાણી તારીખે કલકત્તા જવું છે ત્યાં આવજો ને મને લઈ જજો." ક્યાં જવું, શું કરવું, શું જોવું એની મને કશી ખબર નહોતી. કલકત્તામાં હું ભૂપેનબાબુને ત્યાં પહોંચું તેના પહેલાં તેમણે તેમને ત્યાં ધામો નાખ્યો જ હતો. આ અભણ, અણઘડ પણ નિશ્ચયવાન ખેડૂતે મને જીત્યો.

1917ની સાલના આરંભમાં કલકત્તાથી અમે બે જણ રવાના થયા. બંને સરખી જોડી. બંને ખેડૂત જેવા જ લાગીએ. સવારના પટણા ઊતર્યા.

પટણાની આ મારી પહેલી મુસાફરી હતી. પટણામાં હું કોઈને ઘેર ઊતરી શકું એવી ઓળખાણ કોઈની સાથે મને નહોતી. મારા મનમાં એમ હતું કે, રાજકુમાર શુક્લ જોકે અણઘડ ખેડૂત છે છતાં તેમને કંઈ વગવસીલો તો હશે જ. ટ્રેનમાં મને તેમની કંઈક વધારે ખબર પડવા લાગી. પટણામાં પોત કળાઈ ગયું. રાજકુમાર શુક્લની બુદ્ધિ નિર્દોષ હતી. તેમણે જેમને મિત્ર માન્યા હતા તે વકીલો તેમના મિત્ર નહોતા, પણ રાજકુમાર શુક્લ તેમના વસવાયા જેવા હતા. ખેડૂત અસીલ અને વકીલોની વચ્ચે તો અંતર ચોમાસાની ગંગાના પહોળા પટ જેટલું હતું.

મને તે રાજેન્દ્રબાબુને ત્યાં લઈ ગયા. રાજેન્દ્રબાબુ પુરી કે ક્યાંક ગયા હતા. બંગલે

એકબે નોકર હતા. પણ બિહારમાં તો છૂતાછૂતનો રિવાજ સખત હતો. મારી ડોલના પાણીના છાંટા નોકરને અભડાવે. નોકર શું જાણે હું કઈ જાત હોઈશ. અંદરના પાયખાનાનો ઉપયોગ કરવાનું રાજકુમારે બતાવ્યું. નોકરે બહારના પાયખાના તરફ આંગળી ચીંધી. મને આમાં ક્યાંયે મૂંઝાવાનું કે રોષનું કારણ નહોતું. આવા અનુભવોમાં હું રીઢો થયો હતો. નોકર તો પોતાનો ધર્મ પાળતો હતો, ને રાજેન્દ્રબાબુ પ્રત્યેની પોતાની ફરજ બજાવતો હતો.

મૌલાના મજહરુલ હક્ક અને હું એક વખત લંડનમાં ભણતા. ત્યાર બાદ અમે મુંબઈમાં 1915ની મહાસભામાં મળેલા. તે વર્ષે તેઓ મુસ્લિમ લીગના પ્રમુખ હતા. તેમણે જૂની ઓળખાણ કાઢી મને પટણા જાઉં ત્યારે તેમને ત્યાં જવાનું આમંત્રણ આપ્યું હતું. આ આમંત્રણને આધારે મેં તેમને ચિઠ્ઠી મોકલી ને મારું કામ જણાવ્યું. તેઓ તુરત પોતાની મોટર લાવ્યા ને મને પોતાને ત્યાં લઈ જવાનો આગ્રહ કર્યો. મેં તેમનો ઉપકાર માન્યો ને મારે જ્યાં જવાનું હતું ત્યાં મને પહેલી ટ્રેનથી રવાના કરી દેવાનું કહ્યું. તે જ દિવસે સાંજે મુઝફ્ફરપુરની ટ્રેન જતી હતી તેમાં મને તેમણે રવાના કર્યો. મુઝફ્ફરપુરમાં તે વખતે આચાર્ય કૃપાલાની રહેતા હતા. તેમને હું ઓળખતો હતો. તે મુઝફ્ફરપુર કૉલેજમાં પ્રોફેસર હતા, તેમાંથી પરવારી બેઠા હતા. મેં તેમને તાર કર્યો. મુઝફ્ફરપુર ટ્રેન મધરાતે પહોંચતી હતી. તે પોતાના શિષ્યમંડળને લઈને હાજર થયા હતા. પણ તેમને ઘરબાર નહોતાં. તે અધ્યાપક મલકાનીને ત્યાં રહેતા હતા. મને તેમને ત્યાં લઈ ગયા. મલકાની ત્યાંની કૉલેજના પ્રોફેસર હતા, અને તે વખતના વાતાવરણમાં સરકારી કૉલેજના પ્રોફેસરે મને સંઘરવો એ અસાધારણ પગલું ગણાય.

કૃપાલાનીજીએ બિહારની દીન દશાની વાત કરી ને મારા કામની કઠણાઈનો ખ્યાલ આપ્યો. કૃપાલાનીજીએ બિહારીઓ સાથે ગાઢ સંબંધ બાંધી લીધો હતો. સવારે નાનકડું વકીલમંડળ મારી પાસે આવ્યું. તેમાંના રામનવમીપ્રસાદ મને યાદ રહી ગયા છે. તેમણે પોતાના આગ્રહથી મારું ધ્યાન ખેંચ્યું.

"તમે જે કામ કરવા આવ્યા છો તે આ જગ્યાએથી ન થાય. ગયાબાબુ અહીંના જાણીતા વકીલ છે. તેમની વતી હું તેમને ત્યાં ઊતરવાનો આગ્રહ કરું છું. અમે બધા સરકારથી ડરીએ તો છીએ જ. પણ અમારાથી બને તેટલી મદદ અમે તમને દઈશું. રાજકુમાર શુક્લની ઘણી વાત સાચી જ છે. દુઃખ એ છે કે અમારા આગેવાન આજ અહીં નથી. બાબુ બ્રજકિશોરપ્રસાદને અને રાજેન્દ્રપ્રસાદને મેં તાર કર્યા છે. બંને અહીં તુરત આવી જશે ને તમને પૂરી માહિતી ને મદદ આપી શકશે. મહેરબાની કરીને તમે ગયાબાબુને ત્યાં ચાલો."

આ ભાષણથી હું લોભાયો. મને સંઘરવાથી ગયાબાબુની સ્થિતિ કફોડી થાય એવા

ભયથી મને સંકોચ હતો. પણ ગયાબાબુએ મને નિશ્ચિંત કર્યો. હું ગયાબાબુને ત્યાં ગયો. તેમણે અને તેમનાં કુટુંબીજનોએ મને પ્રેમથી નવરાવ્યો.

રાજેન્દ્રબાબુ પુરીથી આવ્યા. બ્રજકિશોરબાબુ દરભંગાથી આવ્યા. તેમનામાં બિહારીની નમ્રતા, સાદાઈ, ભલમનસાઈ, અસાધારણ શ્રદ્ધા જોઈને મારું હૈયું હર્ષથી ઊભરાઈ ગયું. બિહારી વકીલમંડળનું બ્રજકિશોરબાબુના પ્રત્યેનું માન જોઈ હું સાનંદાશ્ચર્ય પામ્યો. આ મંડળ ને મારી વચ્ચે જન્મની ગાંઠ બંધાઈ.

બ્રજકિશોરબાબુએ મને બધી હકીકતથી વાકેફ કર્યો. તેઓ ગરીબ ખેડૂતોને સારુ કેસો લડતા. એવા બે કેસો ચાલી રહ્યા હતા. આવા કેસો કરી કંઈક વ્યક્તિગત આશ્વાસન મેળવતા. કોઈ વાર તેમાં પણ નિષ્ફળ જતા. આ ભોળા ખેડૂતોની પાસેથી ફી તો લેતા જ. ત્યાગી છતાં બ્રજકિશોરબાબુ કે રાજેન્દ્રબાબુ ફી લેવામાં સંકોચ ન રાખતા. ધંધા પરત્વે જો ફી ન લે તો તેમનું ઘરખર્ચ ન ચાલે, ને તેઓ લોકોને મદદ પણ ન કરી શકે, એ દલીલ હતી. તેમની ફીના આંકડા અને બંગાળાના ને બિહારના બારિસ્ટરોને અપાતી ફીના આંકડા સાંભળી હું ગૂંગળાઈ ગયો. આ મિત્રમંડળે આ બાબતનો મારો મીઠો ઠપકો હેતપૂર્વક સાંભળ્યો. તેનો તેમણે ખોટો અર્થ ન કર્યો.

મેં કહ્યું : “આ કેસો વાંચ્યા પછી મારો અભિપ્રાય તો એવો છે કે આપણે આ કેસો કરવાનું હવે માંડી જ વાળવું. આવા કેસોથી લાભ ઘણો થોડો થાય છે. જે રૈયતવર્ગ આટલો કચરાયેલો છે, જ્યાં સહુ આટલા ભયભીત રહે છે, ત્યાં કચેરીઓ મારફતે ઇલાજ થોડો જ થઈ શકે. લોકોનો ડર કાઢવો એ તેમને સારુ ખરું ઔષધ છે. આ તીનકઠિયા પ્રથા ન જાય ત્યાં લગી આપણે સુખે બેસી નથી શકતા. હું તો બે દિવસ જોવાય તેટલું જોવા આવ્યો છું. પણ હવે જોઉં છું કે આ કામ તો બે વર્ષ પણ લે. એટલો સમય જાય તોપણ હું આપવા તૈયાર છું. આ કામમાં શું કરવું જોઈએ તેની મને સૂઝ પડે છે. પણ તમારી મદદ જોઈએ.”

બ્રજકિશોરબાબુને મેં બહુ ઠરેલ મગજના ભાળ્યા. તેમણે શાંતિથી જવાબ આપ્યો : “અમારાથી બનશે તે મદદ અમે આપશું. પણ તે કેવા પ્રકારની તે અમને સમજાવો.”

અમે આ સંવાદમાં રાત ગાળી. મેં કહ્યું : “મારે તમારી વકીલાતની શક્તિનો ઓછો ઉપયોગ પડશે. તમારા જેવાની પાસેથી હું તો લહિયાનું ને દુભાષિયાનું કામ માગું. આમાં જેલ જવાપણું પણ જોઉં છું. તમે તે જોખમમાં ઊતરો એ મને ગમે. પણ તેમાં ન ઊતરવું હોય તો ભલે ન ઊતરો. પણ વકીલ મટી લહિયા થવું ને તમારો ધંધો તમારે અનિશ્ચિત મુદતને સારુ પડતો મૂકવો, એ કંઈ હું ઓછું નથી માગતો. અહીંની હિંદી બોલી સમજતાં મને મુસીબત પડે છે. કાગળિયાં બધાં કૈથીમાં કે ઉર્દૂમાં લખેલાં હોય એ હું ન વાંચી શકું. આના તરજુમાની

તમારી પાસેથી આશા રાખું. આ કામ પૈસા આપીને કરીએ તો પહોંચાય નહીં. આ બધું સેવાભાવથી ને વગર પૈસે થવું જોઈએ."

બ્રજકિશોરબાબુ સમજ્યા, પણ તેમણે મારી તેમ જ પોતાના સાથીઓની ઊલટતપાસ ચલાવી. મારાં વચનોના ફલિતાર્થો પૂછ્યા. મારી અટકળ પ્રમાણે, ક્યાં લગી વકીલોએ ભોગ આપવો જોઈએ, કેટલા જોઈએ, થોડા થોડા થોડી થોડી મુદતને સારુ આવે તો ચાલે કે નહીં, વગેરે પ્રશ્નો મને પૂછ્યા. વકીલોને તેમની ત્યાગની કેટલી શક્તિ હતી તે પૂછ્યું. છેવટે તેમણે આ નિશ્ચય જણાવ્યો : "અમે આટલા જણ તમે જે કામ સોંપશો તે કરી દેવા તૈયાર રહીશું. એમાંના જેટલાને જે વખતે માગશો તેટલા તમારી પાસે રહેશે. જેલ જવાની વાત નવી છે. તે વિશે અમે શક્તિ મેળવવા કોશિશ કરશું."

મારે તો ખેડૂતોની હાલતની તપાસ કરવી હતી. ગળીના માલિકોની સામે જે ફરિયાદો હતી તેમાં કેટલું સત્ય છે તે જોવું હતું. આ કામને અંગે હજારો ખેડૂતોને મળવું જોઈએ. પણ તેમની સાથે આમ સંબંધમાં આવ્યા પહેલાં ગળીના માલિકોની વાત સાંભળવાની ને કમિશનરને મળવાની મેં આવશ્યકતા જોઈ. બંનેને ચિઠ્ઠી લખી.

માલિકોના મંત્રીની મુલાકાત વખતે તેણે સાફ જણાવ્યું કે, તમે પરદેશી ગણાઓ, તમારે અમારી અને ખેડૂતોની વચ્ચે નહીં આવવું જોઈએ, છતાં જો તમારે કંઈ કહેવાનું હોય તો મને લખી જણાવજો. મેં મંત્રીને વિવેકપૂર્વક કહ્યું કે, હું મને પોતાને પરદેશી ન ગણું, ને ખેડૂતો ઇચ્છે તો તેમની સ્થિતિની તપાસ કરવાનો મને પૂરો અધિકાર છે. કમિશનર સાહેબને મળ્યો. તેમણે તો ધમકાવવાનું જ શરૂ કર્યું ને મને આગળ વધ્યા વિના તિરહુત છોડવાની ભલામણ કરી.

મેં સાથીઓને બધી વાત કરીને કહ્યું કે, તપાસ કરતાં મને સરકાર રોકશે એવો સંભવ છે, ને જેલજાત્રાનો સમય મેં ધાર્યો હતો તેના કરતાં વહેલો પણ આવે. જો પકડાવું જ જોઈએ તો મારે મોતીહારી અને બની શકે તો બેતિયામાં પકડાવું જોઈએ. અને તેથી બનતી ઉતાવળે ત્યાં પહોંચવું જોઈએ.

ચંપારણ તિરહુત વિભાગનો જિલ્લો અને મોતીહારી તેનું મુખ્ય શહેર. બેતિયાની આસપાસ રાજકુમાર શુક્લનું મકાન હતું, ને તેની આસપાસની કોઠીઓના ખેડૂતો વધારેમાં વધારે રંક હતા. તેમની હાલત બતાવવાનો રાજકુમાર શુક્લનો લોભ હતો. ને મને હવે તે જોવાની ઇચ્છા હતી.

તેથી સાથીઓને લઈને હું તે જ દિવસે મોતીહારી જવા ઊપડ્યો. મોતીહારીમાં ગોરખબાબુએ આશ્રય આપ્યો ને તેમનું ઘર ધર્મશાળા થઈ પડ્યું. અમે બધા માંડ માંડ તેમાં સમાઈ શકતા હતા. જે દિવસે પહોંચ્યા તે જ દિવસે સાંભળ્યું કે મોતીહારીથી પાંચેક માઈલ દૂર એક ખેડૂત રહેતો હતો તેની ઉપર અત્યાચાર થયા હતા. તેને જોવા મારે ધરણીધરપ્રસાદ વકીલને લઈને સવારે જવું, એવો નિશ્ચય કર્યો. અમે સવારે હાથી ઉપર સવારી કરીને નીકળી પડ્યા. ચંપારણમાં હાથીનો ઉપયોગ જેમ ગુજરાતમાં ગાડાનો થાય છે એમ લગભગ થાય છે. અર્ધે રસ્તે પહોંચ્યા ત્યાં પોલીસ સુપરિન્ટેન્ડેન્ટનો માણસ આવી પહોંચ્યો ને મને કહ્યું : "તમને સુપરિન્ટેન્ડેન્ટ સાહેબ સલામ દેવડાવે છે." હું સમજ્યો. ધરણીધરબાબુને મેં આગળ જવાનું કહ્યું. હું પેલા જાસૂસની સાથે તેણે ભાડે લીધેલી ગાડીમાં બેઠો. તેણે ચંપારણ છોડવાની નોટિસ મને આપી. મને ઘેર લઈ ગયો ને મારી સહી માગી. મેં જવાબ લખી આપ્યો કે, હું ચંપારણ છોડવા ઇચ્છતો નથી, ને મારે તો આગળ વધવું છે ને તપાસ કરવી છે. બહિષ્કારના હુકમનો અનાદર કરવા સારુ બીજે જ દિવસે કોર્ટમાં હાજર રહેવાનો સમન મળ્યો.

આખી રાત જાગીને મેં મારે જે કાગળો લખવાના હતા તે લખ્યા, ને જે જે સૂચનાઓ આપવી હતી તે બ્રજકિશોરબાબુને આપી.

સમનની વાત એક ક્ષણમાં બધે ફેલાઈ ગઈ, અને લોકો કહેતા હતા કે કદી નહીં જોયેલું એવું દૃશ્ય મોતીહારીમાં જોવામાં આવ્યું. ગોરખબાબુનું ઘર અને કચેરી લોકોથી ઊભરાઈ ઊઠ્યાં. સારે નસીબે મેં મારું બધું કામ રાતના આટોપી લીધું હતું, તેથી આ ભીડને હું પહોંચી વળ્યો. સાથીઓની કિંમત મને પૂરેપૂરી જણાઈ આવી. તેઓ લોકોને નિયમમાં રાખવામાં ગૂંથાઈ ગયા. કચેરીમાં જ્યાં જાઉં ત્યાં ટોળેટોળાં મારી પાછળ આવે. કલેક્ટર, મૅજિસ્ટ્રેટ, સુપરિન્ટેન્ડેન્ટ વગેરે અને મારી વચ્ચે પણ એક જાતની ગાંઠ બંધાઈ. સરકારી નોટિસો વગેરેની સામે કાયદેસર વિરોધ કરવો હોત તો હું કરી શકતો હતો. તેને બદલે તેમની બધી નોટિસોના મારા સ્વીકારથી ને અમલદારોની સાથેના પરિચયમાં વાપરેલી મીઠાશથી તેઓ સમજી ગયા કે, મારે તેમનો વિરોધ નથી કરવો પણ તેમના હુકમનો વિનયી વિરોધ

કરવો છે. તેથી તેમને એક પ્રકારની નિર્ભયતા મળી. મારી કનડગત કરવાને બદલે તેમણે લોકોને નિયમમાં રાખવા સારુ મારી ને સાથીઓની મદદનો ખુશીથી ઉપયોગ કર્યો. પણ સાથે તેઓ સમજી ગયા કે તેમની સત્તા આજથી અલોપ થઈ. લોકો ક્ષણભર દંડનો ભય તજી તેમના નવા મિત્રના પ્રેમની સત્તાને વશ થયા.

યાદ રાખવાનું છે કે ચંપારણમાં મને કોઈ ઓળખતું નહોતું. ખેડૂતવર્ગ સાવ અભણ હતો. ચંપારણ ગંગાને પેલે પાર છેક હિમાલયની તળેટીએ નેપાળની નજીકનો પ્રદેશ, એટલે નવી દુનિયા. અહીં મહાસભાનું નામ ન મળે. મહાસભાના કોઈ સભ્યો ન મળે. જેમણે નામ સાંભળ્યું હોય તે નામ લેતાં કે તેમાં ભળતાં ડરે. આજે મહાસભાના નામ વિના મહાસભાએ ને મહાસભાના સેવકોએ પ્રવેશ કર્યો, ને મહાસભાની આણ વર્તી.

સાથીઓની સાથે મસલત કરી મેં નિશ્ચય કર્યો હતો કે મહાસભાને નામે કંઈ જ કામ કરવું નથી. નામનું નહીં પણ કામનું કામ છે, ટપટપનું નહીં પણ મમમમનું કામ છે. મહાસભાનું નામ અળખામણું છે. આ પ્રદેશમાં મહાસભાનો અર્થ વકીલોની મારામારી, કાયદાની બારીઓથી સરકી જવાના પ્રયત્નો, મહાસભા એટલે બૉમ્બગોળા, મહાસભા એટલે કહેણી એક, કરણી બીજી. આવી સમજણ સરકારમાં અને સરકારની સરકાર ગળીના માલિકોમાં હતી. મહાસભા આ નથી, મહાસભા બીજી જ વસ્તુ છે, એમ અમારે સિદ્ધ કરવાનું હતું. તેથી અમે મહાસભાનું નામ જ ક્યાંયે ન લેવાનો નિશ્ચય કર્યો હતો. તેઓ તેના તેના આત્માને જાણે ને અનુસરે તે જ ખરું છે, એમ અમે વિચારી મૂક્યું હતું.

એટલે મહાસભાની વતી કોઈ છૂપા કે જાહેર જાસૂસો મારફત કાંઈ ભૂમિકા તૈયાર કરવામાં આવી નહોતી. રાજકુમાર શુક્લમાં હજારો લોકોમાં પ્રવેશ કરવાની શક્તિ નહોતી. તેમનામાં કોઈએ આજ લગી રાજ્યપ્રકરણી કામ કર્યું જ નહોતું. ચંપારણની બહારની દુનિયાને તેઓ જાણતા નહોતા. છતાં તેમનો અને મારો મેળાપ જૂના મિત્રો જેવો લાગ્યો. તેથી મેં ઈશ્વરનો, અહિંસાનો અને સત્યનો સાક્ષાત્કાર કર્યો, એમ કહેવામાં અતિશયોક્તિ નથી. એ સાક્ષાત્કારનો મારો અધિકાર તપાસું છું તો મને લોકો પ્રત્યેના પ્રેમ સિવાય કંઈ જ નથી મળતું.

ચંપારણનો આ દિવસ મારા જીવનમાં કદી ન ભુલાય એવો હતો. આ મારે સારુ ને ખેડૂતોને સારુ એક ઉત્સવનો દિવસ હતો. સરકારી કાયદા પ્રમાણે મુકદ્દમો મારી સામે ચાલવાનો હતો. પણ ખરું જોતાં તો મુકદ્દમો સરકારની સામે હતો.

કેસ ચાલ્યો. સરકારી વકીલ, મૅજિસ્ટ્રેટ વગેરે ગભરાયેલા હતા. શું કરવું તે તેમને સૂઝતું નહોતું. સરકારી વકીલ સુનાવણી મુલતવી રાખવાની માગણી કરી રહ્યો હતો. હું વચ્ચે પડ્યો ને મેં વિનંતી કરી કે મુલતવી રાખવાની કશી જરૂર નથી, કેમ કે ચંપારણ છોડવાની નોટિસનો

અનાદર કર્યાનો ગુનો કબૂલ કરવો છે. એમ કહીને મેં બહુ જ નાનકડું બયાન તૈયાર કર્યું હતું તે વાંચી ગયો. તે આ પ્રમાણે હતું :

"ફોજદારી કાયદાની 144મી કલમ મુજબ કરેલા હુકમનો દેખીતો અનાદર કરવાનું ગંભીર પગલું મારે કેમ લેવું પડ્યું તે વિશે ટૂંકું બયાન અદાલતની પરવાનગીથી રજૂ કરવા ઇચ્છું છું. મારા નમ્ર અભિપ્રાય પ્રમાણે એ અનાદરનો સવાલ નથી, પણ સ્થાનિક સરકાર અને મારી વચ્ચે મતભેદનો સવાલ છે. હું આ પ્રદેશમાં જનસેવા અને દેશસેવા કરવાના હેતુથી દાખલ થયો. રૈયત સાથે નીલવરો ન્યાયથી વર્તતા નથી એ કારણે તેમને મદદ કરવાને આવવાનો ભારે આગ્રહ મને થયો એટલે જ મારે આવવું પડ્યું છે. આખા પ્રશ્નના અભ્યાસ વિના હું તેમને મદદ શી રીતે કરી શકું? એટલે હું એ પ્રશ્નનો અભ્યાસ કરવા, બની શકે તો સરકાર અને નીલવરોની મદદ લઈને અભ્યાસ કરવા, આવ્યો છું. બીજો કોઈ પણ ઉદ્દેશ મેં રાખ્યો નથી, અને મારા આવવાથી લોકોની શાંતિમાં ભંગ થશે ને ખુનામરકી થશે એ હું માની શકતો નથી. આ બાબતમાં મને ઠીક ઠીક અનુભવ છે એવો મારો દાવો છે. પણ સરકારનો વિચાર આ બાબતમાં મારાથી જુદો પડે છે. તેમની મુશ્કેલી હું સમજું છું. કાયદાને માન આપનાર પ્રજાજન તરીકે તો મને આપવામાં આવેલા હુકમને સ્વીકારવાનું સ્વાભાવિક મન થયું હતું. પણ તેમ કરવામાં હું જેમને માટે અહીં આવ્યો છું તેમના પ્રતિ મારા કર્તવ્યનો ઘાત કરું એમ મને લાગ્યું. મને લાગે છે કે તેમની સેવા મારાથી તેમની મધ્યમાં રહીને જ આજે થઈ શકે. એટલે સ્વેચ્છાએ ચંપારણ છોડી શકું એમ નથી. આવા ધર્મસંકટમાં મને ચંપારણમાંથી ખસેડવાની ફરજ હું સરકાર ઉપર નાખ્યા વિના ન રહી શક્યો.

"હિંદના લોકજીવનમાં મારા જેવી જેની પ્રતિષ્ઠા છે તેવા માણસે અમુક પગલું લઈ દાખલો બેસાડવામાં ભારે કાળજી રાખવી જોઈએ એ હું બરોબર સમજું છું. પણ મારી દૃઢ માન્યતા છે કે, આજે જે અટપટી પરિસ્થિતિમાં અમે મુકાયેલા છીએ તેમાં મારા જેવા સંજોગોમાં મુકાયેલા સ્વાભિમાની માણસની પાસે બીજો એકે સલામત અને માનભર્યો રસ્તો નથી – સિવાય કે હુકમનો અનાદર કરી તે બદલ જે સજા થાય તે મૂંગે મોઢે ખમી લેવી.

"મને જે સજા કરવા ધારો તે ઓછી કરવાના હેતુથી આ બયાન હું નથી રજૂ કરતો, પણ હુકમનો અનાદર કરવામાં કાયદેસર સ્થપાયેલી સત્તાનું અપમાન કરવાનો મારો ઉદ્દેશ ન હોઈ, મારું અંતર જે વધારે મોટો કાયદો સ્વીકારે છે – એટલે કે અંતરાત્માનો અવાજ – તેને અનુસરવાનો જ મારો ઉદ્દેશ છે. એ જ મારે જણાવવું હતું."

હવે કેસની સુનાવણી મુલતવી રાખવાપણું તો ન રહ્યું. પણ મૅજિસ્ટ્રેટ કે વકીલ આ પરિણામની આશા નહોતા રાખતા, તેથી સજાને સારુ કોર્ટે કેસ મુલતવી રાખ્યો. મેં વાઇસરૉયને બધી હકીકતનો તાર મોકલી દીધો હતો. પંડિત માલવીયજી વગેરેને પણ હકીકતના તાર મોકલી દીધા હતા. સજાને સારુ કોર્ટમાં જવાનો સમય આવ્યો તેના પહેલાં મારી ઉપર મૅજિસ્ટ્રેટનો હુકમ આવ્યો કે ગવર્નર સાહેબના હુકમથી કેસ પાછો ખેંચી લેવામાં આવ્યો છે, ને કલેક્ટરનો કાગળ મળ્યો કે મારે જે તપાસ કરવી હોય તે કરવી, ને તેમાં જે મદદ અમલદારો તરફથી જોઈએ તે માગવી. આવા તાત્કાલિક ને શુભ પરિણામની આશા અમે કોઈએ નહોતી રાખી.

હું કલેક્ટર મિ૰ હેકોકને મળ્યો. તે પોતે ભલો ને ઇન્સાફ કરવા તત્પર જણાયો. જે કાગળિયાં કે બીજું કંઈ જોવું હોય તે માગી લેવાનું, ને જ્યારે તેને મળવું હોય ત્યારે મળવાનું તેણે જણાવ્યું.

બીજી તરફથી આખા હિંદુસ્તાનને સત્યાગ્રહનો અથવા કાયદાના સવિનયભંગનો પહેલો સ્થાનિક પદાર્થપાઠ મળ્યો. છાપાંમાં વાત ખૂબ ચર્ચાઈ ને ચંપારણને તથા મારી તપાસને અણધારેલું જાહેરનામું મળ્યું.

ચંપારણના નીલવરો ખૂબ ખિજાયા હતા એ હું સમજતો હતો; અમલદારો પણ મનમાં રાજી ન હોય એ હું સમજતો હતો. છાપાંમાં સાચીખોટી ખબરો આવે તેથી તેઓ વધારે ચિડાય, ને તેની ખીજની અસર ગરીબડી, બીકણ રૈયત ઉપર ઊતર્યા વિના ન રહે. અને આમ થવાથી જે સત્ય હકીકત હું શોધવા માગતો હતો તેમાં વિઘ્ન આવે. નીલવરો તરફથી તો ઝેરી હિલચાલ શરૂ થઈ ગઈ. તેમની તરફથી છાપાંમાં મારે વિશે ને સાથીઓને વિશે ખૂબ જૂઠાણાં ફેલાયાં, પણ મારી અત્યંત સાવધાનીને લીધે તથા ઝીણામાં ઝીણી બાબતમાં પણ સત્યને વળગી રહેવાની ટેવને લીધે તેમનાં તીર ફોકટ ગયાં.

આવી નાજુક સ્થિતિમાં મેં લડતને રાજ્યપ્રકરણી સ્વરૂપ કદી પકડવા ન દીધું. જે બનતું હતું તેને વિશે પ્રસંગોપાત્ત રિપોર્ટ હું મુખ્ય પત્રોને મોકલ્યા કરતો હતો. રાજ્યપ્રકરણી કામ કરવાને સારુ પણ, જ્યાં રાજ્યપ્રકરણને અવકાશ ન હોય ત્યાં રાજ્યપ્રકરણનું સ્વરૂપ આપવાથી, બાવાનાં બંને બગડે છે, અને આમ વિષયનું સ્થાનાંતર ન કરવાથી બંને સુધરે છે, એમ મેં પુષ્કળ અનુભવે જોઈ લીધું હતું. શુદ્ધ લોકસેવામાં પ્રત્યક્ષ નહીં તો પરોક્ષ રીતે રાજ્યપ્રકરણ રહેલું જ છે, એ ચંપારણની લડત સિદ્ધ કરી રહી હતી.

ચંપારણની તપાસનો હેવાલ આપવો એટલે ચંપારણના ખેડૂતનો ઇતિહાસ આપવા જેવું છે. એવો હેવાલ આ પ્રકરણોમાં ન આપી શકાય. વળી ચંપારણની તપાસ એટલે અહિંસા

અને સત્યનો મોટો પ્રયોગ. તેની વધારે વિગતો તો વાંચનારને બાબુ રાજેન્દ્રપ્રસાદના આ લડતના (હિંદીમાં છપાયેલા) ઇતિહાસમાંથી જ મળી શકે.

ગોરખબાબુને ત્યાં રહીને આ તપાસ થાય તો ગોરખબાબુએ પોતાનું ઘર ખાલી કરવું પડે. મોતીહારીમાં ઝટ કોઈ પોતાનું મકાન ભાડે માગતાંયે આપે એવી નિર્ભયતા લોકોમાં આવી નહોતી. પણ ચતુર બ્રજકિશોરબાબુએ વિસ્તારવાળી જમીનવાળું એક મકાન ભાડે મેળવ્યું ને તેમાં અમે ગયા.

છેક દ્રવ્ય વિના અમે ચલાવી શકીએ એવી સ્થિતિ નહોતી. આજ લગીની પ્રથા પ્રજાવર્ગ પાસેથી જાહેર કામને સારુ ધન મેળવવાની નહોતી. બ્રજકિશોરબાબુનું મંડળ મુખ્યત્વે વકીલમંડળ હતું, એટલે તેઓ પ્રસંગ આવ્યે પોતાના ખીસામાંથી ખર્ચ કરી લેતા ને કંઈક મિત્રોની પાસેથી ઉઘરાવતા. પૈસેટકે સુખી એવા પોતે, લોકો પાસે દ્રવ્યભિક્ષા કેમ માગે? આ તેમની લાગણી હતી. ચંપારણની રૈયત પાસેથી એક કોડી પણ ન લેવી એવો મારો દૃઢ નિશ્ચય હતો. આ તપાસને અર્થે હિંદુસ્તાનમાં જાહેર ઉઘરાણું ન કરવું એ પણ નિશ્ચય હતો. એમ કરતાં આ તપાસ રાષ્ટ્રીય અને રાજ્યપ્રકરણી સ્વરૂપ પકડે. મુંબઈથી મિત્રોએ રૂ. 15,000ની મદદનો તાર મોકલ્યો. તેમની મદદનો સાભાર અસ્વીકાર કર્યો. બિહારના જ સુખી લોકો પાસેથી બ્રજકિશોરબાબુનું મંડળ મદદ મેળવી શકે તે લેવી ને મારે દાક્તર પ્રાણજીવનદાસ મહેતાની પાસેથી ખૂટતું દ્રવ્ય મેળવી લેવું એવો નિશ્ચય કર્યો. દાક્તર મહેતાએ જે જોઈએ તે મગાવી લેવાનું લખ્યું. એટલે દ્રવ્યને વિશે અમે નિશ્ચિંત થયા. ગરીબાઈથી ઓછામાં ઓછે ખર્ચે રહી લડત ચલાવવાની હતી, એટલે ઘણા દ્રવ્યની જરૂર પડે તેમ નહોતું. હકીકતમાં પડી પણ નહીં. બધું થઈને બે કે ત્રણ હજારથી વધારે ખર્ચ નહોતું થયું એવો મારો ખ્યાલ છે. જે એકઠું કર્યું હતું તેમાથી રૂપિયા 500 કે 1,000 બચેલા એવું મને સ્મરણ છે.

ગળીનો ડાઘ (3)

અમારી આરંભકાળની રહેણી વિચિત્ર હતી, ને મારે સારુ તે રોજનો વિનોદનો વિષય હતો. વકીલમંડળને દરેકની પાસે નોકર, રસોઇયા હોય, દરેકને સારુ નોખી રસોઈ બને. તેઓ રાતના બાર વાગ્યે પણ જમતા હોય. આ મહાશયો રહેતા તો પોતાને ખર્ચે, છતાં મારે સારુ આ રહેણી ઉપદ્રવરૂપ હતી. મારી ને મારા સાથીઓ વચ્ચે સ્નેહગાંઠ એવી મજબૂત બંધાઈ

હતી કે અમારી વચ્ચે ગેરસમજ થવા ન પામે. તેઓ મારાં શબ્દબાણ પ્રેમે ઝીલતા. છેવટે એમ ઠર્યું કે, નોકરોને રજા આપવી, સહુએ સાથે જમવું ને જમવાના નિયમ સાચવવા. બધા નિરામિષાહારી નહોતા, અને બે રસોડાં ચલાવતાં ખર્ચ વધે; તેથી નિરામિષ ભોજન જ રાંધી એક જ રસોડું ચલાવવાનો ઠરાવ થયો. ભોજન પણ સાદું રાખવાનો આગ્રહ હતો. આથી ખર્ચમાં ઘણો ફાયદો થયો, કામ કરવાની શક્તિ વધી અને વખત બચ્યો.

વધારે શક્તિની આવશ્યકતા બહુ હતી, કેમ કે ખેડૂતોનાં ટોળેટોળાં પોતાની કહાણી લખાવવા આવતાં થઈ ગયાં. કહાણી લખાવનારની પાછળ લશ્કર તો હોય જ. એટલે મકાનની વાડી ભરાઈ જાય. મને દર્શનાભિલાષીથી સુરક્ષિત રાખવાને સારુ સાથીઓ મહાન પ્રયત્નો કરે ને નિષ્ફળ જાય. અમુક વખતે દર્શન દેવાને સારુ મને બહાર કાઢ્યે જ છૂટકો થાય. કહાણી લખનારની સંખ્યા પણ પાંચસાતની હમેશાં રહે ત્યારે પણ દિવસને અંતે બધાની જુબાની પૂરી ન થાય. એટલા બધાની હકીકતની જરૂર ન જ હોય, છતાં તે લેવાથી લોકોને સંતોષ રહેતો હતો ને મને તેમની લાગણીની ખબર પડતી હતી.

કહાણી લખનારાએ કેટલાક નિયમોનું પાલન કરવાનું હતું. દરેક ખેડૂતની ઊલટતપાસ કરવી જોઈએ. ઊલટતપાસમાં જે તૂટી જાય તેની જુબાની ન લેવી. જેની વાત મૂળમાં જ પાયા વિનાની લાગે તે ન લેવી. આમ નિયમોના પાલનથી જોકે કંઈક વખત વધારે જતો હતો, છતાં જુબાનીઓ ઘણી સાચી, સિદ્ધ થઈ શકે એવી મળતી.

આ જુબાની લેતી વખતે છૂપી પોલીસના કોઈ અમલદાર હાજર હોય જ. આ અમલદારોને આવતા રોકી શકાતા હતા, પણ અમે મૂળથી જ નિશ્ચય કર્યો હતો કે આ અમલદારોને આવતા રોકવા નહીં એટલું જ નહીં, પરંતુ તેમની પ્રત્યે વિનયથી વર્તવું ને આપી શકાય તે ખબર આપવી. તેમના સાંભળતાં ને દેખતાં જ બધી જુબાની લેવાતી. આનો લાભ એ થયો કે લોકોમાં વધારે નિર્ભયતા આવી. છૂપી પોલીસથી લોકોને બહુ ડર રહેતો તે ગયો ને તેમના દેખતાં અપાય એ જુબાનીમાં અતિશયોક્તિનો ભય થોડો રહે. ખોટું બોલતાં અમલદારો તેમને ફસાવે એ બીકે તેમને સાવધાનીથી બોલવું પડતું.

મારે નીલવરોને ખીજવવા નહોતા પણ તેમને વિનયથી જીતવાનો પ્રયત્ન કરવો હતો, તેથી જેની સામે વિશેષ ફરિયાદ આવે તેને કાગળ લખતો ને તેને મળવાનો પણ પ્રયત્ન કરતો. નીલવરમંડળની પણ મુલાકાત લીધી હતી ને રૈયતની ફરિયાદો તેમની પાસે મૂકી તેમની હકીકત પણ સાંભળી લીધી હતી. તેમનામાંના કેટલાક મને તિરસ્કારતા, કેટલાક ઉદાસીન હતા ને કોઈ વિનય જણાવતા.

બ્રજકિશોરબાબુ અને રાજેન્દ્રબાબુ તો અદ્વિતીય જોડી હતા. તેમના વિના હું એક પણ

ડગલું આગળ ન જઈ શકું એવો પોતાના પ્રેમથી તેમણે મને અપંગ બનાવી મૂક્યો હતો. તેમના સાથી વકીલો લગભગ નિરંતર સાથે જ રહેતા. તેમનું મુખ્ય કામ લોકોની જુબાનીઓ લેવાનું હતું.

અધ્યાપક કૃપાલાનીથી આમાં જોડાયા વિના રહેવાય એમ જ નહોતું. જાતે સિંધી છતાં તે બિહારીના કરતાં પણ વધારે બિહારી હતા. એવા થોડા સેવકોને મેં જોયા છે જેમની શક્તિ જે પ્રાંતમાં જાય તેમાં પૂર્ણતાએ ભળી જવાની હોય ને પોતે જુદા પ્રાંતના છે એવું કોઈને જાણવા ન દે. એમાંના કૃપાલાની એક છે. તેમનો મુખ્ય ધંધો દ્વારપાળનો હતો. દર્શન કરનારાઓથી મને બચાવી લેવામાં તેમણે જિંદગીની સાર્થકતા આ સમયે માની લીધી હતી. કોઈને વિનોદથી મારી પાસે આવતા અટકાવે તો કોઈને અહિંસક ધમકીથી. રાત પડે ત્યારે અધ્યાપકનો ધંધો શરૂ કરે ને બધા સાથીઓને હસાવે, ને કોઈ બીકણ પહોંચી જાય તો તેને શૂર ચડાવે.

જેમ જેમ હું અનુભવ મેળવતો ગયો તેમ તેમ મને લાગ્યું કે, ચંપારણમાં બરોબર કામ કરવું હોય તો ગામડાંમાં કેળવણીનો પ્રવેશ થવો જોઈએ. લોકોનું અજ્ઞાન દયાજનક હતું. ગામડાંનાં છોકરાં રખડતાં હતાં. અથવા તેમને દિવસના બે કે ત્રણ પૈસા મળે તેટલા સારુ માબાપો આખો દહાડો ગળીનાં ખેતરોમાં મજૂરી કરાવતાં. આ સમયે પુરુષોની મજૂરી દસ પૈસા કરતાં વધારે નહોતી. સ્ત્રીઓની છ પૈસા અને બાળકોની ત્રણ. ચાર આનાની મજૂરી મળે તે ખેડૂત ભાગ્યશાળી ગણાય.

સાથીઓ સાથે વિચાર કરી છ ગામડાંમાં પ્રથમ તો બાળકોને સારુ નિશાળ ખોલવાનો ઠરાવ થયો. શરત એવી હતી કે, તે તે ગામડાના આગેવાનોએ મકાન અને શિક્ષકનું ખાવાનું આપવું, તેનું બીજું ખર્ચ અમારે પૂરું પાડવું. અહીંનાં ગામડાંમાં પૈસાની છોળ નહોતી, પણ અનાજ વગેરે પૂરું પાડવાની લોકોની શક્તિ હતી, એટલે લોકો કાચું અનાજ આપવા તૈયાર થઈ ગયા હતા.

શિક્ષકો ક્યાંથી લાવવા એ મહાપ્રશ્ન હતો. ટૂંકો પગાર લેનારા કે કંઈ ન લેનાર એવા સારા શિક્ષકો બિહારમાંથી મળવા મુશ્કેલ હતા. મારી કલ્પના એ હતી કે, સામાન્ય શિક્ષકના હાથમાં બાળકો ન જ મુકાય; શિક્ષકને અક્ષરજ્ઞાન ભલે ઓછું હોય, પણ તેનામાં ચારિત્રબળ જોઈએ.

આ કામને સારુ સ્વયંસેવકોની મેં જાહેર માગણી કરી. તેના જવાબમાં ગંગાધરરાવ દેશપાંડેએ બાબાસાહેબ સોમણ અને પુંડલીકને મોકલ્યા. મુંબઈથી અવંતિકાબાઈ ગોખલે આવ્યાં. દક્ષિણથી આનંદીબાઈ આવ્યાં. મેં છોટેલાલ, સુરેન્દ્રનાથ તથા મારા દીકરા દેવદાસને

બોલાવી લીધા. આ જ અરસામાં મહાદેવ દેસાઈ અને નરહરિ પરીખ મને મળી ગયા હતા. મહાદેવ દેસાઈનાં પત્ની દુર્ગાબહેન તથા નરહરિ પરીખનાં પત્ની મણિબહેન પણ આવ્યાં. કસ્તૂરબાઈને પણ મેં બોલાવી લીધી હતી. આટલો શિક્ષકો અને શિક્ષિકાઓનો સંઘ પૂરતો હતો. શ્રી અવંતિકાબાઈ અને આનંદીબાઈ તો ભણેલાં ગણાય, પણ મણિબહેન અને દુર્ગાબહેનને ગુજરાતીનું થોડુંક જ જ્ઞાન હતું. કસ્તૂરબાઈને તો નહીં જેવું જ. આ બહેનો હિંદી બાળકોને કઈ રીતે શીખવે?

દલીલો કરી બહેનોને સમજાવી કે, તેમણે છોકરાંને વ્યાકરણ નહીં પણ રીતભાત શીખવવાની છે, વાંચતાંલખતાં કરતાં તેમને સ્વચ્છતાના નિયમો શીખવવાના છે. હિંદી, ગુજરાતી, મરાઠી વચ્ચે મોટો ભેદ નથી એ પણ તેમને બતાવ્યું, ને પહેલા વર્ગમાં તો માંડ આંકડાઓ માંડતાં શીખવવાનું હોય એટલે મુશ્કેલી ન જ આવે. પરિણામ એ આવ્યું કે, બહેનોના વર્ગ બહુ સરસ રીતે ચાલ્યા. બહેનોને આત્મવિશ્વાસ આવ્યો ને તેમને પોતાના કામમાં રસ પણ આવ્યો. આ બહેનોની મારફતે ગામડાંના સ્ત્રીવર્ગમાં પણ પ્રવેશ થઈ શક્યો હતો.

પણ મારે શિક્ષણથી જ અટકવાનું નહોતું. ગામડાંની ગંદકીનો પાર નહોતો. શેરીઓમાં કચરો, કૂવાઓની પાસે કાદવ ને બદબો, આંગણાં જોયાં ન જાય. મોટેરાંને સ્વચ્છતાની કેળવણીની જરૂર હતી. ચંપારણના લોકો રોગોથી પીડાતા જોવામાં આવતા હતા. બની શકે એટલું સુધરાઈનું કામ થાય તો કરવું ને તેમ કરી લોકોના જીવનના દરેક વિભાગમાં પ્રવેશ કરવાની વૃત્તિ હતી.

ઘણે ભાગે દરેક નિશાળમાં એક પુરુષ અને એક સ્ત્રી એમ ગોઠવણ થઈ હતી. તેમની મારફતે જ દવાનાં ને સુધરાઈનાં કામો કરવાનાં હતાં. દવાનું કામ બહુ સહેલું કરી મૂક્યું હતું. એરંડિયું, ક્વિનીન અને એક મલમ એટલી જ વસ્તુઓ દરેક નિશાળમાં રાખવામાં આવતી હતી. જીભ તપાસતાં મેલી જોવામાં આવે અને બંધકોશની ફરિયાદ આવે તો એરંડિયું પાઈ દેવું. તાવની ફરિયાદ હોય તો એરંડિયું આપ્યા પછી ક્વિનીન પિવડાવવું, અને જો ગૂમડાં હોય તો તેમને ધોઈ તેમની ઉપર મલમ લગાડી દેવો. ખાવાની દવા કે મલમ સાથે લઈ જવાને ભાગ્યે જ આપવામાં આવતાં. આવી સાદી સગવડનો લાભ લોકો ઠીક પ્રમાણમાં લઈ જતા હતા. વ્યાપક રોગો થોડા જ છે અને તેમને સારુ મોટા વિશારદોની જરૂર નથી હોતી એ ધ્યાનમાં રખાય, તો ઉપર પ્રમાણે કરેલી યોજના કોઈને હાસ્યજનક નહીં લાગે. લોકોને તો ન જ લાગી.

સુધરાઈનું કામ કઠિન હતું. લોકો ગંદકી દૂર કરવા તૈયાર નહોતા. જેઓ ખેતરની મજૂરી

રોજ કરતા તેમની પણ પોતાને હાથે મેલાં સાફ કરવાની તૈયારી નહોતી. કેટલેક ઠેકાણે લોકોએ શરમને માર્યે કામ કરવાનું શરૂ કર્યું. આવા મીઠા અનુભવની સાથે જ લોકોની બેદરકારીના કડવા અનુભવો પણ ભળતા હતા.

આ અનુભવો દરમિયાન, એક અનુભવ જેનું વર્ણન મેં સ્ત્રીઓની ઘણી સભાઓમાં કર્યું છે તે અહીં કરવું અસ્થાને નથી. ભીતિહરવા એક નાનકડું ગામડું છે. તેની પાસે તેનાથી પણ નાનકડું ગામડું છે. ત્યાં કેટલીક બહેનોનાં કપડાં બહુ મેલાં જોવામાં આવ્યાં. આ બહેનોને કપડાં ધોવાબદલવાનું સમજાવવાનું મેં કસ્તૂરબાઈને સૂચવ્યું. તેણે બહેનોને વાત કરી. એમાંથી એક બહેન તેને પોતાની ઝૂંપડીમાં લઈ ગઈ ને બોલી : “તમે જુઓ, અહીં કંઈ પેટીકબાટ નથી કે જેમાં કપડાં હોય. મારી પાસે આ મેં પહેરી છે તે જ સાડી છે. તેને હું કઈ રીતે ધોઈ શકું? મહાત્માજીને કહો કે તે કપડાં અપાવે એટલે હું રોજ નાહવા ને રોજ કપડાં બદલવા તૈયાર થઈશ.” આવાં ઝૂંપડાં હિંદુસ્તાનમાં અપવાદરૂપે નથી. અસંખ્ય ઝૂંપડાંમાં રાચરચીલું, પેટીપટારા, લૂગડાંલત્તાં નથી હોતાં અને અસંખ્ય માણસો માત્ર પહેરેલાં કપડાં ઉપર પોતાનો નિર્વાહ કરે છે.

આમ નિશાળો, સુધરાઈ અને દવાનાં કામોથી લોકોમાં સ્વયંસેવકોને વિશે વિશ્વાસ અને આદર વધ્યાં, ને તેમની ઉપર સારી અસર બેઠી. પણ મારે દિલગીરીની સાથે જણાવવું જોઈએ કે આ કામ કાયમ કરવાની મારી મુરાદ બર ન આવી. સ્વયંસેવકો જે મળ્યા હતા તે અમુક મુદતને જ સારુ મળ્યા હતા. નવા બીજા મળવામાં મુશ્કેલી આવી અને બિહારમાંથી આ કામને સારુ યોગ્ય કાયમી સેવકો ન મળી શક્યા. મને પણ ચંપારણનું કામ પૂરું થયું તેવામાં બીજું કામ ઘસડી ગયું. આમ છતાં છ માસ લગી થયેલા કામે પણ એટલે લગી જડ ઘાલી કે એક નહીં તો બીજા સ્વરૂપમાં તેની અસર આજ લગી નભી રહી છે.

એક તરફથી સમાજસેવાનું કામ થઈ રહ્યું હતું, ને બીજી તરફથી લોકોનાં દુઃખની કહાણીઓ નોંધવાનું કામ વધતા પ્રમાણમાં ચાલી રહ્યું હતું. હજારો લોકોની કહાણીઓ લખાઈ તેની અસર થયા વિના કેમ રહે? મારે ઉતારે જેમ જેમ લોકોની આવજા વધતી ગઈ તેમ તેમ નીલવરોનો ક્રોધ વધતો ચાલ્યો. મારી તપાસને બંધ કરવાના તેમની તરફથી થતા પ્રયત્નો વધતા ગયા.

એક દિવસ મને બિહારની સરકારનો કાગળ મળ્યો. તેનો ભાવાર્થ આ હતો : “તમારી તપાસ ઠીક લાંબી ચાલી ગણાય, અને તમારે તે બંધ રાખી બિહાર છોડવું જોઈએ.” કાગળ વિનયી હતો પણ અર્થ સ્પષ્ટ હતો. મેં લખ્યું કે તપાસ તો લંબાશે, અને તે થયા પછી પણ લોકોનાં દુઃખનું નિવારણ ન થાય ત્યાં લગી મારો ઇરાદો બિહાર છોડવાનો નથી.

મારી તપાસ બંધ કરવાને સરકારની પાસે યોગ્ય ઇલાજ એક જ હતો કે, તેણે લોકોની ફરિયાદ સાચી માની દાદ દેવી, અથવા ફરિયાદને માન આપી પોતાની તપાસસમિતિ નીમવી. ગવર્નર સર એડવર્ડ ગેઇટે મને બોલાવ્યો, ને તપાસસમિતિ નીમવાનો પોતાનો ઇરાદો જણાવ્યો અને તેમાં સભ્ય થવાનું મને નિમંત્રણ આપ્યું. બીજાં નામો જોઈને મેં સાથીઓની સાથે મસલત કરીને એ શરતે સભ્ય થવાનું કબૂલ કર્યું કે, મને સાથીઓની સાથે મસલત કરવાની છૂટ હોવી જોઈએ; ને સરકારે સમજવું જોઈએ કે, હું સભ્ય થવાથી ખેડૂતોનો હિમાયતી નથી મટતો અને તપાસ થઈ રહ્યા બાદ મને સંતોષ ન થાય તો ખેડૂતોને દોરવાની મારી સ્વતંત્રતા હું જતી ન કરું.

સર એડવર્ડ ગેઇટે આ શરતોને વાજબી ગણીને તેનો સ્વીકાર કર્યો. તપાસસમિતિએ ખેડૂતોની બધી ફરિયાદો ખરી ઠરાવી, નીલવરોએ ગેરવાજબી રીતે લીધેલાં નાણાંનો અમુક ભાગ પાછો આપવાની ને તીનકઠિયાનો કાયદો રદ કરવાની ભલામણ કરી.

આ રિપોર્ટ સાંગોપાંગ થવામાં ને છેવટે કાયદો પસાર થવામાં સર એડવર્ડ ગેઇટનો બહુ મોટો ભાગ હતો. તે દૃઢ ન રહ્યા હોત, અથવા જો તેમણે પોતાની કુશળતાનો પૂરો ઉપયોગ ન કર્યો હોત, તો જે રિપોર્ટ એકમતે થઈ શક્યો તે ન થવા પામત અને જે કાયદો છેવટે પસાર થયો તે થવા ન પામત. નીલવરોની સત્તા બહુ પ્રબળ હતી. રિપોર્ટ થવા છતાં તેમનામાંના કેટલાકે બિલનો સખત વિરોધ કર્યો હતો. પણ સર એડવર્ડ ગેઇટ છેવટ સુધી મક્કમ રહ્યા ને સમિતિની ભલામણોનો સંપૂર્ણ અમલ કર્યો.

આમ સો વર્ષથી ચાલતો આવેલો તીનકઠિયાનો કાયદો તૂટ્યો ને તેની સાથે નીલવરરાજ્યનો અસ્ત થયો, રૈયતવર્ગ જે દબાયેલો જ રહેતો હતો તેને પોતાની શક્તિનું કંઈક ભાન થયું ને ગળીનો ડાઘ ધોયો ધોવાય જ નહીં એ વહેમ દૂર થયો.

ચંપારણમાં આરંભેલું રચનાત્મક કામ જારી રાખી લોકોમાં થોડાં વર્ષો સુધી કામ કરવાની અને વધારે નિશાળો કરવાની અને વધારે ગામડાંમાં પ્રવેશ કરવાની મારી ઇચ્છા હતી. ક્ષેત્ર તૈયાર હતું. પણ મારા મનસૂબા ઈશ્વરે ઘણી વાર પાર જ પડવા દીધા નથી. મેં ધાર્યું હતું કંઈક ને મને દૈવ બીજા જ કામમાં ઘસડી ગયું.



મજૂરોનો સંબંધ

હજુ ચંપારણમાં હું કમિટીનું કામ આટોપી રહ્યો હતો તેવામાં ખેડાથી મોહનલાલ પંડ્યાનો ને શંકરલાલ પરીખનો કાગળ ખેડા જિલ્લામાં નિષ્ફળ ગયેલા પાક અને મહેસૂલમાફી બાબત મળ્યો. ત્યાં જઈ લોકોને દોરવાનો તેમણે આગ્રહ કર્યો. સ્થાનિક તપાસ કર્યા વિના કંઈ સલાહ આપવાની મને નહોતી ઇચ્છા, નહોતી મારી શક્તિ કે હિંમત.

બીજી તરફથી શ્રી અનસૂયાબાઈનો કાગળ તેમના મજૂરસંઘ બાબત હતો. મજૂરોના પગાર ટૂંકા હતા. તેમની પગાર વધારવાની લાંબા કાળની માગણી હતી. આ બાબત તેમને દોરવાની મને હોંશ હતી. આ પ્રમાણમાં નાનું લાગતું કામ પણ હું દૂર બેઠો કરી શકું એવી મને આવડત નહોતી. તેથી પહેલી તકે હું અમદાવાદ પહોંચ્યો. મારા મનમાં એમ હતું કે, બંને કામની તપાસ કરી થોડા સમયમાં હું ચંપારણ પાછો પહોંચીશ ને ત્યાંના રચનાત્મક કામની દેખરેખ રાખીશ.

પણ અમદાવાદ પહોંચ્યા પછી એવાં કામો નીકળી પડ્યાં કે મારાથી ચંપારણ કેટલાક કાળ સુધી જઈ ન શકાયું, ને જે નિશાળો ચાલતી હતી તે એક પછી એક પડી ભાંગી. સાથીઓએ અને મેં કેટલાયે હવાઈ કિલ્લા બાંધ્યા હતા, પણ ઘડીભર તો તે તૂટી પડ્યા.

ચંપારણમાં ગ્રામનિશાળો અને ગ્રામસુધાર ઉપરાંત ગોરક્ષાનું કામ મેં હાથ કર્યું હતું. મારી જે કલ્પના આજે છે તે જ કલ્પના ગોરક્ષા વિશે ત્યારે ઘડાઈ ચૂકી હતી. ગોરક્ષા એટલે ગોવંશવૃદ્ધિ, ગોજાતિસુધાર, ગોશાળાને આદર્શ દુગ્ધાલય બનાવવી, વગેરે. પણ હું ચંપારણમાં સ્થિર ન થઈ શક્યો એટલે તે કામ અધૂરું જ રહ્યું.

અમદાવાદમાં ખેડાના કામ વિશે મસલત ચાલી રહી હતી તે દરમિયાન મજૂરોનું કામ મેં હાથ ધરી લીધું હતું. મારી સ્થિતિ અતિશય નાજુક હતી. મજૂરોનો કેસ મને મજબૂત જણાયો. શ્રી અનસૂયાબાઈને પોતાના સગા ભાઈની જોડે લડવાનું હતું. મજૂરો અને માલિકોની વચ્ચેના આ દારુણ યુદ્ધમાં શ્રી અંબાલાલ સારાભાઈએ મુખ્ય ભાગ લીધો હતો. મિલમાલિકો સાથે મારો સંબંધ મીઠો હતો. તેમની સાથે લડવું એ વિષમ કામ હતું. તેમની સાથે મસલતો કરી તેમને મજૂરોની માગણી વિશે પંચ નીમવા વીનવ્યા. પણ માલિકોએ પોતાની અને મજૂરોની વચ્ચે પંચની દરમિયાનગીરીની યોગ્યતાનો સ્વીકાર ન કર્યો.

મજૂરોને મેં હડતાળ પાડવાની સલાહ આપી. આ સલાહ આપતાં પહેલાં મજૂરોના અને મજૂર આગેવાનોના પ્રસંગમાં સારી રીતે આવ્યો. તેમને હડતાળની શરતો સમજાવી :

1. શાંતિનો ભંગ ન જ કરવો.

2. જે કામે ચડવા માગે તેના ઉપર બળાત્કાર ન કરવો.

3. મજૂરોએ ભિક્ષાન્ન ન ખાવું.

4. હડતાળ ગમે તેટલી લંબાય તોયે તેમણે દૃઢ રહેવું, ને પોતાનો પૈસો ખૂટે તો બીજી મજૂરી મેળવી ખાવાજોગું કમાવું.

આ શરતો આગેવાનો સમજ્યા ને તેમણે કબૂલ રાખી. મજૂરોની જાહેર સભા થઈ ને તેમાં તેમણે ઠરાવ કર્યો કે, પોતાની માગણીનો સ્વીકાર ન થાય, અથવા તેની યોગ્યતાઅયોગ્યતાની તપાસ કરવા પંચ ન નિમાય, ત્યાં લગી તેમણે કામ ઉપર ન જવું.

હડતાળિયાઓની સભા રોજ નદીકિનારે એક ઝાડની છાયા નીચે ભરાવા લાગી. તેમાં તેઓ સેંકડોની સંખ્યામાં રોજ હાજરી પૂરતા હતા. પ્રતિજ્ઞાનું હું તેમને રોજ સ્મરણ કરાવતો; શાંતિ જાળવવાની, સ્વમાન સંઘરવાની આવશ્યકતા સમજાવતો હતો. તેઓ પોતાનો 'એક ટેક'નો વાવટો લઈ રોજ શહેરમાં ફરતા ને સરઘસરૂપે સભામાં હાજર થતા.

આ હડતાળ એકવીસ દિવસ ચાલી. તે દરમિયાન વખતોવખત માલિકોની જોડે હું મસલત કરતો, ઇન્સાફ કરવા વીનવતો. "અમારે પણ ટેક હોય ના? અમારી ને અમારા મજૂરોની વચ્ચે બાપદીકરાનો સંબંધ હોય. તેની વચ્ચે કોઈ આવે તે અમે કેમ સહન કરીએ? તેની વચ્ચે પંચ કેવા?" આ જવાબ મને મળતો.

ચંપારણમાં રહેતો છતો આશ્રમને હું વીસરી શકતો નહોતો. કોઈ કોઈ વાર ત્યાં આવી પણ જતો. કોચરબ અમદાવાદની પાસેનું નાનકડું ગામડું છે. અને આશ્રમનું સ્થાન એ ગામમાં હતું. કોચરબમાં મરકીએ દેખાવ દીધો. બાળકોને હું તે વસ્તીની મધ્યે સુરક્ષિત નહોતો રાખી શકતો. સ્વચ્છતાના નિયમો ગમે તેટલી સાવધાનીથી પાળતાં છતાં, આસપાસની અસ્વચ્છતાથી આશ્રમને અલિપ્ત રાખવું અસંભવિત હતું. કોચરબના લોકોની પાસે સ્વચ્છતાના નિયમોનું પાલન કરાવવાની અથવા તેમની આવે સમયે સેવા કરવાની અમારી શક્તિ નહોતી. અમારો આદર્શ તો એ હતો કે, આશ્રમ શહેર અથવા ગામથી અલગ રાખવું, છતાં એટલું દૂર નહીં કે ત્યાં પહોંચતાં બહુ મુશ્કેલી પડે. કોઈક દિવસ તો આશ્રમને પોતાની જમીન પર ને ખુલ્લી જગ્યામાં સ્થિર થવાનું હતું જ.

મરકીને મેં કોચરબ છોડવાની નોટિસરૂપે ગણી. શ્રી પૂંજાભાઈ હીરાચંદ આશ્રમની ઝીણીમોટી સેવા શુદ્ધ, નિરભિમાન ભાવે કરતા. હાલ જ્યાં આશ્રમ છે તે જમીન તેઓ શોધી લાવ્યા. તે જેલની નજદીક છે એ મારે સારુ ખાસ પ્રલોભન હતું. સત્યાગ્રહઆશ્રમવાસીને કપાળે જેલ તો લખી જ હોય, એવી માન્યતા હોવાથી જેલનો પડોશ ગમ્યો.

આઠેક દિવસમાં જ જમીનનો સોદો કર્યો. જમીન ઉપર એકે મકાન નહોતું; એક પણ

ઝાડ નહોતું. નદીનો કિનારો અને એકાંત તેને સારુ મોટી ભલામણ હતી. અમે તંબૂમાં રહેવાનો નિશ્ચય કર્યો. રસોડાને સારુ પતરાનું એક કામચલાઉ છાપરું બાંધવાનું ને ધીમે ધીમે સ્થાયી મકાન બાંધવાનો આરંભ કરવાનું ધાર્યું. આ વખતે આશ્રમની વસ્તી વધી હતી. આશરે ચાળીસ નાનાંમોટાં સ્ત્રીપુરુષો હતાં. બધાં એક જ રસોડે જમતાં હતાં એટલી સગવડ હતી. સ્થાયી મકાન બન્યા પહેલાંની અગવડોનો પાર નહોતો. વરસાદની મોસમ માથે હતી. સામાન બધો ચાર માઈલ દૂરથી શહેરમાંથી લાવવાનો હતો. આ અવાવરુ જમીનમાં સર્પાદિ તો હતા જ. તેવામાં બાળકોને સાચવવાનું જોખમ જેવુંતેવું નહોતું. રિવાજ સર્પાદિને ન મારવાનો હતો, પણ તેના ભયથી મુક્ત તો અમારામાંથી કોઈ જ નહોતાં.

હિંસક જીવોને ન મારવાના નિયમનું યથાશક્તિ પાલન ફિનિક્સ, ટૉલ્સ્ટૉય ફાર્મ અને સાબરમતી ત્રણે જગ્યાએ કર્યું છે. ત્રણે જગ્યાએ અવાવરુ જમીનમાં વસવાટ કરવો પડ્યો છે. ત્રણે જગ્યાએ સર્પાદિનો ઉપદ્રવ સારો ગણાય. એમ છતાં હજુ લગી એક પણ જાન ખોવી નથી પડી, તેમાં મારા જેવા શ્રદ્ધાળુ તો ઈશ્વરની કૃપા જ જુએ છે.

જ્યારે મજૂરોની હડતાળ પડી ત્યારે આશ્રમનો પાયો ચણાઈ રહ્યો હતો. આશ્રમની પ્રધાન પ્રવૃત્તિ વણાટકામ હતું. કાંતવાની તો હજી શોધ જ નહોતી કરી શક્યા. તેથી વણાટશાળા પહેલી બાંધવી એવો નિશ્ચય હતો. એટલે તેનો પાયો ચણાઈ રહ્યો હતો.

મજૂરોએ પહેલાં બે અઠવાડિયાં ખૂબ હિંમત બતાવી; શાંતિ પણ ખૂબ જાળવી; રોજની સભામાં ખૂબ સંખ્યામાં હાજરી આપી. રોજ પ્રતિજ્ઞાનું સ્મરણ તેમને હું કરાવતો. "અમે મરશું, પણ અમારી એક ટેક કદી નહીં છોડીએ," એમ રોજ તેઓ પોકારી પોકારીને કહેતા.

પણ છેવટે તેઓ મોળા પડતા લાગ્યા, ને નબળો આદમી જેમ હિંસક હોય છે તેમ નબળા પડ્યા તે જેઓ મિલમાં જતા તેમનો દ્વેષ કરવા લાગ્યા, ને કદાચ કોઈની ઉપર બળાત્કાર વાપરશે એવી મને બીક લાગી. રોજની સભામાં માણસોની હાજરી મોળી પડી. આવ્યા તેમના ચહેરા ઉપર ઉદાસીનતા છવાઈ હતી. મને ખબર મળી કે મજૂરો ડગવા લાગ્યા છે. હું મૂંઝાયો. આવે સમયે મારો ધર્મ શો છે એ વિચારવા લાગ્યો. દક્ષિણ આફ્રિકાની મજૂરોની હડતાળનો મને અનુભવ હતો, પણ આ અનુભવ નવો હતો. જે પ્રતિજ્ઞા કરવામાં મારી પ્રેરણા હતી, જેનો હું રોજ સાક્ષી બનતો, એ પ્રતિજ્ઞા કેમ તૂટે?

સવારનો પહોર હતો. હું સભામાં હતો. મને કંઈ ખબર નહોતી કે મારે શું કરવું છે. પણ સભામાં જ મારાથી કહેવાઈ ગયું, "જો મજૂરો પાછા સજ્જ ન થાય ને નિકાલ ન થાય ત્યાં લગી હડતાળ નિભાવી ન શકે તો અને ત્યાં લગી મારે ઉપવાસ કરવો છે."

હાજર રહેલા મજૂરો હેબતાઈ ગયા, અનસૂયાબહેનની આંખમાંથી આંસુની ધારા ચાલી.

મજૂરો બોલી ઊઠ્યા, "તમે નહીં, અમે ઉપવાસ કરીશું, પણ તમારાથી ઉપવાસ થાય નહીં. અમને માફ કરો, અમારી ટેક પાળશું."

મેં કહ્યું, "તમારે ઉપવાસ કરવાની જરૂર નથી. તમે તમારી પ્રતિજ્ઞાનું પાલન કરો એટલે બસ છે. આપણી પાસે પૈસા નથી. આપણે મજૂરોને ભિક્ષાન્ન ખવડાવી હડતાળ નથી ચલાવવી. તમે કંઈક મજૂરી કરો ને તમારી રોજની રોટી જેટલા પૈસા મેળવો એટલે હડતાળ ગમે તેટલી ચાલે તોપણ તમે નિશ્ચિંત રહી શકો. મારો ઉપવાસ હવે નિકાલ પહેલાં ન છૂટે."

આશ્રમની વણાટશાળામાં રેતીની પૂરણી પૂરવાની હતી, તેમાં ઘણા મજૂરોને કામ સોંપવું એમ મગનલાલે સૂચવ્યું. મજૂરો તેમ કરવા તૈયાર થયા. અનસૂયાબહેને પહેલ કરી, ને નદીમાંથી રેતીના ટોપલા સારતા મજૂરોની હાર જામી. આ દૃશ્ય જોવા જેવું હતું. મજૂરોમાં નવું જોર આવ્યું. તેમને પૈસા ચૂકવનારા ચૂકવતાં થાક્યા.

આ ઉપવાસમાં એક દોષ હતો. માલિકોની સાથે મને મીઠો સંબંધ હતો. માલિકોને તો મારાથી માત્ર વીનવાય, તેમની સામે ઉપવાસ કરવો ત્રાગામાં ખપે. છતાં મારા ઉપવાસની તેમના ઉપર અસર પડ્યા વિના ન જ રહે એમ હું જાણતો હતો. પડી પણ ખરી. માલિકોને મેં સમજાવ્યા, "મારા ઉપવાસથી તમારે તમારો માર્ગ છોડવાની જરાયે જરૂર નથી." તેમણે મને કડવાંમીઠાં મહેણાં પણ માર્યાં. તેમ કરવાનો તેમને અધિકાર હતો.

મારા પહેલા ઉપવાસમાં તો અનસૂયાબહેન, બીજા ઘણા મિત્રો ને મજૂરો સાથી થયા. તેમને વધારે ઉપવાસ ન કરવા હું મુશ્કેલીથી સમજાવી શક્યો. આમ ચોમેર વાતાવરણ પ્રેમમય બની ગયું. માલિકો કેવળ દયાને વશ થઈ સમાધાની કરવાના રસ્તા શોધવા લાગ્યા. શ્રી આનંદશંકર ધ્રુવ છેવટે પંચ નિમાયા અને હડતાળ છૂટી. મારે ત્રણ જ ઉપવાસ કરવા પડ્યા. માલિકોએ મજૂરોને મીઠાઈ વહેંચી. એકવીસ દિવસે સમાધાની થઈ.

●

ખેડામાં સત્યાગ્રહ

મજૂરોની હડતાળ પૂરી થયા પછી મને દમ લેવાનો વખત પણ ન રહ્યો ને મારે ખેડા જિલ્લાના સત્યાગ્રહનું કામ હાથ ધરવું પડ્યું. ખેડા જિલ્લામાં દુષ્કાળ જેવી સ્થિતિ હોવાથી

મહેસૂલ માફ કરાવવાને સારુ ખેડાના પાટીદાર મથી રહ્યા હતા. સરકાર પાસે ડેપ્યુટેશનો ગયાં હતાં.

આ વખતે હું ગુજરાત સભાનો પ્રમુખ હતો. સભાએ કમિશનર ને ગવર્નરને અરજીઓ કરી, તારો કર્યા, અપમાનો સહન કર્યાં. તેમની ધમકીઓ સભા પી ગઈ. અમલદારોની એ વેળાની છેક હલકી વર્તણૂક આ વખતે તો અસંભવિત જેવી લાગે છે.

લોકોની માગણી એવી સાફ ને એવી હળવી હતી કે એને સારુ લડત લડવાપણું હોય જ નહીં. જો પાક ચાર જ આની કે તેથી ઓછો હોય તો તે વર્ષને સારુ મહેસૂલ માફ થવું જોઈએ એવી જાતનો ધારો હતો. પણ સરકારના અમલદારોની આંકણી ચાર આની કરતાં વધારે હતી. લોકો તરફથી પુરવાર કરવામાં આવતું હતું કે આંકણી ચાર આનીથી નીચે હોવી જોઈએ. સરકાર માને જ શાને? લોકો તરફથી પંચ નીમવાની માગણી થઈ. સરકારને તે અસહ્ય લાગી. જેટલી વીનવણી થઈ શકે તેટલી કર્યા બાદ ને સાથીઓની સાથે મસલત કર્યા બાદ સત્યાગ્રહ કરવાની મેં સલાહ આપી.

છેવટે નીચે પ્રમાણેની પ્રતિજ્ઞામાં દસ્કત લેવાયા : "અમારા ગામનો પાક ચાર આનીથી ઓછો થયો છે, એમ અમે જાણીએ છીએ. તેટલા કારણસર મહેસૂલ વસૂલ કરવાનું આવતા વર્ષ સુધી મુલતવી રાખવાની અમે સરકારને અરજ કરી, છતાં બંધ કરવામાં આવ્યું નથી. તેથી અમે નીચે સહી કરનાર પ્રતિજ્ઞા કરીએ છીએ કે, અમે સરકારની મહેસૂલ આ વર્ષની પૂરી કે જે બાકી રહી હોય તે નહીં ભરીએ; પણ તે વસૂલ કરવા સરકારને જે કાયદેસર પગલાં ભરવાં હશે તે ભરવા દઈશું અને તેથી થતાં દુઃખ સહન કરીશું. અમારી જમીન ખાલસા થશે તોપણ અમે થવા દઈશું. પણ અમારે હાથે પૈસા ભરીને જૂઠા ઠરી સ્વમાન નહીં ગુમાવીએ. જો સરકાર બીજો હપતો બાકી રહેલી બધી જગ્યાએ મુલતવી રાખે તો અમારામાં જે શક્તિમાન હોઈશું તે પૂરી અગર બાકી રહેલી મહેસૂલ ભરવા તૈયાર છીએ. અમારામાંના જે શક્તિમાન છે તેઓને મહેસૂલ ન ભરવાનું કારણ એ છે કે, જો શક્તિમાન ભરે તો અશક્તિમાન ગભરાટમાં પોતાની ગમે તે ચીજ વેચીને કે કરજ કરીને મહેસૂલ ભરે અને દુઃખ ભોગવે. એવી હાલતમાંથી ગરીબોનો બચાવ કરવો એ શક્તિમાનની ફરજ છે એવી અમારી માન્યતા છે."

ખેડાની લડત છાપે ચડી ચૂકી હતી. ગુજરાતીઓને આ નવી વસ્તુમાં રસ સારી પેઠે આવતો હતો. તેઓ ધન લૂંટાવવા તૈયાર હતા. સત્યાગ્રહની લડત ધનથી નથી ચાલી શકતી, તેને ધનની ઓછામાં ઓછી આવશ્યકતા રહે છે, એ વાત તેમને ઝટ સમજવામાં નહોતી

આવતી. રોકતાં છતાં પણ મુંબઈના શેઠિયાઓએ જોઈએ તેના કરતાં વધારે પૈસા આપ્યા હતા ને લડતને અંતે તેમાંથી કંઈક રકમ બચી હતી.

પાટીદારોને સારુ પણ આ જાતની લડત નવી હતી. ગામેગામ ફરીને તેનું રહસ્ય સમજાવવું પડતું. અમલદારો પ્રજાના શેઠ નથી પણ નોકર છે, પ્રજાના પૈસામાંથી તેઓ પગાર ખાનારા છે, એ સમજાવી તેમનો ભય દૂર કરવાનું કામ મુખ્ય હતું. અને નિર્ભય થતાં છતાં વિનય જાળવવાનું બતાવવું ને ગળે ઉતારવું લગભગ અશક્ય જેવું લાગતું હતું. અનુભવે જોઉં છું કે, વિનય સત્યાગ્રહનો કઠિનમાં કઠિન અંશ છે. વિનય એટલે માનપૂર્વક વચનઉચ્ચારણ એટલો જ અર્થ અહીં નથી. વિનય એટલે વિરોધી પ્રત્યે પણ મનમાં આદર, સરળ ભાવ, તેના હિતની ઇચ્છા ને તે પ્રમાણે વર્તન.

પ્રથમના દિવસોમાં લોકોની હિંમત ખૂબ જોવામાં આવતી હતી. પ્રથમના દિવસોમાં સરકારી પગલાં પણ મોળાં હતાં. પણ જેમ લોકોની દૃઢતા વધતી જણાઈ તેમ સરકારને વધારે ઉગ્ર પગલાં ભરવાનું મન થયું. જપ્તીદારોએ લોકોનાં ઢોર વેચ્યાં. ઘરમાંથી ગમે તે માલ ઘસડી ગયા. કોઈ ગામનો આખો પાક જપ્ત થયો. લોકોમાં ગભરાટ છૂટ્યો. કેટલાકે મહેસૂલ ભર્યું, કેટલાક મરણિયા પણ નીકળ્યા.

ડરી ગયેલાઓને પ્રોત્સાહન દેવા સારુ, એક અયોગ્ય રીતે જપ્ત થયેલા ખેતરનો તૈયાર થયેલો ડુંગળીનો પાક હતો, તે મોહનલાલ પંડ્યાની આગેવાની નીચે ઉતારવાની મેં સલાહ આપી. જરા જેટલી મહેસૂલને સારુ આખા ઊભા પાકની જપ્તી એ કાયદેસર હોય છતાં, નીતિ વિરુદ્ધ છે ને ચોખ્ખી લૂંટ છે ને તેવી રીતે થયેલી જપ્તીનો અનાદર કરવાનો ધર્મ છે, એમ મેં સૂચવ્યું. મોહનલાલ પંડ્યાને તો એ જ જોઈતું હતું. કોઈના જેલ ગયા વિના ખેડાની લડત પૂરી થાય એ તેમને ન ગમતી વાત હતી. તેમણે આ ખેતરની ડુંગળી ઉતારવાનું બીડું ઝડપ્યું. તેમને સાતઆઠ જણે સાથ આપ્યો.

સરકાર તેમને પકડ્યા વિના કેમ રહે? મોહનલાલ પંડ્યા ને તેમના સાથીઓ પકડાયા એટલે લોકોનો ઉત્સાહ વધ્યો. જ્યાં લોકો જેલ ઇત્યાદિને વિશે નિર્ભય બને છે ત્યાં રાજદંડ લોકોને દબાવવાને બદલે તેમને શૌર્ય આપે છે. કચેરીમાં લોકોનાં ટોળાં કેસ જોવા ઊભરાયાં. પંડ્યાને અને તેમના સાથીઓને ટૂંકી જેલ થઈ. જેલીઓને વળાવવા સરઘસ ગયું, ને તે દિવસથી મોહનલાલ પંડ્યા 'ડુંગળીચોર'નો માનીતો ઇલકાબ લોકો પાસેથી પામ્યા તે આજ લગી તેઓ ભોગવે છે.

લોકો થાક્યા હતા એ સ્પષ્ટ હતું. મક્કમ રહેલાને છેવટ લગી ખુવાર થવા દેવામાં સંકોચ થતો હતો. સત્યાગ્રહીને યોગ્ય લાગે એવો કોઈ અંતનો શોભાયમાન માર્ગ મળે તો

તે લેવા તરફ મારું વલણ હતું. એવો ઉપાય અણધાર્યો આવી પડ્યો. નડિયાદ તાલુકાના મામલતદારે કહેણ મોકલ્યું કે, જો સ્થિતિવાળા પાટીદારો મહેસૂલ ભરી આપે તો ગરીબનું મહેસૂલ મુલતવી રહે. આ બાબત મેં લેખિતવાર કબૂલાત માગી તે મળી. મામલતદાર પોતાના તાલુકાને સારુ જ જવાબદારી લઈ શકે, આખા જિલ્લાની જવાબદારી કલેક્ટર જ લઈ શકે, તેથી મેં કલેક્ટરને પૂછ્યું. તેમનો ઉત્તર ફરી વળ્યો કે મામલતદારે કહ્યું એવો હુકમ તો નીકળી જ ચૂક્યો છે. તો લોકોની પ્રતિજ્ઞાનું પાલન થયું ગણાય.

આમ છતાં એ અંતથી અમે કોઈ રાજી ન થઈ શક્યા. સત્યાગ્રહનો શુદ્ધ અંત એ ગણાય કે, જ્યારે આરંભ કરતાં અંતમાં પ્રજામાં વધારે તેજ ને શક્તિ જોવામાં આવે. આ હું ન જોઈ શક્યો.

એમ છતાં ખેડાની લડતથી ગુજરાતના ખેડૂતવર્ગની જાગૃતિનો, તેની રાજ્યપ્રકરણી કેળવણીનો આરંભ થયો. ખેડૂતજીવનમાં શિક્ષિત વર્ગનો, સ્વયંસેવકોનો ખરો પ્રવેશ તો આ લડતથી જ થયો એમ કહી શકાય. ગુજરાતના પ્રજાજીવનમાં નવું તેજ આવ્યું, નવો ઉત્સાહ રેડાયો. પાટીદારને પોતાની શક્તિનું જ્ઞાન થયું તે કદી ન ભુલાયું. સહુ સમજ્યા કે પ્રજાની મુક્તિનો આધાર પોતાની ઉપર છે, ત્યાગશક્તિ ઉપર છે.

ખેડાનું પ્રકરણ ચાલતું હતું તે વખતે યુરોપનું મહાયુદ્ધ પણ ચાલતું જ હતું. તેને અંગે વાઇસરૉયે દિલ્હીમાં આગેવાનોને નોતર્યા હતા. તેમાં હાજર રહેવાનો મને આગ્રહ કર્યો હતો. મેં આમંત્રણ કબૂલ રાખ્યું ને હું દિલ્હી ગયો. વાઇસરૉયની તીવ્ર ઇચ્છા હતી કે મારે સિપાહીની મદદના ઠરાવને ટેકો આપવો. હું જે બોલ્યો તે આટલું જ હતું : "મને મારી જવાબદારીનું પૂરતું ભાન છે, ને તે જવાબદારી સમજતો છતો હું આ ઠરાવને ટેકો આપું છું."

મારી જવાબદારી રંગરૂટની ભરતી કરવાની હતી. હું આ યાચના ખેડામાં નહીં તો ક્યાં કરું? મારા સાથીઓને પ્રથમ ન નોતરું તો કોને નોતરું? ખેડા પહોંચતાં જ વલ્લભભાઈ ઇત્યાદિની સાથે મસલત કરી. તેમનામાંના કેટલાકને તુરત ઘૂંટડો ન ઊતર્યો. જેમને વાત ગમી તેમને કાર્યની સફળતા વિશે શંકા આવી. જે વર્ગમાંથી ભરતી કરવી હતી તે વર્ગને સરકાર પ્રત્યે કશું વહાલ નહોતું. સરકારના અમલદારોનો થયેલો કડવો અનુભવ હજુ તાજો જ હતો.

છતાં કાર્યારંભ કરવાની તરફેણમાં બધા થયા. આરંભ કર્યો કે તુરત મારી આંખ ઊઘડી. ખેડાની લડતમાં લોકો પોતાની ગાડી મફત આપતા, એક સ્વયંસેવકની હાજરીની જરૂર હોય ત્યાં ત્રણચાર મળી રહે. હવે ગાડી પૈસા આપતાં પણ દોહ્યલી થઈ પડી. પણ એમ અમે કોઈ નિરાશ થઈએ તેવા નહોતા. ગાડીને બદલે પગપાળા મુસાફરી કરવાનું ઠરાવ્યું. રોજ વીસ માઈલની મજલ કરવાની હતી. ગાડી ન મળે તો ખાવાનું ક્યાંથી જ મળે? માગવું એ

પણ બરોબર નહીં. તેથી પ્રત્યેક સ્વયંસેવક પોતાના ખાવા પૂરતું પોતાના દફતરમાં લઈને નીકળે એમ નક્કી કર્યું.

જે જે ગામ જતા ત્યાં સભા ભરતા. લોકો આવતા, પણ ભરતીમાં નામ તો માંડ એકબે મળે. "તમે અહિંસાવાદી કેમ અમને હથિયાર લેવાનું કહો છો?" "સરકારે હિંદનું શું ભલું કર્યું છે કે તમે તેને મદદ દેવાનું કહો છો?" આવા અનેક જાતના પ્રશ્નો મારી આગળ મુકાતા. આમ છતાં ધીમે ધીમે અમારા સતત કાર્યની અસર લોકો ઉપર થવા લાગી હતી. નામો પ્રમાણમાં ઠીક નોંધાવા લાગ્યાં.

રંગરૂટની ભરતી કરતાં મારું શરીર ઠીક ઘસાયું. સખત મરડો ઊપડી આવ્યો. જે શરીરને હું આજ લગી પથ્થર જેવું માનતો તે ગારા જેવું થઈ ગયું. શક્તિ હણાઈ ગઈ. ઘણા પરિશ્રમને લીધે તાવ આવ્યો અને બેશુદ્ધિ પણ આવી. હું પીડાઈ રહ્યો હતો તેટલામાં વલ્લભભાઈ ખબર લાવ્યા કે, જર્મનીની પૂરી હાર થઈ છે અને રંગરૂટની ભરતી કરવાની કશી આવશ્યકતા નથી એમ કમિશનરે કહેવડાવ્યું છે. એટલે ભરતીની ચિંતામાંથી હું મુક્ત થયો.

મારી આ બહુ લંબાયેલી ને જીવનમાં પહેલી આટલી મોટી માંદગીમાં એક રાત્રે તો મેં તદ્દન હાથ ધોઈ નાખ્યા. બની શકે તેટલો સમય સાથીઓની પાસે ગીતાપાઠ સાંભળવામાં ગાળવા લાગ્યો. કંઈ કામકાજ કરવાની શક્તિ તો નહોતી જ. વાચન કરવા જેટલી પણ શક્તિ તો નહોતી. કોઈની સાથે થોડી વાત કરું તો મગજ થાકી જાય. તેથી જીવવામાં કશો રસ નહોતો. જીવવાને ખાતર જીવવું મને કદી પસંદ નથી પડ્યું. કંઈ કામકાજ કર્યા વિના સાથીઓની સેવા લઈને ક્ષીણ થતા જતા દેહને લંબાવ્યા જ કરવો એ મહા કંટાળાભર્યું લાગતું હતું.

આમ મરવાની રાહ જોઈ બેઠો હતો તેટલામાં દાક્તર દલાલ આવ્યા. તે બોલ્યા : "તમે દૂધ ન લો ત્યાં લગી તમારું શરીર હું વાળી નહીં શકું. તે વાળવાને સારુ તમારે દૂધ લેવું જોઈએ. આટલું કરો તો તમારું શરીર બરોબર ફરી બાંધવાની હું 'ગૅરંટી' આપું."

"દૂધ ન લઉં," એમ મેં જવાબ વાળ્યો.

"તમારી દૂધની પ્રતિજ્ઞા શી છે?" દાક્તરે પૂછ્યું.

"ગાયભેંસ ઉપર ફુક્કાની ક્રિયા થાય છે એ જાણ્યા પછી દૂધની ઉપર મને તિરસ્કાર થયો, ને તે મનુષ્યનો ખોરાક નથી એમ તો હું સદાય માનતો, એટલે મેં દૂધનો ત્યાગ કર્યો."

"ત્યારે તો બકરીનું દૂધ લેવાય," એમ કસ્તૂરબાઈ, જે ખાટલાની પાસે જ ઊભી હતી તે બોલી ઊઠી.

"બકરીનું દૂધ લો એટલે મારું કામ પત્યું," દાક્તર વચ્ચે બોલ્યા.

હું પડ્યો. સત્યાગ્રહની લડાઈના મોહે મારામાં જીવવાનો લોભ પેદા કર્યો, ને મેં પ્રતિજ્ઞાના અક્ષરના પાલનથી સંતોષ માની તેના આત્માને હણ્યો. દૂધની પ્રતિજ્ઞા વખતે જોકે મારી સામે ગાયભેંસ જ હતાં, છતાં મારી પ્રતિજ્ઞા દૂધમાત્રની ગણાવી જોઈએ; અને જ્યાં લગી હું પશુના દૂધમાત્રને મનુષ્યના ખોરાક તરીકે નિષિદ્ધ માનું, ત્યાં લગી મને તે લેવાનો અધિકાર નથી, એમ હું જાણતો છતો બકરીનું દૂધ લેવા તૈયાર થયો. સત્યના પૂજારીએ સત્યાગ્રહની લડાઈને સારુ જીવવાની ઇચ્છા રાખીને પોતાના સત્યને ઝાંખપ લગાડી.

મારા આ કાર્યનો ડંખ હજુ રુઝાયો નથી, અને બકરીનું દૂધ છોડવાને સારુ મારું ચિંતવન તો ચાલુ જ છે. બકરીનું દૂધ પીતાં રોજ દુ:ખ અનુભવું છું. પણ સેવા કરવાનો મહાસૂક્ષ્મ મોહ મારી પૂંઠે લાગેલો મને છોડતો નથી.

●

એ અદ્‌ભુત દૃશ્ય

બકરીનું દૂધ શરૂ કર્યા પછી પથારીમાંથી ઊઠવાની કંઈક આશા બાંધી રહ્યો હતો ને છાપાં વગેરે વાંચતો થયો હતો, તેવામાં રૉલેટ કમિટીનો રિપોર્ટ મારા હાથમાં આવ્યો. તેની ભલામણો જોઈ હું ચમક્યો. વલ્લભભાઈને મેં વાત કરી ને સૂચવ્યું. “જો થોડા માણસો પણ આ બાબતમાં પ્રતિજ્ઞા લેનારા મળી આવે તો, ને કમિટીની ભલામણ પ્રમાણે કાયદો થાય તો, આપણે સત્યાગ્રહ આદરવો જોઈએ.” તેવો કાયદો કોઈ પણ સ્વમાન જાળવનારી પ્રજા કબૂલ ન કરી શકે એ મને સ્પષ્ટ લાગ્યું.

પછી સભા ભરાઈ. પ્રતિજ્ઞાપત્ર ઘડાયું. પ્રતિજ્ઞામાં ખૂબ સહીઓ થવા માંડી ને પત્રિકાઓ નીકળી તથા ઠેકાણે ઠેકાણે સભાઓ થઈ. રૉલેટ કમિટીના રિપોર્ટ સામે એક તરફથી આંદોલન વધતું ચાલ્યું, બીજી તરફથી સરકાર કમિટીની ભલામણોનો અમલ કરવા મક્કમ થતી ચાલી. રૉલેટ બિલ પ્રગટ થયું. મેં વાઇસરૉયને મળીને ખૂબ વીનવ્યા, કાગળો લખ્યા. સત્યાગ્રહ સિવાય મારી પાસે બીજો માર્ગ નથી એ તેમાં સ્પષ્ટ જણાવ્યું. પણ બધું ફોગટ ગયું.

હજુ બિલ ગૅઝેટમાં નહોતું આવ્યું. મારું શરીર તો નબળું હતું. મારામાં ઊંચે સાદે બોલવાની શક્તિ નહોતી આવી. સભાઓ ઉપરાંત મને કંઈ જ બીજું નહોતું સૂઝતું. આમ ગડમથલ ચાલતી હતી તેવામાં ખબર આવ્યા કે બિલ કાયદા તરીકે ગૅઝેટમાં પ્રગટ થયું.

પછીની રાતે વિચાર કરતો હું સૂતો. સવારના અર્ધનિદ્રા હશે ને મને સ્વપ્નામાં વિચાર સૂઝ્યો. મેં રાજગોપાલાચાર્યને બોલાવ્યા ને વાત કરી :

"મને રાતની સ્વપ્નાવસ્થામાં વિચાર આવ્યો કે, આ કાયદાના જવાબમાં આપણે આખા દેશને હડતાળ પાડવાનું સૂચવવું. સત્યાગ્રહ આત્મશુદ્ધિની લડત છે. એ ધાર્મિક લડત છે. ધર્મકાર્ય શુદ્ધિથી શરૂ કરવું ઠીક લાગે છે. તે દિવસે સહુ ઉપવાસ કરે ને કામધંધો બંધ કરે."

આ સૂચના સહુએ વધાવી લીધી. એક નાનકડી નોટિસ મેં ઘડી કાઢી. પ્રથમ 1919ના માર્ચની 30મી તારીખ નાખવામાં આવી હતી, પછી 6ઠ્ઠી એપ્રિલ કરવામાં આવી. લોકોને ખબર ઘણા જ થોડા દિવસની આપવામાં આવી હતી.

પણ કોણ જાણે કેમ, આખું ગોઠવાઈ ગયું! આખા હિંદુસ્તાનમાં – શહેરોમાં ને ગામડાંમાં – હડતાળ પડી. આ દૃશ્ય ભવ્ય હતું. હિંદુ અને મુસલમાન બંને એકદિલ થવા લાગ્યા. પોલીસે ગોળીબાર કરેલા. કંઈ ખૂન થયાં.

કાયદાના સવિનયભંગની તૈયારી કરી મૂકી હતી. બધા પોતાના ઘરમાં પરવાના વિના મીઠું પકાવે એવી એક સૂચના મેં કરી હતી. બીજી સૂચના સરકારે પ્રસિદ્ધ થતાં અટકાવેલાં પુસ્તકો છપાવવા-વેચવા બાબત હતી. આવાં બે પુસ્તકો મારાં જ હતાં : 'હિંદ સ્વરાજ' અને 'સર્વોદય'. આ પુસ્તકો છપાવવાં-વેચવાં સહુથી સહેલો સવિનયભંગ લાગ્યો. તેથી એ છપાવ્યાં.

ઘણા સ્વયંસેવકો આ પુસ્તકો વેચવા નીકળી પડ્યા. જેટલી નકલો છપાવી હતી તેટલી ખપી ગઈ. દરેક નકલની કિંમત ચાર આના હતી. પણ પોતાના ખીસામાં જે હોય તે ઠલવીને નકલો લેનારા ઘણા નીકળી પડ્યા. કોઈ દસ રૂપિયાની ને કોઈ પાંચની નોટ પણ આપતા.

ચોપાટી ઉપર સવારે સ્વદેશી વ્રતને સારુ ને હિંદુમુસ્લિમ વ્રતને સારુ લોકોને એકઠા થવાનું હતું. અનુભવ થયો કે, ઊજળું એટલું દૂધ નથી. લોકો ઘણા ઓછા ભેળા થયા. થોડી હાજરીથી મને આશ્ચર્ય ન થયું, દુઃખ પણ ન થયું. પણ ધાંધલિયા કામની વચ્ચે ને ધીમા રચનાત્મક કામની વચ્ચેનો ભેદ અને પહેલાનો પક્ષપાત ને બીજાનો અણગમો ત્યારથી હું અનુભવતો આવ્યો છું.

સાતમીની રાતે હું અમૃતસર જવા નીકળ્યો. પલવલ સ્ટેશન આવે તે પહેલાં પોલીસ અમલદારે મારા હાથમાં હુકમ મૂક્યો : "તમારા પંજાબમાં પ્રવેશ કરવાથી અશાંતિ વધવાનો ભય છે, તેથી તમારે પંજાબની સરહદમાં દાખલ ન થવું," હુકમ આપી મને ઊતરી જવા પોલીસે કહ્યું. મેં ઊતરવાની ના પાડી ને કહ્યું : "હું અશાંતિ વધારવા નહીં પણ આમંત્રણ મળવાથી અશાંતિ ઘટાડવા જવા માગું છું, એટલે હું દિલગીર છું કે, આ હુકમને મારાથી માન નહીં આપી શકાય."

પલવલ સ્ટેશન ઉપર મને ઉતારી લીધો ને પોલીસને હવાલે કર્યો. દિલ્હીથી આવતી કોઈ ટ્રેનમાં મને બેસાર્યો. બીજા અમલદારે રસ્તામાં મને કહ્યું : "તમે છૂટા છો, પણ તમારે સારુ મરીન લાઇન્સ સ્ટેશન પાસે ગાડી થોભાવીશ ને તમે ત્યાં ઊતરો તો વધારે સારું. કોલાબા ઉપર વધારે ભીડ થવાનો સંભવ છે." મેં તેને અનુકૂળ થવા ખુશી બતાવી. મરીન લાઇન્સ ઊતર્યો. ત્યાં કોઈ ઓળખીતા મને રેવાશંકર ઝવેરીને ઘેર મૂકી ગયા. તેમણે મને ખબર આપ્યા : "તમારા પકડાવાના ખબર મળવાથી લોકો ગુસ્સામાં આવી ગયા છે ને ગાંડા જેવા બની ગયા છે. પાયધૂની પાસે હુલ્લડનો ભય છે."

તેવામાં અનસૂયાબહેન આવ્યાં ને મને પાયધૂની લઈ જવા કહ્યું : "લોકો અધીરા થઈ ગયા છે ને ઉશ્કેરાયા છે. અમારા કોઈથી શાંત રહે તેમ નથી. તમને જોશે તો શાંત થશે."

પાયધૂની પહોંચતાં જ રસ્તામાં મોટી મેદની જોવામાં આવી. લોકો મને જોઈને હર્ષઘેલા થયા. સરઘસને અટકાવવા સારુ ઘોડેસવારોની ટુકડી સામેથી આવી પહોંચી. લોકોએ પોલીસની લાઇનને ચીરીને આગળ ધસારો કર્યો. મારો અવાજ સંભળાય તેમ નહોતું. આ ઉપરથી ઘોડેસવારની ટુકડીના ઉપરીએ ટોળાને વિખેરવાનો હુકમ કર્યો, ને ભાલા ઉગામતી આ ટુકડીએ એકદમ ઘોડાને છોડી મૂક્યા. લોકોના ટોળામાં ભંગાણ પડ્યું. દોડાદોડ મચી. કોઈ કચરાયા, કોઈ ઘવાયા. ઘોડેસવારને નીકળવા સારુ મારગ નહોતો. લોકોને આસપાસ વીખરાવાનો મારગ નહોતો. ઘોડેસવારો અને લોકો બંને ગાંડા જેવા લાગ્યા.

લોકોને આમ વિખેર્યા ને રોક્યા. અમારી મોટરને આગળ જવા દીધી. મેં કમિશનરની ઑફિસ આગળ મોટર રોકાવી ને હું તેની પાસે પોલીસની વર્તણૂકને સારુ ફરિયાદ કરવા ઊતર્યો.

મેં જોયેલું દૃશ્ય કમિશનરની પાસે વર્ણવ્યું. તેમણે ટૂંકામાં જવાબ આપ્યો : "મારે સરઘસને ફોર્ટ તરફ જવા નહોતું દેવું. ત્યાં જાય તો તોફાન થયા વિના ન રહે. અને મેં જોયું કે લોકો વાળ્યા વળે એમ નહોતા. એટલે ધસારો કર્યા વિના છૂટકો નહોતો."

"પણ તેનું પરિણામ તો તમે જાણતા હતા. લોકો ઘોડાની નીચે છૂંદાયા વિના ન રહે. ઘોડેસવારની ટુકડી મોકલવાની જરૂર જ નહોતી એમ મને તો લાગે છે." હું બોલ્યો.

"એની તમને ખબર ન પડે. લોકોની ઉપર તમારા શિક્ષણની અસર કેવી થઈ છે તેની ખબર અમને પોલીસને તમારા કરતાં વધારે પડે. અમે પહેલેથી સખત ઉપાયો ન લઈએ તો વધારે નુકસાન થાય. હું તમને કહું છું કે, લોકો તમારા કબજામાં પણ રહેવાના નથી. કાયદાના ભંગની વાત તેઓ ઝટ સમજશે, શાંતિની વાત તેમના ગજા ઉપરાંત છે. તમારા હેતુ સારા

છે, પણ તમારા હેતુ લોકો નહીં સમજે. તેઓ તો પોતાના સ્વભાવને અનુસરશે." સાહેબ બોલ્યા.

"પણ તમારી અને મારી વચ્ચે ભેદ જ અહીં છે. લોકો સ્વભાવે લડાક નથી, પણ શાંતિપ્રિય છે." મેં ઉત્તર દીધો.

અમે દલીલમાં ઊતર્યા. છેવટે સાહેબ બોલ્યા, "વારુ, ત્યારે જો લોકો તમારું શિક્ષણ નથી સમજ્યા એની તમને ખાતરી થાય તો તમે શું કરો?"

મેં જવાબ દીધો, "જો એવું મને સિદ્ધ થાય તો આ લડત હું મુલતવી રાખું."

"તમે ધીરા રહેશો તો તમને વધારે ખબર પડી રહેશે. તમે જાણો છો કે, અમદાવાદમાં શું ચાલી રહ્યું છે? અમૃતસરમાં શું થયું છે? લોકો બધે ગાંડા જેવા થઈ ગયા છે. હું તો તમને કહું છું કે, આ બધાં તોફાનની જવાબદારી તમારે શિર છે."

હું બોલ્યો, "મારી જવાબદારી જ્યાં હશે ત્યાં હું ઓઢ્યા વિના નહીં રહું."

આમ અમારી વાતો ચાલી. અમારા મતનો મેળ મળે તેમ નહોતું. ચોપાટી ઉપર સભા ભરવાનો ને લોકોને શાંતિ જાળવવાનું સમજાવવાનો મારો ઇરાદો જાહેર કરી હું છૂટો પડ્યો.

ચોપાટી ઉપર સભા ભરાઈ. મેં માણસોને શાંતિ વિશે ને સત્યાગ્રહની મર્યાદા વિશે સમજ પાડી ને જણાવ્યું, "સત્યાગ્રહ ખરાનો ખેલ છે. જો લોકો શાંતિ ન જાળવે તો મારાથી સત્યાગ્રહની લડત કદી ન લડી શકાય."

અમદાવાદથી ખબર મળી કે ત્યાં હુલ્લડ થયું છે. મજૂરો ઘેલા બની ગયા હતા, તેમણે હડતાળ પાડેલી ને તોફાન પણ કર્યાં હતાં, અને એક સિપાઈનું ખૂન પણ થયું હતું. હું અમદાવાદ ગયો. મને ખબર થઈ કે, નડિયાદની પાસે રેલના પાટા ઉખેડી કાઢવાનો પ્રયત્ન પણ થયો હતો, વીરમગામમાં એક સરકારી નોકરનું ખૂન થયું હતું. અમદાવાદ પહોંચ્યો તો માર્શલ લૉ ચાલતો હતો. લોકોમાં ત્રાસ વર્તી રહ્યો હતો. લોકોએ કર્યું તેવું ભર્યું ને તેનું વ્યાજ પણ મેળવ્યું.

સ્ટેશન ઉપર મને કમિશનર મિ૰ પ્રૅટની પાસે લઈ જવાને માણસ હાજર હતો. હું તેમની પાસે ગયો. તેઓ ખૂબ ગુસ્સામાં હતા. મેં શાંતિથી તેમને ઉત્તર આપ્યો. થયેલાં ખૂનને સારુ મારી દિલગીરી જાહેર કરી. માર્શલ લૉની અનાવશ્યકતા પણ સૂચવી ને શાંતિ પાછી ફેલાય તેને સારુ જે ઉપાયો લેવા ઘટે તે લેવાની મારી તૈયારી જણાવી. મેં જાહેર સભા ભરવાની માગણી કરી. આ તેમને ગમી. મેં 13મી ને રવિવારે સભા ભરી. માર્શલ લૉ પણ તે જ દિવસે કે બીજે દિવસે રદ થયો. આ સભામાં મેં લોકોને પોતાના દોષનું દર્શન કરાવવા પ્રયત્ન કર્યો. મેં ત્રણ દિવસના ઉપવાસ પ્રાયશ્ચિત્તરૂપે કર્યા, ને લોકોને એક દિવસનો ઉપવાસ કરવાની સલાહ

આપી. જેમણે ખૂન વગેરેમાં ભાગ લીધો હોય તેમને પોતાના ગુના કબૂલ કરવાની સૂચના કરી.

મારો ધર્મ મેં સ્પષ્ટ જોયો. જે મજૂરો વગેરેની વચ્ચે મેં આટલો સમય ગાળ્યો હતો, જેમની મેં સેવા કરી હતી અને જેમને વિશે હું સારાની આશા રાખતો હતો, તેમણે હુલ્લડમાં ભાગ લીધો એ મને અસહ્ય લાગ્યું, ને એમના દોષમાં મને મેં ભાગીદાર ગણ્યો.

જેમ લોકોને પોતાના ગુના કબૂલ કરવાનું સૂચવ્યું તેમ સરકારને ગુના માફ કરવાનું પણ સૂચવ્યું. મારી વાત બેમાંથી એકેયે ન સાંભળી. ન લોકોએ ગુના કબૂલ કર્યા, ન સરકારે માફ કર્યા.

જ્યાં લગી શાંતિનો પાઠ લોકો ન શીખી લે ત્યાં સુધી સત્યાગ્રહ મુલતવી રાખવાનો નિશ્ચય મેં કરી લીધો. કેટલાક મિત્રો નારાજ થયા. તેમને લાગ્યું કે, જો હું બધેય શાંતિની આશા રાખું ને એ સત્યાગ્રહની શરત હોય, તો મોટા પાયા ઉપર સત્યાગ્રહ કદી ચાલી જ ન શકે. મેં મારો મતભેદ જણાવ્યો. જે લોકોમાં કામ કર્યું હોય, જેમની મારફતે સત્યાગ્રહ કરવાની આશા રખાતી હોય, તેઓ જો શાંતિ ન જાળવે તો જરૂર સત્યાગ્રહ ન જ ચાલે. આટલી મર્યાદિત શાંતિ જાળવવાની શક્તિ સત્યાગ્રહી નેતાઓએ મેળવવી જોઈએ એવી મારી દલીલ હતી.

અમદાવાદની સભા પછી તરત હું નડિયાદ ગયો. 'પહાડ જેવડી ભૂલ' નામે શબ્દપ્રયોગ જે પ્રસિદ્ધિ પામ્યો છે તે મેં પહેલો નડિયાદમાં કર્યો. અમદાવાદમાં જ મને મારી ભૂલ જણાવા લાગી હતી. પણ નડિયાદમાં ત્યાંની સ્થિતિનો વિચાર કરતાં, સભામાં હું ભાષણ કરી રહ્યો હતો ત્યાં, મને એકાએક થઈ આવ્યું કે ખેડા જિલ્લાના અને એવા બીજા લોકોને કાયદાનો સવિનયભંગ કરવા નોતરવામાં મેં ઉતાવળ કરવાની ભૂલ કરી હતી, અને તે મને પહાડ જેવડી જણાઈ.

આવી કબૂલાત મેં કરી તેથી મારી હાંસી સારી પેઠે થઈ. છતાં એ સ્વીકાર કરવાને સારુ મને પશ્ચાત્તાપ કદી નથી થયો. મેં હમેશાં એમ માન્યું છે કે, બીજાના ગજ જેવડા દોષોને આપણે રજ જેવડા કરી જોઈએ ને પોતાના રાઈ જેવડા લાગતા દોષોને પહાડ જેવડા જોતાં શીખીએ, ત્યારે જ આપણને પોતાના ને પારકા દોષોનું ઠીક ઠીક પ્રમાણ મળી રહે.

તે પહાડ જેવડી લાગતી ભૂલ શી હતી તે જોઈએ. કાયદાનો સવિનયભંગ તે જ માણસોથી થઈ શકે જેમણે કાયદાને વિનયપૂર્વક સ્વેચ્છાએ માન આપ્યું હોય. ઘણે ભાગે આપણે કાયદાના ભંગને સારુ થતી સજાના ડરને લીધે તેનું પાલન કરીએ છીએ. કાયદો હો કે ન હો, પણ સારા ગણાતા માણસ એકાએક ચોરી નહીં કરે; છતાં રાત પડ્યે બાઇસિકલ

ઉપર બત્તી સળગાવવાના નિયમમાંથી છટકી જતાં સારા માણસને પણ ક્ષોભ નહીં થાય. પણ જ્યારે તેના ભંગને સારુ દંડ થવાનો ભય લાગે છે, ત્યારે તેઓ રાત પડ્યે બાઇસિકલ ઉપર બત્તી સળગાવશે. નિયમના આવા પાલનને સ્વેચ્છાએ કરેલું પાલન ન ગણી શકાય.

પણ સત્યાગ્રહી તો સમાજના જે કાયદાને માન આપશે તે માન સમજપૂર્વક, સ્વેચ્છાએ, માન આપવાનો ધર્મ જાણી આપશે. આમ જેણે સમાજના નિયમોનું ઇરાદાપૂર્વક પાલન કર્યું છે, તેને જ સમાજના નિયમોની નીતિઅનીતિનો ભેદ કરવાની શક્તિ આવે છે, ને તેને મર્યાદિત સંજોગોમાં અમુક નિયમોનો ભંગ કરવાનો અધિકાર પ્રાપ્ત થાય છે. આવો અધિકાર લોકોએ પ્રાપ્ત કર્યા પહેલાં તેમને મેં સવિનયભંગ કરવા નોતર્યા, એ મારી ભૂલ મને પહાડ જેવડી લાગી. મને લાગી આવ્યું : હું ભીંત ભૂલ્યો. મને લાગ્યું કે, લોકો સવિનયભંગ કરવાને લાયક બને તે પહેલાં તેના ઊંડા રહસ્ય વિશે તેમને જ્ઞાન થવું જોઈએ. જેમણે કાયદાઓને રોજ મનથી તોડ્યા હોય, જેઓ છૂપી રીતે ઘણીયે વાર કાયદાનો ભંગ કરતા હોય, તેઓ એકાએક સવિનયભંગને કેમ ઓળખી શકે? તેની મર્યાદા કેમ જાળવી શકે?

મજકૂર આદર્શ સ્થિતિને હજારો કે લાખો લોકો ન પહોંચી શકે એ તો સહેજે સમજાય. પણ જો એમ હોય તો સવિનયભંગ કરાવતા પહેલાં લોકોને સમજૂતી આપનારા અને તેમને પ્રતિક્ષણ દોરનારા શુદ્ધ સ્વયંસેવકોનું દળ પેદા થવું જોઈએ, ને આવા દળને સવિનયભંગની ને તેની મર્યાદાની સમજ પૂરેપૂરી પડેલી હોવી જોઈએ.

આવા વિચારો ભર્યો હું મુંબઈ પહોંચ્યો ને સત્યાગ્રહ સભા મારફતે સત્યાગ્રહી સ્વયંસેવકોનું દળ ઊભું કર્યું. તેની મારફતે લોકોમાં સવિનયભંગની સમજ આપવાની તાલીમનો આરંભ કર્યો, ને સમજ આપનારી પત્રિકાઓ કાઢી.

આ કામ ચાલ્યું તો ખરું, પણ મેં જોયું કે તેમાં હું બહુ રસ પેદા ન કરી શક્યો. સ્વયંસેવકોનો દરોડો ન પડ્યો. જે ભરતીમાં આવ્યા તેમણે બધાએ નિયમિત તાલીમ લીધી એમ ન કહી શકાય. ભરતીમાં નામ નોંધાવનાર પણ, દિવસો જવા માંડ્યા તેમ, દૃઢ બનવાને બદલે ખરવા માંડ્યા. હું સમજ્યો કે સવિનયભંગનું ગાડું ધાર્યા કરતાં ધીમું ચાલશે.

●

પંજાબમાં

પંજાબમાં જવા હું અધીરો થઈ રહ્યો હતો. પણ મારું જવાનું લંબાયા કરતું હતું. વાઇસરૉય ‘હજુ વાર છે’ એમ લખાવ્યા કરતા હતા.

દરમિયાન હંટર કમિટી આવી. તેને લશ્કરી કાયદા દરમિયાન પંજાબના અમલદારોએ કરેલાં કૃત્યો વિશે તપાસ કરવાની હતી. આ ઉપરથી મેં ફરી વાઇસરૉયને તાર કર્યો. જવાબ આવ્યો : ફલાણી તારીખે તમે જઈ શકો છો.

હું લાહોર પહોંચ્યો ત્યારે મેં જે દૃશ્ય જોયું તે કદી ભુલાય તેમ નહોતું. કેમ જાણે ઘણાં વર્ષોના વિયોગ પછી કોઈ પ્રિયજન આવતો હોય ને તેને મળવાને સગાં આવતાં હોય, તેમ સ્ટેશન ઉપર માણસોની મેદની ભરાઈ ગઈ હતી. લોકો હર્ષઘેલા થઈ ગયા હતા.

હંટર કમિટીની પાસે પુરાવો ન દેવાનો નિશ્ચય અમે બધાએ એકમતે કર્યો. પણ જો કમિટીનો બહિષ્કાર થાય તો લોકો તરફથી એટલે મહાસભા તરફથી એક કમિટી હોવી જોઈએ એમ નિશ્ચય થયો. અમે જુદે જુદે ઠેકાણે તપાસ કરવા વિખરાઈ ગયા. આ તપાસ દરમિયાન પંજાબની સ્ત્રીઓને તો જાણે હું યુગોથી ઓળખતો હોઉં તેમ મળ્યો. જ્યાં જાઉં ત્યાં તેમનાં ટોળાં મળે, અને પોતે કાંતેલા સૂતરના મારી પાસે ઢગલા કરે.

લોકોની ઉપર થયેલા જુલમની તપાસ કરતાં જેમ જેમ હું ઊંડો ઊતરતો ગયો, તેમ તેમ સરકારી અરાજકતા, અમલદારોની નાદિરશાહી, તેમની આપખુદીની વાતો સાંભળી આશ્ચર્ય થયું, ને દુઃખ પામ્યો. પંજાબ કે જ્યાંથી સરકારને વધારેમાં વધારે સિપાહીઓ મળે છે ત્યાં લોકો કેમ આટલો બધો જુલમ સહન કરી શક્યા, એ મને ત્યારે આશ્ચર્ય પમાડનારું લાગ્યું.

‘નવજીવન’ ને ‘યંગ ઇન્ડિયા’

સરકારની દમનનીતિ પુરજોરમાં ચાલી રહી હતી. પંજાબમાં સિપાહીઓએ નિર્દોષ લોકોને કીડાની જેમ પેટે ચલાવ્યા. આની આગળ જલિયાંવાલા બાગની ઘોર કતલ તો મારી આગળ કંઈ વિસાતની નહોતી.


આટલામાં મિ૰ હૉર્નિમૅન, જેમણે ‘ક્રૉનિકલ’ને એક પ્રચંડ શક્તિ બનાવી મૂક્યું હતું, તેમને સરકાર ચોરી ગઈ. આમ થવાથી ‘ક્રૉનિકલ’ના વ્યવસ્થાપકોએ તે ચલાવવાનો બોજો મારી ઉપર મૂક્યો. પણ મારે તે જવાબદારી લાંબો સમય વેઠવી ન પડી. સરકારની મહેરબાનીથી તે બંધ થયું.

જેઓ ‘ક્રૉનિકલ’ના વહીવટમાં કર્તાહર્તા હતા તેઓ જ ‘યંગ ઇન્ડિયા’ના વહીવટ ઉપર અંકુશ રાખતા. બંને ભાઈઓએ ‘યંગ ઇન્ડિયા’ની જવાબદારી ઓઢવાનું મને સૂચવ્યું. આ મિત્રોની સૂચનાનો મેં સ્વીકાર કર્યો.

પણ અંગ્રેજી મારફતે પ્રજાને સત્યાગ્રહની તાલીમ કેમ આપી શકાય? ગુજરાતમાં મારા કાર્યનું મુખ્ય ક્ષેત્ર હતું. ભાઈ ઇન્દુલાલ યાજ્ઞિક એ વેળા તે જ ટોળીમાં હતા. તેમના હાથમાં માસિક ‘નવજીવન’ હતું. તેનું ખર્ચ પણ પેલા મિત્રો પૂરું પાડતા. આ છાપું ભાઈ ઇન્દુલાલે અને તે મિત્રોએ મને સોંપ્યું, આ માસિકને સાપ્તાહિક કર્યું.

આ છાપાં મારફત મેં સત્યાગ્રહની તાલીમ પ્રજાને આપવાનો યથાશક્તિ આરંભ કર્યો. બંને છાપાંની નકલો જૂજ ખપતી હતી તે વધતી વધતી 40,000ની આસપાસ પહોંચી હતી. ‘નવજીવન’ની ઘરાકી એકદમ વધી, જ્યારે ‘યંગ ઇન્ડિયા’ની ધીમે ધીમે વધી.

આ છાપાંમાં જાહેરખબર ન લેવાનો મારો આગ્રહ અસલથી જ હતો. તેથી કશો ગેરલાભ થયો નથી એવી મારી માન્યતા છે, અને છાપાંની વિચારસ્વતંત્રતા જાળવવામાં આ પ્રથાએ બહુ મદદ કરી છે.



ગાંધીજીનું સૌથી પહેલું પુસ્તક



ગાંધીજીએ ચલાવેલાં સામયિકો

ગાંધીજીના હસ્તાક્ષરમાં 'હિંદસ્વરાજ'

સન 1908 સુધીમાં રેંટિયો કે સાળ મેં જોયાં હોય એવું મને સ્મરણ નથી. છતાં રેંટિયાની મારફતે હિંદુસ્તાનની કંગાલિયત મટે એમ મેં માન્યું. ને જે રસ્તે ભૂખમરો ભાગે તે રસ્તે સ્વરાજ મળે એ તો સહુ સમજી શકે એવી વાત ગણાય. 1915માં દક્ષિણ આફ્રિકાથી દેશમાં આવ્યો ત્યારે પણ મેં રેંટિયાનાં દર્શન તો ન જ કર્યાં. આશ્રમ ખોલ્યું એટલે સાળ વસાવી.

દેશી મિલના સૂતરમાંથી હાથસાળમાં વણાયેલું કાપડ પહેરવાનો આશ્રમવાસીઓએ ઠરાવ કર્યો. અમે પોતે તુરત અમારું બધું કાપડ વણી શકીએ એવી સ્થિતિ તો નહોતી, તેથી બહારના વણકરોની પાસે અમારે જોઈતું કપડું વણાવી લેવાનું હતું. આમ ખાસ તૈયાર કરાવેલું કાપડ વણાવી અમે પહેર્યું ને મિત્રોમાં તેનો પ્રચાર કર્યો. અમે તો કાંતનારી મિલોના બિનપગાર એજન્ટ બન્યા. અમે જોયું કે, મિલોનું ધ્યેય પોતે કાંતીને પોતે વણવાનું હતું.

આ બધું જોઈને અમે હાથે કાંતવા અધીરા થયા. હાથે ન કાંતીએ ત્યાં લગી અમારી પરાધીનતા રહેવાની એમ જોયું. પણ ન મળે રેંટિયો ને ન મળે રેંટિયો ચલાવનાર. વખત તો વહેવા લાગ્યો. હું અધીરો બન્યો હતો. 1917ની સાલમાં મહાસાહસી વિધવા બહેન ગંગાબાઈ હાથ લાગ્યાં. તેમનું ભણતર બહુ નહોતું, પણ તેમનામાં હિંમત ને સમજણ વિશેષ હતાં. તેમણે પોતાના જીવનમાંથી અસ્પૃશ્યતાની જડ કાઢી નાખી હતી, ને તે બેધડક રીતે અંત્યજોમાં ભળતાં ને તેમની સેવા કરતાં. તેમની પાસે દ્રવ્ય હતું, પણ પોતાની હાજતો ઓછી જ હતી. શરીર કસાયેલું હતું, ને ગમે ત્યાં એકલાં જતાં મુદ્દલ સંકોચ પામે તેવાં નહોતાં. ઘોડાની સવારી કરવાને પણ તે તૈયાર રહેતાં. મારું દુ:ખ મેં તેમની પાસે મૂક્યું, ને દમયંતી જેમ નળની પાછળ ભમી હતી તેમ રેંટિયાની શોધમાં ભમવાનું પણ લઈ મારો ભાર તેમણે હળવો કર્યો.

ગુજરાતમાં સારી પેઠે ભટક્યા પછી વિજાપુરમાં ગંગાબહેનને રેંટિયો મળ્યો. ઘણાં કુટુંબોની પાસે રેંટિયો હતો તે તેમણે મેડે ચડાવી મેલ્યો હતો. પણ જો તેમનું સૂતર કોઈ લે ને તેમને પૂણી પૂરી પાડવામાં આવે તો તેઓ કાંતવા તૈયાર હતાં. ગંગાબહેને મને ખબર આપ્યા, ને મારા હર્ષનો પાર ન રહ્યો. ઉમર સોબાનીને વાત કરતાં તેમણે પોતાની મિલમાંથી પૂણીનાં ભૂંગળાં પૂરાં પાડવાનું કામ માથે લીધું. મેં તે ભૂંગળાં ગંગાબહેનને મોકલ્યાં, ને સૂતર એટલા વેગથી તૈયાર થવા લાગ્યું કે હું થાક્યો.

મિલની પૂણીઓ લઈ કંતાવવામાં મને બહુ દોષ લાગ્યો. જો મિલની પૂણીઓ લઈએ તો સૂતરમાં શો દોષ? પૂર્વજોની પાસે મિલની પૂણીઓ ક્યાં હતી? એ કઈ રીતે પૂણીઓ

તૈયાર કરતા હશે? પૂણીઓ બનાવનારને શોધવાનું મેં ગંગાબહેનને સૂચવ્યું. તેમણે તે કામ માથે લીધું. પીંજારાને શોધી કાઢ્યો. ગંગાબહેને વણકરો વસાવ્યા ને કંતાયેલું સૂતર વણાવવાનું શરૂ કર્યું. બીજી તરફથી આશ્રમમાં હવે રેંટિયો દાખલ થતાં વાર ન લાગી. મગનલાલ ગાંધીની શોધકશક્તિએ રેંટિયામાં સુધારા કર્યા, ને રેંટિયા તથા ત્રાકો આશ્રમમાં બન્યાં.

●

પૂર્ણાહુતિ

પણ હવે આ પ્રકરણો બંધ કરવાનો સમય આવી પહોંચ્યો છે.

હવેનું મારું જીવન એટલું બધું જાહેર થયું કે કશું પ્રજા નથી જાણતી એવું ભાગ્યે જ હોય. વળી 1921ની સાલથી હું મહાસભાના આગેવાનોની સાથે એટલો બધો ઓતપ્રોત થઈને રહ્યો છું કે એક પણ કિસ્સાનું વર્ણન નેતાઓના સંબંધને તેમાં લાવ્યા વિના હું યથાર્થ ન જ કરી શકું. એ હું વિનયને ખાતર પણ હાલ તો ન જ લાવી શકું. છેવટમાં, હાલ ચાલતા પ્રયોગોને વિશે મારા નિર્ણયો નિશ્ચયાત્મક ન ગણી શકાય. એટલે આ પ્રકરણોને હાલ તો બંધ જ કરવાં એ મારું કર્તવ્ય જણાય છે. મારી કલમ જ આગળ ચાલવાની ના કહે છે એમ કહું તો ચાલે.

વાંચનારની રજા લેતાં મને આઘાત પહોંચે છે. મારા પ્રયોગોની મારી પાસે બહુ કિંમત છે. તેમને યથાર્થ વર્ણવવામાં મેં કચાશ નથી રાખી. તેમાંથી વાંચનારને સત્ય અને અહિંસાને વિશે વધારે આસ્થા બેસે એવી મેં આશા રાખી છે. સત્યથી ભિન્ન કોઈ પરમેશ્વર હોય એવું મેં નથી અનુભવ્યું. સત્યમય થવાને સારુ અહિંસા એ જ એક માર્ગ છે, એમ આ પ્રકરણોને પાને પાને ન દેખાયું હોય તો આ પ્રયત્ન વ્યર્થ સમજું છું.

આવા વ્યાપક સત્યનારાયણનાં પ્રત્યક્ષ દર્શનને સારુ જીવમાત્રની પ્રત્યે આત્મવત્ પ્રેમની પરમ આવશ્યકતા છે. અને તે કરવાને ઇચ્છનાર મનુષ્ય જીવનના એક પણ ક્ષેત્રની બહાર નથી રહી શકતો. તેથી જ સત્યની મારી પૂજા મને રાજ્યપ્રકરણમાં ખેંચી ગઈ છે. ધર્મને રાજ્યપ્રકરણની સાથે સંબંધ નથી એમ કહેનાર ધર્મને જાણતો નથી એમ કહેવામાં હું અવિનય નથી કરતો.

આત્મશુદ્ધિ વિના જીવમાત્રની સાથે ઐક્ય ન જ સધાય. એટલે જીવનમાર્ગનાં બધાં

ક્ષેત્રોમાં શુદ્ધિની આવશ્યકતા છે. પણ આ શુદ્ધિનો માર્ગ વિકટ છે એમ હું તો પ્રતિક્ષણ અનુભવું છું. શુદ્ધ થવું એટલે મનથી, વચનથી ને કાયાથી નિર્વિકાર થવું, રાગદ્વેષાદિરહિત થવું. એ નિર્વિકારતાને પહોંચવાને પ્રતિક્ષણ મથતા છતાં હું પહોંચ્યો નથી, તેથી લોકની સ્તુતિ મને ભોળવી શકતી નથી, એ સ્તુતિ ઘણી વેળા ડંખે છે. મનના વિકારોને જીતવા જગતને શસ્ત્રયુદ્ધથી જીતવા કરતાંયે મને કઠિન લાગે છે. હિંદુસ્તાનમાં આવ્યા પછી પણ હું મારામાં સંતાઈ રહેલા વિકારોને જોઈ શક્યો છું, શરમાયો છું, પણ હાર્યો નથી. સત્યના પ્રયોગો કરતાં મેં રસ લૂંટ્યો છે, આજે લૂંટી રહ્યો છું. પણ હું જાણું છું કે મારે હજુ વિકટ માર્ગ કાપવાનો છે. તેને સારુ મારે શૂન્યવત્ બનવાનું છે. મનુષ્ય જ્યાં લગી સ્વેચ્છાએ પોતાને સહુથી છેલ્લો ન મૂકે ત્યાં લગી તેની મુક્તિ નથી. અહિંસા એ નમ્રતાની પરાકાષ્ઠા છે. એ નમ્રતાની પ્રાર્થના કરતો, તેમાં જગતની મદદ યાચતો અત્યારે તો આ પ્રકરણોને બંધ કરું છું.

~~આત્મકથા : ભાગ ૧ લો~~

~~૧. જન્મ~~ બચપણ

ગાંધી કુટુંબ ~~પ્રથમ તો ગાંધિયાણાનો વેપાર કરનારું હોય એમ જણાય છે. પણ~~ મારા દાદાથી માંડીને ત્રણ પેઢી થયાં તો ~~એ~~ કારભારું કરતું આવેલું છે. ઉત્તમચંદ ગાંધી અથવા ઓતા ગાંધી ~~ટેકીલા હશે એમ લાગે છે. તેમને રાજખટપટને લીધે પોરબંદર છોડવું પડેલું~~ ને જૂનાગઢ રાજ્યમાં આશ્રય લીધેલો. તેમણે નવાબસાહેબને સલામ ડાબે હાથે કરી. કોઈએ આ દેખાતા અવિનયનું કારણ પૂછ્યું તો જવાબ મળ્યો: 'જમણો હાથ તો પોરબંદરને દેવાઈ ચૂક્યો ~~છે~~.'

ઓતા ગાંધીને એક પછી એક એમ બે ઘર થયેલાં. પહેલાથી તેમને ચાર દીકરા હતા અને બીજાથી બે. ~~આ ભાઈઓ ઓરમાયા હતા એવો ખ્યાલ મને બચપણ યાદ કરતાં આવતો જ નથી~~. આમાંના પાંચમા કરમચંદ અથવા ~~કબા ગાંધી અને છેલ્લા તુલસીદાસ ગાંધી. બંને ભાઈએ વારાફરતી પોરબંદરમાં કારભારું કર્યું.~~ કબા ગાંધી તે મારા પિતાશ્રી. ~~પોરબંદરનું~~ કારભારું છોડ્યા પછી પોતે રાજસ્થાનિક કોર્ટમાં સભાસદ હતા. પછી રાજકોટમાં અને થોડો સમય વાંકાનેરમાં દીવાન હતા. મરણવેળાએ રાજકોટ ~~દરબારના~~ પેન્શનર હતા.

કબા ગાંધીને પણ એક પછી એક ચાર ઘર થયેલાં. પહેલાં બેથી બે દીકરીઓ હતી; છેલ્લા પૂતળીબાઈથી એક દીકરી અને ત્રણ દીકરા. તેમાંનો છેલ્લો હું.

પિતા કુટુંબપ્રેમી, સત્યપ્રિય, શૂરા, ઉદાર પણ ક્રોધી હતા ~~કંઈક વિષયને વિશે આસક્ત પણ હશે. તેમનો છેલ્લો વિવાહ ચાળીસમા વર્ષ પછી થયેલો~~. તેઓ લાંચથી દૂર ભાગતા, તેથી શુદ્ધ ન્યાય આપતા એવી ~~અમારા કુટુંબમાં અને બહાર~~ વાયકા હતી. ~~રાજ્યના બહુ વફાદાર હતા. એક વેળા~~ કોઈ પ્રાંતના સાહેબે રાજકોટના ઠાકોર સાહેબનું અપમાન કરેલું, તેની સામે તેઓ થયેલા. સાહેબ ગુસ્સે થયા, કબા ગાંધીને માફી માગવા ફરમાવ્યું. તેમણે માફી માગવાની ના પાડી તેથી થોડા કલાકને સારુ હાજતમાં પણ

૧

રહેલા. છતાં તે ન ડગ્યા તેથી અંતે સાહેબે તેમને છોડી દેવાનો હુકમ કર્યો.

પિતાશ્રીએ દ્રવ્ય એકઠું કરવાનો લોભ કદી નહોતો રાખ્યો. તેથી અમ ભાઈઓ સારુ જૂજ મિલકત મૂકી ગયેલા.

પિતાની કેળવણી કેવળ અનુભવની હતી જેને આજે આપણે ગુજરાતી પાંચ ચોપડીનું જ્ઞાન ગણીએ તેટલી કેળવણી તે પામેલ હશે. ઇતિહાસભૂગોળનું જ્ઞાન તો મુદ્દલ ન મળે. આમ છતાં વ્યવહારુ જ્ઞાન એવા ઊંચા પ્રકારનું હતું કે ઝીણામાં ઝીણા પ્રશ્નોના ઉકેલ કરવામાં કે હજાર માણસોની પાસે કામ લેવામાં તેમને મુશ્કેલી ન આવતી. ધાર્મિક કેળવણી નહીં જેવી હતી, પણ મંદિરોમાં જવાથી કથા વગેરે સાંભળીને જે ધર્મજ્ઞાન અસંખ્ય હિંદુઓને સહેજે મળી રહે છે તે તેમને હતું. છેવટના વર્ષમાં એક વિદ્વાન બ્રાહ્મણ જેઓ કુટુંબના મિત્ર હતા તેમની સલાહથી તેમણે ગીતાપાઠ શરૂ કર્યો હતો અને રોજ થોડાઘણા શ્લોકો પોતાના પૂજાના સમયે ઊંચે સ્વરે પાઠ કરી જતા.

માતા સાધ્વી સ્ત્રી હતી એવી મારા ઉપર છાપ રહેલી છે. તે બહુ ભાવિક હતી. પૂજાપાઠ વિના કદી ન જમે. હવેલીએ હમેશાં જાય. હું સમજણો થયો ત્યારથી તેણે કદી ચાતુર્માસ છોડ્યા હોય એવું મને સ્મરણ નથી. કઠણમાં કઠણ વ્રતો તે આદરતી અને નિર્વિઘ્ને પૂરાં કરતી. લીધેલાં વ્રત માંદી પડે તોપણ ન જ છોડે. એવો એક સમય મને યાદ છે કે જ્યારે તેણે ચાંદ્રાયણ વ્રત લીધેલું, તેમાં માંદી પડેલી પણ વ્રતને ન છોડેલું. ચાતુર્માસમાં એક ટાણાં કરવાં એ તો તેને સામાન્ય વાત હતી. એટલેથી સંતોષ ન વાળતાં એક ચાતુર્માસમાં તેણે ધારણાંપારણાં કરેલાં. બેત્રણ સામટા ઉપવાસ એ એને મન નજીવી વાત હતી. એક ચાતુર્માસમાં તેનું એવું વ્રત હતું કે સૂર્યનારાયણનાં દર્શન કર્યા પછી જ જમાય. આ ચોમાસે અમે છોકરા વાદળ સામું જોઈ રહીએ કે ક્યારે સૂર્ય દેખાય ને ક્યારે મા જમે. ચોમાસામાં ઘણી વેળા દર્શન દોહ્યલાં થાય એ તો સહુ જાણે છે. એવા દિવસો યાદ છે કે જ્યારે સૂર્યને અમે જોઈએ, 'બા, બા, સૂરજ દેખાયો' કહીએ ને બા ઉતાવળી ઉતાવળી આવે ત્યાં તો સૂરજ ભાગી જાય. 'કંઈ નહીં, આજે નસીબમાં ખાવાનું નહીં હોય' કહી પાછી જાય ને પોતાના કામમાં ગૂંથાઈ જાય.

માતા વ્યવહારકુશળ હતી. દરબારી બધી વાતો જાણે. રણવાસમાં તેની

બુદ્ધિની આંકણી ઠીક મુકાતી. હું બાળક હોઈ કોઈ કોઈ વેળા મને મા દરબારગઢમાં સાથે લઈ જતી. 'બામાસાહેબ'ની સાથે થતા સંવાદો મને કેટલાક હજી યાદ છે.

આ માતપિતાને ત્યાં હું સંવત ૧૯૨૫ના ભાદરવા વદ ૧૨ને દિવસે, એટલે સને ૧૮૬૯ના ઓક્ટોબરની ૨જી તારીખે, પોરબંદર અથવા સુદામાપુરીમાં જન્મ પામ્યો.

બચપણ પોરબંદરમાં જ ગયું. કોઈ નિશાળમાં મને મૂકવામાં આવેલો એવું યાદ છે. મુશ્કેલીથી થોડા પાડા શીખેલો. તે કાળે છોકરાઓની સાથે હું મહેતાજીને માત્ર ગાળ દેતાં શીખેલો એટલું યાદ છે. અને બીજું કાંઈ જ યાદ નથી. તેથી હું અનુમાન કરું છું કે મારી બુદ્ધિ મંદ હશે, અને યાદશક્તિ જે કડી અમે છોકરા ગાતા તેમાંના કાચા પાપડના જેવી હશે. એ લીટીઓ મારે આપવી જ જોઈએ:

એકડે એક, પાપડ શેક;
પાપડ કચ્ચો,—મારો—

પહેલી ખાલી જગ્યાએ માસ્તરનું નામ હોય. તેને હું અમર કરવા નથી ઇચ્છતો. બીજી ખાલી જગ્યામાં છોડી દીધેલી ગાળ ભરવાની આવશ્યકતા ન હોય.

૨. બચપણ

પોરબંદરથી પિતાશ્રી રાજસ્થાનિક કોર્ટના સભ્ય થઈ રાજકોટ ગયા ત્યારે મારી ઉંમર સાતેક વર્ષની હશે. રાજકોટની ગામઠી શાળામાં મને મૂકવામાં આવ્યો. એ શાળાના દિવસો મને સારી પેઠે યાદ છે. મહેતાજીઓનાં નામઠામ પણ યાદ છે. જેમ પોરબંદરના તેમ ત્યાંના અભ્યાસને વિશે પણ ખાસ જાણવા જેવું નથી. હું ભાગ્યે સામાન્ય કોટિનો વિદ્યાર્થી ગણાતો હોઈશ. ગામઠી નિશાળમાંથી પરાની નિશાળમાં ને ત્યાંથી હાઈસ્કૂલમાં. આટલે સુધી પહોંચતાં મને બારમું વર્ષ વીતી ગયું. ત્યાં લગી મેં કોઈ પણ વેળા શિક્ષકોને છેતર્યાનું મને સ્મરણ નથી, નથી કોઈ મિત્રો કર્યાનું સ્મરણ. હું અતિશય શરમાળ છોકરો હતો. નિશાળમાં મારા કામ સાથે જ કામ હતું. ઘંટ વાગવાને સમયે પહોંચવું અને નિશાળ બંધ થયે ઘેર ભાગવું. 'ભાગવું'

ચાર અથવા પાંચ વર્ષ પૂર્વે મેં આત્મકથા લખવાનો સ્વીકાર કર્યો હતો. પણ એક પાનું પૂરું ન કરી શક્યો તેટલામાં મારું આદર્યું અધૂરું રહ્યું. હવે આત્મકથા લખવા લલચાયો છું.

સત્યના મેં જે પ્રયોગો કરેલા છે તેની કથા મારે લખવી છે. તેમાં મારું જીવન ઓતપ્રોત હોવાથી કથા એક જીવનવૃત્તાંત જેવી થઈ જશે. રાજ્યપ્રકરણી ક્ષેત્રમાંના મારા પ્રયોગોની કિંમત મારે મન ઓછામાં ઓછી છે. પણ મારા આધ્યાત્મિક પ્રયોગો, જેમાંથી મારી રાજ્યપ્રકરણી ક્ષેત્ર ઉપરની શક્તિ પણ ઉદ્‌ભવી છે, તે પ્રયોગોનું વર્ણન કરી જવું મને ગમે ખરું.

આ પ્રયોગોને વિશે હું કોઈ પણ પ્રકારની સંપૂર્ણતા આરોપતો નથી. વિજ્ઞાનશાસ્ત્રી જેમ પોતાના પ્રયોગો અતિશય નિયમસર, વિચારપૂર્વક અને ઝીણવટથી કરે છે, છતાં તેમાંથી નિપજાવેલાં પરિણામોને તે છેવટનાં ગણાવતો નથી, તેવો જ મારા પ્રયોગોને વિશે મારો દાવો છે. હું તો પગલે પગલે જે જે વસ્તુઓને જોઉં તેના ત્યાજ્ય અને ગ્રાહ્ય એવા બે ભાગ પાડી લઉં અને જેને ગ્રાહ્ય સમજું તે પ્રમાણે મારા આચારોને ઘડું.

પરમેશ્વરની વ્યાખ્યાઓ અગણિત છે. પણ હું પૂજારી તો સત્યરૂપી પરમેશ્વરનો જ છું. એ સત્ય મને જડ્યું નથી, પણ એ શોધવાને અર્થે જે વસ્તુ મને પ્રિયમાં પ્રિય હોય તેનો ત્યાગ કરવા હું તૈયાર છું, અને એ શોધરૂપી યજ્ઞમાં આ શરીરને પણ હોમવાની મારી તૈયારી છે.

મારા દર્શાવેલા પ્રયોગોને દૃષ્ટાન્તરૂપે ગણીને સહુ પોતપોતાના પ્રયોગો યથાશક્તિ કરે, એટલી જ મારી ઇચ્છા છે. કહેવા યોગ્ય એક પણ વાત હું છુપાવવાનો નથી. મારા દોષોનું ભાન વાંચનારને હું પૂરેપૂરું કરાવવાની આશા રાખું છું. જે પ્રકરણો હું લખવાનો છું તેમાં જો વાંચનારને અભિમાનનો ભાસ આવે તો તેણે અવશ્ય સમજવું કે મારી શોધમાં ખામી છે. ભલે મારા જેવા અનેકોનો ક્ષય થાઓ, પણ સત્યનો જય થાઓ. અલ્પાત્માને માપવાને સારુ સત્યનો ગજ કદી ટૂંકો ન બનો.

માગશર શુ. 11, 1982 **મોહનદાસ કરમચંદ ગાંધી**

[26 નવેમ્બર, 1925, 'સત્યના પ્રયોગો અથવા આત્મકથા'ની પ્રસ્તાવનામાંથી]